શ્રી હર્ષ પુષ્પામૃત જૈન ગ્રંથમાલા

ગ્રંથાંક ૩૧

લઘુ

# પૂજામૃત સંગ્રહ

(જિનેન્દ્ર પૂજા પીયૂષ)



ી હર્ષ પુષ્પામૃત જૈન ગ્રંથમાલા

ગ્રંથાંક ૩૧

લઘુ

# પૂજામૃત સંગ્રહ

(જિનેન્દ્ર પૂજા પીયૂષ)



નાઇરોબીમાં પૂ. આ. વિજય અમૃતસૂરીશ્વરજી મહારાજે
રચેલી પૂજાઓની રમઝટ

# એક અનુભવ

અહીં ધર્મભાવના બહુ જ છે. દેરાસરમાં ઘણા ભાઈઓ અને બહેનો દર્શન પૂજન વિગેરે સારો એવો લાભ લે છે. દર રવિવારે પૂજા હોઈ સારો એવો સમુદાય પૂજામાં લાભ લે છે અને રતિલાલભાઈ પૂજામાં સારો રંગ જમાવી ધર્મ ભાવનામાં વૃદ્ધિ કરાવે છે. અહીંયા બધાયની ધર્મભાવના ખરેખર અનુમોદનીય છે જો સાચા આપશ્રી જેવા સંત પુરુષોનો સમાગમ મળે તો અહીંના આબાલ વૃદ્ધની ધર્મભાવનામાં અવશ્ય વૃદ્ધિ થાય એવી સરળતા અને નિખાલસતાના દર્શન થાય છે.

બાકી વધુ તો આપશ્રી જેવા સંત પુરુષોની કૃપા અને કરુણા આ વૃદ્ધિનું કારણ છે એમ દર્શન પૂજામાં ગવાતા સ્તવનાદિથી માલુમ પડે છે. તેમાંય પરમ પૂજ્ય પરમ ઉપકારી પૂજ્ય ગુરુવર્ય શ્રી અમૃતસૂરીશ્વરજી મહારાજ સાહેબની રચેલી પૂજાઓ ભણાવવામાં એકલીનતા અને તલ્લીનતા અહીં આબાલ-વૃદ્ધમાં જોવામાં આવે છે ત્યારે હૃદયમાંથી એક જ ચિત્કાર નીકળે છે કે ધન્ય છે આવા ઉપકારક આચાર્ય મહારાજ સાહેબ શ્રી વિજય-અમૃતસૂરીશ્વરજી મહારાજ સાહેબને કે આવા અનાર્ય દેશમાં પણ તેઓશ્રીએ પોતાની રચનાઓ દ્વારા ધર્મજ્યોત અખંડિતપણે જાગતી રાખીને ધર્મજ્યોતને જ્વલંત સ્વરૂપ આપ્યું છે ધન્ય છે તેઓશ્રીને અને તેમની આવી ઉપકારકતાને, કોટિ કોટિ વંદન હોજો એ પુણ્યાત્માને.

સં. ૨૦૩૫
ભાદરવા સુદ ૧૫ ગુરુવાર
તા. ૬-૯-૭૯ — પ્રેમચંદ મેઘજી ગુઢકા
(નાયરોબી) — (પરેલ મુંબઈ-૧૨)

(પૂ. આ. શ્રી વિજયજિનેન્દ્ર સૂ. મ. ના પત્રમાં)

શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાળા ગ્રંથાંક

શ્રી સ્થંભન પાર્શ્વનાથાય નમો નમઃ

નમોત્થુણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

# શ્રી લઘુ પૂજામૃત સંગ્રહ

( જિનેન્દ્ર પૂજા પીયૂષ )

卐

—: સંપાદક :—

પ. પૂ. તપોનિધિ આચાર્યદેવ શ્રી વિજય કર્પૂરસૂરીશ્વરજી મહારાજના પટ્ટધર હાલાર-દેશોદ્ધારક કવિરત્ન પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મહારાજના પટ્ટધર

પૂજ્ય આચાર્યદેવ

શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મહારાજ

—: પ્રકાશિકા :—

શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા

લાખાબાવળ–શાંતિપુરી (વાયા–જામનગર) સૌ.

મૂલ્ય રૂ. ૨૦—૦૦

પ્રકાશિકાઃ- **શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાળા**
લાખાબાવળ - શાંતિપુરી (સૌરાષ્ટ્ર)

| વીર સં. | વિક્રમ સં. | સને | બીજી આવૃત્તિ |
|---|---|---|---|
| ૨૫૧૪ | ૨૦૪૪ | ૧૯૮૮ | નકલ ત્રણ હજાર |

મૂલ્ય રૂા. ૨૦-૦૦

**પ્રાપ્તિસ્થાનઃ—**

(૧) શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા (લાખાબાવળ)
C/o. શ્રીમતી જશમાબેન વી. તથા મેઘજી વી.
તથા વેલજી વી. દોઢીયા **શ્રુત જ્ઞાન ભવન**
૪૫, દિગ્વિજય પ્લોટ- જામનગર (સૌરાષ્ટ્ર)

(૨) મહેતા મગનલાલ ચત્રભુજ
શાકમારકેટ સામે જામનગર

(૩) સરસ્વતી પુસ્તક ભંડાર
હાથીખાના રતનપોળ અમદાવાદ

(૪) સોમચંદ ડી. શાહ
જીવન નિવાસ સામે પાલીતાણા

(૫) સેવંતીલાલ વી. જૈન
૨૦, મહાજન ગલી મુંબઇ-૨

(૬) પ્રકાશ અમૃતલાલ દોશી
'વીતરાગ' ૯-૧૩, જયરાજ પ્લોટ, રાજકોટ

મુદ્રક- સુરેશ કે. શેઠ
સુરેશ પ્રિન્ટરી : વઢવાણ શહેર (સૌ.)

# પ્ર કા શ કી ય

અમારી ગ્રંથમાલા તરફથી શ્રી વિવિધ પૂજામૃત સંગ્રહની બે આવૃત્તિ પ્રગટ થઇ તે મોટા કદની હોવાથી ઉપયોગી ચાલુ પૂજાઓ લેવાની સગવડતા માટે આ આવૃત્તિ પ્રગટ થાય છે.

'જિનેન્દ્ર પૂજા પીયૂષ' નામની પુસ્તિકામાં પૂ. પાદ હાલારદેશોદ્ધારક ગુરુદેવ આચાર્યદેવ શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મહારાજ વિરચિત થોડી પૂજાઓ લીધેલી હતી. અને પુસ્તકની આવૃત્તિ રૂપે આ આવૃત્તિ પ્રગટ કરી છે.

આ પૂજામાં ઉપયોગી પૂજાઓનો સમાવેશ કર્યો છે અને તેનું સંકલન-સંપાદન પૂ. પાદ આ. ભ. શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મહારાજના પટ્ટધર પ્રાચીન સાહિત્ય ઉદ્ધારક પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મહારાજે કરેલ છે.

જિન ભક્તિમાં ઉપયોગી થાય તે માટે આ પુસ્તકની અનુક્રમણિકા જોવાથી ખ્યાલ આવશે.


તા. ૧-૧૧-૮૮ **મહેતા મગનલાલ ચત્રભુજ**
શાક મારકેટ સામે, વ્યવસ્થાપક
**જામનગર** **શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાળા**

# : શ્રી મોટી શાન્તિ :

ભો ભો ભવ્યાઃ ! શ્રુણુત વચનં, પ્રસ્તુતં સર્વમેતદ્ યે યાત્રાયાં ત્રિભુવનગુરોરાર્હતા ! ભક્તિ–ભાજઃ ! ॥ તેષાં શાન્તિર્ભવતુ ભવતા મર્હદાદિ–પ્રભાવા–દારોગ્ય શ્રી–ધૃતિ–મતિ–કરી ક્લેશ–વિધ્વંસ–હેતુઃ ॥ ૧ ॥ ભો ભો ભવ્ય–લોકા ! ઇહ હિ ભરતૈરાવત–વિદેહ–સંભવાનાં સમસ્ત તીર્થંકૃતાં જન્મન્યાસનપ્રકમ્પાનન્તરમવધિના વિજ્ઞાય, સૌધર્માધિપતિઃ સુઘોષા–ઘણ્ટાચાલનાન્તરં, સકલ–સુરાઽ-સુરેન્દ્રૈઃ સહ સમાગત્ય, સવિનયમર્હદ્ભટ્ટારકં ગૃહીત્વા ગત્વા કનકાદ્રિ–શૃઙ્ગે વિહિત–જન્માભિષેકઃ શાન્તિમુદ્-ઘોષયતિ યથા તતોઽહમ્ "કૃતાનુકારમિતિ" કૃત્વા,

"મહાજનો યેન ગતઃ સપન્થા." ઇતિ ભવ્યજનૈઃ સહ સમેત્ય સ્નાત્રપીઠે સ્નાત્રં વિધાય, શાન્તિમુદ્ઘોષયામિ, તત્પૂજા–યાત્રા સ્નાત્રાદિ–મહોત્સવાનન્તરમિતિકૃત્વા કર્ણં દત્વા નિશમ્યતાં નિશમ્યતાં સ્વાહા. ઓઁ પુણ્યાહં પુણ્યા-હમ્ પ્રીયન્તાં પ્રીયન્તામ્ ભગવન્તોઽર્હન્તઃ સર્વજ્ઞાઃ સર્વદર્શિનસ્ત્રિલોકનાથાસ્ત્રિલોકમહિતાસ્ત્રિલોકપૂજ્યાસ્ત્રિલોકે-શ્વરાસ્ત્રિલોકોદ્યોકરાઃ.

ઓઁ ઋષભ–અજિત–સંભવ–અભિનન્દન – સુમતિ – પદ્મપ્રભ–સુપાર્શ્વ–ચન્દ્રપ્રભ–સુવિધિ – શીતલ – શ્રેયાંસ – વાસુપૂજ્ય–વિમલ–અનન્ત–ધર્મ–શાન્તિ–કુન્થુ–અર–મલ્લિ–મુનિસુવ્રત–નમિ–નેમિપાર્શ્વ–વર્ધમાનાન્તા જિનાઃ શાંતાઃ શાંતિકરા ભવન્તુ સ્વાહા.

ઓઁ મુનયો મુનિપ્રવરા રિપુવિજય-દુર્ભિક્ષ–કાન્તારેષુ દુર્ગમાર્ગેપુરક્ષન્તુ વો નિત્યં સ્વાહા. ઓઁ હ્રીઁ શ્રીઁ

ધૃતિ–મતિ–કીર્તિ–કાન્તિ–બુદ્ધિ–લક્ષ્મીમેધા–વિદ્યાસાધન – પ્રવેશ–નિવેશનેષુ સુગૃહી. તનામાનો જયન્તુ તે જિનેન્દ્રાઃ । ૐ રોહિણી–પ્રજ્ઞપ્તિ વજ્રશૃંખલાવજ્રાંકુશી–અપ્રતિચક્રા–પુરુષદત્તા–કાલી–મહાકાલી–ગૌરી–ગાન્ધારીસર્વાસ્ત્રા – મહાજ્વાલા–માનવી–વૈરોટ્યા–અચ્છુપ્તા–માનસી મહામાનસી–ષોડશ–વિદ્યાદેવ્યો–રક્ષન્તુ વો નિત્યં સ્વાહા.

ૐ આચાર્યોપાધ્યાયપ્રભૃતિ–ચાતુર્વર્ણ્યસ્ય શ્રીશ્રમણ-સંઘસ્ય શાન્તિર્ભવતુ તુષ્ટિર્ભવતુ પુષ્ટિર્ભવતુ. ૐ ગ્રહાશ્ચન્દ્ર સૂર્યાંગારકબુધ–બૃહસ્પતિ–શુક્ર–શનૈશ્ચર–રાહુ કેતુ–સહિતા. સલોકપાલાઃ સોમયમવરૂણ–કુબેર – વાસવાદિત્યસ્કન્દ – વિનાયકોપેતાઃ યે ચાન્યેઽપિ ગ્રામ–નગર–ક્ષેત્ર–દેવતાઽઽદયસ્તે સર્વે પ્રીયન્તાં પ્રીયન્તામ્. અક્ષીણ–કોશ–કોષ્ઠાગારા નરપતયશ્ચ ભવન્તુ સ્વાહા.

ૐ પુત્ર–મિત્ર–ભ્રાતૃ કલત્ર સુહૃત્ સ્વજન સંબન્ધિ બન્ધુવર્ગસહિતાઃ, નિત્યં ચામોદપ્રમોદકારિણઃ અસ્મિંશ્ચ ભૂમણ્ડલ–આયતન–નિવાસિ–સાધુ–સાધ્વી–શ્રાવકશ્રાવિકાણાં રોગોપસર્ગ–વ્યાધિ દુઃખ દુર્ભિક્ષ દૌર્મનસ્યોપશમનાય શાન્તિર્ભવતુ.

ૐ તુષ્ટિ પુષ્ટિ ઋદ્ધિવૃદ્ધિમાંગલ્યોત્સવાઃ સદા પ્રાદુર્ભૂતાનિ પાપાનિ શામ્યન્તુ દુરિતાનિ; શત્રવઃ પરાઙ્મુખા ભવન્તુ સ્વાહા.

શ્રીમતે શાન્તિનાથાય, નમઃ શાન્તિવિધાયિને ॥
ત્રૈલોક્યસ્યામરાધીશ–મુકુટાભ્યર્ચિતાંઘ્રયે ॥ ૧ ॥
શાન્તિઃ શાન્તિકરઃ શ્રીમાન, શાન્તિં દિશતુ મે ગુરુઃ ॥
શાન્તિરેવ સદા તેષાં, યેષાં શાન્તિર્ગૃહે ગૃહે ॥ ૨ ॥

ઉન્મૃષ્ટ–રિષ્ઠ–દુષ્ટ–ગ્રહ–ગતિ દુઃસ્વપ્ન દુર્નિમિત્તાદિ
સંપાદિતહિતસંપન્નામગ્રહણં જયતિ શાન્તેઃ ॥ ૩ ॥
શ્રીસંઘ જગજ્જનપદ–રાજાધિપ–રાજસન્નિવેશાનામ્
ગોષ્ઠિ-કપુરમુખ્યાણાં વ્યાહરણૈર્વ્યાહરેચ્છાન્તિમ્ ॥ ૪ ॥
શ્રીશ્રમણસંઘસ્ય શાન્તિર્ભવતુ, શ્રીજનપદાનાં શાન્તિર્ભવતુ,
શ્રીરાજાધિપાનાં શાંતિર્ભવતુ, શ્રીરાજસન્નિવેશાનાં શાંતિર્ભવતુ,
શ્રીગોષ્ઠિકાનાં શાન્તિર્ભવતુ, શ્રી પૌરમુખ્યાણાં શાંતિર્ભવતુ,
શ્રીપોરજનસ્ય શાન્તિર્ભવતુ, શ્રીબ્રહ્મલોકસ્ય શાન્તિર્ભવતુ,
ઓઁ સ્વાહા ઓઁ સ્વાહા ઓઁ શ્રીપાર્શ્વનાથાય સ્વાહા.

એષા શાન્તિઃપ્રતિષ્ઠાયાત્રાસ્નાત્રાદ્યવસાનેષુ શાન્તિકલશં ગૃહીત્વા કુંકુમ–ચંદન–કર્પૂરાગરુ–ધૂપવાસ–કુસુમાંજલિ-સમેતઃ સ્નાત્રચતુષ્કિયાંશ્રીસંઘસમેતઃશુચિશુચિવપુઃપુષ્પવસ્ત્ર-ચંદનાભરણાલંકૃતઃ પુષ્પમાલાં કણ્ઠે કૃત્વા, શાન્તિમુદ્‌-ઘોષયિત્વા શાંતિપાનિયં મસ્તકે દાતવ્યમિતિ.

નૃત્યંતિ નૃત્યં મણિ–પુષ્પવર્ષં, સૃજન્તિ ગાયન્તિ ચ મંગલાનિ । સ્તોત્રાણિ ગોત્રાણિ પઠન્તિ મન્ત્રાન્, કલ્યાણ-ભાજો હિ જિનાભિષેકે ॥૧॥

શિવમસ્તુ સર્વજગતઃ પરહિતનિરતા ભવન્તુ ભૂતગણાઃ
દોષાઃ પ્રયાન્તુ નાશં, સર્વત્ર સુખીભવતુ લોકઃ ॥ ૨ ॥
અહં તિત્થયરમાયા, સીવાદેવી તુમ્હ નયરનિવાસિની ।
અમ્હ સિવં તુમ્હ સિવં, અસિવોવસમં સિવં ભવતુ સ્વાહા ૩
ઉપસર્ગાઃ ક્ષયં યાન્તિ, છિદ્યન્તે વિઘ્નવલ્લયઃ ।
મનઃ પ્રસન્નતામેતિ, પૂજ્યમાને જિનેશ્વરે ॥ ૪ ॥
સર્વમંગલમાંગલ્યં, સર્વકલ્યાણકારણમ્ ॥
પ્રધાનં સર્વધર્માણાં, જૈનં જયતિ શાસનમ્ ॥ ૫ ॥

# ※ અનુક્રમણિકા ※


| ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| | સ્નાત્ર પૂજા | ૧ |
| ૧ | મહાવીરસ્વામી પંચકલ્યાણક પૂજા | ૧૪ |
| ૨ | પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા | ૩૨ |
| ૩ | વેદનીય કર્મનિવારણ પૂજા | ૫૦ |
| ૪ | મોહનીય કર્મ નિવારણ પૂજા | ૬૫ |
| ૫ | અંતરાય કર્મ નિવારણ પૂજા | ૭૯ |
| ૬ | નવપદ પૂજા (પૂ. પદ્મ વિ. મ. કૃત) | ૯૫ |
| ૭ | નવપદ પૂજા (પૂ. અમૃત સૂ. મ. કૃત) | ૧૧૦ |
| ૮ | અરિહંત પદ પૂજા | ૧૨૫ |
| ૯ | સિદ્ધપદ પૂજા | ૧૪૨ |
| ૧૦ | પીસ્તાલીશ આગમ પૂજા | ૧૫૬ |
| ૧૧ | બારવ્રત પૂજા | ૧૭૬ |
| ૧૨ | નવાણુ પ્રકારી પૂજા | ૨૦૨ |
| ૧૩ | નવાણુ અભિષેક પૂજા | ૨૨૩ |
| ૧૪ | સત્તરભેદી પૂજા (પૂ. આત્મારામજી મ. કૃત) | ૨૩૮ |
| ૧૫ | સત્તરભેદી પૂજા (પૂ. અમૃતસૂ. મ. કૃત) | ૨૫૭ |
| ૧૬ | વાસ્તુ પ્રસંગે જિનેન્દ્ર પૂજા | ૨૭૫ |
| ૧૭ | જિનેન્દ્ર અષ્ટપ્રકારી પૂજા | ૨૯૦ |
| ૧૮ | વીશ સ્થાનક પૂજા | ૩૦૮ |
| ૧૯ | કલ્પસૂત્ર પૂજા | ૩૩૫ |
| ૨૦ | વર્ષ ગાંઠની ઉજવણી વિધિ | ૩૫૭ |
| ૨૧ | પૂજા દુહા ગીતાવલી | ૩૫૯ |
| ૨૨ | શત્રુંજય ૨૧ ખમાસમણ દુહા | ૩૭૯ |
| ૨૩ | આરતીઓ | ૩૭૯ |
| ૨૪ | મંગલ દીવા | ૩૮૫ |

# "ચાર શરણ"

## ( રાગ—જિનવર પરમ કૃપાળ ભવિયાં )

ચાર શરણ સુખકાર ભવિયાં, ચાર શરણ સુખકાર;
પ્રથમ શરણ અરિહંત પ્રભુનું, બાર ગુણે હિતકાર. ભ.
બીજું શરણ સિદ્ધબુદ્ધ મહંતનું, અજરામર પદધાર. ભ.
ત્રીજું શરણ સાધુ સાધુ ગુરૂનું, કરૂણારસ ભંડાર. ભ.
ચોથું શરણ શુભ જૈન ધરમનું દુઃખ ટાળી સુખ દાતાર. ભ.
લાખ ચોરાશી હું જીવ ખમાવું વૈર ન રાખું લગાર. ભ.
શુભ કરણી સવિ ભલી હું માનું પાપને નિન્દુ અપાર. ભ.
મનવચ કાયે જે પાપ કર્યાં મેં, મિથ્યા થાઓ આવાર. ભ.
માતપિતા ભાઇ નારીને છોડી, કયારે થઇશું અણગાર. ભ.
નવકાર મંત્રનું ધ્યાન ધરંતાં, પામીએ ભવજલ પાર. ભ.
છોડી લોલુપતા અવસર પામી, અણસણ કરીએ શ્રીકાર. ભ.
ઓચીંતુ મુજ જો મરણ હોવે, તો સવિ ત્યાગ નિરધાર. ભ.
જન્મ જરા મરણાદિકે ભરીઓ, આ સંસાર અસાર. ભ.
કર્યાં કરમ સમભાવે ભોગવીએ, કોઇ ન રાખણહાર. ભ.
તે માટે શરણ એ ચિત્તમાં ધારૂં, શમામૃત દેનાર. ભ.

તપોમૂર્તિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય
કર્પૂરસૂરીશ્વરજી મહારાજના પટ્ટધર કવિરત્ન
હાલાર દેશોદ્ધારક



પૂ. આચાર્યદેવ શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી
મહારાજ

શ્રી શંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ
પ. પૂ. સંઘસ્થવિર આચાર્યદેવ
શ્રીમદ્ વિજયસિદ્ધિસૂરીશ્વરગુરૂભ્યો નમઃ

# જિનેન્દ્ર પૂજા પીયૂષ

## (લઘુ પૂજામૃત સંગ્રહ)

પંડિત શ્રી વીરવિજયજી કૃત

## સ્નાત્ર પૂજા.

૧. પ્રથમ સુંદર **ત્રણ બાજોઠ** મૂકી તે ઉપર સિંહાસન મૂકવું.

૨. પછી નીચેના બાજોઠ ઉપર વચમાં કેશરનો **સાથીયો** કરી ઉપર **ચોખા** પૂરીને **શ્રીફલ** મૂકવું.

૩. પછી તે જ બાજોઠ ઉપર **કેશરના સાથીયા** આગળ બીજા **ચાર સાથીયા** કરી તે ઉપર **ચાર કળશ પંચામૃત** ભરી દરેક કળશને **નાડાછડી** બાંધીને મૂકવા.

૪. સિંહાસનના મધ્ય ભાગમાં **કેશરનો સાથીયો** કરી **ચોખા** પૂરી **રૂપાનાણું** મૂકી **ત્રણ નવકાર** ગણી તેના ઉપર **ધાતુના પ્રતિમાજી** પધરાવવા.

૫. વળી પ્રતિમાજીની આગળ **બીજો સાથીયો** કરી તેના ઉપર **સિદ્ધચક્રજી** પધરાવવા.

૬. પ્રતિમાજીની જમણી બાજુએ પ્રતિમાજીની નાસિકા સુધી ઉંચો **ઘીનો દીવો** મૂકવો. પ્રતિમાજીની **ડાબી બાજુએ** ધૂપ રાખવો.

૭. પછી **સ્નાત્રીઓએ** હાથે **નાડાછડી** બાંધી હાથમાં **પંચામૃત ભરેલો કળશ** લઈ ત્રણ નવકાર ગણી પ્રભુજીને તેમજ સિદ્ધચક્રજીને પખાલ કરવો.

૮. પછી વાળાકુંચી કરી પાણીનો પખાલ કરી ત્રણ અંગલુહણા કરી કેશર વડે પૂજા કરવી.

૯. પછી હાથ ધૂપી પોતાના જમણા હાથની હથેળીમાં **કેશરનો ચાંદલો** કરવો.

૧૦ પછી **કુસુમાંજલિનો થાળ** લઈ સ્નાત્રીયાઓએ ઉભા રહેવું.

**પ્રથમ કળશ** લઈ ઉભા રહેવું.

**॥ કાવ્યં દ્રુતવિલંબિતવૃત્તમ્ ॥**

સરસ શાન્તિ સુધારસસાગરં;
શુચિતરં ગુણ રત્ન મહાકરં;
ભવિક પંકજ બોધ દિવાકરં;
પ્રતિદિનં પ્રણમામિ જિનેશ્વરં; ॥ ૧ ॥

**॥ દોહા ॥**

કુસુમાભરણ ઉતારીને. પડિમા ધરિય વિવેક;
મજ્જનપીઠે થાપીને, કરીયે જળ અભિષેક ॥ ૨ ॥

અહીં પખાલ કરવો–

કુસુમાંજલિની થાળી લઇ ઉભા રહેવું-

## ॥ ગાથા ॥ આર્યા ગીતિ ॥

જિણ જમ્મ સમય, મેરૂ સિહરે રયણ કણય કલસેહિં
દેવાસુરેહિં ણ્હવિઉ, તે ધન્ના જેહિં દિટ્ઠોસિ ॥ ૩ ॥

પ્રભુના જમણા અંગુઠે કુસુમાંજલિ મૂકવી

નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વ સાધુભ્યઃ

## ॥ કુસુમાંજલિ ॥ ઢાળ ॥

નિર્મળ જળ કલશે ન્હવરાવે, વસ્ત્ર અમૂલક અંગ ધરાવે
કુસુમાંજલિ મેલો આદિ જિણંદા, સિદ્ધ સ્વરૂપી અંગ
પખાલી, આતમ નિર્મળ હુઇ સુકુમાળી. કુ૦ ॥ ૪ ॥

## ॥ ગાથા ॥ આર્યા ગીતિ ॥

મચકુંદ ચંપ માલઇ, કમલાઈ પુપ્ફપંચવણ્ણાઇ,
જગનાહ ન્હવણ સમયે, દેવા કુસુમાંજલિ દિંતિ ॥ ૫ ॥

નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વ સાધુભ્યઃ

## ॥ કુસુમાંજલિ ॥ ઢાળ ॥

રયણ સિંહાસન જિન થાપીજે, કુસુમાંજલિ પ્રભુ
ચરણે દીજે, કુસુમાંજલિ મેલો શાંતિ જિણંદા ॥ ૬ ॥

## ॥ દોહા ॥

જિણ તિહું કાલય સિદ્ધની, પડિમા ગુણ ભંડાર;
તસુ ચરણે કુસુમાંજલિ, ભવિક દુરિત હરનાર ॥ ૭ ॥

નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વ સાધુભ્યઃ

### ॥ કુસુમાંજલિ ॥ ઢાળ ॥

કૃષ્ણાગરૂ વર ધૂપ ધરીજે, સુગંધકર કુસુમાંજલિ દીજે,
કુસુમાંજલિ મેલો નેમિ જિણંદા. ॥ ૮ ॥

### ॥ ગાથા ॥ આર્યા ગીતિ ॥

જસુ પરિમલ બલ દહદિસિં, મહુકર ઝંકાર સદ્દસંગીયા;
જિણચલણોવરિ મુક્કા, સુરનર કુસુમાંજલિસિદ્ધા ॥ ૯ ॥

નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ

### ॥ કુસુમાંજલિ ॥ ઢાળ ॥

પાસ જિણેસર જગ જયકારી, જલ થલ ફૂલ ઉદક કર
ધારી, કુસુમાંજલિ મેલો પાર્શ્વ જિણંદા. ॥ ૧૦ ॥

### ॥ દોહા ॥

મૂકે કુસુમાંજલિ સુરા, વીર ચરણ સુકુમાલ;
તે કુસુમાંજલિ ભવિકનાં, પાપ હરે ત્રણ કાળ ॥ ૧૧ ॥

નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ

વિવિધ કુસુમવર જાતિ ગહેવી, જિન ચરણે પણમંત
ઠવેવી, કુસુમાંજલિ મેલો વીર જિણંદા. ॥ ૧૨ ॥

### ॥ વસ્તુછંદ ॥

ન્હવણકાળે ન્હવણકાળે, દેવદાણવ સમુચ્ચિય,
કુસુમાંજલિ તહિં સંઠવિય, પસરંત દિસિ પરિમલ
સુગંધિય;જિણ પયકમલે નિવેડઈ, વિગ્ઘહર જસ નામ
મંતો, અનંત ચઉવીસ જિન વાસવ મલિય અસેસ,

સા કુસુમાંજલિ સુહકરો, ચઉવિહ સંઘ વિશેષ, કુસુમાંજલિ
મેલો ચઉવીસ જિણંદા. ॥ ૧૩ ॥

નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ

## ॥ કુસુમાંજલિ ॥ઢાળ ॥

અનંત ચઉવીસી જિનજી જુહારૂં, વર્તમાન ચઉવીસી
સંભારૂં, કુસુમાંજલિ મેલો ચઉવીસ જિણંદા ॥ ૧૪ ॥

## ॥ દોહા ॥

મહાવિદેહે સંપ્રતિ, વિહરમાન જિન વીશ;
ભકિતભરે તે પૂજિયા, કરો સંઘ સુજગીશ ॥ ૧૫ ॥

નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ

## ॥ કુસુમાંજલિ ॥ ઢાળ ॥

અપચ્છર મંડળી ગીત ઉચ્ચારા, શ્રી શુભવીરવિજય
જયકારા, કુસુમાંજલિ મેલો સર્વ જિણંદા ॥ ૧૬ ॥

## ॥ ઇતિ શ્રી કુસુમાંજલયઃ ॥

પછી સ્નાત્રીયા ત્રણ ખમાસમણ દેઈ જગચિંતામણિ ચૈત્ય-વંદન નમુત્થુણં જયવીયરાય પર્યંત કહે પછી હાથ ધૂપી મૂખકોશ બાંધી કળશ લઇ ઉભા રહી કળશ કહે.

## ॥ અથકળશ ॥ દોહા ॥

સયલ જિણેસર પાય નમી, કલ્યાણકવિધિ તાસ;
વર્ણવતા સુણતાં થકાં, સંઘની પૂગે આશ ॥ ૧ ॥

## ॥ ઢાળ ॥

(એક દિન અચિરા હુલરાવતી–એ દેશી)

સમકિત ગુણઠાણે પરિણમ્યા, વળી વ્રતધર સંયમ સુખ રમ્યા; વીશસ્થાનક વિધિયે તપ કરી, એસી ભાવ દયા દિલમાં ધરી ॥ ૧ ॥ જો હોવે મુજ શકિત ઈસી, સવિ જીવ કરૂં શાસનરસી; શુચિરસ ઢળતે તિહાં બાંધતા, તીર્થંકરનામ નિકાચતા ॥ ૨ ॥ સરાગથી સંયમ આચરી, વચમાં એક દેવનો ભવ કરી; ચવી પન્નર ક્ષેત્રે અવતરે, મધ્યખંડે પણ રાજવી કુળે ॥ ૩ ॥ પટ્ટરાણી કુખે ગુણનિલો. જેમ માનસરોવર હંસલો; સુખ શય્યાએ રજની શેષે, ઉતરતાં ચઉદ સુપન દેખે ॥ ૪ ॥

## ॥ ઢાળ સ્વપ્નની ॥

પહેલે ગજવર દીઠો. બીજો વૃષભ પઈટ્ઠો, ત્રીજે કેસરી સિંહ, ચોથે લક્ષ્મી અબિહ ॥ ૧ ॥ પાંચમે ફુલની માળા, છઠે ચંદ્ર વિશાળા; રવિ રાતો ધ્વજ મ્હોટો, પૂર્ણ કળશ નહીં છોટો ॥ ૨ ॥ દશમે પદ્મ સરોવર અગયારમે રત્નાકર, ભુવનવિમાન રત્નગંજી, અગ્નિશિખા ધૂમવર્જી ॥ ૩ ॥ સ્વપ્ન લહી જઈ રાયને ભાષે, રાજા અર્થ પ્રકાશે; પુત્ર તીર્થંકર ત્રિભુવન નમશે, સકલ મનોરથ ફળશે ॥ ૪ ॥

## ॥ વસ્તુ છંદ ॥

અવધિનાણે અવધિનાણે, ઉપના જિનરાજ, જગત જસ પરમાણુઆ. વિસ્તર્યા વિશ્વજંતુ સુખકાર, મિથ્યાત્વ તારા નિર્બલા, ધર્મઉદય પરભાત સુંદર, માતા પણ

આનંદીયા. જાગતી ધર્મવિધાન. જાણંતી જગતિલક સમો, હોશે પુત્ર પ્રધાન ॥ ૧ ॥

॥ દોહા ॥

શુભ લગ્ને જિન જનમિયા, નારકીમાં સુખ જ્યોત;
સુખ પામ્યા ત્રિભુવન જના, હુઓ જગત ઉદ્યોત ॥ ૧ ॥

॥ ઢાળ ॥ કડખાની દેશી ॥

સાંભળો કળશ જિન-મહોત્સવનો ઇહાં. છપ્પન કુમરી દિશિ, વિદિશિ આવે તિહાં; માયસુત નમિય, આણંદ અધિકો ધરે, અષ્ટસંવર્ત્ત, વાયુથી કચરો હરે ॥ ૧ ॥ વૃષ્ટિ ગંધોદકે. અષ્ટ કુમરી કરે, અષ્ટ કલશા ભરી, અષ્ટ દર્પણ ધરે; અષ્ટ ચામર ધરે, અષ્ટ પંખા લહી, ચાર રક્ષા કરી, ચાર દીપક ગ્રહી ॥ ૨ ॥ ઘર કરી કેળનાં, માય સુત લાવતી, કરણ શુચિકર્મ જળ-કલશે ન્હવરાવતી; કુસુમ પૂજી અલંકાર પહેરાવતી, રાખડી બાંધી જઈ, શયન પધરાવતી ॥ ૩ ॥ નમીય કહે માય તુજ, બાળ લીલાવતી, મેરૂ રવિ ચંદ્ર લગે, જીવજો જગપતિ; સ્વામિગુણ ગાવતી, નિજ ઘર જાવતી, તેણે સમે ઈંદ્ર-સિંહાસન કંપતી ॥ ૪ ॥

॥ ઢાળ ॥ એકવીશાની દેશી ॥

જિન જન્મ્યાજી, જિણ વેળા જનની ઘરે, તિણ વેળાજી, ઇંદ્ર સિંહાસન થરહરે. દાહિણોત્તરજી, જેતા જિન જનમે યદા, દિશિનાયકજી, સોહમઈશાન બેહુ તદા ॥ ૧ ॥

॥ ત્રુટક ॥

તદા ચિંતે ઈંદ્ર મનમાં, કોણ અવસર એ બન્યો; જિનજન્મઅવધિનાણે જાણી, હર્ષ આનંદ ઉપન્યો ॥૧॥ સુઘોષ આદે ઘંટનાદે, ઘોષણા સુરમેં કરે; સવિ દેવી દેવા જન્મ મહોત્સવે, આવજો સુરગિરિવરે ॥ ૨ ॥

(અહીં ઘંટ વગાડવો)

॥ ઢાળ પૂર્વની ॥

એમ સાંભળીજી, સુરવર કોડી આવી મળે, જન્મ મહોત્સવજી, કરવા મેરૂ ઉપર ચલે, સોહમપતિજી, બહુ-પરિવારે આવીયા, માય જિનનેજી, વાંદી પ્રભુને વધાવીયા ॥ ૩ ॥ (પ્રભુજીને ચોખાથી વધાવવા)

॥ ત્રુટક ॥

વધાવી બોલે હે રત્નકૂખ–ધારિણી તુજ સુતતણો, હું શક્ર સોહમ નામે કરશું, જન્મ મહોત્સવ અતિ ઘણો; એમ કહી જિન પ્રતિબિંબ થાપી, પંચરૂપે પ્રભુ ગ્રહી, દેવ દેવી નાચે હર્ષ સાથે, સુરગિરિ આવ્યા વહી ॥ ૪ ॥

॥ ઢાળ ॥ પૂર્વની ॥

મેરૂ ઉપરજી, પાંડુકવનમેં ચિહું દિશે, શિલા ઉપરજી, સિંહાસન મન ઉલ્લસે, તિહાં બેસીજી, શક્રે જિન ખોળે ધર્યા, હરિ ત્રેશઠજી, બીજા તિહાં આવી મળ્યા ॥ ૫ ॥

॥ ત્રોટક ॥

મળ્યા ચોસઠ સુરપતિ તિહાં, કરે કળશ અડજાતિના,

માગધાદિ જળતીર્થ ઔષધી, ધૂપ વળી બહુ ભાતિના; અચ્યુતપતિએ હુકમ કીનો, સાંભળો દેવા સવે, ખીર-જલધિ ગંગાનીર લાવો, ઝટિતિ જિન મહોત્સવે ॥ ૬ ॥

## ॥ ઢાળ ॥ વિવાહલાની ॥

સુર સાંભળીને સંચરિયા, માગધ વરદામે ચલીયા; પદ્મદ્રહ ગંગા આવે, નિર્મળ જળ કળશા ભરાવે ॥૧॥ તીરથ જળ ઔષધી લેતા, વળી ખીરસમુદ્રે જાતા; જળ કળશા બહુલ ભરાવે, ફૂલ ચંગેરી થાળા લાવે ॥ ૨ ॥ સિંહાસન ચામર ધારી, ધૂપધાણા રકેબી સારી; સિદ્ધાંતે ભાખ્યાં જેહ, ઉપકરણ મિલાવે તેહ ॥ ૩ ॥ તે દેવા સુરગિરિ આવે, પ્રભુ દેખી આનંદ પાવે; કળશાદિક સહુ તિહાં ઠાવે, ભકતે પ્રભુના ગુણ ગાવે ॥ ૪ ॥

## ॥ ઢાળ ॥ રાગધનાશ્રી ॥

આતમ ભક્તિ મળ્યા કેઈ દેવા, કેતા મિત્તનુ જાઈ, નારીપ્રેર્યા વળી નિજ કુલવટ, ધર્મી ધર્મ સખાઈ; જોઇસ વ્યંતર ભવનપતિના, વૈમાનિકસુર આવે, અચ્યુત પતિ હુકમે ધરી કળશા, અરિહાને નવરાવે ॥ આ. ॥ ૧ ॥ અડજાતિ કળશા પ્રત્યેકે, આઠ આઠ સહસ પ્રમાણો, ચઉસઠ સહસ હુઆ અભિષેકે, અઢીસેં ગુણા કરી જાણો; સાઠ લાખ ઉપર એક કોડી, કળશનો અધિકાર, બાસઠ ઇદ્ર તણા તિહાં બાસઠ, લોકપાલના ચાર ॥ આ૦ ॥૨॥ ચંદ્રની પંક્તિ છાસઠ છાસઠ, રવિસેણી નરલોકો, ગુરૂ-સ્થાનક સુર કેરો એકજ, સામાનિકનો એકો; સોહમપતિ

ઈશાનપતિની, ઈંદ્રાણીના સોલ, અસુરની દશ ઈંદ્રાણી નાગની, બાર કરે કલ્લોલ ॥ આ૦ ॥ ૩ ॥ જ્યોતિષ વ્યંતર ઈંદ્રની ચઉચઉ, પર્ષદા ત્રણનો એકો, કટકપતિ અંગ રક્ષક કેરો, એક એક સુવિવેકો; પરચુરણ સુરનો એક છેલ્લો, એ અઢીસેં અભિષેકો, ઈશાન ઈંદ્ર કહે મુજ આપો, પ્રભુને ક્ષણ અતિરેકો ॥ આ૦ ॥ ૪ ॥ તવ તસ ખોળે ઠવી અરિહાને, સોહમપતિ મનરંગે, વૃષભરૂપ કરી શૃંગ જળે ભરી, ન્હવણ કરે પ્રભુ અંગે; પુષ્પાદિક પૂજીને છાંટે, કરી કેસર રંગ રોલે, મંગળદીવો આરતિ કરતાં સુરવર જય જય બોલે ॥ આ૦ ॥ ૫ ॥ ભેરી ભૂંગળ તાલ બજાવત, વળીયા જિન કર ધારી, જનની ઘર માતાને સોંપી, એણી પરે વચન ઉચ્ચારી; પુત્ર તુમારો સ્વામી હમારો, અમ સેવક આધાર. પંચ ધાવ રંભાદિક થાપી, પ્રભુ ખેલાવણ હાર ॥ આ૦ ॥ ૬ ॥ બત્રીશ કોડિ કનક મણિ માણિક, વસ્ત્રની વૃષ્ટિ કરાવે, પૂરણ હર્ષ કરેવા કારણ, દ્વીપ નંદીસર જાવે. કરીય અઠ્ઠાઈ ઉત્સવ દેવા, નિજ નિજ કલ્પ સધાવે, દીક્ષા કેવલને અભિલાષે, નિત નિત જિણગુણ ગાવે ॥ આ૦ ॥ ૭ ॥ તપગચ્છ ઈસર સિંહસૂરીસર, કેરા શિષ્ય વડેરા, સત્યવિજય પંન્યાસ તણે પદ, કર્પૂરવિજય ગંભીરા, ખિમાવિજય તસ સુજસ-વિજયના, શ્રી શુભવિજય સવાયા, પંડિત વીરવિજય તસ શિષ્યે, જિન જન્મ મહોત્સવ ગાયા ॥ આ૦ ॥ ૮ ॥ ઉત્કૃષ્ટા એકસોને સિત્તોર, સંપ્રતિ વિચરે વીશ, અતીત

અનાગત કાળે અનંતા, તીર્થંકર જગદીશ, સાધારણ એ કળશ જે ગાવે, શ્રી શુભવીર સવાઇ, મંગળલીલા સુખભર પાવે, ઘર ઘર હર્ષ વધાઇ ॥ આતમ૦ ॥ ૯ ॥

— ❋ —

અહીં **કળશાભિષેક** કરીને દૂધ દહીં ધૃત, જળ અને શર્કરા એ પંચામૃતનો પખાલ કરીને પછી પૂજા કરીએ ને ફૂલ ચઢાવીએ પછી **લૂણ** ઉતારી **આરતી** ઉતારવી. પછી પ્રતિમાજીને આડો પડદો રાખી **સ્નાત્રીયાઓએ** પોતાના **નવ અંગે કંકુના ચાંલ્લા** કરવા. પછી પડદો કાઢી નાખી **મંગળ દીવો** ઉતારવો.

## ॥ અથ લૂણ ઉતારણું ॥

લૂણ ઉતારો જિનવર અંગે,
નિર્મળ જળધારા મન રંગે ॥ લૂણ૦ ॥ ૧ ॥
જિમ જિમ તડ તડ લૂણ જ ફૂટે,
તિમ તિમ અશુભ કર્મબંધ ત્રુટે ॥ લૂણ૦ ॥ ૨ ॥
નયન સલુણાં શ્રી જિનજીનાં,
અનુપમ રૂપ દયા રસભીનાં ॥ લૂણ૦ ॥ ૩ ॥
રૂપ સલુણું જિનજીનું દીસે,
લાજ્યું લૂણ તે જળમાં પેસે ॥ લૂણ૦ ॥ ૪ ॥
ત્રણ પ્રદક્ષિણા દેઇ જળધારા,
જલણ ખેપવીયે લૂણ ઉદારા ॥ લૂણ૦ ॥ ૫ ॥
જે જિન ઉપર દુમણો પ્રાણી,
તે એમ થાજો લૂણ જ્યું પાણી ॥ લૂણ૦ ॥ ૬ ॥

અગર કૃષ્ણાગરૂ કુંદરૂ સુગંધે,
ધૂપ કરીજે વિવિધ પ્રબંધે ॥ લૂણ૦ ॥ ૭ ॥

## ॥ અથ આરતિ ॥

વિવિધ રત્નમણિ જડિત રચાવો,
થાળ વિશાળ અનોપમ લાવો;
આરતિ ઉતારો પ્રભુજીની આગે,
ભાવના ભાવી શિવસુખ માગે ॥ આ૦ ॥ ૧ ॥
સાત ચૌદને એકવીશ ભેદા,
ત્રણ ત્રણ વાર પ્રદક્ષિણા દેવા ॥ આ૦ ॥ ૨ ॥
જિમ જિમ જલધારા દેઇ જંપે,
તિમ તિમ દોહગ થરહર કંપે ॥ આ૦ ॥ ૩ ॥
બહુ ભવસંચિત પાપ પણાસે,
દ્રવ્ય પૂજાથી ભાવ ઉલ્લાસે ॥ આ૦ ॥ ૪ ॥
ચૌદ ભુવનમાં જિનજીને તોલે,
કોઇ નહીં આરતિ એમજ બોલે ॥ આ૦ ॥ ૫ ॥

## ॥ અથ મંગલ દીવો ॥

દીવો રે દીવો મંગલિક દીવો,
ભુવન પ્રકાશક જિન ચિરંજીવો ॥ દી૦ ॥ ૧ ॥
ચંદ્ર સૂરજ પ્રભુ તુમ મુખ કેરા
લૂંછણ કરતા દે નિત્ય ફેરા ॥ દી૦ ॥ ૨ ॥

જિન તુમ આગળ સુરની અમરી,
મંગલદીપ કરી દિયે ભમરી ॥ દી૦ ॥ ૩ ॥
જિમ જિમ ધૂપઘટી પ્રગટાવે,
તિમ તિમ ભવનાં દુરિત દઝાવે ॥ દી૦ ॥ ૪ ॥
નીર અક્ષત કુસુમાંજલિ ચંદન,
ધૂપ દીપ ફલ નૈવેદ વંદન ॥ દી૦ ॥ ૫ ॥
એણીપરે અષ્ટપ્રકારી કીજે,
પૂજા સ્નાત્ર મહોત્સવ પભણીજે ॥ દી૦ ॥ ૬ ॥

**॥ ઇતિ પંડિતશ્રીવીરવિજયકૃત સ્નાત્ર પૂજા સમાપ્ત ॥**

અર્હમ્

પૂ. આ. શ્રી વિજય અમૃતસૂરિભ્યો નમઃ

# લઘુ પૂજામૃત સંગ્રહ

( ૧ )

## શ્રી મહાવીરસ્વામી પંચકલ્યાણકની પૂજા

### શ્રી પંચકલ્યાણકની પૂજાનો વિધિ.

આ પૂજામાં ઉત્કૃષ્ટરીતિએ ફળ, નૈવેદ્ય ( પકવાન્ન ) વિગેરે દરેક વસ્તુનાં આઠ આઠ નંગ લાવવાં. આઠ સ્નાત્રીયા ઉભા રાખવા. આઠ કળશ પંચામૃતના ભરવા, આઠ દીપક કરવા અને કુસુમ (ફૂલ) અક્ષત (ચોખા) પ્રમુખ વસ્તુઓ જોઇએ. કદાપિ તે પ્રમાણે જોગ ન બને તેમ હોય તો એકેકી વસ્તુથી પણ પૂજા ભણાવી શકાય.

(૧) પ્રથમ સ્નાત્ર ભણાવવું, પછી સ્નાત્રીયા રકેબીમાં ફૂલ લઈ ઉભા રહે અને પૂજા ભણાવનારાઓ પહેલી પૂજા ભણાવી મંત્ર કહે એટલે સ્નાત્રીયા પ્રભુજીને ફૂલ ચડાવે.

(૨) બીજી પૂજામાં લવિંગ, એલચી, સોપારી, નાળી-એર, બદામ, દ્રાક્ષ, બીજોરાં, દાડિમ, નારંગી, આંબા કેળાં, પ્રમુખ સરસ સુગંધિત રમણીય ફળ રકેબીમાં રાખી રકેબી હાથમાં રાખી પૂજાનો પાઠ કહી છેલ્લો મંત્ર ભણીને પ્રભુ આગળ ફળ ધરે.

(૩) ત્રીજી પૂજામાં ઉજ્વલ અખંડ અક્ષત (ચોખા)

રકેબીમાં નાખી, રકેબી હાથમાં ધરી પૂજાનો પાઠ કહી; છેલ્લો મંત્ર ભણી, પ્રભુજી આગળ સ્વસ્તિક તથા સિદ્ધશિલા ત્રણ ઢગલા કરે.

(૪) ચોથી પૂજામાં નિર્મળ જળે ભરેલા કળશ રકેબીમાં રાખી, રકેબી હાથમાં લઇ પ્રભુ આગળ ઉભા રહે. પછી પૂજાનો પાઠ ભણીને છેલ્લો મંત્ર કહીને જળ પૂજા કરે.

(૫) પછી પખાળ કરી અંગલૂછણાથી લૂહીને કેશરની કચોળી (વાટકી) રકેબીમાં રાખી, રકેબી હાથમાં લઇ પાંચમી પૂજાનો પાઠ ભણી છેલ્લો મંત્ર કહી ચંદન પૂજા કરે.

(૬) છઠ્ઠી પૂજામાં ધૂપધાણું રકેબીમાં રાખી હાથમાં લઇ પૂજાનો પાઠ કહી છેલ્લો મંત્ર ભણી પ્રભુની ડાબી બાજુ ધૂપ ઉખેવે.

(૭) સાતમી પૂજામાં મૌલીસૂત્ર પ્રમુખની વાટ (દીવેટ) કરી નિર્મળ સુગંધિત ઘૃતથી કોડિયા ભરી દીપક કરી રકેબી હાથમાં રાખી પૂજાનો પાઠ કહી છેલ્લો મંત્ર ભણી, પ્રભુજીની જમણી બાજુએ દીપક રાખીએ.

(૮) આઠમી પૂજામાં મોદક, સાકર, ખાજાં, પતાસાં પ્રમુખ અનેક ઉત્તમ પકવાન્ન રકેબીમાં ભરી હાથમાં ધરી પૂજાનો પાઠ કહી અને પૂજાનો કળશ કહી છેલ્લો મંત્ર ભણી પ્રભુ આગળ નૈવેદ્ય ધરે.

અને ત્યાર બાદ સ્નાત્રીઆઓ આરતી ઉતારી પ્રભુજીથી અંતપટ કરી પોતાના નવ અંગે ચાંલ્લા કરી મંગળદીવો ઉતારે.

## ॥ શ્રી ચ્યવનકલ્યાણકે પ્રથમ પુષ્પપૂજા ॥

### ॥ દુહા ॥

સકલ જિનેશ્વર જિતરિપુ, ગૌતમાદિ ગણધાર;
સૂરિકર્પૂર સદ્દગુરૂ નમું, જિનવાણી જયકાર. ૧
સમરી ભાવે સરસ્વતી, ભગવતી વીર જિનેશ;
પંચકલ્યાણક ગાઇશું, દામવા મોહ નરેશ. ૨
ચ્યવન, જનમ, દીક્ષા, વળી, કેવલ ને નિર્વાણ;
ઇન્દ્રો ઉજવી ભાવથી, જાય નંદિસર ઠાણ. ૩
અષ્ટાન્હિકા ઉત્સવ કરી, જાય નિજ નિજ વિમાન;
તેમ શ્રાવક ભક્તિ કરે, લેવા શિવવધૂ માન. ૪
દૂર્જન દેખી ખીજશે, રીઝશે સજ્જન સાથ;
દૂર્જનની પરવા નહિં, પૂજતાં ત્રિભુવનનાથ. ૫
ફૂલ, ફલ, તંદુલ, જલ, કેશર, ધૂપ, શ્રીકાર;
દીપ, નૈવેદ્યથી, પૂજિએ, લેવા સંયમ સાર. ૬

### ॥ ઢાળ ॥

રાગ. ( વીર જિણંદ જગત ઉપકારી )

વીર જિણંદ જગત જયકારી, પૂજો તમે નરનારીરે; ભવસત્તાવીશ ભવિજન સુણજો, સમકિત નિર્મલકારીરે. વીર૦ ॥૧॥ નયસાર ભવમાં સમકિત પામી, સૌધર્મ દેવલોકે જાવેરે; ભવ ત્રીજે શ્રીભરતાધિપનો, નંદન મરીચિ થાવે રે. વીર૦ ॥ ૨ ॥ વૈરાગ્ય પામીને લીધી દીક્ષા, શ્રીઆદિનાથજી પાસે રે; કર્મ ઉદયથી ત્રિંદડી થઇને, મારગ શુદ્ધ પ્રકાશે

રે. વીર૦ ॥૩॥ "કવિલા ઇત્થંપિ ઇહિયંપિ" કહેતાં, સંસાર ખૂબ વધાર્યો રે; કુલમદ કરીને નીચ ગોત્ર બાંધી, બ્રહ્મદેવલોકમાં સિધાયો રે. વીર૦ ॥ ૪ ॥ થઈ ભવ પાંચમે છટ્ઠે ત્રિદંડી, સાતમે સૌધર્મવાસી રે; ત્રિદંડી આઠમે નવમે ઇશાને, દશમે ત્રિદંડી વિલાસી રે. વીર૦ ॥ ૫ ॥ અગીયારમે ત્રીજા કલ્પે બારમે, ત્રિદંડી ચોથે કલ્પે તેરમે રે; ત્રિદંડી ચૌદમે પન્નરમે બ્રહ્મલોકે, વિશ્વભૂતિ થાયે સોલમેરે. વીર૦ ॥૬॥ સંયમી તપનું નિયાણું કરીને, સત્તરમે સાતમે સ્વર્ગે રે; અઢારમે વાસુદેવ પદ પામી, ઓગણીસમે સપ્તમ નર્કે રે. વીર૦ ॥ ૭ ॥ સિંહ ચોથી નર્કે વીશ એકવીશમે, માનવ ભવ બાવીશમે રે; ત્રેવીશમે પ્રિયમિત્ર ચક્રવર્તી, મહાશુક્રે જાવે ચોવીસમે રે. વીર૦ ॥ ૮ ॥ પચ-વીશમે ભવે નંદનમુનિએ, વીશસ્થાનક તપ કીધું રે; સવિ જીવ શાસનરસી ભાવનાએ, તીર્થંકરપદ લીધું રે. વીર૦ ॥ ૯ ॥ લાખ વરસનું ચારિત્ર પાળીને, દશમા દેવલોકે જાવે રે; નીચ ગોત્ર બાકી કર્મ પ્રભાવે, દેવાનંદા કુક્ષિ આવે રે. વીર૦ ॥૧૦॥ એમ જાણી મદ આઠ છોડીને, વીરવિભુ નિત્ય સેવો રે; ગુરુ કર્પૂર સૂરિ અમૃત ભાખે, એ સમ નહિ કોઈ દેવો રે. વીર૦ ॥ ૧૧ ॥

॥ અથ કાવ્યમ્ ॥

કલ્યાણકેષુ યસ્યાહો, પંચસુ ભક્તિસંયુતાઃ ।
દેવેન્દ્રા વૈ મહં ચક્રુઃ, સ વીરશ્શિવદોઽસ્તુ વઃ ॥૧॥

॥ અર્થ ॥

આશ્ચર્યની વાત એ છે કે–જેના પાંચેય કલ્યાણકોને વિષે ભક્તિવાળા ઇન્દ્રોએ પણ નિશ્ચયથી મહોત્સવ કર્યો હતો. તે **શ્રીવીરવિભુ** તમોને કલ્યાણને આપનારા થાઓ.

॥ મંત્ર ॥

**ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરા-મૃત્યુ–નિવારણાય દેવાધિદેવાય શ્રીમતે વીરજિનેન્દ્રાય વર્દ્ધમાનસ્વામિને પુષ્પાણિ યજામહે સ્વાહા.**

**॥ શ્રીચ્યવનકલ્યાણકે દ્વિતીય ફલપૂજા ॥**

**॥ દૂહા ॥**

**અષાઢ સુદની છઠ દિને, ત્રણજ્ઞાની જિનરાય;**
**પ્રાણત દેવલોકથી ચવ્યા, ઉત્તરાફાલ્ગુની માંય...૧**
**હરિ લંછન ચરણે પ્રભુ, ગૂઢ ગર્ભે વસનાર;**
**માતા સુપન દેખીને, આનંદ પામે અપાર...૨**
**પ્રભુ દેખી આનંદ લહી, ઉત્તરાસંગ ધરનાર;**
**સાત આઠ ડગ સામે જઈ, શક્રસ્તવ કહે સાર...૩**
**વીર વિભુ વંદન કરી, ચિંતવી જાણી આચાર;**
**હરિણગમેષિને મોકલે, નિજ શ્રેય માનનાર...૪**
**ત્યાશીમા દિનની રાત્રિમાં, ગર્ભને ફેરવનાર;**
**ત્રિશલા સુપન દેખીને, હરખે અપરંપાર...૫**

॥ ઢાળ ॥

(રાગ—પાંથાવાડા મંડન...યાને મથુરા જાકે હાં કાનાને)

**શ્રી મહાવીરસ્વામી પરમેષ્ઠીને, નમીએ પૂજિયે અપાર. એ રાહ. ત્રિશલા માતા પ્હેલે સ્વપ્ને, સુંદર સિંહ દેખનાર; બીજે ગજવર વૃષભ ત્રીજે, લક્ષ્મી ચોથે શ્રીકાર. શ્રીમહાવીર૦ ॥ ૧ ॥ પાંચમે માળા છઠ્ઠે ચંદો, સાતમેં કિરણ હજાર; આઠમેં ધ્વજ નવમેં પૂર્ણ કુંભ, દશમેં સરોવર સાર. શ્રીમહાવીર૦ ॥ ૨ ॥ અગીયારમેં રત્નાકર બારમેં, વિમાન ઘર સુખકાર; તેરમેં રત્નનો ઢગલો ચૌદમેં, નિર્ધૂમ અગ્નિ ઉદાર. શ્રીમહાવીરસ્વામી૦ ॥ ૩ ॥ કલ્યાણકારક મંગલકારક, ઉપદ્રવ હરનાર; શુભ સૂચક એ સુપન દેખી, ધર્મ જાગરણ કરનાર. શ્રીમહાવીર૦ ॥ ૪ ॥ ચ્યવનકલ્યાણકે શ્રીફલ પૂજા, શિવફલની દેનાર; ગુરૂકર્પૂરસૂરિ અમૃત જંપે, કરે તે ધન્ય નરનાર. શ્રીમહાવીર૦ ॥ ૫ ॥**

॥ અથ કાવ્યમ્ ॥

કલ્યાણકેષુ યસ્યાહો, પંચસુ ભક્તિસંયુતાઃ ।
દેવેન્દ્રા વૈ મહં ચક્રુઃ, સ વીરશ્શિવદોઽસ્તુ વઃ ॥૧॥

॥ મંત્ર ॥

**ૐ હ્રીં શ્રીં પરમપુરૂષાય પરમેશ્વરાય જન્મજરા-મૃત્યુ નિવારણાય દેવાધિદેવાય શ્રીમતે વીરજિનેન્દ્રાય વર્દ્ધમાનસ્વામિને ફલાનિ યજામહે સ્વાહા.**

## ॥ શ્રીજન્મકલ્યાણુકે ત્રીજી અક્ષત પૂજા ॥

॥ દૂહા ॥

સુપનપાઠક બોલાવીને, ફલ પૂછે વર રાય;
ઉત્તમ ફલ તસ સાંભળી, હૈડે હરખ ન માય...૧
માતપિતા જીવતાં સુધી, નહિં થાઉં અણગાર;
માતપિતા ભક્તિ કરો, પ્રભુ પેરે નરનાર...૨
છોડે નહિ મોહાધીનો, તો પણ દીક્ષા લેવાય;
ધર્મબિંદુની વાણીને, સજ્જન! કેમ ભૂલાય?...૩
ચૈતર સુદની તેરસે, જન્મ્યા વીરજિણંદ;
જગમાં જયજયકાર થયો, ઊગ્યો નવો દિણંદ...૪

॥ ઢાળ ॥

[ રાગ—લાગી લગન મને હારી જિણંદા પ્યારા. ]

વીર જનમ જયકારી, ઓ સખી મ્હારી, વીર જનમ જયકારી; ત્રીશલા જાયો સુખકારી, ઓ સખી મ્હારી, ત્રીશલા જાયો સુખકારી, મંદમંદ વાયુ જિન જન્મકાલે, વાયો છે સુખસ્પર્શકારી; ઓ સખી...દુંદુંભિ વાગે, ગગને ઉદ્યોત, થયો ત્રિભુવન મોઝારી. ઓ સખી૦ ॥ ૧ ॥ નારકીઓ પણ થયા ક્ષણ સુખી, થાવર આનંદકારી; ઓ સખી. અચેતના પણ દિશા પ્રસન્ના, જાણે થઈ મુદિત અપારી. ઓ સખી૦ ॥ ૨ ॥ કંપિત આસન અધોલોકવાસી, આવે છે આઠ કુમારી; ઓ સખી. જિન માતાને પ્રણામ કરીને, ઇશાને

સૂતિઘરકારી. ઓ સખી૦ ॥ ૩ ॥ સૂતિકાઘરથી ચોજન એક, અશુચિ દૂર કરનારી; ઓ સખી. આઠ કુમારી ઉર્ધ્વલોકની, ગન્ધામ્બુ ફૂલ વૃષ્ટિ-કારી. ઓ સખી૦ ॥ ૪ ॥ પૂર્વરૂચકથી આવી કુમારી, પ્રભુ દર્પણ આઠધારી; ઓ સખી. આઠ કુમારી દક્ષિણ રૂચકથી, હાથ કલશ ગાનકારી. ઓ સખી૦ ॥ ૫ ॥ પશ્ચિમરૂચકની આઠ કુમારી, કર વીંજણા ધરનારી; ઓ સખી. ઉત્તર રૂચકથી આઠ કુમારી, ચામર જિન વીંજનારી. ઓ સખી૦ ॥ ૬ ॥ ચાર વિદિશિની આવે કુમારી, પાણિ દીપક તમોહારી; ઓ સખી. રૂચક દ્વીપની ચાર કુમારી, નાલ છેદી પીઠકારી. ઓ સખી૦ ॥૭॥ દક્ષિણ પૂર્વ ને ઉત્તર દિશે, કેળનાં ઘર ત્રણકારી; ઓ સખી૦ એઉને મર્દન સ્નાન અલંકાર, રક્ષા પોટલી કારી. ઓ સખી૦ ॥ ૮ ॥ તુજ નંદન માડી ચિરંજીવો, સજ્જન મંગલકારી, ઓ સખી. કર્પૂર સમ ઉજ્જવલ ગુણ ગાવે, અમૃત પદ દાતારી. ઓ સખી૦ ॥ ૯ ॥

॥ અથ કાવ્યમ્ ॥

કલ્યાણકેષુ યસ્યાહો, પંચસુ ભક્તિસંયુતાઃ ।
દેવેન્દ્રા વૈ મહં ચક્રુઃ, સ વીરશ્શિવદોઽસ્તુ વઃ ॥૧॥

## ॥ મંત્ર ॥

ઓઁ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય પરમેશ્વરાય જન્મ-

**જરામૃત્યુનિવારણાય દેવાધિદેવાય શ્રીમતે વીરજિનેન્દ્રાય વર્દ્ધમાનસ્વામિને અક્ષતાન્ યજામહે સ્વાહા.**

**॥ અથ જન્મકલ્યાણકે ચોથી જલ પૂજા ॥**

**॥ દુહા ॥**

**આસનકંપથી શચીપતિ, રચી પાલક વિમાન;**
**આવે મહોત્સવ કારણે, ધરી હૃદયે બહુમાન...૧**

**॥ ઢાળ ॥**

રાગ—[ ભારતકા ડંકા આલમમેં ]

**વીરજિનવરની વારી પૂજા, કરતાં ભવિ નિર્મલતા તે વરે; નમિયે અરિહંત વિના ન દૂજા, તો ઝટપટ તે ભવજલધિ તરે. ॥ ૧ ॥ રાય સિદ્ધારથ કુલનભોમણિ, જગવાંછિત પૂરણ ચિંતામણિ; માતાત્રિશલાને આનંદ કરે, તો ઝટપટ. ॥ ૨ ॥ હરિ પંચ રૂપે પ્રભુ મેરૂ લાવે, કરી સ્નાત્ર ઇન્દ્રો સવિ ગુણ ગાવે; નિજ આતમમાં નિર્મલતા ધરે, તો ઝટપટ. ॥ ૩ ॥ મંગલ દીપ આરતિ નૃત્ય ઠાઠ, જિન પૂજી આલેખે મંગલ આઠ; જિન ચરણે સુરપતિ શિર ઢળે, તો ઝટપટ. ॥ ૪ ॥ જિન મૂકી માતા પાસે હરિ જણાવે, જિન માતાનું અશુભ જે દિલ લાવે; તસ મસ્તક જાશે જ ફુટી ખરે, તો ઝટપટ. ॥ ૫ ॥ જિનરાજના અંગુઠે અમૃત મૂકે, નંદીશ્વર મહોત્સવ નવિ ચૂકે; પછી**

દેવો નિજ નિજ જાય ઘરે, તો ઝટપટ. ॥ ૬ ॥
ગુરુ કપૂર સૂરિ અમૃત માગે, એહવા પ્રભુની સેવા
રાગે; જે પામે તે ભવમાં ન ફરે, તો ઝટપટ. ॥૭॥

॥ અથ કાવ્યમ્ ॥

કલ્યાણકેષુ યસ્યાહો, પંચસુ ભક્તિસંયુતાઃ ।
દેવેન્દ્રા વૈ મહં ચક્રુઃ, સ વીરશ્શિવદોઽસ્તુ વઃ ॥૧॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરા-
મૃત્યુનિવારણાય દેવાધિદેવાય શ્રીમતે વીરજિનેન્દ્રાય
વર્દ્ધમાનસ્વામિને જલં યજામહે સ્વાહા.

## ॥ અથ જન્મકલ્યાણકે પંચમ ચંદનપૂજા ॥

॥ દુહા ॥

પુત્ર જન્મ વધામણી, સાંભળી હર્ષ અપાર;
રાજા દાસી ખૂશ કરે, બંદીજન છોડનાર...૧
ક્ષત્રિયકુંડ શણગારીયું, મહોત્સવ કરવા કાજ;
કુલમર્યાદા દશ દિન, કરે સિદ્ધારથરાજ...૨
જિન પૂજા શત સહસ્સ લાખ, કરે કરાવણહાર;
સિદ્ધાર્થ દિન બારમે, જ્ઞાતિ જમણ કરનાર...૩
ચાર અતિશય જન્મથી, ધરતા શ્રી જિનરાજ;
કેશર યુત ચંદન પૂજા, કરી લ્યો ત્રિભુવનરાજ...૪

॥ ઢાળ ॥

રાગ–(આવો આવો હે વીર સ્વામી.)

પૂજો પૂજો હે ભવિજન પ્યારા, શ્રી મહાવીરભગવાન;
દૂજો દૂજો હે ભવિજન પ્યારા, એ સમ નહિ ગુણવાન.

જ્ઞાતિજન આગે એમ ભાખે, માતપિતા પુણ્યવાન; બાલપ્રભાવે વધિયા તે માટે, કહીએ શ્રીવર્દ્ધમાન. પૂજો૦ શ્વાસ સુગંધિ નિર્મલકાયા, ક્ષીર સમ રક્ત માંસ જાણ;ચંદ્રવદન ગજરાજગતિ પ્રભુ, આહાર નીહાર અજાણ. પૂજો૦ કૌતુકહીન પણ મિત્ર વચનથી, બાલપણે બલવાન; કેલિ કરંતા દેવ જીત્યાથી, બોલાય વીરમતિમાન. પૂજો૦ માતાપિતા પંડિત ઘેર મૂકે, ભણવા પ્રભુ જ્ઞાનવાન; પણ ગંભીરતા ખોલે પ્રભુની, ઈન્દ્ર કરી બહુમાન. પૂજો૦ ભોગકર્મરોગ દૂર કરવાને, ભોગ ઔષધ સમાન; અનુભવતાં અંતર રહે ન્યારા, યશોદાસ્વામીસુજાણ. પૂજો૦ માતાપિતા દેવલોક ગયા બાદ, સંયમે ઉદ્યમવાન; ભોગ કરમ ક્ષીણ જાણી પ્રભુજી, આપે વરસીદાન. પૂજો૦ ગુરૂ કર્પૂર સૂરિ અમૃત બોલે, એ છે જિનવર આણ; આપી દાન ને દીક્ષા લેવા, થજો તૈયાર ભાગ્યવાન. પૂજો૦

॥ અથ કાવ્યમ્ ॥

કલ્યાણકેષુ યસ્યાહો, પંચસુ ભક્તિસંયુતાઃ ।
દેવેન્દ્રા વૈ મહં ચક્રુઃ, સ વીરશ્શિવદોઽસ્તુ વઃ ॥૧॥

॥ મંત્ર ॥

ઔં હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુનિવારણાય દેવાધિદેવાય શ્રીમતે વીરજિનેન્દ્રાય વર્દ્ધમાનસ્વામિને ચંદનં યજામહે સ્વાહા.

## ॥ અથ દીક્ષાકલ્યાણકે છટ્ઠી ધૂપપૂજા ॥

॥ દુહા ॥

સંયમ અવસર જાણીને, આવે લોકાન્તિક દેવ;
જગતારક સુતીર્થને, વર્તાવો મહાદેવ...૧
અબજ ત્રણઅઠયાસી કોડ, લાખ એંસી મહાદાન;
અર્થી અભાવે એ ગણતરી, એ મહિમા પ્રભુ જાણ...૨
સ્વયંબુદ્ધ મહાવીર પ્રભુ, ધૂપે પૂજે જેહ;
ધૂપગતિ પેરે લહે, ઉર્ધ્વગતિ ભવિ તેહ...૩

॥ ઢાળ ॥

( રાગ–ચંદ્ર પ્રભુજીસે ધ્યાનરે, મોરી લાગી લગનવા, )

દીક્ષા મહોત્સવ આજ રે, સખિ! ચાલો જોવાને; નંદિવર્ધન કરે રાજ રે સખિ! ચાલો જોવાને. ચાલો જોવાને, સખિ! ચાલો જોવાને, જોઈ કરજો નિજ કાજરે; સખિ૦ કુંડપુરનગર શોભાવ્યું ભૂપે, જાણે દેવલોક સમાનરે; સખિ૦ ચોસઠ ઈન્દ્રો કરે અભિષેકો, ધરી હૃદયે બહુમાનરે. સખિ૦ ॥૧॥ નંદિવર્ધન પણ પૂર્વાભિમુખે, અભિષેક કરનારરે; સખિ૦ દર્પણ આદિ હાથમાં લેઈને, પ્રભુ આગે ઈન્દ્રો જયકારરે. સખિ૦ ॥૨॥ ચંદન ચર્ચિત પ્રભુ શરીરે, અલંકારો શોભાયરે; સખિ૦ બેસીને ચંદ્રપ્રભા પાલખીમાં, દીક્ષા લેવા પ્રભુ જાયરે. સખિ૦ ॥૩॥ જમણી બાજુ બેસે કુલની વડેરી, પટશાટક લેઈ સાથરે; સખિ૦

વામદિશે પ્રભુ ધાવમાતા છે, દીક્ષાની ઉપધિ હાથરે. સખિ૦ ॥ ૪ ॥ પાછળ વર એક યુવતિનારી, પ્રભુશિર છત્ર ધરનારીરે; સખિ૦ એક ઇશાનમાં યૌવનવંતી, પૂર્ણકલશ કર ધારીરે. સખિ૦ ॥૫॥ મણિમય પંખો પાણિમાં લેઇને, અગ્નિખૂણે બેઠી નારીરે; સખિ૦ શક્ર ઇશાન ચમરેન્દ્ર બલીન્દ્ર, પાલખી ઉપાડે સારી રે. સખિ૦ ॥૬॥ શક્ર ઇશાન ઇન્દ્ર ચામર વીંઝે, મંગલ ચાલે આગે આઠરે; સખિ૦ મહેન્દ્રધ્વજ સહસ એક ઉંચો, વાજિંત્રનો ખૂબ ઠાઠ રે. સખિ૦ ॥૭॥ એમ પ્રભુને બોલે કુલના વડેરા, મલ્લ હણજો રાગદ્વેષરે; સખિ૦ કર્મરિપુ હણી કેવલ પામી, જાજો સિદ્ધ પ્રભુ દેશરે. સખિ૦ ॥૮॥ ખૂબ આડંબરથી વરઘોડો, જાય જ્ઞાતખંડ ઉદ્યાનરે; સખિ૦ વૃક્ષ અશોક નીચે તજે પોતે, અલંકાર સુજાણરે. સખિ૦ ॥ ૯ ॥ કાર્તિક વદની દશમીના દિવસે, ઉત્તરાફાલ્ગુની માંયરે; સખિ૦ છઠ્ઠ તપ કરીને ત્રીશમા વર્ષે, કરી લોચ વસ્ત્ર લેવાયરે. સખિ૦ ॥ ૧૦ ॥ "નમો સિદ્ધાણં" કહી પ્રભુ ઉચ્ચરે, સર્વ સામાયિક સારરે; સખિ૦ ચઉનાણી નમી યાત્રા કરીને, જાય દેવો સ્વર્ગ મોઝારરે. સખિ૦ ॥૧૧॥ દીક્ષા કલ્યાણકે જાપ જપંતાં, "નમો નાથાય" સુખદાયરે; સખિ૦ ગુરૂ કર્પૂર સૂરિ અમૃત બોલે, વીર શરણ હિતદાયરે. સખિ૦ ॥ ૧૨ ॥

॥ અથ કાવ્યમ્ ॥

કલ્યાણકેષુ યસ્યાહો, પંચસુ ભક્તિસંયુતાઃ ।
દેવેન્દ્રા વૈ મહં ચક્રુઃ, સ વીરશ્શિવદોઽસ્તુ વઃ ॥૧॥

॥ મંત્ર ॥

ઓં હ્રીં શ્રીં પરમપુરૂષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુનિવારણાય દેવાધિદેવાય શ્રીમતે વીરજિનેન્દ્રાય વર્દ્ધમાનસ્વામિને ધૂપં યજામહે સ્વાહા.

॥ અથ કેવલજ્ઞાનકલ્યાણકે સાતમી દીપક પૂજા ॥

॥ દુહા ॥

બંધુ વર્ગને પૂછીને, કરે વીરવિભુ વિહાર;
ઈન્દ્ર મૂકે વ્યંતર પ્રભુ,–વૈયાવચ્ચ કરનાર...૧
કોલ્લાક સન્નિવેશમાં, બહુલ બ્રાહ્મણ ઘેર;
કરતા પારણું ક્ષીરથી, થાયે લીલાલ્હેર...૨
વસ્ત્ર ઉદકવૃષ્ટિ તદા, દુન્દુભિ મનોહાર;
અહોદાન અહોદાન એમ, ઉદ્‌ઘોષણા વસુધાર...૩
ઉત્કૃષ્ટ સાડીબાર કોટી, જઘન્ય સાડીબાર લાખ;
પંચ દિવ્ય પ્રગટે એમ, કલ્પસૂત્રની સાખ...૪
ઘોર ઉપસર્ગ પ્રભુ સહે, તપ કરી હણે મોહરાણ;
દીપકપૂજા તેણે કરી, લહીએ કેવલનાણ...૫

॥ ઢાળ ॥

રાગ–(રૂડો લાગે છે મીઠા લાગ્યા તે.)

પ્યારી લાગે છે પ્રભુ ત્હારી છબી મુજને,
ભવિજન કામણગારીરે; ધન્ય ધન્ય જીવન તાહરૂં.

સ્પૃહા રહિત પ્રભુ ઘોર અભિગ્રહી એ,
પાત્રે ભોજન વસ્ત્રધારીરે. ધન્ય ધન્ય...૧
શૂલપાણી યક્ષ ને ચંડકૌશિકને
પ્રતિબોધ કરે ક્ષમાધારીરે. ધન્ય ધન્ય...૨
કંબલ શંબલ દેવ નાગકુમારના,
વારી ઉપસર્ગ ભક્તિકારીરે. ધન્ય ધન્ય...૩
લુહાર ચોરના ઉપસર્ગ વારી,
ભક્તિ કરે ઈન્દ્ર સારીરે. ધન્ય ધન્ય...૪
પાપીને કાઢો બોલે ઇંદ્ર સંગમને
પાપી દર્શન પાપકારીરે. ધન્ય ધન્ય...૫
સાતમી નરકે જાવે ગોવાળીઓ,
વૈદ્ય વણિક સ્વર્વિહારીરે. ધન્ય ધન્ય...૬
પંચ સમિતિ ત્રણ ગુપ્તિ નિત્ય પાળતા,
શાન્ત ગુપ્ત બ્રહ્મચારીરે. ધન્ય ધન્ય...૭
ભારંડ પેરે પ્રભુ અપ્રમાદી નિત્ય,
ગગન જેમ નિરાધારીરે. ધન્ય ધન્ય...૮
દ્રવ્ય ક્ષેત્ર કાલ ભાવથી વિચરે,
સર્વત્ર પ્રતિબંધ વારીરે. ધન્ય ધન્ય...૯
અનોપમ પ્રભુ જ્ઞાન દર્શન ચારિત્ર,
વીર્ય અનોપમ ધારીરે. ધન્ય ધન્ય...૧૦
સાડીબાર વર્ષ પ્રભુ ઘોર તપ તપતાં,
શુક્લ ધ્યાને ઘાતી બાળી રે. ધન્ય ધન્ય.૧૧

દશમી વૈશાખ શુદ ઉત્તરા ફાલ્ગુની,
છટ્ઠ તપે કેવલધારીરે. ધન્ય ધન્ય...૧૨
"નમઃ સર્વજ્ઞાય" જાપ જપંતાં,
કર્પૂર અમૃત નિરધારીરે. ધન્ય ધન્ય...૧૩

॥ અથ કાવ્યમ્ ॥

કલ્યાણકેષુ યસ્યાહો, પંચસુ ભક્તિસંયુતાઃ ।
દેવેન્દ્રા વૈ મહં ચક્રુઃ, સ વીરશ્શિવદોઽસ્તુ વઃ ॥

॥ મંત્ર ॥

ઓઁ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરા-મૃત્યુ-નિવારણાય દેવાધિદેવાય શ્રીમતે વીરજિનેન્દ્રાય વર્દ્ધમાનસ્વામિને દીપકં યજામહે સ્વાહા.

## ॥ અથ નિર્વાણકલ્યાણકે અષ્ટમ નૈવેદ્ય પૂજા ॥

॥ દુહા ॥

સમવસરણ દેવે રચ્યું, બેઠા વીર ભગવાન;
બાર પર્ષદા આગલે, ચોત્રિશ અતિશયવાન...૧
બાર ગુણધારક પ્રભુ, દે દેશના મનોહાર;
ભવ ભય ભંજક સંશયો, છેદક શિવસુખકાર...૨
દાવાનલ સમ જાણીએ, આ સંસાર અસાર;
દાન શિયલ તપ ભાવના, ધર્મના ચાર પ્રકાર...૩
સર્વ દેશ સંયમ થકી, તરીએ આ સંસાર;
ત્રિપદી આપી અર્થથી, થાપે ગણેશ અગીયાર...૪
ગૌતમાદિ સવિ ગણધરા, સાધુ ચૌદ હજાર;
છતીશ સહસ તે સાધ્વી, પંચ મહાવ્રત ધાર...૫

શ્રમણોપાસક એક લખ, ઓગણસાઠ હજાર;
લખત્રણ સહસ અઢાર છે, શ્રાવિકા પરિવાર...૬
જિનપડિમા પૂજે સદા, ત્રિકાલ એહ વ્રતધાર;
નૈવેદ્ય થાળે પૂજતાં, વરીએ પદ અણાહાર...૭

॥ ઢાળ ॥

(રાગ–ધન્યે શ્રી વીર પ્રભુ પ્યારા)

પૂજો શ્રી વીરપ્રભુ પ્યારા, જગતના પ્રાણ આધારા. પ્રાણ આધારા મ્હારા, જીવન આધારા પૂજો૦ કેવલનાણી પ્રભુ અમીરસવાણી, પાંત્રીસ ગુણે રસાળા. જગતના. પૂજો૦ ॥૧॥ સુર સંચારિત સ્વર્ણકમલમાં, ચરણકમલ સ્થાપનારા. જગતના. પૂજો૦ ॥૨॥ અશોક વૃક્ષ નીચે બેસી સિંહાસને, ચઉમુખે દેશનાકારા. જગતના. પૂજો૦ ॥૩॥ પૂંઠે ભામંડલ શોભે છત્ર માથે, દુંદુભિ ચામરહારા. જગતના. પૂજો૦ ॥૪॥ દિવ્યધ્વનિ પંચવર્ણ ફુલવૃષ્ટિ, સેવા ઈન્દ્રો કરનારા. જગતના. પૂજો૦ ॥૫॥ વિહાર કરતાં છેલ્લું ચોમાસું, પાવાપુરી મોઝારા. જગતના. પૂજો૦ ॥૬॥ અમાસે આસોની કૃષ્ણ રાત્રિએ, નક્ષત્ર સ્વાતિ સુખકારા, જગતના. પૂજો૦ ॥૭॥ સોલ પ્હોર દેશના છટ્ઠ તપ કરીને, સિધાવ્યા સિદ્ધપુર પ્યારા. જગતના. પૂજો૦ ॥૮॥ અર્થ કામને ભવિ અનર્થ જાણી, રત્નત્રયી લ્યો શ્રીકારા. જગતના. પૂજો૦ ॥૯॥ ભાવ ઉદ્યોત ગયો

દ્રવ્ય ઉદ્યોતને, અઢાર ગણુ રાયકારા. જગતના. પૂજો૦ ॥૧૦॥ પ્રગટી દીવાલી તે દિનથી જગતમાં ભવિ તપ પૌષધકારા. જગતના. જો૦ ॥૧૧॥ વીતરાગ પદનો અર્થ વિચારતાં, ગૌતમ કેવલ વરનારા. જગતના. પૂજો૦ ॥૧૨॥ નિર્વાણુ કેવલનો મહિમા કરીને, દેવલોકે દેવો જાનારા. જગતના. પૂજો૦ ॥૧૩॥ "પારંગતાય નમઃ" એ જાપ જપતાં, કર્પૂર અમૃત પદ ધારા. જગતના. પૂજો૦ ॥૧૪॥

॥ અથ કલશ ॥

(રાગ–જિનવર પરમ દયાલ, ભવિયાં)

ગાયા વીર સુખકાર, ભવિયાં ગાયા વીર સુખકાર. સાત હાથની કંચન કાયા,વર્ષ બ્હોંતેર આયુધાર..ભ શુક્લધ્યાન અંતિમ દો પાયા, ધ્યાવતાં શિવવરનાર...ભ૦ તસ પટ્ટધર શ્રી સુધર્માસ્વામી, શોભે પંચમગણુધાર...ભ૦ પાટ પરંપર તાસ એ છાજે, મણિવિજય ગણુધાર...ભ૦ તસ પાટે બુટેરાય ગણાધિપ, બુદ્ધિવિજય ભંડાર...ભ૦ આણંદ–હર્ષ ને પુષ્પવિજયજી, શાસનના શણુગાર...ભ૦ તાસ અનુજ શ્રી કર્પૂરસૂરીશજી, ઘોરતપના તપનાર...ભ૦ તાસ શિષ્યે એ પૂજા બનાવી, નિજ આતમ હિતકાર...ભ૦ વિજયસિદ્ધિસૂરીશ્વર રાજ્યે, બોરસદ પુર મોઝાર...ભ૦

હજાર બે ને પાંચ ચૈતરમાં, શુદિ પાંચમ રવિવાર ભ૦ આણારંગી સદ્‌ગુરૂસંગી, ઓસવાળ સંઘ શ્રીકાર...ભ૦ આદિ શાંતિ ને પાર્શ્વ પ્રભાવે, વર્તો જયજયકાર...ભ૦ પંચ કલ્યાણક પૂજા ભણાવી, સફલ કરો અવતાર..ભ૦ ભણી ભણાવી સૂણી વધાવે, તસ પાર્શ્વશ્રી છે અપાર..ભ૦

॥ અથ કાવ્યમ્ ॥

કલ્યાણકેષુ યસ્યાહો, પંચસુ ભક્તિસંયુતાઃ ।
દેવેન્દ્રો વૈ હં ચક્રુઃ, સ વીરશ્શિવદોડસ્તુ વઃ ॥

॥ મંત્ર ॥

ઓં હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરા-મૃત્યુનિવારણાય દેવાધિદેવાય શ્રીમતે વીરજિને-ન્દ્રાય વર્દ્ધમાનસ્વામિને નૈવેદ્યં યજામહે સ્વાહા.

(૨) પંડિત શ્રી વીરવિજયજી કૃત

## ॥ શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા ॥

### ॥ અથ ચ્યવનકલ્યાણકે પ્રથમ પુષ્પ પૂજા ॥

॥ દુહા ॥

શ્રી શંખેશ્વર સાહિબો, સુરતરુ સમ અવદાત ॥
પુરિસાદાણી પાસજી, ષડદર્શન વિખ્યાત ॥૧॥
પંચમે આરે પ્રાણિયા, સમરે ઉઠી સવાર ॥
વાંછિત પૂરે દુઃખ હરે, વંદું વાર હજાર ॥૨॥

અવસર્પિણી ત્રેવીશમા પાર્શ્વનાથ જબ હુંત ॥ તસ ગણધરપદ પામીને, થાશો શિવવધૂ કંત ॥૩॥ દામોદર જિનમુખ સુણી, નિજ આતમ ઉદ્ધાર ॥ તદા આષાઢી શ્રાવકે, મૂર્તિ ભરાવી સાર ॥૪॥ સુવિહિત આચારજ કને, અંજનશલાકા કીધ ॥ પંચકલ્યાણક ઉત્સવે, માનું વચન જ લીધ ॥૫॥ સિદ્ધસ્વરૂપ રમણ ભણી, નૌતમ પડિમા જેહ ॥ થાપી પંચકલ્યાણકે, પૂજે ધન્ય નર તેહ ॥૬॥ કલ્યાણક ઉત્સવ કરી, પૂરણ હર્ષ નિમિત્ત ॥ નંદીસર જઈ દેવતા, પૂજે શાશ્વત ચૈત્ય ॥૭॥ કલ્યાણક પૂજન સહિત, રચના રચશું તેમ ॥ દુર્જન વિષધર ડોલશે, સજ્જન મનશું પ્રેમ ॥૮॥ કુસુમ ફળ અક્ષતતણી, જળ ચંદન મનોહાર ॥ ધૂપ દીપ નૈવેદ્યશું, પૂજા અષ્ટ પ્રકાર ॥૯॥

॥ ઢાળ ॥

(રાગ—પ્રથમ પૂરવ દિશે—એ દેશી)

પ્રથમ એક પીઠિકા, ઝગમગે દીપિકા. થાપી પ્રભુ પાસ તે ઉપરે એ ॥ રજત રકેબીઓ, વિવિધ કુસુમે ભરી, હાથ નરનારી ધરી ઉચ્ચરે એ ॥૧॥ કનકબાહુ ભવે, બંધ જિનનામનો, કરિય દશમે દેવલોક વાસી ॥ સકલ સુરથી ઘણી, તેજ કાન્તિ ભણી, વીસ સાગર સુખ તે વિલાસી

॥૨॥ ક્ષેત્ર દશ જિનવરા, કલ્યાણક પાંચશેં, ઉત્સવ કરત સુર સાથશું એ ॥ થઇયિ અગ્રેસરી, સાસય જિનતણી રચત પૂજા નિજ હાથશું એ ॥૩॥ યોગશાસ્ત્રે મતા, માસ ષટ્ થાકતા, દેવને દુઃખ બહુ જાતિનું એ ॥ તે નવિ નિપજે, દેવ જિન જીવને, જોવતાં ઠાણ ઉપપાતનું એ ॥૪॥ સુગતિપુર મારગે, શીતલ છાંયડી, તીર્થની ભૂમી ગંગાજલે એ ॥ ચૈત્યે અભિષેકતા, સુકૃતતરુ સિંચતા, ભકતે બહુલા ભવિ ભવ તરે એ ॥૫॥ વારણ ને અસી, દોય વચમાં વસી, કાશી વારાણસી નયરિયે એ ॥ અશ્વસેન ભૂપતિ, વામારાણી સતી, જૈનમતિ રતિ અનુસારિયેએ ॥ ૬ ॥ ચાર ગતિ ચોપડા, ચ્યવનના ચૂકવી, શિવ ગયા તાસ ઘર નમન જાવે ॥ બાલરૂપે સુર તિહાં, જનની મુખ જોવતાં, શ્રી શુભવીર આનંદ પાવે ॥ ૭ ॥

॥ અથ કાવ્યમ્ ॥ ઉપજાતિવૃતમ્ ॥

ભોગી યદાલોકનતોડપિ યોગી, બભૂવ પાતાલપદે નિયોગી ॥
કલ્યાણકારી દુરિતાપહારી, દશાવતારી વરદઃ સ પાર્શ્વઃ ॥૧॥

॥ મંત્ર ॥

ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરૂષાય પરમેશ્વરાય જન્મજરા-મૃત્યુનિવારણાય, શ્રીમતે જિનેન્દ્રાય પુષ્પાણિ યજામહે સ્વાહા.

## ॥ અથ ચ્યવનકલ્યાણકે દ્વિતીય ફલપૂજા ॥

॥ દુહા ॥

કૃષ્ણ ચતુર્થી ચૈત્રની, પૂર્ણાયુ સુર તેહ;
વામા માત ઉદર નિશિ, અવતરિયા ગુણગેહ....૧
સુપન ચતુર્દશ મોટકાં, દેખે માતા તામ;
રયણીસમે નિજ મંદિરે, સુખશય્યા વિશ્રામ....૨

॥ ઢાળ ॥

(મિથ્યાત્વ વામીને કોશ્યા સમકિત પામી રે એ–દેશી)

રૂડો માસ વસંત ફળી વનરાજી રે, રાયણ ને સહકાર વાલા. કેતકી જાય ને માલતી રે, ભ્રમર કરે ઝંકાર વાલા. કોયલ મદભર ટહુકતી રે, બેઠી આંબાડાળ વાલા. હંસયુગલ જળ ઝીલતાં રે, વિમળ સરોવર પાળ વાલા. મંદ પવનની લહેરમાં રે; માતા સુપન નિહાળ વાલા. એ આંકણી. દીઠો પ્રથમ ગજ ઉજ્વલો રે, બીજે વૃષભ ગુણવંત વાલા. ત્રીજે સિંહ જ કેસરી રે, ચોથે શ્રી દેવી મહંત વાલા. માળયુગલ ફુલ પાંચમે રે, છટ્ઠે રોહિણીકંત વાલા. ઊગતો સૂરજ સાતમે રે, આઠમે ધ્વજ લહકંત વાલા. રૂડો માસ૦ ॥૧॥ નવમે કળશ રૂપાતણો રે, દશમે પદ્મસર જાણ વાલા, અગ્યારમે રત્નાકર રે. બારમે દેવવિમાન વાલા. ગંજ રત્નનો તેરમે રે, ચઉદમે વહ્નિ વખાણ વાલા. ઉતરતાં આકાશથી રે, પેસતા વદન પ્રમાણ વાલા. રૂડો૦ ॥૨॥ માતા

સુપન લહી જાગીયાં રે, અવધિ જુવે સુરરાજ વાલા. શક્રસ્તવ કરી વંદીયા રે જનની ઉદર જિનરાજ વાલા. એણે સમે ઈંદ્ર તે આવીયા રે, મા આગળ ધરી લાજ વાલા. પુણ્યવતી તુમે પામીયું રે ત્રણ ભુવનનું રાજ્ય વાલા. રૂડો૦ ॥૩॥ ચૌદ સુપનના અર્થ કહી રે, ઈંદ્ર ગયા નિજ ઠામ વાલા. ચઉસઠ ઇંદ્ર મળી ગયા રે, નંદીસર જિન-ધામ વાલા. ચ્યવનકલ્યાણક ઉત્સવે રે, શ્રીફલ પૂજા ઠામ વાલા. શ્રી શુભવીર તેણે સમે રે, જગત જીવ વિશ્રામ વાલા. ॥ રૂડો૦ ॥ ૪ ॥

॥ અથ કાવ્યમ્ ॥ ઉપજાતિવૃત્તમ્ ॥

ભોગી યદાલોકનતોઽપિ યોગી, બભૂવ પાતાલપદે નિયોગી ॥
કલ્યાણકારી દુરિતાપહારી, દશાવતારી વરદઃ સ પાર્શ્વઃ ॥૧॥

॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમ૦ ફલાનિ ય૦ સ્વાહા ॥

॥ અથ જન્મકલ્યાણકે તૃતીય અક્ષત પૂજા ॥

॥ દોહા ॥

રવિઉદયે નૃપ તેડિયા, સુપનપાઠક નિજ ગેહ;
ચઉદ સુપન ફળ, સાંભળી વળીયા વિસર્જ્યા તેહ...૧
ત્રણ્ય જ્ઞાનશું ઉપના, ત્રેવીશમા અરિહંત;
વામા ઉર સર હંસલો, દિન દિન વૃદ્ધિ લહંત...૨

ડોહલા પૂરે ભૂપતિ, સખિયો વૃંદ સમેત;
જિન પૂજે અક્ષત ધરી, ચામર પંખો લેત...૩

॥ ઢાળ ॥

(રાગ–ચિત્ત ચોખે ચોરી નવિ કરીએ–એ દેશી)

રમતી ગમતી હમુને સાહેલી, બિહુ મળી લીજીએ એક તાળી ॥ સખિ આજ અનોપમ દિવાળી ॥ લીલ વિલાસે પૂરણ માસે, પોષ દશમ નિશિ રઢીયાળી ॥ સખિ૦ ॥ ૧ ॥ પશુ પંખી વસીયાં વનવાસી, તે પણ સુખીયાં સમકાળી ॥ સખિ૦ ॥ ઇણિ રાતે ઘર ઘર ઉત્સવસે, સુખિયાં જગતમેં નરનારી ॥ સખિ૦ ॥૨॥ ઉત્તમ ગ્રહ વિશાખા યોગે, જનમ્યા પ્રભુજી જયકારી ॥ સખિ૦ ॥ સાતે નરકે થયાં અજુવાળાં, થાવરને પણ સુખકારી ॥ સખિ૦ ॥૩॥ માત નમી આઠે દિક્કુમરી, અધોલોકની વસનારી ॥ સખિ૦ ॥ સૂતિઘર ઇશાને કરતી, યોજન એક અશુચિ ટાળી ॥ સખિ૦ ॥ ૪ ॥ ઊર્ધ્વલોકની આઠ કુમારી વરસાવે જળ કુસુમાળી ॥ સખિ૦ ॥ પૂર્વરુચક અટ્ઠ દર્પણ ધરતી, દક્ષિણની અડ કલશાળી ॥ સખિ૦ ॥૫॥ અડ પચ્છિમની પંખા ધરતી, ઉત્તર અટ્ઠ ચામરધારી ॥ સખિ૦ ॥ વિદિશિની ચઉ દીપ ધરંતી, રૂચકદ્વીપની ચઉ બાળી ॥ સખિ૦ ॥૬॥ કેળતણાં ઘર ત્રણ્ય કરીને,

મર્દન સ્નાન અલંકારી ॥ સખિ૦ ॥ રક્ષા પોટલી બાંધી બિહુને, મંદિર મેલ્યાં શણગારી ॥ સખિ૦ ॥ ૭ ॥ પ્રભુ મુખ કમળે અમરી ભમરી, રાસ રમંતી લટકાળી ॥ પ્રભુ માતા તું જગતની માતા, જગદીપકની ધરનારી ॥ સખિ૦ ॥ ૮ ॥ માજી તુજ નંદન ઘણું જીવો, ઉત્તમ જીવને ઉપકારી ॥ સખિ૦ ॥ છપ્પન દિક્કુમરી ગુણગાતી, શ્રી શુભવીર વચનશાળી ॥ સખિ૦ ॥ ૯ ॥

॥ અથ કાવ્યમ્ । ઉપજાતિવૃતમ્ ॥

ભોગી યદાલોકનતોઽપિ યોગિ, બભૂવ પાતાલપદે નિયોગી ॥
કલ્યાણકારી દુરિતાપહારી, દયાવતારી વરદ સ પાશ્ર્વઃ ॥૧॥

॥ મંત્ર ॥

ૐ હ્રીઁ શ્રીઁ પરમ૦ અક્ષતાન્ યજ૦ સ્વાહા૦ ॥
॥ અથ જન્મકલ્યાણકે ચતુર્થ જલપૂજા ॥

॥ દૂહા ॥

ચલિતાસન સોહમપતિ, રચી વેમાન વિશાળ ॥
પ્રભુ જન્મોત્સવ કારણે, આવંતા તત્કાળ ॥૧॥

॥ ઢાળ ॥

(કાજ સિદ્ધાં સકળ હવે સાર—એ દેશી)

હવે શક્ર સુઘોષા વજાવે, દેવ દેવી સર્વ મિલાવે ॥ કરે પાલક સુર અભિધાન, તેણે પાલક

નામે વિમાન ॥ ૧ ॥ પ્રભુ પાસનું મુખડું જોવા, ભવભવનાં પાતિક ખોવા ॥ ચાલે સુર નિજ નિજ ટોળે, મુખ મંગળિક માળા બોલે ॥ પ્રભુ ॥૨॥ સિંહાસન બેઠા, ચલિયા, હરિ બહુ દેવે પરવરિયા ॥ નારી મિત્રના પ્રેર્યા આવે, કોઇક પોતાને ભાવે ॥ પ્રભુ૦ ॥ ૩ ॥ હુકમે કેઈ ભક્તિ ભરેવા, વળી કેઇક કૌતુક જોવા ॥ હય કાસર કેસરી નાગ, ફણી ગરૂડ ચઢયા કેઈ છાગ ॥ પ્રભુ૦ ॥ ૪ ॥ વાહન વૈમાન નિવાસ, સંકીર્ણ થયું આકાશ ॥ કેઈ બોલે કરતા તાડા, સાંકડા ભાઈ પર્વના દહાડા ॥ પ્રભુ૦ ॥ ૫ ॥ ઇહાં આવ્યા સર્વ આણંદે, જિનજનનીને હરિ વંદે ॥ પાંચ રૂપે હરિ પ્રભુ હાથ, એક છત્ર ધરે શિર નાથ ॥ પ્રભુ૦ ॥ ૬ ॥ બે બાજુ ચામર ઢાળે, એક આગળ વજ્ર ઉલાળે ॥ જઈ મેરૂ ધરી ઉત્સંગે, ઇંદ્ર ચોસઠ મળિયા રંગે ॥ પ્રભુ૦ ॥ ૭ ॥ ક્ષીરોદક ગંગા વાણી, માગધ વરદામનાં પાણી ॥ જાતિ આઠના કળશ ભરીને, અઢીસેં અભિષેક કરીને ॥ પ્રભુ૦ ॥૮॥ દીવો મંગળ આરતી કીજે, ચંદન કુસુમે કરી પૂજે ॥ ગીત વાજિંત્રના બહુ ઠાઠે, આલેખે મંગળ આઠ ॥ પ્રભુ૦ ॥ ૯ ॥ ઇત્યાદિક ઉત્સવ કરતા, જઈ માતા પાસે ધરતા ॥ કુંડલયુગ વસ્ત્ર ઓશીકે, દડો ગેડી રત્નમયી મૂકે ॥ પ્રભુ૦ ॥૧૦॥

કોડી બત્રીસ રત્ન રૂપૈયા, વરસાવી ઇન્દ્ર ઉચ્ચરીયા ॥ જિન માતાશું જે ધરે ખેદ, તસ મસ્તક થાશે છેદ ॥ પ્રભુ૦ ॥ ૧૧ ॥ અંગુઠે અમૃત વાહી, નંદીસર કરે અટ્ઠાઇ ॥ દેઇ રાજા પુત્ર વધાઇ, ઘર ઘર તોરણ વિરચાઇ ॥ પ્રભુ૦ ॥૧૨॥ દશ દિન ઓચ્છવ મંડાવે, બારમે દિન નાત જિમાવે ॥ નામ થાપે પાર્શ્વકુમાર, શુભ વીર વિજય જયકાર ॥ પ્રભુ૦ ॥ ૧૩ ॥

॥ અથ કાવ્યમ્ ॥ ઉપજાતિવૃતમ્ ॥

ભોગી યદાલોકનતોઽપિ યોગી, બભૂવ પાતાલપદે નિયોગી ॥
કલ્યાણકારી દુરિતાપહારી, દશાવતારી વરદઃ સ પાર્શ્વઃ ॥૧॥

ૐ હ્રીં શ્રીં પરમ૦ જલં ય૦ સ્વાહા ॥

॥ અથ જન્મ કલ્યાણકે પંચમ ચંદન પૂજા ॥

॥ દૂહા ॥

અમૃતપાને ઉછર્યા, રમતા પાસકુમાર ॥
અહિલંછન નવ કર તનુ, વરતે અતિશય ચાર ॥ ૧ ॥ યોવનવય પ્રભુ પામતા, માતાપિતાદિક જેહ ॥ પરણાવે નૃપપુત્રિકા, પ્રભાવતી ગુણગેહ ॥ ૨ ॥ ચંદન ઘસી ઘનસારશું, નિજ ઘર ચૈત્ય વિશાળ ॥ પૂજોપકરણ મેળવી, પૂજે જગતદયાળ ॥ ૩ ॥

卐

॥ ઢાળ ॥

(રાગ–બાલપણે યોગી હુઆ, માઇ ભિક્ષા દોને–દેશી.)

સોના રૂપાકે સોગઠે, સાંયાં ખેલત બાજી ॥ ઇંદ્રાણી મુખ દેખતે હરિ હોત હૈ રાજી ॥ ૧ ॥ એક દિન ગંગાકે બિચે, સુર સાથ બહોરા ॥ ॥ નારી ચકોરા અપ્સરા, બહોત કરત નિહોરા ॥ ૨ ॥ ગંગાકે જળ ઝીલતે, છાંહીબાદલીયાં ॥ બાવન ખેલ ખેલાય કે, સવિ મંદિર વળિયાં ॥૩॥ બેઠે મંદિર માળિયે, સારી આલમ દેખે ॥ હાથ પૂજાપા લે ચલે, ખાનપાન વિશેષે ॥ ૪ ॥ પૂછયા પહુત્તર દેત હે, સુનો મોહન મેરે ॥ તાપસકું વંદન ચલે, ઉઠી લોક સબેરે ॥ ૫ ॥ કમઠ યોગી તપ કરે, પંચ અગ્નિકી જવાળા ॥ હાથે લાલકદામણી, ગળે મોહનમાળા ॥ ૬ ॥ પાસકુંઅર દેખણુ ચલે, તપસીપે આયા ॥ ઓહીનાણે દેખકે, પીછે યોગી બોલાયા ॥ ૭ ॥ સુણ તપસી સુખ લેનકું, જપે ફોગટ માલે ॥ અજ્ઞાનસે અગ્નિ બિચે, યોગકું પરજાલે ॥ ૮ ॥ કમઠ કહે સુણ રાજવી, તુમે અશ્વ ખેલાઓ ॥ યોગી કે ઘર હે બડે, મત કો બતલાઓ ॥ ૯ ॥ તેરા ગુરૂ કોન હે બડા, જિને યોગ ધરાયા ॥ નહિ ઓળખાયા ધર્મકું, તનુકષ્ટ બતાયા ॥ ૧૦ ॥ હમ ગુરૂ ધર્મ પિછાનતે, નહિ કવડી પાસે ॥

ભૂલ ગએ દુનિયા દિશા, રહતે વનવાસે ॥ ૧૧ ॥
વનવાસી પશુ પંખીયા, ઐસે તુમ યોગી ॥
યોગી નહીં પણ ભોગીયા, સંસારકે સંગી ॥૧૨॥
સંસાર બૂરા છોડકે, સુણ હો લઘુ રાજા ॥ યોગી
જંગલ સેવતે, લેઈ ધર્મ અવાજા ॥ ૧૩ ॥ દયા
ધર્મકો મૂલ હૈ, કયા કાન ફૂંકાયા ॥ જીવદયા
નહૂ જાનતે, તપ ફોગટ માયા ॥ ૧૪ ॥ બાત
દયાકી દાખિયે, ભૂલચૂક હમારા ॥ બેર બેર કયા
બોલણાં, ઐસા ડાક ડમાલા ॥ ૧૫ ॥ સાઈ હુકુ-
મસેં સેવકે, બડા કાષ્ઠ ચિરાયા ॥ નાગ નિકાલા
એકિલા, પરજલતી કાયા ॥ ૧૬ ॥ સેવક મુખ
નવકારસેં, ધરણેંદ્ર બનાયા ॥ નાગકુમારે દેવતા,
બહુ ઋદ્ધિ પાયા ॥ ૧૭ ॥ રાણી સાથ વસંતમેં,
વનભીતર પેઠે ॥ પ્રાસાદ સુંદર દેખીને, ઉહાં
જાકર બેઠે ॥ ૧૮ ॥ રાજિમતીકું છોડકે, નેમ
સંજમ લીના ॥ ચિત્રામણ જિન જોવતે, વૈરાગે
ભીના ॥ ૧૯ ॥ લોકાંતિક સુર તે સમે, બોલે કર
જોરી ॥ અવસર સંજમ લેનકા, અબ બેર હૈ
થોરી ॥ ૨૦ ॥ નિજ ઘર આયે નાથજી, પિયા
ખિણ ખિણ રોવે ॥ માતપિતા સમજાયકે, દાન
વરસી દેવે ॥ ૨૧ ॥ દીન દુઃખી સુખીયા કિયા
દારિદ્રકું ચૂરે ॥ શ્રી શુભવીર હરિ તિહાં, ધન
સઘળો પૂરે ॥ ૨૨ ॥

॥ અથ કાવ્યમ્ । ઉપજાતિવૃતમ્ ॥
ભોગી યદાલોકનતોઽપિ યોગી, બભૂવ પાતાલપદે નિયોગી ॥
કલ્યાણકારી દુરિતાપહારી દશાવતારી વરદઃ સ પાર્શ્વઃ॥૧॥

॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમ૦ ચંદનં ય૦ સ્વાહા ॥

## ॥ અથ દીક્ષાકલ્યાણકે ષષ્ઠ ધૂપપૂજા ॥

॥ દૂહા ॥

વરસીદાનને અવસરે, દાન લીએ ભવ્ય તેહ ॥
રોગ હરે ષટ્ માસનો, પામે સુંદર દેહ ॥ ૧ ॥
ધૂપઘટા ધરી હાથમાં, દીક્ષા અવસર જાણ ॥
દેવ અસંખ્ય મળ્યા તિહાં, માનું સંજમઠામ ॥૨॥

॥ ઢાળ ॥

(દેખો ગતિ દૈવનીરે એ–દેશી)

ત્રીસ વરસ ઘરમાં વસ્યારે, સુખભર વામાનંદ ॥ સંયમ રસિયા જાણીને રે, મળિયા ચોસઠ ઇંદ્ર ॥ નમો નિત્ય નાથજી રે, નિરખત નયનાનંદ ॥ નમો૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ તીર્થોદક વર ઔષધિ રે, મેળવતા બહુ ઠાઠ ॥ આઠ જાતિ કળશા ભરીરે, એક સહસ ને આઠ ॥ નમો૦ ॥ ૨ ॥ અશ્વસેન રાજા ધૂરે રે, પાછળ સુર અભિ-ષેક ॥ સુરતરૂપેરે અલંકાર્યા રે, દેવ ન ભૂલે વિવેક ॥ નમો૦ ॥ ૩ ॥ વિશાલા નૃપશિબિકા રે, બેઠા સિંહાસન નાથ ॥ બેઠી વડેરી દક્ષિણે રે,

પટ શાટક લેઈ હાથ ॥ નમો૦ ॥ ૪ ॥ વામ દિશે અંબધાતરી રે, પાછળ ધરી શણગાર ॥ છત્ર ધરે એક યૌવના રે, ઇશાન ફળ કરનાર ॥ ॥ નમો૦ ॥ ૫ ॥ અગ્નિ કોણે એક યોવના રે, રયણમય પંખો હાથ ॥ ચલત શિબિકા ગાવતી રે, સર્વ સાહેલી સાથ ॥ નમો૦ ॥ ૬ ॥ શક્ર ઇશાન ચામર ધરે રે, વાજિંત્રનો નહિ પાર ॥ આઠ મંગળ આગળ ચાલે રે, ઇંદ્રધ્વજા ઝલકાર ॥ નમો૦ ॥ ૭ ॥ દેવદેવી નર નારીયો રે, જોઈ કરે પ્રણામ ॥ કુળમાં વડેરા સજજના રે, બોલે પ્રભુને તામ ॥ નમો૦ ॥ ૮ ॥ જિતનિશાણ ચડાવજો રે, મોહની કરી ચકચૂર ॥ જેમ સંવત્સર દાનથી રે, દારિદ્ર કાઢયું દૂર ॥ નમો૦ ॥ ૯ ॥ વરઘોડેથી ઉતર્યા રે, કાશીનયરની બહાર ॥ આશ્રમપદ ઉદ્યાનમાં રે, વૃક્ષ અશોક રસાળ ॥ નમો૦ ॥ ૧૦ ॥ અદ્ઠમ તપ ભૂષણ તજી રે, ઉચ્ચરે મહાવ્રત ચાર ॥ પોષ બહુલ એકાદશી રે, ત્રણય સયાં પરિવાર ॥ નમો૦ ॥ ૧૧ ॥ મનઃ-પર્યવ તવ ઉપનું રે' ખંધ ધરે જગદીશ ॥ દેવદૂષ્ય ઇંદ્રે દિયું રે, રહેશે વરસ ચતતીસ ॥ નમો૦ ॥ ૧૨ ॥ કાઉસ્સગ્ગમુદ્રાએ રહ્યા રે, સુર નંદીશ્વર જાત ॥ માત પિતા વંદી વળ્યાં રે, શ્રી શુભવીર પ્રભાત ॥ નમો૦ ॥ ૧૩ ॥

॥ અથ કાવ્યમ્ । ઉપજાતિવૃતમ્ ॥

ભોગી યદાલોકનતોડપિ યોગી બભૂવ પાતાલપદે નિયોગી ॥
કલ્યાણકારી દુરિતાપહારી દશાવતારી વરદઃ સ પાર્શ્વ : ॥૧॥

॥ મંત્ર ॥

ૐ હ્રીઁ શ્રીઁ પરમ૦ ॥ ધૂપં ય૦ સ્વાહા ॥

॥ અથ કેવલજ્ઞાનકલ્યાણકે સપ્તમ દીપકપૂજા ॥

॥ દૂહા ॥

સારથધન ઘરે પારણું, પ્રથમ પ્રભુએ કીધ;
પંચ દિવ્ય પ્રગટાવીને, તાસ મુકિતસુખ દીધ ॥૧॥
જગદીપક પ્રગટાવવા, તપ તપતાં રહી રાણ;
તેણે દીપકની પૂજના, કરતાં કેવલનાણ ॥૨॥

॥ ઢાળ ॥

( રાગ—મહાવીર પ્રભુ ઘેર આવ્યા—એ દેશી)

પ્રભુ પારસનાથ સિધાવ્યા, કાદંબરી અટવી આવ્યા; કુંડ નામે સરોવર તીરે, ભર્યું પંકજ નિર્મળ નીરે રે. મનમોહન સુંદર મેળા. ધન્ય લોક નગર ધન્ય વેળા રે. મન૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ કાઉસ્સગ્ગ મુદ્રા પ્રભુ ઠાવે, વનહાથી તિહાં એક આવે; જળશૂઢ ભરી નવરાવે, જિન અંગે કમળ ચઢાવે રે. મન૦ ॥ ૨ ॥ કલિકુંડ તીરથ તિહાં થાવે. હસ્તિ ગતિ દેવની પાવે; વળી કૌત્સુભ વન આણંદે, ધરણેંદ્ર વિનય ધરી વંદે રે. મન૦ ॥૩॥

ત્રણ્ય દિન ફણી છત્ર ધરાવે, અહિછત્રા નગરી વસાવે; ચાલતા તાપસ ઘર પૂંઠે, નિશિ આવી વસ્યા વડ હેઠે રે. મન૦ ॥ થયો કમઠ મરી મેઘમાળી, આવ્યો વિભંગે નિહાળી; ઉપસર્ગ કર્યા બહુ જાતિ, નિશ્ચલ દીઠી જિનછાતી રે. મન૦ ॥ ૫ ॥ ગગને જળ ભરી વાદળીઓ, વરસે ગાજે વિજળીઓ; પ્રભુનાસા ઉપર જળ જાવે, ધરણેંદ્ર પ્રિયા સહ આવે રે. મન૦ ॥ ૬ ॥ ઉપસર્ગ હરી પ્રભુ પૂજી, મેઘમાળી પાપથી ધ્રૂજી; જિનભકતે સમકિત પાવે; બેહુ જણ સ્વર્ગ સિધાવે રે. મન૦ ॥ ૭ ॥ આવ્યા કાશી ઉદ્યાને, રહ્યા સ્વામી કાઉસ્સગ્ગધ્યાને; અપૂરવ વીર્ય ઉલ્લાસે, ઘનઘાતી ચાર વિનાસે રે. મન૦ ॥ ૮ ॥ ચોરાશી ગયા દિન આખા. વદિ ચૈતર ચોથ વિશાખા; અટ્ઠમ તરૂ ધાતકી વાસી, થયા લોકાલોક પ્રકાશી રે. મન૦ ॥ ૯ ॥ મળે ચોસઠ ઇંદ્ર તે વાર, રચે સમવસરણ મનોહર; સિંહાસન સ્વામી સુહાવે, શિર ચામર છત્ર ધરાવે રે. મન૦ ॥ ૧૦ ॥ ચોત્રીસ અતિશય થાવે, વનપાળ વધામણી લાવે; અશ્વસેન ને વામારાણી, પ્રભાવતી હર્ષ ભરાણી રે. મન૦ ॥ ૧૧ ॥ સામાઇયું સજી સહુ વંદે, જિનવાણી સુણી આણંદે; સસરો સાસુ વહુ સાથે, દીક્ષા લીધી પ્રભુ હાથે રે. મન૦ ॥ ૧૨ ॥

**સંઘ સાથે ગણીપદ ધરતા, સુર જ્ઞાન મહોત્સવ કરતા; સ્વામી દેવછંદે સોહાવે, શુભવીર વચનરસ ગાવે રે. મન૦ ॥ ૧૩ ॥**

॥ અથ કાવ્યમ્ ॥ ઉપજાતિવૃતમ્ ॥

ભોગી યદાલોકનતોऽપિ, યોગી બભૂવ પાતાલપદે નિયોગી ॥
કલ્યાણકારી દુરિતાપહારી, દશાવતારી વરદઃ સપાર્શ્વ : ॥૧॥

**ઓઁ હ્રીઁ શ્રીઁ પરમ૦ દીપં ય૦ સ્વાહા.**

## ॥ અથ નિર્વાણકલ્યાણકે અષ્ટમ નૈવેદ્યપૂજા ॥

### ॥ દૂહા ॥

**શુભ આદે દશ ગણધરા, સાધુ સોળ હજાર;
અડતીસ સહસ તે સાધવી, ચાર મહાવ્રત ધાર ॥૧॥
એક લખ ચઉસઠ સહસ છે, શ્રાવકનો પરિવાર;
સગવીશ સહસ તે શ્રાવિકા, તિગ લખ ઉપર ધાર ॥૨॥
દેશવિરતિધર એ સહુ પૂજે જિન ત્રણ્ય કાળ;
પ્રભુ પડિમા આગળ ધરે, નિત્ય નૈવેદ્યનો થાળ ॥૩॥**

### ॥ ઢાળ ॥

(રાગ-એક સમે શામલિયાજી, વૃંદાવનમાં—એ દેશી.)

**રંગરસીયા રંગરસ બન્યો, મનમોહનજી, કોઈ આગળ નવિ કહેવાય. મનડું મોહ્યું રે. મનમોહનજી. વેધકતા વેધક લહે, મન૦ બીજા**

બેઠા વા ખાય. મનડું૦ ॥ ૧ ॥ લોકોત્તર ફળ નીપજે, મન૦ મોટો પ્રભુનો ઉપકાર. મનડું૦ કેવલનાણ દિવાકરું, મન૦ વિચરંતાં સુરપરિવાર. મનડું૦ ॥ ૨ ॥ કનક કમળ પગલાં ઠવે. મન૦ જળબુંદ કુસુમ વરસાત. મનડું૦ શિર છત્ર વળી ચામર ઢળે; મન૦ તરુ નમતાં મારગ જાત. મનડું૦ ॥ ૩ ॥ ઉપદેશી કેઈ તારિયા, મન૦ ગુણ પાંત્રીશ વાણી રસાળ. મનડું૦ નરનારી સુર અપ્સરા, મન૦ પ્રભુ આગળ નાટકશાળ. મનડું૦ ॥ ૪ ॥ અવનીતળ પાવન કરી, મન૦ અંતિમ ચોમાસું જાણ. મનડું૦ સમેતશિખર ગિરિ આવીયા, મન૦ ચડતા શિવઘર સોપાન, મનડું૦ ॥ ૫ ॥ શ્રાવણ સુદિ આઠમ દિને, મન૦ વિશાખાએ જગદીશ. મનડું૦ અણસણ કરી એક માસનું, મન૦ સાથે મુનિવર તેત્રીશ. મનડું૦ ॥ ૬ ॥ કાઉસ્સગ્ગમાં મુક્તિ વર્યા મન૦ સુખ પામ્યા સાદિ અનંત, મનડું૦ એક સમય સમશ્રેણિથી, મન૦ નિઃકર્મા ચઉ દષ્ટાંત. મનડું૦ ॥ ૭ ॥ સુરપતિ સઘળા તિહાં મળે, મન૦ ક્ષીરોદધિ આણે નીર. મનડું૦ ॥ સ્નાન વિલેપન ભૂષણે, મન૦ દેવદૂષ્યે સ્વામિ શરીર. મનડું૦ ॥ ૮ ॥ શોભાવી ધરી શિબિકા, મન૦ વાજિંત્ર ને નાટક ગીત. મનડું૦ ચંદન ચય પરજાળતા,

મન૦ સુર ભક્તિ શોકસહિત. મનડું૦ ॥ ૯ ॥ થુભ કરે તે ઉપરે, મન૦ દાઢાદિક સ્વર્ગે સેવ. ॥ મનડું૦ ॥ ભાવ ઉદ્યોત ગયે થકે, મન૦ દીવાળી કરતા દેવ. મનડુ૦ ॥ ૧૦ ॥ નંદીસર ઉત્સવ કરે, મન૦ કલ્યાણક મોક્ષાનંદ, મનડું૦ વર્ષ અઢીસેં આંતરું, મન૦ શુભવીર ને પાસ-જિણંદ. મનડું૦ ॥ ૧૧ ॥

॥ ગીત ॥

(રાગ-ઘરે આવો ઢોલા-એ દેશી)

ઉત્સવ રંગ વધામણાં, પ્રભુ પાસને નામે; કલ્યાણક ઉત્સવ કીયો, ચઢતે પરિણામે. ઉત્સવ૦ ॥ ૧ ॥ શત વર્ષાયુ જીવીને અક્ષય સુખ સ્વામી; તુમ પદ સેવા ભક્તિમાં, નવિ રાખું ખામી. ઉત્સવ૦ ॥ ૨ ॥ સાચી ભકતે સાહિબા, રીઝો એક વેળા; શ્રીશુભવીર હુએ સદા, મનવાંછિત મેળા. ઉત્સવ૦ ॥ ૩ ॥

॥ અથ કળશ ॥

ગાયો ગાયો રે, શંખેશ્વર સાહેબ ગાયો, યાદવ લોકની જરા નિવારી. જિનજી જગત ગવાયો; પંચકલ્યાણક ઉત્સવ કરતાં, અમ ઘર રંગ વધાયો રે. શંખેશ્વર૦ ॥૧॥ તપાગચ્છ શ્રી સિંહસૂરિના, સત્યવિજય બુધ ઠાયો; કપૂરવિજય ગુરુ ખિમા-

વિજય તસ, જસવિજયો મુનિરાયો રે. શંખે૦ ॥૨॥ તાસ શિષ્ય સંવેગી ગીતારથ, શાંત સુધારસ નાહ્યો; શ્રી શુભવિજય સુગુરૂ સુપસાયે, જયકમળા જગ પાયો રે. શંખે૦ ॥૩॥ રાજનગરમાં રહી ચોમાસું, કુમતિ કુતર્ક હઠાયો; વિજયદેવેન્દ્ર-સૂરીશ્વર રાજ્યે, એ અધિકાર બનાયો રે. શંખે૦ ॥૪॥ અઢારસેં નેવ્યાશી અક્ષયત્રીજ, અક્ષત પુણ્ય ઉપાયો; પંડિત વીરવિજય પદ્માવતી, વાંછિત દાય સુહાયો રે. શંખેશ્વર૦ ॥૫॥

॥ કાવ્યમ્ ॥

ભોગી યદાલોકનતોઽપિ યોગી. બભૂવ પાતાલપદે નિયોગી ॥
કલ્યાણકારી દુરિતાપહારી, દશાવતારી વરદઃ સ પાર્શ્વ : ॥૧॥

॥ મંત્ર ॥

ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરૂષાય પરમેશ્વરાય જન્મ જરામૃત્યુનિવારણાય શ્રીમતે જિનેન્દ્રાય નૈવેદ્યં યજામહે સ્વાહા ॥

॥ ઇતિ શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા ॥

—०—

# ૩. વેદનીય કર્મ નિવારણ પૂજા

## ( આ પૂજામાં જોઇતી ચીજોનાં નામ )

૧. કસ્તુરી, બરાસવાળું જળ ૨. કેસર, બરાસ ૩, ફુલ પગર કરીએ. ૪. પંચાંગ ધૂપ. ૫. બે દિવેટનો દીપક ૬. કમોદશાલી અખંડ. ૭. નૈવેધ, ૮. ફળ.

## ॥ પ્રથમ જલ પૂજા ॥

### ॥ દૂહા ॥

ત્રીજું અઘાતી વેદની, જાવ લહે શિવશર્મ ।
સંસારે સવિ જીવને, તવ લગે એહિ જ કર્મ ॥૧॥
બંધોદય અધ્રુવ કહી, ધ્રુવસત્તાયે હોય ।
પયડી અઘાતી જાણીએ, શાતા અશાતા દોય ॥૨॥
કર્મ વિનાશીને હુવા, સિદ્ધ બુદ્ધ ભગવાન ।
તે કારણ જિનરાજની, પૂજા અષ્ટ વિધાન ॥૩॥
ન્હવણ વિલેપન કુસુમની, જિન પુર ધૂપ પ્રદીપ ।
અક્ષત નૈવેદ્ય ફળ તણી, કરો જિનરાજ સમીપ ॥૪॥

### ॥ ઢાળ ॥

(રૂડી ને રઢીયાળી ને વ્હાલા—એ દેશી[

ન્હવણની પૂજારે નિરમલ આતમા રે, તીર્થોદકનાં જળ મેલાય, મનોહર ગંધે તે ભેળાય. ન્હવણ૦ ॥ ૧ ॥ સુરગિરિ દેવા રે. સેવા જિનતણી રે, કરતાં ન્હવણ તે નિરમળ થાય, કનક રજત મણિ કળશ ઢળાય. ન્હવ૦ ॥ ૨ ॥ સુરવહૂ નાચે રે. માચે વેગશું રે, ગાયક દેવ તે જિનગુણ ગાય, વૈશાલિક સુખદર્શન થાય. ન્હવ૦ ॥ ૩ ॥ ચિહું ગતિ માંહિ રે, ચેતન રોળીયો રે, સુર નર સુખીયા જે સંસાર, નારક તિરિ દુઃખનો ભંડાર. ન્હવ૦ ॥૪॥ શે વશ સુખમાં સ્વામી ન સાંભર્યા

રે, તેણે હું રઝળ્યો કાળ અનંત, મલિન રતન નવિ તેજ ઝગંત ન્હવ૦ ॥૫॥ પ્રભુ નવરાવી રે. મેલ નિવારશું રે વેદની વિઘટે મણિ ઝલકંત, શ્રી શુભવીર મળે એકંત. ન્હવ૦ ॥ ૬ ॥

॥ કાવ્યં–ઉપજાતિવૃત્તમ્ ॥

તીર્થોદકૈ–ર્મિશ્રિત–ચંદનૌઘૈઃ સંસાર–તાપાહતયે સુશીતૈઃ॥ જરાજનિ–પ્રાંતરજોભિશાંત્યૈ, તત્કર્મ દાહાર્થમજં યજેહં ॥૧॥

॥ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્ ॥

સુરનદી-જલ પૂર્ણ-ઘટૈ ઘનૈ. ઘુસૃણ–મિશ્રિત–વારિભૃતૈઃ પરૈઃ॥ સ્નપય તીર્થકૃતં ગુણવારિધિં, વિમલતાં ક્રિયતાં ચ નિજાત્મનઃ ॥ ૨ ॥ જનમનો–મણિ–ભાજન ભારયા શમરસૈક–સુધારસ–ધારયા ॥ સકલ બોધ–કલા–રમણીયકં, સહજ–સિદ્ધમહં પરિપૂજયે ॥ ૩ ॥

॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમ૦ શ્રીમતે વીરજિનેન્દ્રાય વેદનીય કર્મનિવારણાય જલં યજામહે સ્વાહા ॥

॥ દ્વિતીય ચંદનપૂજા ॥

॥ દૂહો ॥

વેદની કર્મતણી કહું, ઉત્તર પયડી દોય ।
જાસ વિવશ ભવચોકમાં, મુંઝાણા સહુ કોય ॥ ૧ ॥

॥ ઢાળ ॥

રાગ આશાવરી–(સાહિબા સહસફણા—એ દેશી)

તન વિકસે મન ઉલ્લસે રે, દેખી પ્રભુની રીત, દાયક દિલ વસિયા ॥ ઝૂરણ લાગી જીભડી રે, પૂરણ બાંધી પ્રીત, દા૦ ॥૧॥ નયન જ્યોતિ સમ પ્રીતડી રે, એક સુરત દોય કાન. દા૦ ॥ વેદની હરી ધનવંતરી રે, કરીયે આપ સમાન. દા૦ ॥૨॥ વેદની ઘર વાસો વસ્યો રે, નડિયા નાથ કુનાથ. દા૦ ॥ પાણી વલોવ્યું એકલું રે, ચતુર ન ચઢિયો હાથ. દા૦ ॥૩॥ ખડ્ગધાર મધુલેપશું રે, તેહવો એ સંસાર. દા૦ ॥ લક્ષણ વેદની કર્મનું રે, ફળ કિંપાક વિચાર. દા૦ ॥ ॥૪॥ તુજ શાસન પામે થકે રે, પણ લાધ્યો કર્મનો મર્મ. દા૦ ॥ કોડી કપટ કોઈ દાખવો રે, પણ ન તજું તુજ ધર્મ. દા૦ ॥૫॥ પૂજ્ય મળે પૂજા રચું રે, કેસર ઘોળી હાથ. દા૦ ॥ શ્રી શુભવીર વિજય પ્રભુ રે, મળિયો અવિહડ સાથ. દા૦ ॥૬॥

॥ કાવ્યં ॥ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્ ॥

જિનપતે–ર્વરગંધ–સુપૂજનં, જનિજરા–મરણોદ્ભવ ભીતીહૃત્ ॥ સકલ–રોગ વિયોગ–વિપદ્ધરં, કુરુ કરેણ સદા નિજ પાવનમ્ ॥ ૧ ॥ સહજકર્મ–કલંક–વિનાશનૈ–રમલ–ભાવસુવાસન–ચંદનૈ – રનુપમાન–ગુણાવલિ–દાયકં, સહજ–સિદ્ધમહં પરિપૂજયે ॥ ૨ ॥

॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમ૦ શ્રીમતે વીરજિનેંદ્રાય વેદનીય લક્ષણકર્મનિવારણાય ચંદનં યજામહે સ્વાહા ॥

॥ તૃતીય પુષ્પપૂજા ॥

॥ દૂહો ॥

બળિયો સાથ મળે થકે, ચોર તણું નહિં જોર ।
જિનપદ ફુલે પૂજતા, નાસે કર્મ કઠોર ॥૧॥

॥ ઢાળ ॥

(રાગ સારંગ હો ધન્ના—એ દેશી)

કર્મ કઠોર દૂરે કરો રે મિત્તા ! પામી શ્રી જિનરાજ ॥ ફુલ પગર પૂજા રચો રે મિત્તા ! પામી નરભવ આજ રે. રંગીલા મિત્તા ! એ પ્રભુ સેવોને ॥ એ પ્રભુ સેવો સાનમાં રે મિત્તા ! પામો શિવરાજ રે. રંગીલા૦ ॥૧॥ વેદનીવશ તુમે કાં પડો રે મિત્તા ! જેહને પ્રભુશું વેર ॥ સાહિબ વેરી ન વીસસો રે મિત્તા ! તો હોય સાહિબ મહેર રે. રંગીલા૦ ॥૨॥ છટ્ઠા ગુણઠાણા લગે રે મિત્તા ! બંધ અશાતા જાણ ॥ શાતા બાંધે કેવલી રે મિત્તા ! તેરમે પણ ગુણઠાણ રે. રંગીલા૦ ॥ ૩ ॥ શાતા અશાતા એક પદે રે મિત્તા ! ચરમગુણે પરિહાર ॥ સત્તા ઉદયથી કેવલી રે મિત્તા ! સહે પરિસહ અગિયાર રે. રંગીલા૦ ॥૪॥ તીસ કોડાકોડી સાગરૂ રે મિત્તા !

લઘુ સાતૈયા ત્રિભાગ ॥ બંધ અશાતા વેદની રે મિત્તા! હવે શાતા સુવિભાગ રે. રંગીલા૦ ॥૫॥ પન્નર કોડાકોડી સાગરૂ રે મિત્તા! લઘુદોય સમય તે થિર ॥ ગોયમ સંશય ટાલિયો રે, મિત્તા! ભગવઇમાં શુભવીર રે. રંગીલા૦ ॥ ૬ ॥

## ॥ કાવ્યં ॥ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્ ॥

સુમનસાં ગતિદાયિ વિધાયિના, સુમનસાં નિકરૈઃ પ્રભુ પૂજનમ્ ॥ સુમનસા સુમનો-ગુણસંગિના, જિન! વિધેહિ નિધેહિ મનોર્ચ્ચને ॥ ૧ ॥ સમયસાર-સુપુષ્પસુમાલયા, સહજ કર્મકરેણ વિશોધયા । પરમ-યોગબલેન વશીકૃતં, સહજ-સિદ્ધમહં પરિપૂજયે ॥ ૨ ॥

## ॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમ૦ શ્રીમતે વીરજિનેન્દ્રાય વેદનીયબંધનિવારણાય પુષ્પાણિ યજામહે સ્વહા ॥

## ॥ ચતુર્થ ધૂપપૂજા ॥

## ॥ દૂહા ॥

ઉત્તરાધ્યયને સ્થિતિ લઘુ, અંતર મુહૂર્ત કહાય ।
પન્નવણામાં બાર તે, શાતાબંધ સંપરાય ॥ ૧ ॥
શાતાવેદની બંધનું, કારણ પ્રભુ પુર ધૂપ ।
મિચ્છત દુર્ગંધ દૂરે ટળે, પ્રગટે આત્મસ્વરૂપ ॥૨॥

॥ ઢાળ ॥

(વિમલાચળ વેગે વધાવો–એ દેશી)

ચઉમાસી પારણું આવે, કરી વિનતિ નિજ ઘર જાવે, પ્રિયા પુત્રને વાત જણાવે, પટકુળ જરી પથરાવે રે; મહાવીર પ્રભુ ઘેર આવે. જીરણ શેઠજી ભાવના ભાવે રે, મહા૦ ॥૧॥ ઉભી શેરીયે જળ છંટકાવે, જાઈ કેતકી ફુલ બિછાવે, ॥ નિજ ઘર તોરણ બંધાવે, મેવા મિઠાઈ થાળ ભરાવે રે. મહા૦ ॥૨॥ અરિહાને દાન જ દીજે, દેતાં દેખી જે રીઝે ॥ ષટ્ માસી રોગ હરીજે, સીઝે દાયક ભવ ત્રીજે રે. મહા૦ ॥૩॥ તે જિનવર સનમુખ જાવું, મુજ મંદિરીયે પધરાવું ॥ પારણું ભલી ભકતે કરાવું, જુગતે જિનપૂજા રચાવું રે. મહા૦ ॥ ૪ ॥ પછી પ્રભુને વોળાવા જઈશું, કર જોડી સામા રહીશું ॥ નમી વંદી પાવન થઈશું, વિરતિ અતિ રંગે વરશું રે. મહા૦ ॥ ૫ ॥ દયા દાન ક્ષમા શીલ ધરશું, ઉપદેશ સજજનને કરશું ॥ સત્ય જ્ઞાન-દશા અનુસરશું, અનુકંપા લક્ષણ વરશું રે. મહા૦ ॥૬॥ એમ જીરણ શેઠ વદંતા, પરિણામની ધારે ચઢંતા ॥ શ્રાવકની સીમે ઠરંતા, દેવદુંદુભિ નાદ સુણંતા રે, મહા૦ ॥૭॥ કરી આયુ પુરણ શુભસાવે, સુરલોક અચ્યુતે જાવે ॥ શાતાવેદની-શુખપાવે, શુભવીર વચનરસ ગાવે રે.મહા૦॥૮॥

॥ કાવ્યં ॥ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્ ॥

અગરુ-મુખ્ય-મનોહર-વસ્તુના, સ્વનિરુપાધિગુણૌધ-વિધાયિના
પ્રભુશરીર–સુગંધ–સુહેતુના, રચય ધૂપન-પૂજનમર્હતઃ ॥૧॥
નિજ–ગુણાક્ષય-રૂપ-સુધૂપનં સ્વગુણ–ઘાતમલં પ્રવિકર્ષણમ્,
વિશદ-બોધ-મનંત-સુખાત્મકં, સહજ સિદ્ધમહં પરિપૂજયે ॥૨॥

**ૐ હ્રીં શ્રીં પરમ૦ શ્રીમતે વીરજિનેન્દ્રાય**
**શાતાબંધાપહરાય ધૂપં યજામહે સ્વાહા ॥**

## ॥ પંચમ દીપકપૂજા ॥

### ॥ દૂહા ॥

**શાતાબંધક પ્રાણીયા, દીપે એણે સંસાર ।**
**તેણે દીપક પૂજા કરી, હરિયે દુઃખ અંધાર ॥૨॥**

### ॥ ઢાળ ॥

(ચતુરો ચેતો ચેતનાવલી—એ દેશી)

**સાંભળજો મુનિ સંયમ રાગે, ઉપશમ શ્રેણે ચઢિયા રે ॥ શાતાવેદની બંધ કરીને શ્રેણિ થકી તે પડિયા રે. સાં૦ ॥૧॥ ભાખે ભગવઇ છઠ્ઠતપ બાકી, સાત લવાયુ ઓછે રે ॥ સર્વારથસિદ્ધે મુનિ પહોતા, પૂર્ણાયુ નવિ છોછે રે. સાં૦ ॥૨॥ શય્યામાં પોઢયા નિત્ય રહેવે, શિવમારગ વિસામો રે ॥ નિર્મળ અવધિનાણે જાણે, કેવળી મન પરિણામો રે. સાં૦ ॥૩॥ તે શય્યા ઉપર ચંદરુવે,**

ઝુંબખડે છે મોતી રે ॥ વિચલું મોતી ચોસઠ મણનું, ઝગમગ જાલિમ જ્યોતિ રે. સા૦ ॥૪॥ બત્રીશ મણના ચઉ પાખળિયા, સોલમણાં અડ-સુણિયાં રે ॥ આઠમણાં સોલસ મુક્તાફળ, તિમ બત્રીશ ચઉ મણિયાં રે. સાં૦ ॥૫॥ દો મણ કેરાં ચોસઠ મોતી, ઇગસય અડવીશ મણીયા રે ॥ દો સય ને વળી ત્રેપન મોતી, સર્વે થઇને મળિયા રે. સાં૦ ॥૬॥ એ સઘળાં વિચલાં મોતીશું, આફળે વાયુયોગે રે ॥ રાગરાગણી નાટક પ્રગટે, લવસત્તમ સુર ભોગે રે. સાં૦ ॥૭॥ ભૂખ તરસ છીપે રસ-લીના, સુર સાગર તેત્રીશ રે ॥ શાતા લહેરમાં ક્ષણ ક્ષણ સમરે, વીરવિજય જગદીશ રે. સાંભળજો૦ ॥૮॥

### કાવ્યં ॥ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્ ॥

ભવતિ દીપશિખા-પરિમોચનં, ત્રિભુવનેશ્વર-સદ્મનિશોભનમ્ ॥
સ્વતનુ-કાંતિકરં તિમિરં હરં, જગતિ મંગલકારણમાતરમ્ ॥૧॥
શુચિ-મનાત્મ-ચિદુજ્વલદીપકૈ, જ્વલિત-પાપ-પતંગ-સમૂહકૈઃ॥
સ્વકપદં વિમલં પરિલેભિરે, સહજ-સિદ્ધમહં પરિપૂજયે ॥૨॥

### ॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમ૦ શ્રીમતે વીરજિનેન્દ્રાય શાતોત્તર-સુખપ્રાપણાય દીપં યજામહે સ્વાહા ॥

## ॥ ષષ્ઠ અક્ષતપૂજા ॥

### ॥ દૂહો ॥

અક્ષત પૂજાએ કરી, પૂજો જગત દયાળ ।
હવે અશાતાવેદની, બંધનાં ઠાણ નિહાળ ॥૧॥

### ॥ ઢાળ ॥

(બટાઉની–દેશી)

પ્રભુ ! તુજ શાસન મીઠડું રે, સમતા સાધન સાર । યોગનાલિકા રૂઅડી, તે તો જ્ઞાનીને ઘરબાર રે. હું રોળ્યો એણે સંસાર રે, ગુણ અવગુણ સરિખા ધાર રે, હીરો હાથ ખોળ્યો અંધાર રે, ન કરી જ્ઞાનીશું ગોઠડી મેરે લાલ ॥૧॥ શોક કર્યો સંસારમાં રે, પરને પીડા દીધ । ત્રાસ પડાવ્યા જીવને, જીવ બંધીખાને લીધ રે. મુનિરાજની નિંદા કીધ રે, મુનિ સંતાપ્યા બહુવિધ રે, રાજા દેવસેનાભિધરે, એક સરિયશતક પ્રસિદ્ધ રે. ન૦ ॥૨॥ માણસના વધ આચર્યા રે, છેદન ભેદન તાસ । થાપણ રાખી ઓળવી, કરી ચાડી પડાવ્યા ત્રાસ રે, દમિ ન પર ક્રોધ નિવાસ રે, કેઈ ઝુઝવિયા રહી પાસ રે, કેઈ જીવની ભાંગી આશ રે, થયો કરપી કપિલાદાસ રે. ન૦ ॥૩॥ એમ અશાતાવેદની રે, બાંધે પ્રાણી અનંત । સૂત્ર વિપાકે સાંભળો, મૃગાપુત્ર તણો દૃષ્ટાંત

રે, સુણી કંપે સમકિતવંત રે. સુખ અક્ષય પાઈ એકંતરે, કરો અક્ષત પૂજા સંત રે, શુભવીર ભજો ભગવંત રે. મ૦ ॥૪॥

॥ કાવ્યં ॥ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્ ॥

ક્ષિતિ-તલેઽક્ષત-શર્મ-નિદાનકં, ગણિવરસ્ય પુરોઽક્ષતમંડલમ્ ॥
ક્ષત-વિનિર્મિત-દેહનિવારણં, ભવપયોધિ-સમુદ્ધરણોદ્યતમ્ ॥૧॥
સહજભાવ-સુનિર્મલ-તંદુલૈ-ર્વિપુલ–દોષ–વિશોધક–મંગલૈઃ ॥
અનુપરોધ-સૂબોધ-વિધાયકં, સહજ-સિદ્ધમહં પરિપૂજયે ॥૨॥

॥ મંત્ર ॥

ૐ હ્રીઁ શ્રીઁ પરમ૦ શ્રીમતે વીરજિનેન્દ્રાય અશાતા-બંધસ્થાનનિવારણાય અક્ષતં યજામહે સ્વાહા ॥

## ॥ સપ્તમ નૈવેદ્યપૂજા ॥

॥ દૂહો ॥

ન કરી નૈવેદ્ય પૂજના, ન ધરી ગુરુની શીખ ।
લહે અશાતા પરભવે, ઘર ઘર માગે ભીખ ॥૧॥

॥ ઢાળ ॥

રાગિણી–(મ્હારી સહિરે સમાણી—એ દેશી)

તુજ શાસનરસ અમૃત મીઠું, સંસારમાં નવિ દીઠું રે; મનમોહન સ્વામી ॥ દીઠું પણ નવિ લાગ્યું મીઠું, નારક દુઃખ તેણે દીઠું રે, મ૦ ॥૧॥ દશવિધ વેદન અતુલ તે પાવે, દુઃખમાં કાળ ગમાવે રે, મ૦ ॥ પરમાધામી દુઃખ ઉપજાવે

ભવભાવનાએ ભાવે રે; મ૦ ાારાા જેમ વિષ ભુક્તિ તલાર અવાજા, એક નગરે એક રાજા રે, મ૦ ાા શત્રુસૈન્ય સમાગમ પહેલું, ગામ ગામ વિષ ભેળ્યું રે, મ૦ ાા૩ાા ધાન્ય મિઠાઈ મીઠા જળમાં, ગોળ ખાંડ તરુફળમાં રે, મ૦ ાા પડહો બજાવી એમ ઉપદેશે, જે મીઠાં જળ પીશે રે, મ૦ ાા ભક્ષ્ય ભોજ્ય રસ લીના ખાશે, તે યમ-મંદિર જાશે રે ાા મ૦ ાા દૂર દેશાગત ભોજન કરશે, જે ખારા પાણી પીશે રે. મ૦ ાા૫ાા તે ચિરંજીવ લહે સુખશાતા, કદીય ન હોય અશાતા રે. મ૦ ાા નૃપ આણા કરી તે રહ્યા સુખિયા, બીજા મરણ લહે દુ:ખીયા રે, મ૦ ાા૬ાા વિષમિ-શ્રિત વિષયારસ જુત્તા, બ્રહ્મદત્ત નરકે પહુત્તા રે, મ૦ ાા મેઘકુમાર ધન્નો સુખભાજા, શ્રી શુભવીર તે રાજા રે, મનમોહન સ્વામી ાા૭ાા

ાા કાવ્યં ાા દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્ ાા

અનશનં તુ મમસ્ત્વતિ-બુદ્ધિના, રુચિર-ભોજન સંચિત-ભોજનૈ:
પ્રતિદિનં વિધિના જિનમંદિરે, શુભમતે બત ઢૌકય ચેતસા ા૧ા
કુમત-બોધ-વિરોધ-નિવેદકૈ-ર્વિહિત-જાતિ-જરા-મરણાંતકૈ: ાા
નિરશનૈ પ્રચુરાત્મ-ગુણાલયં, સહજસિદ્ધમહં પરિપૂજયે ાારાા

ાા મંત્ર ાા

ૐ હ્રીં શ્રીં પરમ૦ શ્રીમતે વીરજિનેન્દ્રાય અશાતોદયનિવારણાય નૈવેદ્યં યજામહે સ્વાહા ાા

## ॥ અષ્ટમ ફલપૂજા ॥

### ॥ દૂહો ॥

આત્મિક ફળ પ્રગટાવીયું, ટાળી શાત અશાત;
ત્રિશલા નંદન આગળે, ફળ પૂજા પરભાત ॥૧॥

### ॥ ઢાળ આઠમી ॥

(નંદકુમાર કેડે પડયો, કેમ જળ અમે ભરીએ––એ દેશી)

વીરકુંવરની વાતડી કેને કહિયે, કેને કહિયે રે કેને કહિયે । નવિ મંદિર બેસી રહિએ. સુકુમાળ શરીર. વીર૦ ॥ એ આંકણી ॥ બાળપણાથી લાડકો નૃપ ભાવ્યો, મળી ચોસઠ ઈંદ્રે મલ્હાવ્યો । ઈંદ્રાણી મળી હુલરાવ્યો, ગયો રમવા કાજ. વીર૦ ॥૧॥ છોરુ ઉછાંછળા લોકનાં કેમ રહીયે, એની માવડીને શું કહીયે । કહીયે તો અદેખા થઇએ. નાશી આવ્યાં બાળ. વીર૦ ॥૨॥ આમલકી ક્રીડા વશે વીંટાણો, મોટો ભોરિંગ રોષે ભરાણો । હાથે ઝાલી વીરે તાણ્યો, કાઢી નાંખ્યો દૂર. વીર૦ ॥૩॥ રૂપ પિશાચનું દેવતા કરી ચલિયો, મુજ પુત્રને લેઈ ઉછળિયો । વીર મુષ્ટિ પ્રહારે વળિયો, સાંભળીએ એમ. વીર૦ ॥૪॥ ત્રિશલામાતા મોજમાં એમ કહેતા. સખિયોને ઓળંભા દેતા । ક્ષણ ક્ષણ પ્રભુ નામ જ લેતા, તેડાવે બાળ. વીર૦ ॥૫॥ વાટ જોવંતાં વીરજી ઘરે આવ્યા, ખોળે

બેસારી હુલરાવ્યા ॥ માતા ત્રિશલાએ નવરાવ્યા; આલિંગન દેત. વીર૦ ॥૬॥ યૌવનવય પ્રભુ પામતાં પરણાવે, પછી સંયમશું મન લાવે ॥ ઉપસર્ગની ફોજ હઠાવે, લીધું કેવળનાણ. વીર૦ ॥૭॥ કર્મ સૂદન તપ ભાખિયું જિનરાજે, ત્રણ લોકની ઠકુરાઇ છાજે ॥ ફળ પૂજા કહી શિવ કાજે, ભવિને ઉપગાર. વીર૦ ॥૮॥ શાતા અશાતા વેદની ક્ષય કીધું, આપે અક્ષય પદ લીધું ॥ શુભવીરનું કારજ સીધ્યું, ભાંગે સાદિ અનંત. વીર૦ ॥૯॥

॥ કાવ્યં દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્ ॥

શિવતરોઃ ફલદાન-પરૈ-ર્નવૈ,-ર્વરફલૈઃ કિલ પૂજય તીર્થપમ્ ॥
ત્રિદશનાથ-નત-ક્રમપંકજં, નિહત મોહ-મહીધર-મંડલમ્ ॥૧॥
શમરસૈક–સુધારસ માધુરૈ–રનુભવાખ્ય–ફલૈર–ભયપ્રદૈઃ ॥
અહિત-દુઃખ-હરં વિભવપ્રદં, સહજ-સિદ્ધમહં પરિપૂજયે ॥૨॥

॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમ૦ શ્રીમતે વીરજિનેન્દ્રાય વેદનીયકર્મદહનાય ફલં યજામહે સ્વાહા ॥

॥ કળશ ॥

રાગ–ધન્યાશ્રી (તુઠો તુઠો રે–એ દેશી)

ગાયો ગાયો રે, મહાવીર જિનેશ્વર ગાયો ॥
ત્રિશલા માતા પુત્ર નગીનો, જગનો તાત કહાયો ॥

તપ તપતાં કેવળ પ્રગટાયો, સમવસરણ વિરચાયો રે. મહા૦ ॥૧॥ રયણ થિંહાસન બેસી ચઉમુખ કર્મ સૂદન તપ ગાયો ॥ આચાર દિનકરે વર્દ્ધમાન-સૂરિ, ભવિ ઉપગાર રચાયો રે. મહા૦ ॥૨॥ પ્રવ-ચન સારોદ્ધાર કહાવે, સિદ્ધસેન સૂરિરાયો ॥ દિન ચઉસટ્ઠિ પ્રમાણે એ તપ, ઉજમણે નિરમાયો રે. મહા૦ ॥૩॥ ઉજમણાથી તપફળ વાધે, ઇમિ ભાખે જિનરાયો ॥ જ્ઞાનગુરૂ ઉપકરણ કરાવો, ગુરુગમ વિધિ વિરચાયે રે. મહા૦ ॥૪॥ આઠ દિવસ મળી ચોસઠ પૂજા, નવ નવ ભાવ બનાયો ॥ નરભવ પામી લાહો લીજે, પુણ્યે શાસન પાયો રે. મહા૦ ॥૫॥ વિજય જિનેંદ્રસૂરીશ્વર રાજ્યે, તપગચ્છ કેરો રાયો ॥ ખુશાલવિજય માનવિજય ત્રિબુધના, આગ્રહથી વિરચાયો રે. મહા૦ ॥૬॥ વડ ઓશવાલ ગુમાન-ચંદસૂત, શાસનરાગ સવાયો ॥ ગુરૂભક્તિ સા ભવન-ચંદ નિત્ય, અનુમોદન ફળ પાયો રે. મહા૦ ॥૭॥ મૃગ બળદેવ મુનિ રથકારક, ત્રણ્ય હુઆ એકઠાયો ॥ કરણ કરાવણ ને અનુમોદન, સરિખાં ફળ નિપ-જાયોરે. મહા૦ ॥૮॥ શ્રી વિજયસિંહસૂરીશ્વર કેરા, સત્યવિજય બુધ ઠાયો ॥ કપૂરવિજય તસ ખિમાવિજય જસ–વિજય પરંપર ધ્યાયો રે. મહા૦ ॥૯॥ પંડિત શ્રી શુભવિજય સુગુરૂ મુજ, પામી તાસ પસાયો ॥ તાસ શિષ્ય ધીરવિજય સલૂણા,

આગમ રાગ સવાયો રે. મહા૦ ॥૧૦॥ તસ લઘુ બાંધવ રાજનગરમેં, મિથ્યાત્વપુંજ જલાયો ॥ પંડિત વીરવિજય કવિરચના, સંઘ સકળ સુખદાયો રે. મહા૦ ॥૧૧॥ પહેલો ઉત્સવ રાજનગરમેં, સંઘ મળી સમુદાયો ॥ કરતા જેમ નંદીસર દેવા, પૂરણ હર્ષ સવાયો રે. મહા૦ ॥૧૨॥

॥ ઇતિ તૃતીય દિવસેઽધ્યાપનીય-વેદનીયકર્મ નિવારણાય તૃતીય—પૂજાષ્ટકં સંપૂર્ણમ્ ॥

卐

# ૪ મોહનીયકર્મ નિવારણ પૂજા

## ( આ પૂજામાં જોઇતી ચીજોનાં નામ )

૧. દ્રાક્ષનાં પાણી, ૨. બાવનાચંદન, ૩. જાઇ કેવડો અને જાસુદનાં ફૂલ, ૪. દશાંગ ધૂપ, ૫. બે દિવેટનો દીપક, ૬. વ્રીહિ, ૭. અખંડ નૈવેદ્ય, ૮. ફળ.

### ॥ પ્રથમ જલ પૂજા ॥

### ॥ દુહા ॥

શ્રી શુભવિજય સુગુરુ નમી, માતપિતા સમ જેહ ।
બાળપણે બતલાવીયો, આગમનિધિ ગુણગેહ ॥૧॥
ગુરુ દીવો ગુરુ દેવતા, ગુરુથી લહીયે નાણ ।
નાણ થકી જગ જાણીયે, મોહનીનાં અહિઠાણ ॥૨॥
કષ્ટ તે કરવું સોહલું, અજ્ઞાની પશુ બેલ ।

જાણુપણું જગદોહિલું, જ્ઞાની મોહનવેલ ॥૩॥
અજ્ઞાની અવધિ કરે, તપ જપ કિરિયા જેહ ।
વિરાધક ષટ્ કાયનો, આવશ્યકમાં તેહ ॥૪॥
મૂરખમુખ આગમસુણી, પઢિયા મોહની પાસ ।
આગમ લોપે બિહું જણા, નરક નિગોદે વાસ ॥૫॥
મૂરખસંગ અતિ મળે, તો વસિએ વનવાસ ।
પંડિતશું વાસો વસી, છેદો મોહનો પાસ ॥૬॥
કુચ્છામિચ્છા કષાય સવિ, ભય ધ્રુવબંધી એહ ।
શેષ અધ્રુવબંધી કહી. મિચ્છધ્રુવોદય ગેહ ॥૭॥
સગવીસ અધ્રુવોદય કહી, હવે અધ્રુવ સમમીસ ।
સત્તાથી દૂરે કરો, ધ્રુવસત્તા છવ્વીસ ॥ ૬ ॥
મોહની દૂર થયે થકે, નાસે કર્મ સંભાર ।
કારણથી કારજ સધે, પૂજા અષ્ટ પ્રકાર ॥ ૯ ॥

॥ ઢાળ ॥

(ઓધવ માધવને કહેજો—એ દેશી)

જળપૂજા જુગતે કરીએ, મોહની બંધ ઠાણ હરીએ, વિનતડી પ્રભુને કરીએ રે, ચેતન ચતુર થઈ ચૂકયો. નિજ ગુણ મોહ વશે મૂકયો રે. ચે૦ ॥૧॥ જીવ હણ્યા ત્રસ જળ ભેટી, દઈ ફાંસો મોગર કૂટી; મુખ દાબી વાધર વેંટી રે. ચે૦ ॥૨॥ કલેશ શમ્યા ઊદિરણીયા, અરિહા અવગુણ મુખ ભણીઆ, બહુ પ્રતિપાલકને હણિઆ રે. ચે૦ ॥૩॥ ધર્મી ધર્મથી ચૂકવિયા, સૂરિ પાઠક અવ-

ગુણ લવીયા, શ્રુતદાયક ગુરુ હેલવીઆ રે. ચે૦ ॥૪॥ નિમિત્ત વશીકરણે ભરીઓ, તપસી નામ વૃથા ધરીઓ, પંડિત વિનય નવિ કરીઓ રે. ચે૦ ॥૫॥ ગામ દેશ ઘર પરજાળ્યા, પાપ કરી અન્ય શિર ઢાળ્યા, કપટ કરી બહુ જન વાળ્યા રે. ચે૦ ॥૬॥ બ્રહ્મચારી થઈ ગવરાણો, પરદારાશું મુંઝાણો, પરધન દેખી દુહવાણો રે. ચે૦ ॥૭॥ પરદ્રોહી મિથ્યાભાષી, વિશ્વાસઘાતી કુડશાખી, મુનિ છંડી સેવ્યા ખાખી રે. ચે૦ ॥૮॥ મોહની બંધ કરી ફરીયો, સિત્તોર કોડાકોડી સાગરીયો, હવે તુમ શાસન અવતરીયો રે. ચે૦ ॥૯॥ શ્રી શુભવીર મયા કીજે, જિમ સેવક કારજ સીઝે, વાંક ગુનો બક્ષી દીજે રે. ચેતન૦ ॥૧૦॥

॥ કાવ્યં ઉપજાતિવૃત્તમ્ ॥

તીર્થોદકૈ-ર્મિશ્રિત-ચંદનૌઘૈઃ, સંસાર-તાપાહતયે સુશીતૈઃ ॥
જરાજનિ-પ્રાંતરજોભિશાંત્યૈ, તત્કર્મદાહાર્થમજં યજેહં ॥૧॥

॥ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્ ॥

સુરનદી-જલપૂર્ણ-ઘટૈર્ઘનૈ-ર્ઘુસૃણ-મિશ્રિત-વારિભૃતૈઃ પરૈઃ ॥
સ્નપય તીર્થકૃતાં ગુણવારિધિં, વિમલતાં ક્રિયતાં ચ નિજાત્મનઃ૨
જનમનો-મણિભાજન-ભારયા, શમરસૈક-સુધારસ-ધારયા ॥
સકલ-બોધ-કલારમણીયકં, સહજસિદ્ધમહં પરિપૂજયે ॥૩॥

॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમ૦ શ્રીમતે વીરજિનેન્દ્રાય મોહનીય-બંધસ્થાનનિવારણાય જલં યજામહે સ્વાહા ॥

## ॥ દ્વીતીય ચંદનપૂજા ॥

### ॥ દૂહા ॥

બીજી ચંદન પૂજના, પૂજો ભેળી કપૂર ।
અઠવીશ પયડી માંહીથી, ચારિત્ર મોહની દૂર ॥૧॥

### ॥ ઢાળ ॥

રાગ બિહાગ

(બિહાવલ, ઘડી ઘડી સાંભળો સાંઈ સલુણા–એ દેશી)

ચંદનપૂજા ચતુર રચાવે, મોહ મહીપતિ મહેલ ખણાવે, ચં૦ ॥ ચારિત્રમોહની મૂળ જલાવે, જિન-ગુણ ધ્યાન અનલ સળગાવે, ચં૦ ॥૧॥ ચાર અનંતાનુબંધી વિષધર, સુર વસુદત્ત મુનિ રૂપ ધરાવે, ચં૦ ॥ ત્રણ નાગ એક નાગણી મોટી, પડિબોહણ નાગદત્ત ડસાવે, ચં૦ ॥૨॥ જાવજીવ ચારનું વિષ રહેવે, સજ્જનને એણી પરે સમજાવે, ચં૦ ॥ નરક લહે સમકિત ગુણઘાતે, અંતે સમાધિપણું નવિ પાવે. ચં૦ ॥૩॥ ચાલીશ સાગર કોડાકોડી, બંધ ઉદયસાસ્વાદન ભાવે, ચં૦ ॥ આઠમે ગુણઠાણે વીશ સત્તા, પર્વત રેખા ક્રોધ કહાવે, ચં૦ ॥૪॥ આઠ ફણાળો માન મણિધર, પથ્થર થંભને કોણ નમાવે, ચં૦ ॥ ઘનવંશી મૂળ માયા નાગણી. લોભ કિરમજ રંગ કોણ હઠાવે, ચં૦ ॥૫॥ મેં વશ કીધા મુનિ કિરિયાથી, મંત્ર-

મણિ મહોરે વશ નાવે, ચં૦ ॥ જાંગુલી વાદીને પાણી ભરાવે, નાગદત્ત વસુદત્ત જગાવે, ચં૦ ॥૬॥ સામાયિક દંડક ઉચ્ચરાવે, એ સમો મંત્ર ન કો જગ આવે, ચં૦ ॥ શ્રી શુભવીરના શાસન માંહે, નાગદત્ત અક્ષયપદ પાવે, ચંદન૦ ॥૭॥

॥ કાવ્યં ॥ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્ ॥

જિનપતેર્વરગંધ-સુપૂજનં, જનિજરા-મરણોદ્ભવ ભીતિહૃત્।
સકલ-રોગ-વિયોગ-વિપદ્ધરં, કુરુ કરેણ સદા નિજપાવનમ્॥૧॥
સહજકર્મ-કલંક-વિનાશનૈ-રમલ-ભાવ-સુવાસ ચંદનૈ-
રનુપમાન ગુણા-વલિદાયકં, સહજસિદ્ધમહં પરિપૂજયે ॥૨॥

॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમ૦ શ્રીમતે વીરજિનેંદ્રાય અનંતાનુબંધિકષાયદહનાય ચંદનં યજામહે સ્વાહા ॥

## ॥ તૃતીય પુષ્પપૂજા ॥

॥ દૂહો ॥

અપચ્ચખ્ખાણી ચોકડી, ટાળી અનાદિની ભૂલ ।
પરમાતમ પદ પૂજીયે, કેતકી જાઈ ને ફુલ ॥૧॥

॥ ઢાળ ॥

(રાણીઓ રૂએ રંગ મહેલમાં રે—એ દેશી)

ફુલપૂજા જિનરાજની રે, વિરતિને ઘરબાર રે. સનેહા ॥ તે ગુણલોપક અપચ્ચખાણી, જે ક્રોધાદિક ચાર રે. સનેહા ॥ ચાર ચતુર ચિત્ત

ચોરટા રે, મોહ મહીપતિ ઘેર રે ॥ સનેહા, ચાર ચતુર ચિત્ત ચોરટા રે ॥૧॥ ચાલીસ સાગર કોડાકોડી, બંધથિતિ અનુસાર રે. સ૦ ॥ ઉદય વિપાક અબાધાકાળે, વર્ષ તે ચાર હજાર રે. સ૦ ॥ ચાર૦ ॥૨॥ બંધ ઉદય ચોથે ગુણે રે, નવમે સત્તા ટાળ રે. સ૦ ॥ વર્ષ લગે તે પાપે કરી રે, ન ખમાવે ગુરુ બાળ રે. સ૦ ॥ ચા૦ ॥૩॥ તિર્યંચની ગતિ એહથી રે, પુઢવી રેખા ક્રોધ રે. સ૦ ॥ અસ્થિ નમાવ્યું વરસે નમે રે, બાહુબળી નરયોધ રે. સ૦ ॥ ચા૦ ॥૪॥ માયા મિંઢાસિંગ સારીસી રે, લોભ છે કર્દમ રંગ રે. સ૦ ॥ અનીતિપુરે વ્યવહારિયો રે, રણઘંટાને સંગરે. સ૦ ॥ ચા૦ ॥૫॥ ચાર ધૂતારા વાણિયા રે, પાસેથી વાળ્યું વિત્ત રે, સ૦ ॥ રત્નચૂડ પરે શુભવીરશું રે, લાગે ચતુરનું ચિત્ત રે. સ૦ ॥ ચા૦ ॥ ૬ ॥

॥ કાવ્યં ॥ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્ ॥

સુમનસાં ગતિદાયિના વિધાયિના, સુમનસાં નિકરૈઃ પ્રભુપૂજનમ્,
સુમનસા સુમનો ગુણસંગિના,
જન ! વિધેહિ નિધેહિ મનોઽર્ચને ॥૧॥

સમયસાર સુપુષ્પ સુમાલયા, સહજ કર્મ કરેણ વિશોધયા ॥
પરમ યોગબલેન વશીકૃતં, સહજ-સિદ્ધમહં પરિપૂજયે ॥૨॥

॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમ૦ શ્રીમતે વીરજિનેંદ્રાય અપ્રત્યાખ્યાનીય-કષાય-નિવારણાય પુષ્પાણિ યજામહે સ્વાહા ॥

## ॥ ચતુર્થ ધૂપ પૂજા ॥

### ॥ દૂહો ॥

પ્રત્યાખ્યાની ચોકડી, દહન કરેવા ધૂપ ।
પૂજક ઊર્ધ્વ ગતિ વહે, વળી ન પડે ભવકૂપ ॥૧॥

### ॥ ઢાળ ॥

(અનિહાંરે વાલોજી વાય છે વાંસળી રે—એ દેશી)

અનિહાંરે ધૂપ ધરો જિન આગળે રે, કૃષ્ણાગુરુ ધૂપ દશાંગ, શ્રેણી ભલી ગુણઠાણની રે ॥ અનિહાંરે ધૂપધાણું રયણે જડયું રે, ઘડયું જાત્યમયી કનકાંગ, શ્રેણી૦ ॥૧॥ અ૦ મુનિવર રૂપ ન દાખવે રે, થિતિબંધ પૂરવની રીત. શ્રેણી૦ ॥ અ૦ બંધોદય ગુણઠાણે પાંચમે રે, હવે ખાયકશ્રેણિ વદીત્ત. શ્રેણી૦ ॥૨॥ અ૦ સોલ સામંતને ભોળવીરે, વચ્ચે ઘેરી હણ્યા લઈ લાગ. શ્રેણી૦ ॥ અ૦ નાઠા આઠે સેનાપતિ રે, નવમાને બીજે ભાગ. શ્રેણી૦ ॥૩॥ અ૦ ચઉમાસા લગે એ રહે રે, મરણે નરની ગતિ જાણ. શ્રેણી૦ ॥ અ૦ રજરેખા સમ ક્રોધ છે રે, કઠ થંભ સમાણો માણ. શ્રેણી૦ ॥૪॥ અ૦ માયા ગોમુત્ર સારખી રે, છે લોભ તે ખંજન રંગ. શ્રેણી૦ ॥ અ૦ મુનિવર મોહને નાસવેરે, રહી શ્રી શુભવીરને સંગ. શ્રેણી૦ ॥ ૫ ॥

॥ કાવ્યં ॥ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્ ॥

અગરુમુખ્યમનોહર–વસ્તુના, સ્વનિરુપાધિ–ગુણૌઘવિધાયિના,
પ્રભુશરીર-સુગંધ-સુહેતુના,
રચય ધૂપન–પૂજન–મર્હતઃ ॥૧॥
નિજગુણાક્ષય–રૂપસુધૂપનં, સ્વગુણ–ઘાતમલ–પ્રવિકર્ષણમ્ ॥
વિશદ–બોધ–મનંત–સુખાત્મકં,
સહજ સિદ્ધમહં પરિપૂજયે ॥૨॥

॥ અથ મંત્ર ॥

ઓં હ્રીં શ્રીં પરમ૦ શ્રીમતે વીરજિનેંદ્રાય પ્રત્યા-ખ્યાનીયનિવારણાય ધૂપં યજામહે સ્વાહા ॥

## ॥ પંચમ દીપક પૂજા ॥

॥ દૂહો ॥

સંજ્વલનની ચોકડી, જબ જાયે તબ ગેહ ।
જ્ઞાનદીવો પરગટ હુવે, દીપક પૂજા તેહ ॥૧॥

॥ ઢાળ ॥

(ચંદ્ર પ્રભુ જિન ચંદ્રમા રે—એ દેશી)

જગદીપકની આગળે રે, દીપકનો ઉદ્યોત ॥ સંજ્વલનનો જ્વલતે થકે રે, ભાવ દીપકની જયોત. હો જિનજી. તેજે તરણીથી વડોરે, દોય શિખાનો દીવડો રે. ઝળકે કેવળ જયોત ॥૧॥ એ આંકણી ॥ બંધસ્થિતિ પૂરવ પરે રે, સંજ્વલન તિગ જાણ ॥ બંધ ઉદય સત્તા રહે રે, અનિયટ્ટિ ગુણઠાણ.

હો જિનજી. તેજે૦ ॥૨॥ ભ દશા અતિ આકરી રે, નવમે બંધ પલાય ॥ ઉદય ને સત્તા જાણિયે રે, જે સૂક્ષ્મ સંપરાય. હો જિનજી. તેજે૦ ॥૩॥ સાહિબ શ્રેણી સંચર્યા રે, લોભનો ખંડ પ્રચંડ ॥ ગુણઠાણા સરિખો કરી રે, ખેરવ્યો ખંડોખંડ. હો જિનજી. તેજે૦ ॥ પક્ષ લગે ગતિ દેવની રે, જળરેખા સમ ક્રોધ ॥૪॥ નેત્રલતા સમ માનથી રે, ચરમ ચરણનો રોધ. હો જિનજી. તેજે૦ ॥૫॥ માયા અવલેહી સમી રે, લોભ હરિદ્રા રંગ ॥ ક્ષાયિકભાવે કેવળી રે, શ્રી શુભવીર પ્રસંગ. હો જિનજી. તેજે૦ ॥૬॥

॥ કાવ્યં ॥ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્ ॥

ભવતિ દીપશિખા-પરિમોચનં, ત્રિભુવનેશ્વર-સદ્મ-નિશોભનમ્ ।
સ્વતનુ-કાંતિકરં તિમિરં હરં, જગતિ મંગલકારણમાતરમ્ ॥૧॥
શુચિ-મનાત્મ-ચિદુજ્વલ-દીપકૈ,-ર્જ્વલિત-પાપ-પતંગ-સમૂહકૈઃ ॥
સ્વકપદં વિમલં પરિલેભિરે, સહજ-સિદ્ધમહં પરિપૂજયે ॥૨॥

॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમ૦ શ્રીમતે વીરજિનેંદ્રાય
સંજ્વલન-જ્વલનાર્થં દીપં યજામહે સ્વાહા ॥

## ॥ ષષ્ઠ અક્ષત પૂજા ॥

॥ દૂહો ॥

નવ નોકષાય તે ચરણમાં, રાગદ્વેષ પરિણામ ।
કારણ જેહ કષાયના, તિણ નોકષાય તે નામ ॥૧॥

॥ ઢાળ ॥

રાગ–(સહસાવન જઇ વસિયે રે ચાલોને સખિ–એ દેશી)

વીર કને જઇ વસિયે, ચાલોને સખિ! વીર કને જઈ વસિયે ॥ એ આંકણી ॥ અક્ષતપૂજા જિનની કરતાં, અક્ષય મંદિર વસિયે ॥ હાસ્યાદિક ષટ્ ખટપટકારી, તાસ વદન નવિ પસિયે. ચા૦ ॥૧॥ હાસ્યરતિ દશ કોડાકોડી, સાગર બંધન કસિયે ॥ અરતિ ને ભય શોક દુગંછા, વીશ કોડાકોઠી ખસિયે. ચા૦ ॥ ૨ ॥ ભય રતિ હાસ્ય દુગંછા અપૂરવ, શેષ પ્રમત્તા બંધ ધસિયે ॥ ઉદયે અપૂરવ સત્તા નવમે, પંચમ ભાગે નસિયે. ચા૦ ॥ ૩ ॥ કાજો ઉદ્ધરતાં મુનિ દેખે. સોહમ-પતિ મોહ વસિયે ॥ મોહ નડિયા નાણથી પડિયા, કાઉસ્સગ્ગમાં મુનિ હસિયે. ચા૦ ॥ ૪ ॥ મોહની હાસ્ય વિનોદે વસતાં, જેમ તેમ મુખથી ભસિયે ॥ કોઇ દિન રતિ કોઇ દિન અરતિમાં, શોકમસી લેઇ ઘસિયે. ચા૦ ॥ ૫ ॥ સંસારે સુખ લેશ ન દીઠું, ભય મોહની ચિંહુ દિશિયે ॥ ચરણ દુગંછા ફળ ચંડાળે, જન્મ મેતરાજ ઋષિયે. ચા૦ ॥ ૬ ॥ મોહમહીપતિ મહાતોફાને, મુંઝાણા અહોનિશિયે ॥ શ્રી શુભવીર હજૂરે રહેતાં, આનંદ લહેર વિલસિયે. ચા૦ ॥ ૭ ॥

॥ કાવ્યં ॥ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્ ॥

ક્ષિતિ–તણેઽક્ષત–શર્મ–નિદાનકં, ગણિવરસ્ય પુરોઽક્ષતમંડલમ્ ॥ ક્ષત–વિનિર્મિત–દેહનિવારણં, ભવ-પયોધિ–સમુદ્ધરણોદ્યતમ્ ॥ ૧ ॥ સહજભાવ–સુનિર્મલ તંદુલૈ–ર્વિપુલ–દોષ–વિશોધક–મંગલૈ: ॥ અનુપરોધ–સુબોધ વિધાયકં, સહજ–સિદ્ધમહં પરિપૂજયે ॥ ૨ ॥

॥ અથ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમ૰ શ્રીમતે વીરજિનેન્દ્રાય હાસ્યષટ્કનિવારણાય અક્ષતાન્ યજામહે સ્વાહા ॥

## ॥ સપ્તમં નૈવેદ્ય પૂજા ॥

દૂહો

આહારે વેદ ઉદય વધે, જેહથી બહુ જંજાળ ।
નિર્વેદી આગળ ઠવો, ભરી નૈવેદ્યનો થાળ ॥૧॥

ઢાળ

રાગ–મારૂ–(એમ જાણી તુમારી વાતરે—એ દેશી)

મળીને વિછડશો નહીં કોય રે, મનમાન્યા મોહનને ॥ એ આંકણી ॥ વેદે વાહ્યો જીવ વિષયી થયો, ભવમાંહે ઘણું ભટકાય રે. મન૰ મોહની ઘર વસ્યો મોહની ખોળતો, મળે મોહન ન ઓળખાય રે. મન૰ ॥ ૧ ॥ જે ગુણશ્રેણે ચડ્યા વેદ ઉદયે પડયા, અષાઢાભૂતિ મુનિરાય રે. મન૰ ॥ એમ અનેક તે ચૂકયા તપ

બળ વને મૂકયા, શકયા નહિ વેદ છુપાય રે. મન૦ ॥૨॥ મહાનિશીથે કહ્યા ભવ બહુલ લહ્યા, વેદઉદયે રૂપી રાય રે. મ૦ ॥ વેદ વિલુદ્ધા પ્રાણી કરે સંપદહાણી, રાવણ નમે સીતાના પાય રે. મ૦ ॥૩॥ દેવ અચ્ચુતનિવાસી પૂરવ પ્રિયા પસી, મણુઅનારીશું લપટાય રે. મ૦ ॥ પન્નવણાયે કહ્યા વેદવિવશ રહ્યા, ઘર છંડી વિદેશે જાય રે. મ૦ ॥૪॥ ગળે ફાંસો ધરે ઝંપાપાત કરે, માત પિતાશું ન લજાય રે. મ૦ ॥ વેદ ત્રિહું ઉદયાણે નવમે ગુણઠાણે, મિથ્યાતે નપું બંધાય રે. મ૦ ॥૫॥ નવમ દૂજા સુધી પુરૂષ પ્રિયા બંધી, હવે સત્તાથી છેદાય રે. મ૦ ॥ નર નપુંસક નારી નવમેથી હારી, ષટ ત્રણ્ય ચોથાને ભાયરે. મ૦ ॥૬॥ નરીથ્થી નપું જોડી સાગર કોડાકોડી, દશ-પન્નર વીશ કહાય રે. મ૦ ॥ વેદે નડયો જડયો સંસારી ઘડયો, નિર્વેદી ચડયો નહી છાંય રે. મ૦ ॥૭॥ અબ તું સ્વામી મળ્યો નરભવ જ ફળ્યો, નૈવેદ્ય પૂજા ફળદાય રે. મ૦ ॥ શ્રી શુભ-વીર હજૂરે, રહો આનંદ પૂરે, ભવવેદન વિસરી જાય રે. મ૦ ॥૮॥

॥ કાવ્યં ॥ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્ ॥

અનશનં તું મમાસ્ત્વિતિ–બુદ્ધિના, રૂચિરભોજન-સંચિત–ભોજનં ॥ પ્રતિદિનં વિધિના જિનમંદિરે

શુભમતે બત ઢૌકય ચેતસા ॥૧॥ કુમત–બોધ–વિરોધ–નિવેદકૈ–ર્વિહિત–જાતિજરા – મરણાંતકૈઃ ॥ નિરશનૈઃ પ્રચુરાત્મ–ગુણાલયં, સહજ સિદ્ધમહં પરિપૂજયે ॥ ૨ ॥

॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમ૦ શ્રીમતે વીરજિનેન્દ્રાય વેદ–ત્રિક–સૂદનાય નૈવેદ્યં યજામહે સ્વાહા ॥

## ॥ અષ્ટમ ફલ પૂજા ॥

॥ દૂહો ॥

મોહ મહાભટ કેસરી, નામે તે મિથ્યાત ।
ફલપૂજા પ્રભુની કરી, કરીશું તેહનો ઘાત ॥૧॥

॥ ઢાળ ॥

( રાગ–વસંત–ધુમાલ, અહો મેરે લલના—એ દેશી )

મોહ મોહીપતિ મહેલમેં બેઠે, દેખો આયો વસંત, લલના ॥ વીરજિણંદ રહે વનવાસે, મોહસેં ન્યારો ભગવંત. ચતુરાકે ચિત્ત ચંદ્રમા હો ॥૧॥ મંજરી પિંજરી કોયલ ટહુકે, ફૂલી ફળી વનરાય, લલના ॥ ધર્મરાજ જિનરાજજી ખેલે, હોરી ગોરી અજજવી કાય. ચ૦ ॥૨॥ સંતોષમંત્રી વડો મુખ આગે, સમકિત મંડળી ભૂપ, લલના ॥ સામંત પંચ મહાવ્રત છાજે, ગાજે માર્દવ ગજરૂપ. ચ૦ ॥૩॥ ચરણ કરણ ગુણ

પાયદળ ચાલે, સેનાની શ્રુતબોધ, લલના ॥ શિલાંગરથ શિરસાંઇ સુહાવે, અધ્યવસાય જસયોધ. ચ૦ ॥ ૪ ॥ મોહરાય પણ ઇણે સમે આયો, માયા પ્રિયા સુતકામ, લલના ॥ મંત્રી લોભ ભટ દુર્દ્ધર ક્રોધા, હાસ્યાદિ ષડ્રથ નામ. ચ૦ ॥ ૫ ॥ મિથ્યાત મંડળી કરાય અટારો, બંધઉદય નિજ-ઠાણુ, લલના ॥ સમકિત મિશ્ર મોહની લઘુભાઇ, ઉદયે સત્તામ સમ જાણુ. ચ૦ ॥ ૬ ॥ સિત્તોર સાગર કોડાકોડી, મિથ્યાત્વનો સ્થિતિબંધ, લલના ॥ સત્તા ત્રણયની અડ ગુણ ઠાણે, માનહસ્તીયે ચાલે ધંધ. ચ૦ ॥ ૭ ॥ તસ રક્ષક મન જિન પલટાયો, મોહ તે ભાગ્યો જાય. લલના ॥ ધ્યાન કેશરિયા કેવળ વરીયા, વસંત અનંત ગુણ ગાય. ચ૦ ॥ ૮ ॥ તે શુભવીર જિણંદે દાખ્યો, કર્મ-સૂદનતપ એહ, લલના ॥ તપફળ ફળપૂજા કરી યાચો, સાચો સાંઇશું કરો નેહ. ચ૦ ॥ ૯ ॥

॥ કાવ્યં ॥ દ્રુતવિલંબિતવૃત્તાયદ્વયમ્ ॥

શિવતરોઃ ફલદાન-પરૈર્નવૈ,-ર્વરફલૈઃ કિલ પૂજય તીર્થપમ્ ॥ ત્રિદશનાથ-નતક્રમ-પંકજં, નિહત-મોહ મહીધર-મંડલમ્ ॥ ૧ ॥ શમરસૈક-સુધારસ-માધુરૈ રનુભવાખ્ય-ફલૈરભયપ્રદઃ ॥ અહિત-દુઃખહરં વિભવપ્રદં, સહજસિદ્ધમહં પરિપૂજયે ॥ ૨ ॥

॥ અથ મંત્ર ॥

ઓઁ હ્રીઁ શ્રીઁ પરમ૦ શ્રીમતે વીરજિનેન્દ્રાય દર્શન-મોહનીય-નિવારણાય ફલાનિ યજામહે સ્વાહા ॥

॥ કળશ ॥

॥ કળશ ॥ ગાયો ગાયો રે મહાવીર૦ ॥

ઇતિ ચતુર્થ દિવસેઽક્ષ્યાપનીય-મોહનીય કર્મ-સૂદનાર્થં ચતુર્થં પૂજાષ્ટકં સંપૂર્ણં ॥

— × —

# (૫) અંતરાયકર્મ નિવારણ પૂજા

## ( આ પૂજામાં જોઇતી ચીજોનાં નામ )

૧. પંચામૃત જળ, ૨. કેશર, ૩. માલતી જાઇના ફૂલ, ૪. અષ્ટાંગ ધૂપ, ૫. દીપક તેમજ અહી એકસો ને અઠ્ઠાવન દીપકની શ્રેણી વંશમાલે ધરીએ, ૬. તંદુલનો નંદાવર્ત્ત રકેબીમાં કરીએ, ૭. નૈવેદ્ય, ૮. ફળ.

॥ પ્રથમ જલ પૂજા ॥

॥ દૂહા ॥

શ્રી શંખેશ્વર શિર ધરી, પ્રણમી શ્રી ગુરૂપાય ।
વંછિત પદ વરવા ભણી, ટાળીશું અંતરાય ॥૧॥
જેમ રાજા રીઝયો થકો, દેતાં દાન અપાર ।
ભંડારી ખીજયો થકો, વારંતો તેણીવાર ॥૨॥

તેમ એ કર્મ ઉદય થકી, સંસારી કહેવાય ।
ધર્મ કર્મ સાધન ભણી, વિઘન કરે અંતરાય ॥૩॥
અરિહાને અવલંબીને, તરિયે ઇણે સંસાર ।
અંતરાય ઉચ્છેદવા, પૂજા અષ્ટપ્રકાર ॥૪॥

॥ ઢાળ ॥

(આંબાના વડલા હેઠે, ભર્યાં રે સરોવર લહેરો રે
લે છે રે—એ દેશી)

જળ પૂજા કરી જિનરાજ, આગળ વાત વીતી કહો રે ॥ કહેતાં નવિ આણો લાજ, કર જોડીને આગળ રહો રે. જળ૦ ॥૧॥ જિનપૂજાનો અંતરાય આગમ લોપી નિંદા ભજી રે ॥ વિપરીત પ્રરૂપણા થાય, દીનતણી કરુણા તજીરે. જળ૦ ॥૨॥ તપસી ન નમ્યા અણગાર, જીવતણી મેં હિંસા સજી રે ॥ નવિ મળિયો આ સંસાર, સરિખો રે શ્રીનાથજી રે. જળ૦ ॥૩॥ રાંક ઉપર કીધો કોપ, માઠાં કર્મ પ્રકાશિયા રે ॥ ધરમ-મારગનો લોપ, પરમારથ કેતાં હાંસિયા રે. જળ૦ ॥૪॥ ભણતાંને કર્યો અંતરાય, દાન દીયંતાં મેં વારિયાં રે ॥ ગીતારથને હેલાય, જૂઠ બોલી ધન ચોરિયાં રે. જળ૦ ॥૫॥ નર પશુઆં બાળક દીન, ભૂખ્યાં રાખી આપે જમ્યો રે ॥ ધર્મ વેળાએ બળહીન, પરદારાશું રંગે રમ્યો રે. જળ૦ ॥૬॥ કૂડે કાગળિયે વ્યાપાર, થાપણ રાખીને

ઓળવી રે ॥ વેચ્યાં પરદેશ મોઝાર, બાળ કુમારિકા ભોળવી રે. જળ૦ ॥૭॥ પંજરીયે પોપટ દીધ, કેતી વાત કહું ઘણી રે ॥ અંતરાય કરમ એમ કીધ, તે સવિ જાણો છો જગધણી રે. જળ૦ ॥૮॥ જળે પૂજંતી દ્વિજનારી, સોમસિરી મુગતિ વરી રે ॥ શુભવીર જગત આધાર, આણા મેં પણ શિર ધરી રે. જળ૦ ॥૯॥

॥ કાવ્યં-ઉપજાતિવૃત્તમ્ ॥

તીર્થોદકૈ-ર્મિશ્રિત-ચંદનૌઘૈઃ સંસાર-તાપાહતયે સુશીતૈઃ ॥ જરાજનિ-પ્રાંતરજોભિશાંત્યૈ, તત્કર્મ દાહાર્થમજં યજેહં ॥ ૧ ॥

॥ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્ ॥

સુરનદી-જલપૂર્ણ-ઘટૈ ઘનૈ ઘુંસૃણ-મિશ્રિત-વારિભૃતૈઃ પરૈઃ ॥ સ્નપય તીર્થકૃતં ગુણાવારિધિં, વિમલતાં ક્રિયતાં ચ નિજાત્મનઃ ॥ ૨ ॥ જનમનો-મણિ-ભાજન-ભારયા, શમરસૈક-સુધારસ-ધારયા ॥ સકલ બોધકલા-રમણીયકં, સહજ-સિદ્ધમહં પરિપૂજયે ॥ ૩ ॥

॥ મંત્ર ॥

ઓં હ્રીં શ્રીં પરમ૦ શ્રીમતે વીરજિનેંદ્રાય વિઘ્નસ્થાનકોચ્છેદનાય જલં યજામહે સ્વાહા ॥

॥ દ્વિતીય ચંદન પૂજા ॥

॥ દૂહા ॥

શીતળ ગુણ જેહમાં રહ્યો, શીતળ પ્રભુ મુખ રંગ ।

આત્મ શીતળ કરવા ભણી, પૂજો અરિહા અંગ ॥૧॥
અંગવિલેપન પૂજના, પૂજો ધરી ઘનસાર ।
ઉત્તરપયડી પંચમાં, દાનવિઘન પરિહાર ॥ ૨ ॥

॥ ઢાળ ॥

(કામણગારો એ કુકડો રે—એ દેશી.)

કરપી ભૂંડો સંસારમાં રે, જેમ કપિલા નાર । દાન ન દીધું મુનિરાજને રે, શ્રેણિકને દરબાર. ક૦ ॥ ૧ ॥ કરપી શાસ્ત્ર ન સાંભળે રે, તેણે નવિ પામે ધર્મ । ધર્મ વિના પશુ પ્રાણીયા રે, છંડે નહીં કુકર્મ. ક૦ ॥ ૨ ॥ દાન તણા અંત-રાયથી રે. દાન તણો પરિણામ । નવિ પામે ઉપદેશથી રે, લોક ન લે તસ નામ. ક૦ ॥ ૩ ॥ કૃપણતા અતિ સાંભળી રે, નાવે ઘર અણગાર । વિશ્વાસી ઘર આવતાં રે, કલ્પે મુનિ આચાર. ક૦ ॥ ૪ ॥ કરપી લક્ષ્મીવંતને રે, મિત્ર સજ્જન રહે દૂર । અલ્પધની ગુણ દાનથી રે, વંછે લોક પંડુર. ક૦ ॥ ૫ ॥ કલ્પતરૂ કનકાચલે રે, નવિ કરતા ઉપકાર । તેથી મરુધર રૂડો કેરડો રે, પંથગ છાંય લગાર. ક૦ ॥ ૬ ॥ ચંદનપૂજા ધન વાવરે રે, ક્ષય ઉપશમ અંતરાય ॥ જિમ જયસુર ને શુભમતિ રે, ક્ષાયિક ગુણ પ્રગટાય. ક૦ ॥ ૭ ॥ શ્રાવક દાન ગુણે કરી રે, તુંગિયા

**અભંગ દુવાર ॥ શ્રી શુભવીરે વખાણિયા રે, પંચમ અંગ મઝાર. ક૦ ॥ ૮ ॥**

**॥ કાવ્યં ॥ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્ ॥**

જિનપતે-ર્વરગંધ-સુપૂજનં, જનિજરા-મરણોદ્ભવ ભીતિહૃત્ ॥ સકલ-રોગ-વિયોગ-વિપદ્ધરં, કુરુ કરેણ સદા નિજપાવનમ્ ॥ ૧ ॥ સહજકર્મ-કલંક-વિનાશનૈ-રમલ-ભાવ-સુવાસન-ચંદનૈ -રનુપમાન - ગુણાવલિદાયકં, સહજસિદ્ધમહં પરિપૂજયે ॥ ૨ ॥

**॥ મંત્ર ॥**

**ઓં હ્રીં શ્રીં પરમ૦ શ્રીમતે વીરજિનેન્દ્રાય દાનાંતરાય-નિવારણાય ચંદનં યજામહે સ્વાહા ॥**

## ॥ તૃતીય પુષ્પ પૂજા ॥

**॥ દૂહા ॥**

**હવે ત્રીજી સુમનસ તણી, સુમનસ કરણ સ્વભાવ ।**
**ભાવસુગંધ કરણ ભણી, દ્રવ્ય કુસુમ પ્રસ્તાવ ॥૧॥**
**માલતી ફુલે પૂજતી, લાભ વિઘન કરી હાણ ।**
**વણિકસુતા લીલાવતી, પામી પદ નિરવાણ ॥૨॥**

**॥ ઢાળ ॥**

(ઓરાં આવોજી, કહું એક વાતલડી—એ દેશી.)

**મન મંદિર આવો રે, કહું એક વાતલડી ॥**
**અજ્ઞાનીની સંગે રે. રમિયો રાતલડી. મન૦ ॥૧॥**

વ્યાપાર કરેવા રે, દેશવિદેશ ચલે ॥ પરસેવા હેવા રે, કોડી ન એક મળે. મન૦ ॥ ૨ ॥ રાજગૃહી નયરે રે, દ્રમક એક ફરે ॥ ભિક્ષાચર વૃત્તિયે રે, દુઃખે પેટ ભરે. મન૦ ॥ ૩ ॥ લાભાંતરાયે રે, લોક ન તાસ દીયે ॥ શીલા પાડંતો રે, પોહોતો સાતમીયે. મન૦ ॥ ૪ ॥ ઢંઢણ અણગારો રે, ગોચરી નિત્ય ફરે ॥ પશુઆં અંતરાયે રે, આહાર વિના વિચરે. મન૦ ॥ ૫ ॥ આદીશ્વર સાહિબ રે, સંયમ ભાવ ધરે ॥ વરસીતપ પારણું રે, શ્રેયાંસરાય ઘરે. મન૦ ॥ ૬ ॥ મિથ્યાત્વે વાહ્યો રે, આરત ધ્યાન કરે ॥ તુજ આગમવાણી રે, સમકિતી ચિત્ત ધરે. મન૦ ॥ ૭ ॥ જેમ પૂણિયો શ્રાવક રે, સંતોષ ભાવ ધરી ॥ નિત્ય જિનવર પૂજે રે, ફુલના પગર ભરી. મન૦ ॥ ૮ ॥ સંસારે ભમતાં રે, હું પણ આવી ભળ્યો ॥ અંતરાય નિવારક રે, શ્રી શુભવીર મળ્યો. મન૦ ॥ ૯ ॥

॥ કાવ્યં ॥ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્ ॥

સુમનસાં ગતિદાયિ વિધાયિના, સુમનસાં નિકરૈઃ પ્રભુ પૂજનમ્ ॥ સુમનસા સુમનો–ગુણસંગિના, જન ! વિધેહિ નિધેહિ મનોર્ચ્ચને ॥ ૧ ॥ સમયસાર–સુપુષ્પસુમાલયા, સહજ કર્મ કરેણ વિશોધયા ॥ પરમ–યોગબલેન વશીકૃતં, સહજ–સિદ્ધમહં પરિપૂજયે ॥ ૨ ॥

॥ અથ મંત્ર ॥

ઓઁ હ્રીઁ શ્રીઁ પરમ૦ શ્રીમતે વીરજિનેન્દ્રાય લાભાંતરા-યોચ્છેદનાય પુષ્પાણિ યજામહે સ્વાહા ॥

## ચતુર્થ ધૂપ પૂજા ॥

॥ દૂહા ॥

કર્મ કઠિન કઠ દાહવા, ધ્યાન હુતાશન યોગ।
ધૂપે જિન પૂજી દહો, અંતરાય જે ભોગ ॥૧॥
એકવાર જે ભોગમાં, આવે વસ્તુ અનેક।
અશન પાન વિલેપને. ભોગ કહે જિન છેક ॥૨॥

॥ ઢાળ ॥

રાગ–આશાવરી–( છોડો નાજી—એ દેશી )

બાજી બાજી બાજી ભૂલ્યો બાજી, ભોગ વિઘન-ઘન ગાજી ભૂલ્યો૦, આગમ જ્યોત ન તાજી ભૂલ્યો૦, કર્મ કુટિલ વશ કાજી ભૂલ્યો૦ સાહિબ ! સુણ થઈ રાજી ભૂલ્યો૦ ॥ એ આંકણી ॥ કાળ અનાદિ ચેતન રઝળે, એકે વાત ન સાજી ॥ મયણા ભણાણી ન રહે છાની, મળિયા માત-પિતાજી. ભૂલ્યો૦ ॥૧॥ અંતરાય થાનક સેવનથી, નિર્ધનગતિ ઉપરાજી ॥ કૂપની છાયા કૂપ સમાવે, ઇચ્છા તેમ સવિ ભાંજી. ભૂલ્યો૦ ॥૨॥ નૈગમ એક નારી ધૂતી પણ, ઘેબર ભૂખ ન ભાગી ॥ જમી જમાઈ પાછો વળિયો. જ્ઞાનદશા તવ જાગી. ભૂલ્યો૦

॥૩॥ કુબડી કુષ્ટે ધનપતિ થાવે, અંતરાય ફળ આવે ॥ રોગી પરવશ અન્ન અરૂચિ, ઉત્તમ ધાન્ય ન ભાવે. ભૂલ્યો૦ ॥૪॥ ક્ષાયિકભાવે ભોગની લબ્ધે, પૂજા ધૂપ વિશાળા ॥ વીર કહે ભવ સાતમે સિદ્ધા, વિનયંધર ભૂપાળા. ભૂલ્યો૦ ॥૫॥

॥ કાવ્યં ॥ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્

અગરુ–મુખ્ય–મનોહર–વસ્તુના, સ્વનિરુપાધિગુણૌઘ–વિધાયિના; પ્રભુશરીર–સુગંધ–સુહેતુના, રચય ધૂપન–પૂજનમર્હતઃ ॥૧॥ નિજ–ગુણાક્ષય–રૂપ–સુધૂપનં, સ્વગુણ–ઘાતમલ–પ્રવિકર્ષણં ॥ વિશદ બોધમનંત–સુખાત્મકં, સહજસિદ્ધમહં પરિપૂજયે ॥૨॥

॥ અથ મંત્ર ॥

ઓં હ્રીં શ્રીં પરમ૦ શ્રીમતે વીરજિનેંદ્રાય ભોગાંતરાય–દહનાય ધૂપં યજામહે સ્વાહા ॥

## ॥ પંચમ દીપક પૂજા ॥

॥ દૂહા ॥

ઉપભોગ વિઘન પતંગીઓ, પડત જગત જીઉજ્યોત ।
ત્રિશલા નંદન આગળે, દીપકનો ઉદ્યોત ॥ ૧ ॥
ભોગવી વસ્તુ ભોગવે. તે કહિયે ઉપભોગ ।
ભૂષણ ચીવર વલ્લભા, ગેહાદિક સંયોગ ॥ ૨ ॥

॥ ઢાળ ॥

(રાગ–કાફી–(અરનાથકું સદા મેરી વંદના–એ દેશી)

જિનરાજકું સદા મેરી વંદના. વંદના વંદના

વંદના રે, જિનરાજકું સદા૦ ॥ એ આંકણી ॥ ઉપભોગ અંતરાય હઠાવી, ભોગીપદ મહાનંદના રે, જિન૦ ॥ અંતરાય ઉદયે સંસારી, નિરધન ને પરછંદના રે. જિન૦ ॥ ૧ ॥ દેશ વિદેશે ઘર ઘર સેવા, ભીમસેન નરિંદના રે. જિન૦ ॥ ૨ ॥ સુણિય વિપાક સુખી ગિરનારે, હેલક તેહ મુણીંદના રે. જિ૦ ॥ ૨ ॥ બાવીસ વરસ વિયોગે રહેતી, પવનપ્રિયા સતી અંજના રે, જિ૦ ॥ નળ દમયંતી સતી સીતાજી, ષડ્માસી આક્રંદના રે. જિ૦ ॥ ૩ ॥ મુનિવરને મોદક પડિલાભી, પછી કરી ઘણી નિંદનારે. જિ૦ ॥ શ્રેણિક દેખે પાઉસ નિશિયે, મમ્મણશેઠ વિડંબના રે. જિ૦ ॥ ૪ ॥ એમ સંસાર વિડંબન દેખી, ચાહું ચરણ જિનચંદના રે. જિ૦ ॥ ચકવી ચાહે ચિત્ત તિમિરારિ, ભોગી ભ્રમર અરવિંદના રે. જિ૦ ॥ ૫ ॥ જિનમતિ ધનસિરિ દોય સાહેલી, દીપક પૂજા અખંડના રે. જિન૦ ॥ શિવ પામી તેમ ભવિ પદ પૂજો, શ્રી શુભવીર જિણંદનાં રે. જિનરાજ કું૦ ॥ ૬ ॥

॥ કાવ્યં ॥ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્ ॥

ભવતિ દીપશિખા–પરિમોચનં, ત્રિભુવનેશ્વર–સદ્મ-નિશોભનમ્ ॥ સ્વતનુ–કાંતિકરં તિમિરં હરં, જગતિ મંગલકારણ–માતરમ્ ॥ ૧ ॥ શુચિ–મનાત્મ–ચિદુજ્વલ

દીપકૈ–જ્વલિત–પાપ–પતંગ–સમૂહકૈઃ ॥ સ્વકપદં વિમલં પરિલેભિરે, સહજ–સિદ્ધમહં પરિપૂજયે ॥ ૨ ॥

॥ મંત્ર ॥

ઓૈં હ્રીં શ્રીં પરમ૦ શ્રીમતે વીરજિનેંદ્રાય ઉપભોગાં–તરાયોચ્છેદનાય દીપં યજામહે સ્વાહા ॥

## ॥ ષષ્ઠ અક્ષત પૂજા ॥

॥ દૂહા ॥

વીર્ય વિઘન ઘન પડલસેં, અવરાણું રવિ તેજ ।
કાલ ગ્રીષ્મ સમ જ્ઞાનથી, દીપે આત્મ સતેજ ॥૧॥
અક્ષત શુદ્ધ અખંડશું, નંદાવર્ત્ત વિશાળ ।
પૂરી પ્રભુ સન્મુખ રહી, થુણીયે જગત દયાળ ॥૨॥

॥ ઢાળ ॥

(સફળ ભઇ મેરી આજુકી ઘડિયાં–એ દેશી)

(રાગ–બંગાળી કેરબો)

જિણંદા પ્યારા મુણીંદા પ્યારા, દેખોરી જિણંદા ભગવાન. દેખોરી જિણંદા પ્યારા । એ આંકણી ॥ ચરમ પયડિકો મૂલ વિખરિયાં. ચરમ તીરથ સુલતાન. દે૦ ॥ દર્શન દેખત મગનભયો હૈ, માગત ક્ષાયિક દાન. દે૦ ॥ ૧ ॥ પંચમ વિઘનકો ખય ઉપશમસેં, હોવત હમ નહીં લીન. દે૦ ॥ પાંગળા બળ હીણા દુનિયા મેં, વીરો સાળવી દીન. દે૦ ॥ ૨ ॥ હરિબળ ચક્રી શક્ર જયું બળી

એ, નિર્બળ કુળ અવતાર. દે૦ ॥ બાહુબળી બળ અક્ષય કીનો, ધન ધન વાલી કુમાર. દે૦ ॥ ૩ ॥ સફળ ભયો નર જન્મ હમેરો. દેખત જિનદેદાર, દે૦ ॥ લોહચમક જ્યું ભગતિસેં હળિયે, પારસ સાંઈ વિચાર. દે૦ ॥ ૪ ॥ કીરયુગલ વ્રીહી ચંચુમેં ધરતે, જિન પૂજત ભએ દેવ, દે૦ ॥ અક્ષતસેં અક્ષયપદ દેવે, શ્રી શુભવીરકી સેવ. દેખોરી૦ ॥૫॥

॥ કાવ્યં ॥ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્ ॥

ક્ષિતિ–તલેऽક્ષત–શર્મ–નિદાનકં, ગણિવરસ્ય પુરો-ऽક્ષતમંડલમ્ ॥ ક્ષત–વિનિર્મિત–દેહનિવારણં, ભવપયોધિ સમુદ્ધરણોદ્યતમ્ ॥ ૧ ॥ સહજભાવ સુનિર્મલતંદુલૈ–ર્વિપુલ–દોષ–વિશોધક–મંગલૈઃ ॥ અનુપરોધ–સુબોધ વિધાયકં, સહજ–સિદ્ધમહં પરિપૂજયે ॥ ૨ ॥

॥ મંત્ર ॥

ઓઁ હ્રીઁ શ્રીઁ પરમ૦ શ્રીમતે વીરજિનેંદ્રાય વીર્યાંતરાય–દહનાય અક્ષતાન્ યજામહે સ્વાહા ॥

॥ સપ્તમ નૈવેદ્ય પૂજા ॥

॥ દૂહા ॥

નિર્વેદી આગળ ધરો, શુચિ નૈવદ્યનો થાળ ।
વિવિધજાતિ પકવાનશું, શાળી અમૂલક દાળ ॥૧॥
અણાહારી પદ મેં કર્યા, વિગ્ગહ ગઇઅ અનંત ।
દુર કરી એમ કીજીએ. દીયો અણાહારી ભદંત ॥૨॥

॥ ઢાળ ॥

રાગ કાફી—અખિયનમેં ગુલઝારા—એ દેશી)

અખિયનમેં અવિકારા, જિણંદા તેરી અખિયનમેં અવિકારા ॥ એ આંકણી૦ ॥ રાગદ્વેષ પરમાણું નિપાયા, સંસારી સવિકારા. જિ૦ ॥ શાંતરૂચિ પરમાણુ નિપાયા, તુજ મુદ્રા મનોહારા. જિ૦ ॥ ૧ ॥ દ્રવ્ય ગુણ પર્યાય ને મુદ્રા, ચઉગુણ ચૈત્ય ઉદારા. જિ૦ ॥ પંચવિઘન ઘન પડલ પલાયા, દીપત કિરણ હજારા. જિ૦ ॥ ૨ ॥ કર્મ વિનાશી સિદ્ધ સ્વરૂપી, ઇગતીસ ગુણ ઉપચારા. જિ૦ ॥ વરણાદિક વીશ દૂર પલાયા, આગઇ પંચ નિવારા. જિ૦ ॥ ૩ ॥ તીન વેદકા છેદ કરાયા, સંગરહિત સંસારા. જિ૦ ॥ અશરીરી ભવબીજ દહાયા, અંગ કહે આચારા. જિ૦ ॥ ૪ ॥ અરૂપી પણ રૂપારોપણસેં, ઠવણા અનુયોગ દ્વારા. જિ૦ ॥ વિષમ કાલ જિનબિંબ જિનાગમ, ભવિયણકું આધારા. જિ૦ ॥૫॥ મેવા મીઠાઇ થાળ ભરીને, ષડ્રસ ભોજન સારા. જિ૦ મંગળ તૂર બજાવત આવો, નરનારી કર થારા. જિ૦ ॥ ૬ ॥ નૈવેદ્ય ઠવી જિન આગે માગો, હલિનૃપ સુર અવતારા. જિ૦ ॥ ટાળી અનાદિ આહાર વિકારા, સાતમે ભવ અણાહારા. જિ૦ ॥૭॥ સગવિહ શુદ્ધિ સાતમી પૂજા, સગગઇ

સગ ભયહારા. જિ૦ ॥ શ્રી શુભવીર વિજય પ્રભુ પ્યારા, જિનઆગમ જયકારા. જિણંદા૦ ॥૮॥

॥ કાવ્યં ॥ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્ ॥

અનશનં તું મમાસ્ત્વિતિ–બુદ્ધિના, રૂચિરભોજન-સંચિત્ત–ભોજનં ॥ પ્રતિદિનં વિધિના જિનમંદિરે શુભ-મતે બત ઢૌકય ચેતસા ॥૧॥ કુમત–બોધ વિરોધ–નિવેદકૈ–વિંહિત–જાતિ–જરા – મરણાંતકૈઃ ॥ નિરશનૈઃ પ્રચુરાત્મ–ગુણાલયં, સહજસિદ્ધમહં પરિપૂજયે ॥૨॥

॥ મંત્ર ॥

ઓં હ્રીં શ્રીં પરમ૦ શ્રીમતે વીરજિનેન્દ્રાય સિદ્ધપદ–પ્રાપણાય નૈવેદ્યં યજામહે સ્વાહા ॥

॥ અષ્ટમ ફલ પૂજા ॥

॥ દૂહા ॥

અષ્ટ કર્મ દળ ચૂરવા, આઠમી પૂજા સાર ।
પ્રભુ આગળ ફળ પૂજતાં, ફળથી ફળ નિર્ધાર ॥૧॥
ઇન્દ્રાદિક પૂજા ભણી, ફળ લાવે ધરી રાગ ।
પુરૂષોત્તમ પૂજી કરી, માગે શિવફળ ત્યાગ ॥૨॥

॥ ઢાળ ॥

રાગ–ધન્યાશ્રી–( ગિરુઆ રે ગુણ તુમ તણા એ દેશી )

પ્રભુ તુજ શાસન અતિ ભલું, માને સુર નર રાણો રે ॥ મિચ્છ અભવ્ય ન ઓળખે, એક

અંધો એક કાણો રે. પ્ર૦ ॥૧॥ આગમવયણે જાણીયે, કર્મ તણી ગતિ ખોટી રે ॥ તીસ કોડાકોડી સાગરુ, અંતરાય થિતિ મોટી રે. પ્ર૦ ॥૨॥ ધ્રુવબંધી ઉદયી તથા, એ પાંચે ધ્રુવસત્તા રે ॥ દેશઘાતિની એ સહી, પાંચે અપરિયત્તા રે. પ્ર૦ ॥૩॥ સંપરાય બંધે કહી, સત્તા ઉદયે થાકી રે ॥ ગુણઠાણું લઇ બારમું, નાઠી જીવ વિપાકી રે. પ્ર૦ ॥૪॥ જ્ઞાન મહોદય તેં વર્યો, ઋદ્ધિ અનંત વિલાસી રે ॥ ફળ પૂજા ફળ આપીએ, અમે પણ તેહના આશી રે. પ્ર૦ ॥ ૫ ॥ કીરયુગલશું દુર્ગતા, નારી જેમ શિવ પામી રે ॥ અમે પણ કરશું તેહવી, ભક્તિ ન રાખું ખામી રે. પ્ર૦ ॥ ૬ ॥ સાચી ભકતે રીઝવી, સાહિબ દિલમાં ધરશું રે ॥ ઉત્સવ રંગ વધામણાં, મનવાંછિત સવિ કરીશું રે. પ્ર૦ ॥૭॥ કર્મસૂદન તપ તરુફળે, જ્ઞાન અમૃતરસ ધારા રે ॥ શ્રી શુભવીરને આશરે, જગમાં જય જયકારા રે. પ્ર૦ ॥ ૮ ॥

॥ કાવ્યં ॥ દ્રુતવિલંબિતવૃત્તાદ્વયમ્ ॥

શિવતરોઃ ફલદાન-પરૈર્નવૈ-ર્વરફલૈઃ કિલ પૂજય તીર્થપમ્ ॥ ત્રિદશનાથ-નતક્રમ-પંકજં, નિહત-મોહ મહીધર-મંડલમ્ ॥ ૧ ॥ શમરસૈક-સુધારસ-માધુરૈ

રનુભવાખ્ય–ફલૈરભયપ્રદૈઃ ॥ અહિત–દુઃખહરં વિભવપ્રદં, સહજસિદ્ધમહં પરિપૂજયે ॥ ૨ ॥

॥ મંત્ર ॥

ૐ હ્રીઁ શ્રીઁ પરમ૦ શ્રીમતે વીરજિનેન્દ્રાય અષ્ટકર્મોચ્છેદનાય ફલાનિ યજામહે સ્વાહા ॥

॥ કળશ ॥

રાગ–ધન્યશ્રી (તુઠો તુઠો રે—એ દેશી)

ગાયો ગાયો રે, મહાવીર જિનેશ્વર ગાયો ॥ ત્રિશલા માતા પુત્ર નગીનો, જગનો તાત કહાયો ॥ તપ તપતાં કેવળ પ્રગટાયો, સમવસરણ વિરચાયો રે. મહા૦ ॥ ૧ ॥ રયણ સિંહાસન બેસી ચઉમુખ, કર્મ સૂદન તપ ગાયો ॥ આચાર દિનકરે વર્દ્ધમાનસૂરિ, ભવિ ઉપગાર રચાયો રે. મહા૦ ॥ ૨ ॥ પ્રવચન સારોદ્ધાર કહાવે, સિદ્ધસેન સૂરિરાયો ॥ દિન ચઉસટ્ઠિક પ્રમાણે એ તપ, ઉજમણે નિરમાયો રે. મહા૦ ॥ ૩ ॥ ઉજમણાથી તપફળ વાધે. ઇમ ભાખે જિનરાયો ॥ જ્ઞાનગુરુ ઉપકરણ કરાવો, ગુરુગમ વિધિ વિરચાયો રે. મહા૦ ॥ ૪ ॥ આઠે દિવસ મળી ચોસઠ પૂજા, નવ નવ ભાવ બનાયો ॥ નરભવ પામી લાહો લીજે, પુણ્યે શાસન પાયો રે. મહા૦ ॥ ૫ ॥ વિજય જિનેંદ્રસૂરીશ્વર રાજ્યે, તપગચ્છ કેરો રાયો ॥ ખુશાલવિજય માનવિજય વિબુધના, આગ્રહથી વિરચાયો રે. મહા૦ ॥ ૬ ॥ વડ ઓશવાલ

ગુમાનચંદ સૂત, શાસનરાગ સવાયો ॥ ગુરુભક્તિ શા ભવાનચંદ નિત્ય, અનુમોદન ફળ પાયો રે. મહા૦ ॥ ૭ ॥ મૃગ બળદેવ મુનિ રથકારક, ત્રણ્ય હુઆ એક ઠાયો ॥ કરણ કરાવણ ને અનુમોદન, સરિખાં ફળ નિપજાયોરે. મહા૦ ॥ ૮ ॥ શ્રી વિજયસિંહસૂરીશ્વર કેરા, સત્યવિજય બુધ ઠાયો ॥ કપૂરવિજય તસ ખિમાવિજય જસ–વિજય પરંપર ધ્યાયો રે. મહા૦ ॥૯॥ પંડિત શ્રી શુભવિજય સુગુરૂ મુજ, પામી તાસ પસાયો ॥ તાસ શિષ્ય ધીરવિજય સલૂણા, આગમ રાગ સવાયો રે. મહા૦ ॥૧૦॥ તસ લઘુ બાંધવ રાજનગરમેં, મિથ્યાત્વપુંજ જલાયો ॥ પંડિત વીરવિજય કવિરચના, સંઘ સકળ સુખદાયો રે. મહા૦ ॥ ૧૧ ॥ પહેલો ઉત્સવ રાજનગરમેં, સંઘ મળી સમુદાયો ॥ કરતા જેમ નંદીસર દેવા, પૂરણ હર્ષ સવાયો રે. મહા૦ ॥૧૨॥

॥ કળશ ॥

શ્રુતજ્ઞાન અનુભવ તાન મંદિર, બજાવત ઘંટા કરી । તવ મોહપુંજ સમૂલ જલતે, ભાંગતે સગ ઠીકરી ॥ હમ રાજતે જગ ગાજતે દિન, અક્ષય તૃતીયા આજથેં । શુભવીર વિક્રમ વેદ[૪] વસુ[૭], મુનિ[૮] ચંદ્ર[૧] (૧૮૭૪) વર્ષ વિરાજતે ॥ ૧ ॥

ઇતિ અષ્ટમ દિવસેઽધ્યાપનીય–અંતરાયકર્મ-સૂદનાર્થં અષ્ટમ પૂજાષ્ટકં સંપૂર્ણમ્ ॥

# ૬. પંડિતશ્રી પદ્મવિજયજી કૃત
# શ્રી નવપદ પૂજા

॥ દૂહા ॥

શ્રુતદાયક શ્રુત દેવતા, વંદુ જિન ચોવીશ ॥ ગુણ સિદ્ધચક્રના ગાવતાં, જગમાં હોય જગીશ ॥૧॥ અરિહંત સિદ્ધ સૂરિ નમું, પાઠક મુનિ ગુણધામ ॥ દંસણ નાણ ચરણ વળી, તપગુણ માંહે ઉદ્દામ ॥૨॥ ઇમ નવપદ ભક્તિ કરી, આરાધો નિત્યમેવ ॥ જેહથી ભવદુ:ખ ઉપશમે, પામે શિવ સ્વયમેવ ॥૩॥ તે નવપદ કાંઈ વરણવું, ધરતો ભાવ ઉલ્લાસ ॥ ગુણિ ગુણગણ ગાતાં થકાં, લહિયે જ્ઞાન પ્રકાશ ॥૪॥ પ્રતિષ્ઠા કલ્પે કહી, નવપદ પૂજા સાર ॥ તેણે નવપદ પૂજા ભણું, કરતો ભક્તિ ઉદાર ॥૫॥

॥ ઢાળ પહેલી ॥ રાગ ભૈરવ ॥

પ્રથમ પદ જિનપતિ, ગાઇએ ગુણતતિ, પાઇએ વિપુલ ફળ સહજ આપ ॥ નામ ગોત્ર જ સુણ્યાં, કર્મ મહા નિર્જર્યાં, જાય ભવ સંતતિ બદ્ધ પાપ ॥ ૧ ॥ એક વર રૂપમાં, વરણ પંચે હોયે, એક તુજ વર્ણ તે જગ ન માયો ॥ એક તિમ શ્લોકમાં, વરણ બત્રીશ હોએ, એક તુજ

વર્ણ કિણુહિ ન ગવાયો ॥ ૨ ॥ વાચ ગુણ અતિશાયા, પાડિહેરા સયા, બાહ્ય પણ એ ગુણા કુણે નાગવાયા ॥ કેવળનાણ તહ, કેવળ દંસણ પમુહ, અભ્યંતર જિનપ પાયા, તેહ મોહપદ્મથી કેમ કહાયા ॥ ૩ ॥

॥ ગીતનો દૂહો ॥

જિન ગુણ અનંત અનંત છે, વાચ ક્રમ મિત દીહ ॥
બુદ્ધિરહિત શકિત વિકલ, કેમ કહું એકણ જીહ ૧.

॥ ઢાળ બીજી ॥ રાગ દેશાખ ॥

ભાવ ધરી ભવિ પૂજિયે, તિગ અડ પણ ભેય ॥ તિમ સત્તર ભેદે કરી, પૂજો ગત ખેય. ભાવ૰ ॥ ૧ ॥ ઇગવીશ અડસય ભેદથી, જિન ભાવ સંભારી ॥ પૂજા પરિગલ ભાવશું, પ્રભુ આણાકારી ભાવ૰ ॥૨॥ પૂજા કરતાં પૂજયની, પૂજય પોતે થાવે ॥ તુજ પદ પદ્મ સેવક તિણે, અક્ષય પદ પાવે. ભા૰ ॥ ૩ ॥

॥ દ્વિતીય શ્રીસિદ્ધપદ પૂજા ॥

॥ દૂહો ॥

સિદ્ધ સ્વરૂપી જે થયા, કર્મ મેલ સવિ ધોય ।
જેહ થશે ને થાય છે, સિદ્ધ નમો સહુ કોય ॥૭॥

॥ ઢાળ ત્રીજી ॥ પારિરે જાતિનું ફૂલ સરગથી—એ દેશી ॥

નમો સિદ્ધાણં હવે પદ બીજે, જે નિજ સંપદ વારિયા રે ॥ જ્ઞાન દર્શન અનંત ખજાનો, અવ્યાબાધ સુખદરિયા કે ॥ સિદ્ધ સુબુદ્ધ કે, સ્વામી નિજરામી કે, હાંરે વાલા પ્રણમો નિજ ગુણ કામી રે ॥ ગુણકામી ગુણકામી ગુણવંતા, જે વચનાતીત હુઆ રે ॥૧॥ એ આંકણી ॥ ક્ષાયિક સમકિત ને અક્ષય સ્થિતિ, જેહ અરૂપી નામ ॥ અવગાહન અગુરુલઘુ જેહની, વીર્ય અનંતનું ધામ કે. સિદ્ધ૦ ॥૨॥ ઇમિ અડકર્મ અભાવે અડગુણ, વળી ઇગતીસ કહેવાય ॥ વળીય વિશેષે અનંત અનંતગુણ: નાણ નયણ નિરખાય, નિત્ય નિત્ય વંદના થાય કે. સિ૦ ॥ ૩ ॥

॥ દૂહો ॥

જિહાં નિજ એક અવગાહના, તિહાં નમું સિદ્ધ અનંત । ફરસિત દેશ પ્રદેશને, અસંખ્યગુણા ભગવંત ॥ ૮ ॥

॥ ઢાળ ચોથી ॥ રાગ—ફાગ ॥

સિદ્ધ ભજો ભગવંત, પ્રાણી પૂર્ણાનંદી. સિદ્ધ૦ ॥ લોકાલોક લહે એક સમયે, સિદ્ધિવધૂ વરકંત. પ્રાણી૦ અજ અવિનાશી અક્ષય અજરામર, સ્વદ્રવ્યાદિકવંત, પ્રાણી૦ ॥ ૧ ॥ વર્ણ ન ગંધ ન રસ નહીં ફરસન, દીર્ઘ હ્રસ્વ ન હુંત. પ્રાણી૦ ॥ નહીં સૂક્ષ્મ બાદર ગતવેદી, ત્રસ

થાવર ન કહંત. પ્રાણી૦ ॥ ૨ ॥ અક્રોહી અમાની અમાયી અલોભી, ગુણ અનંત ભદંત. પ્રાણી૦ પદ્મવિજય નિત્ય સિદ્ધ સ્વામીને, લળી લળી લળિ પ્રણમંત. પ્રાણી૦ ॥ ૩ ॥

॥ તૃતીય આચાર્યપદ પૂજા ॥

॥ દૂહો ॥

પડિમા વહે વળી તપ કરે, ભાવના ભાવે બાર । નમિયે તે આચાર્યને, જે પાળે પંચાચાર ॥ ૯ ॥

॥ ઢાળ પાંચમી ॥

સંભવ જિનવર વિનતિ—એ દેશી

આચારજ ત્રીજે પદે, નમિયે જે ગચ્છ ધોરી રે ॥ ઇંદ્રિય તુરંગમ વશ કરે, જે લહી જ્ઞાનની દોરી રે. આચા૦ ॥ ૧ ॥ શુદ્ધ પ્રરૂપક ગુણ થકી, જે જિનવર સમ ભાખ્યા રે ॥ છત્રીશ છત્રીશી ગુણે, શોભિત સમયમાં દાખ્યા રે. આ૦ ॥ ૨ ॥ ઉત્કૃષ્ટા ત્રીજે ભવ, પામે અવિચલ ઠાણ રે ॥ ભાવાચારજ વંદના, કરિયે થઈ સાવધાન રે. આચારજ૦ ॥ ૩ ॥

॥ દૂહો ॥

નવવિધ બ્રહ્મ ગુપ્તિ ધરે, વર્જે પાપ નિયાણ । વિહાર કરે નવ કલ્પ નવ, સૂરિ તત્ત્વના જાણ ॥૧૦॥

## ॥ ઢાળ છઠ્ઠી ॥

રાગ બિહાગડો ॥ મુજ ઘર આવજોરે નાથ—એ દેશી

સત્તાવીશ ગુણ સાધુના, શોભિત જાસ શરીર ॥ નવકોટી શુદ્ધ આહાર લે, ઇમ ગુણ છત્રીશે ધીર. ભવિજન, ભાવશું નમો આજ, જિમ પામો અક્ષયરાજ, ભવિ૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ જે પ્રગટ કરવા અતિ નિપુણ, વર લબ્ધિ અઠ્ઠાવીશ ॥ અડવિધ પ્રભાવકપણું ધરે, એ સૂરિગુણ છત્રીશ. ભવિ૦ ॥ ૨ ॥ તજે ચૌદ અંતરગ્રંથીને, પરિષહ જિતે બાવીશ ॥ કહે પદ્મ આચારજ નમો, બહુ સૂરિગુણ છત્રીશ. ભવિ૦ ॥ ૩ ॥

## ॥ ચતુર્થ ઉપાધ્યાયપદ પૂજા ॥

### ॥ દૂહો ॥

ચોથે પદ પાઠક નમું, સકલ સંઘ આધાર ॥
ભણે ભણાવે સાધુને, સમતા રસ ભંડાર ॥ ૧૧ ॥

## ॥ ઢાળ સાતમી ॥

રાગ વસંત (તું તો જિન ભજ વિલંબ ન કર હો,
હોરીકે ખેલઇયા–એ દેશી)

તું તો પાઠક પદ મન ધર હો રંગીલે જીઉરા ॥ રાય રંક જસુ નિકટે આવે, પણ જસ નહિ નિજ પરહો. હો રંગીલે૦ ॥ ૧ ॥ સારણાદિક ગચ્છમાંહે કરતા, પણ રમતા નિજ ઘર હો.

હો રંગીલે૦ ા ૨ ા દ્વાદશાંગ સજઝાય કરણકું, જે નિશદિન તત્પર હો. હો રંગીલે૦ ા ૩ ા એ ઉવજઝાય નિર્યામક પામી. તું તો ભવસાગર સુખે તર હો હો. રંગીલે૦ ા૪ા જે પર વાદી મતંગજ કેરો, ન ધરે હરિ પરે ડર હો હો. રંગીલે૦ ા ૫ ા ઉત્તમ ગુરુપદ પદ્મ સેવનથેં, પકડે શિવવધૂ કર હો. હો રંગીલે૦ ા ૬ ા

ા દૂહો ા

આચારજ મુખ આગળે, જે યુવરાજ સમાન ા નિદ્રા વિકથા નવિ કરે, સર્વ સમય સાવધાન ા ૧૨ ા

ા ઢાળ આઠમી ા

ા જિનવચન વૈરાગિયો હો ધન્ના—એ દેશી ા

નમો ઉવજઝાયાણું જપો હો મિત્તા, જેહના ગુણ પચ્ચવીશ રે એકાગર ચિત્તા, એ પદ ધ્યાવો એ ા એ પદ ધ્યાવો ધ્યાનમાં હો મિત્તા, મૂકી રાગ ને રીશ રે. એકા૦ ા ૧ ા અંગ ઇગ્યાર પૂરવધરા હો મિત્તા, પરિસહ સહે બાવીશ ા ત્રણ્ય ગુપ્તિ ગુપ્તા રહે હો મિત્તા, ભાવે ભાવના પચ્ચવીશ રે. એકા૦ ા ૨ ા અંગ ઉપાંગ સોહામણા હો મિત્તા, ધારતા જેહ ગુણીશ ા ગણુતા સુખ પદ પદ્મથી હો મિત્તા, નંદી અણુયોગ જગીશ રે. એકાગર ચિત્તા૦ ા ા ૩ ા

## ॥ પંચમ શ્રી સાધુપદ પૂજા ॥

### ॥ દૂહો ॥

હવે પંચમ પદે મુનિવરા, જે નિર્મમ નિઃસંગ । દિન દિન કંચનની પરે, દીસે ચઢતે રંગ ॥ ૧૩ ॥

### ॥ ઢાળ નવમી ॥

રાગ વસંત (મો મન ભવનવિશાલ સાંઈયાં, મો મન—એ દેશી)

મુનિવર પરમ દયાલ ભવિયાં, મુનિ૦॥ તુમે પ્રણમોને ભાવ વિશાલ, ભવિયાં, મુનિ૦ ॥ એ આંકણી ॥ કુખી સંબલ મુનિવર ભાખ્યા, આહાર દોષ ટાળે બિયાલ. ભવિયાં, મુનિ૦ ॥ બાહ્ય અભ્યંતર પરિગ્રહ છાંડી, જીણે છાંડી સવિ જંજાલ. ભવિયાં, મુનિ૦ ॥ ૧ ॥ જિણે એ ઋષિનું શરણ કર્યું તિણે, પાણી પહેલી બાંધી પાળ. ભવિયાં, મુનિ૦॥ જ્ઞાન ધ્યાન કિરિયા સાધંતા, કાઢે પૂર્વના કાળ. ભવિયાં, મુનિ૦ ॥ ૨ ॥ સંયમ સત્તર પ્રકારે આરાધે, છ જીવના પ્રતિપાળ. ભવિયાં, મુનિ૦ ॥ ઇમ મુનિગુણ ગાવે તે પહેરે, સિદ્ધિ—વધૂ વરમાળ. ભવિયાં, મુનિ૦ ॥ ૩ ॥

### ॥ દૂહો ॥

પાંચે ઇંદ્રિય વશ કરે, પાળે પંચાચાર ।

પંચ સમિતિ સમિતા રહે, વંદુ તે અણગાર ॥ ૧૪ ॥

॥ ઢાળ દશમી ॥

॥ ગિરિરાજકું સદા મોરી વંદના રે—એ દેશી ॥

મુનિરાજકું સદા મોરી વંદનારે, મુનિ૦ ॥ ભોગવમ્યા તે મનશું ન ઇચ્છે, નાગ જયું હોય અગંધનારે. મુનિ૦ ॥ પરિસહ ઉપસર્ગે સ્થિર રહેવે, મેરુ પરે નિઃકંપના રે. મુનિ૦ ॥ ૧ ॥ ઇચ્છા (૧) મિચ્છા (૨) આવસિયા (૩) નિસીહિયા, (૪) તહકાર (૫) ને વલિ છંદનારે. (૬) મુનિ૦ ॥ પૃચ્છા (૭) પ્રતિપૃચ્છા (૮) ઉપસંપદા, (૯) સામાચારી નિમંતના (૧૦) રે. મુનિ૦ ॥ ૨ ॥ એ દશવિધ સામાચારી પાળે, કહે પદ્મ લેઉં તસ ભામણા રે, મુનિ૦ ॥ એ ઋષિરાજ વંદનથી હોવે, ભવભવ પાપ નિકંદના રે. મુનિરાજકું૦ ॥ ૩ ॥

॥ ષષ્ઠ શ્રી દર્શનપદ પૂજા ॥

॥ દૂહો ॥

સમક્તિ વિણુ નવ પૂરવી, અજ્ઞાની કહેવાય ।
સમક્તિ વિણુ સંસારમાં, અરહો પરહો અથડાય ॥ ૧૫ ॥

## ॥ ઢાળ અગિયારમી ॥

રાગ સારંગ ॥

પ્રભુ નિર્મલ દર્શન કીજિયે ॥ એ આંકણી ॥ આતમજ્ઞાનકો અનુભવ દર્શન, સરસ સુધારસ પીજિયે. પ્રભુ૦ ॥ ૧ ॥ જસ અનુભવ અનંત પરિયટ્ટા, ભવ સંસાર સહુ છીજિયે. પ્રભુ૦ ॥ ભિન્ન મુહૂર્ત્ત દર્શન ફરસનથેં, અર્ધ પરિયટ્ટે સીઝિયે. પ્રભુ૦ ॥ ૨ ॥ જેહથી હોવે દેવ ગુરુ કુનિ, ધર્મ રંગ અટ્ઠી મિજિયે. પ્રભુ૦ ॥ ઇસ્યિો ઉત્તમ દર્શન પામી, પદ્મ કહે શિવ લીજિયે. પ્રભુ૦ ॥ ૩ ॥

॥ દૂહો ॥

સમકિતી અડ પવયણ ધણી, પણ જ્ઞાની કહેવાય । અર્દ્ધ પુદ્ગલ પરાવર્ત્તમાં, સકલ કર્મ-મલ જાય ॥ ૧૬ ॥

## ॥ ઢાળ બારમી ॥

॥ ધન્ય ધન્ય સંપ્રતિ સાચો રાજા—એ દેશી ॥

સમ્યગ્દર્શન પદ તુમે પ્રણમો, જે નિજ ધુર ગુણ હોય રે ॥ ચારિત્ર વિણ લહે શાશ્વત પદવી, સમકિત વિણ નહિ કોય રે. સમ્યગ્૦ ॥ ૧ ॥ સદ્દહણા ચઉ લક્ષણ દૂષણ, ભૂષણ પંચ વિચારો રે ॥ જયણા ભાવણા ઠાણ આગારા, ષટ્ ષટ્ તાસ પ્રકારો

રે. સમ્યગ્૦ ॥ ૨ ॥ શુદ્ધિ લિંગ ત્રણ આઠ પ્રભાવક, દશવિધ વિનય ઉદારોરે ॥ ઇમ સડસદ્દઠ ભેદે અલંકરિયો, સમકિત શુદ્ધ આચારો રે. સમ્યગ્૦ ॥ ૩ ॥ કેવલી નિરખિત સૂક્ષ્મ અરૂપી, સ જેહને ચિત્ત વસિયો રે. ॥ જિન ઉત્તમ પદ પદ્મની સેવા, કરવામાં ઘણું રસિયો રે. સમ્યગ્ ॥ ૪ ॥

## ॥ સપ્તમ શ્રી જ્ઞાનપદ પૂજા ॥

### ॥ દૂહો ॥

નાણ સ્વભાવ જે જીવનો, સ્વપર પ્રકાશક જેહ ।
તેહ નાણ દીપક સમું, પ્રણમો ધર્મ સનેહ ॥૧૭॥

### ॥ ઢાળ તેરમી ॥

॥ નારાયણની દેશી ॥ જિમ મધુકર મન માલતી રે—એ દેશી ॥

નાણ પદારાધન કરો રે, જેમ લહો નિર્મલ નાણ રે. ભવિકજન ॥ શ્રદ્ધા પણ થિર તો રહે રે, જો નવતત્ત્વ વિન્નાણરે. ભવિ૦ ॥ નાણ૦ ॥ ૧ ॥ અજ્ઞાની કરશે કિશ્યું રે, શું લહેશે પુણ્ય પાપ રે. ભવિ૦ ॥ પુણ્ય પાપ નાણી લહેરે, કરે નિજ નિર્મળ આપરે. ભવિ૦ નાણ૦ ॥ ૨ ॥ પ્રથમ જ્ઞાન પછી દયા રે, દશવૈકાલિક વાણ રે. ભવિ૦ ॥ ભેદ એકાવન તેહના રે સમજો ચતુર સુજાણ રે. ભવિ૦ નાણ૦ ॥ ૩ ॥

॥ દૂહો ॥

બહુ કોડો વરસે ખપે, કર્મ અજ્ઞાને જેહ ।
જ્ઞાની શ્વાસોશ્વાસમાં, કર્મ ખપાવે તેહ ॥૧૮॥

॥ ઢાળ ચૌદમી ॥

॥ હો મતવાલે સાજનાં—એ દેશી ॥

નાણુ નમો પદ સાતમે, જેહથી જાણે દ્રવ્યભાવ મેરે લાલ ॥ જાણે જ્ઞાન ક્રિયા વળી, તિમ ચેતન ને જડભાવ મેરે૦ ॥ નાણુ૦ ॥ ૧ ॥ નરક સરગ જાણે વળી, જાણે વળી મોક્ષ સંસાર. મેરે૦ ॥ હેય જ્ઞેય ઉપાદેય લહે, લહે નિશ્ચય ને વ્યવહાર. મેરે૦ ॥ નાણુ૦ ॥ ૨ ॥ નામ ઠવણ દ્રવ્યભાવ જે, વળી સગ નય ને સપ્તભંગ૦ મેરે૦ ॥ જિન મુખ પદ્મ દ્રહ થકી, લહો જ્ઞાન પ્રવાહ સુગંગ. મેરે૦ ॥ નાણુ૦॥૩॥

॥ અષ્ટમ શ્રી ચારિત્રપદ પૂજા ॥

॥ દૂહો ॥

ચારિત્રધર્મ નમો હવે, જે કરે કર્મ નિરોધ ।
ચારિત્રધર્મ જસ મન વસ્યો,
સફલો તસ અવબોધ ॥ ૧૯ ॥

॥ ઢાળ પંદરમી ॥

॥ ટુંકા અને ટોડા વચેરે, મેંદી કેરો છોડ,
મેંદી રંગ લાગ્યો—એ દેશી ॥

ચારિત્ર પદ નમો આઠમે રે, જેહથી ભવ ભય

જાય. સંયમ રંગ લાગ્યો ા સત્તર ભેદ છે જેહના રે, સીત્તોર ભેદ પણ થાય. સંયમ૦ ા ૧ ા સમિતિ ગુપ્તિ મહાવ્રત વળી રે, દશ ખંત્યાદિક ધર્મ. સંયમ૦ ા નાણુ કારય વિરતિય છે રે, અનુપમ સમતા શર્મ. સંયમ૦ ા ૨ ા બાર કષાય ક્ષય ઉપશમે રે, સર્વવિરતિ ગુણુઠાણુ. સંયમ૦ ા સંયમ ઠાણુ અસંખ્ય છે રે, પ્રણમો ભવિક સુજાણુ. સંયમ૦ ા ૩ ા

ા દૂહો ા

હરિકેશી મુનિ રાજિયો, ઉપન્યો કુલ ચંડાલ ા પણુ નિત્ય સુર સેવા કરે, ચારિત્ર ગુણુ અસરાલ ા ૨૦ ા

ા ઢાળ સોળમી ા

ા સાહિબ કબ મિલે સસનેહી પ્યારા હો સા૦—એ દેશી ા

સંયમ કબ મિલે, સસનેહી પ્યારા હો, સંયમ૦ા એ આંકણી ા ચું સમકિત ગુણુઠાણુ ગવારા, આતમસેં કરત વિચારા હો. સંયમ૦ ા ૧ ા દોષ બહેંતાલીશ શુદ્ધ આહારા, નવકલ્પી ઉગ્ર વિહારા હો. સંયમ૦ ા ૨ ા સહસ તેવીશ દોષ રહિત નિહારા, આવશ્યક દોયવારા હો. સંયમ૦ ા ૩ ા પરિસહ સહનાદિક પરકારા, એ સબ હે વ્યવહારા હો. સંયમ૦ ા ૪ ા નિશ્ચય નિજ ગુણુ

ઠરણુ ઉદારા, લહત ઉત્તમ ભવપારા હો. સંયમ૦ ॥ ૫ ॥ મોહાદિક પરભાવસે ન્યારા, દુગ નય સંયુત સારા હો. સંયમ૦ ॥ ૬ ॥ પદ્મ કહે ઇમ સુણી ઉજમાલા, લહે શિવવધૂ વરહારા હો. સંયમ૦ ॥ ૭ ॥

## ॥ નવમ શ્રી તપપદ પૂજા ॥

### ॥ દૂહો ॥

દ્રઢપ્રહારી હત્યા કરી, કીધાં કર્મ અઘોર ।
તો પણ તપના પ્રભાવથી, કાઢયાં કર્મ કઠોર ॥૨૧॥

### ॥ ઢાળ સત્તરમી ॥

॥ પુરુષોતમ સમતા છે તહારા ઘટમાં—એ દેશી ॥

તપ કરીએ સમતા રાખી ઘટમાં, તપ૦ ॥ તપ કરવાલ કરાલ લે કરમાં, અડીએ કર્મ અરિ-ભટમાં. તપ૦ ॥ ૧ ॥ ખાવત પીવત મોક્ષ જે માને, તે સિરદાર બહુ જટમાં. તપ૦ ॥ ૨ ॥ એક અચરિજ પ્રતિશ્રોતે તરતાં, આવે ભવસાયર તટમાં. તપ૦ ॥ ૩ ॥ કાલ અનાદિકો કર્મ સંગ-તિથેં, જીઉ પડિયો જયું ખટપટમાં. તપ૦ ॥૪॥ તાસ વિયોગ કરણુ એ કરણું, જેણે નવિ ભમિયે ભવતટમાં. તપ૦ ॥ ૫ ॥ હોયે પુરાણા તે કર્મ નિર્જરે, એ સમ નહિ સાધન ઘટમાં. તપ૦

॥ ૬ ॥ ધ્યાન તપે સવિ કર્મ જલાઇ, શિવવધૂ વરિયે ઝટપટમાં. તપ૦ ॥ ૭ ॥

॥ દુહા ॥

વિઘ્ન ટળે તપ ગુણ થકી, તપથી જાય વિકાર । પ્રશંસ્યો તપ ગુણ થકી, વીરે ધન્નો અણગાર ॥ ૨૨ ॥

॥ ઢાળ અઢારમી ॥

॥ સચ્ચા સાંઇ હો, કા. જોર બજાયા હો—એ દેશી ॥

તપસ્યા કરતાં હો ડંકા જોર બજાયા હો ॥ એ આંકણી ॥ ઉજમણાં તપ કેરાં કરતાં, શાસન સોહ ચઢાયા હો ॥ વીર્ય ઉલ્લાસ વધે તેણે કારણ, કર્મ નિર્જરા પાયા. તપ૦ ॥ ૧ ॥ અડસિદ્ધિ અણિમા લઘિમાદિક, તિમ લબ્ધિ અડવીસા હો ॥ વિષ્ણુકુમારાદિક પરે જગમાં, પામત જયંત જગીશા. તપ૦ ॥ ૨ ॥ ગૌતમ અષ્ટાપદગિરિ ચઢિયા, તાપસ આહાર કરાયા હો ॥ જે તપ કર્મ નિકાચિત તપવે, ક્ષમા સહિત મુનિરાયા. તપ૦ ॥ ૩ ॥ સાડા બાર વરસ જિન ઉત્તમ, વીરજી ભૂમિ ન ઠાયા હો ॥ ઘોર તપે કેવળ લહ્યા તેહના, પદ્મવિજય નમે પાયા. તપ૦ ॥ ૪ ॥

॥ કળશ ॥

॥ ધન્યાશ્રી ॥

આજ મ્હારે ત્રિભુવન સાહેબ તૂઠો, અનુભવ અમૃત વૂઠો, ॥ ગુણી અનુયાયી ચેતના કરતાં, કિશુંઅ કરે મોહ રૂઠો. ભવિ પ્રાણી હો. આજ૦ ॥ ૧ ॥ એ નવપદનું ધ્યાન ધરંતાં, નવ નિધિ ઋદ્ધિ ઘરે આવે ॥ નવ નિયાણાનો ત્યાગ કરીને, નવ ક્ષાયિક પદ પાવે. ॥ ભવિ૦ ॥ આજ૦ ॥૨॥ વિજયસિંહસૂરિ શિષ્ય અનુપમ, ગીતારથ ગુણરાગી ॥ સત્યવિજય તસ શિષ્ય વિબુધવર, કપૂરવિજય વડભાગી. ભવિ૦ ॥ આજ૦ ॥ ૩ ॥ તાસ શિષ્ય શ્રી ખિમાવિજય વર, જિનવિજય પંન્યાસ ॥ શ્રી ગુરૂ ઉત્તમવિજય સુશિષ્યો, શાસ્ત્રાભ્યાસ વિલાસ. ભવિ૦ ॥ આજ૦ ॥ ૪ ॥ ગજ વહ્નિ મદ ચંદ્ર (૧૮૩૮) સંવત્સર, મહા વદિ બીજ ગુરૂવારો ॥ રહી ચોમાસું લીંબડી નગરે, ઉદ્યમ એહ ઉદારો. ભવિ૦ ॥ આજ૦ ॥ ૫ ॥ તપગચ્છ વિજયધર્મસૂરિરાજે, શાંતિજિણંદ પસાયો ॥ શ્રી ગુરૂઉત્તમ ક્રમકજ અલિ સમ, પદ્મવિજય ગુણ ગાયો, ભવિ૦ ॥ આજ૦ ॥ ૬ ॥ ઇતિ કળશ ॥

॥ ઇતિ પંડિત શ્રી પદ્મવિજયજીકૃત શ્રી નવપદ પૂજા સમાપ્ત ॥

## ॥ અથ શ્રી નવપદ પૂજા પ્રારંભ ॥

### ॥ દૂહા ॥

ત્રીશલાનંદન વીરવિભુ, વર્ધમાન વડવીર;
સકલ જિનેશ્વર પ્રણમિયે, સાગરવર ગંભીર ॥૧॥
ગૌતમ ગણપતિ ગુણનિધિ, શાસનના શિરતાજ;
ઉગ્રતપસ્વી સદ્‌ગુરૂ, નમું કર્પૂરસૂરિરાજ ॥૨॥
શ્રુતદેવી શ્રુતદા નમી, નવપદ યંત્રાધિરાજ;
સિદ્ધચક્ર ગુણ ગાઇશું, લેવા શિવપુર રાજ ॥૩॥
અરિહંત સિદ્ધ સૂરીશ્વરા, પાઠક મુનિ ગુણવંત;
દર્શન જ્ઞાન ચારિત્ર ને, તપ છે મહિમાવંત ॥૪॥
એ નવપદના ધ્યાનથી, મયણા ને શ્રીપાળ;
સુરનર સુખડી ખાઇને, વરશે શિવ વરમાળ ॥૫॥
ઉત્તમના ગુણ ગાવતાં, પ્રકટે ગુણ વિશાળ;
તેથી રચી પૂજા લહું, અમૃત પદવી રસાળ ॥૬॥

## ॥ પ્રથમ શ્રી અરિહંત પદ પૂજા પ્રારંભ ॥

### ॥ દૂહો ॥

તપ વીશસ્થાનકનો કરી, ભવ ત્રીજે ગુણવંત;
સવિજીવ કરૂણા ભાવથી, પામે પદ અરિહંત ॥૧॥

### ॥ ઢાળ ॥

રાગ—( આવો આવો હે વીર સ્વામી, )

પૂજો પૂજો હે ભવિજન પ્યારા "નમો

અરિહંતાણં" ભવ ત્રીજે સ્થાનકતપ કરીને, તીર્થંકર પદ પાય; રાજકુલે ત્રણ જ્ઞાન સહિત જે, અવતરીયા હિતદાય. પૂજો૦ ॥ ૧ ॥ ચૌદ સુપન વર માતા દેખે, જન્મે જિન સુખદાય; ઇન્દ્ર ઇન્દ્રાણીથી મેરૂ ઉપર જસ, જન્મ ઉત્સવ ઉજવાય. પૂજો૦ ॥ ૨ ॥ ભોગ કરમ ક્ષીણ જાણી પ્રભુજી, દીક્ષા લેવા ઝટ જાય; વરસીદાન દઇ દારિદ્રય ચૂરી, સંયમ રમણી વરાય. પૂજો૦ ॥ ૩ ॥ પરિષહ સેના દૂરે હઠાવી, તપ તપતા જિનરાય; ઘાતી કરમ અરિ નાશ કરીને, કેવલજ્ઞાન લેવાય. પૂજો૦ ॥૪॥ ચોત્રીશ અતિશય જેહને છાજે, ગુણ પાંત્રીશ કહેવાય; સમવસરણમાં દેશના આપે, બાર પરખદામાંય. પૂજો૦ ॥ ૫ ॥ કરમ અઘાતિ દૂર કરંતાં, મોક્ષનગર સિધાય; એવા પ્રભુને ભાવથી પૂજતાં, નરભવ સફલો થાય. પૂજો૦ ॥ ૬ ॥ મહાગોપ મહામાહણ કહીયે, નિર્યામક સત્થવાહ: ગુરૂ કર્પૂરસૂરિ અમૃત ભાખે, લ્યો એ પ્રભુનો રાહ. પૂજો૦ ॥ ૭ ॥

ૐ હ્રીँ શ્રીँ પરમપુરૂષાય પરમેશ્વરાય જન્મ-જરામૃત્યુનિવારણાય શ્રીમતે અરિહંતપદાય જલં, ચંદનં, પુષ્પં, ધૂપં, દીપં, અક્ષતં, નૈવેદ્યં ફલં યજામહે સ્વાહા ॥

## ॥ અથ બીજી શ્રી સિદ્ધપદ પૂજા પ્રારંભ ॥

### ॥ દૂહા ॥

પંદર ભેદ છે સિદ્ધના, જિનાજિનાદિ કહેવાય;
અષ્ટ કરમ રિપુ જિતીને, અજરામર પદે જાય ॥૧॥
દોષ સકલ દૂરે કરી, અનંત ગુણ ધરનાર;
સિદ્ધપ્રભુને પ્રણમતાં, પાપ રહે ન લગાર ॥ ૨ ॥

### ॥ ઢાળ ॥

રાગ ( ભાઇ શિવપુર જઇને......)

હાંરે ભાઇ સિદ્ધપ્રભુને પૂજો એટલડો [૨] સુણો હે મારો સંદેશડો. હાંરે જેણે આઠે શત્રુને નિવાર્યા, હાંરે ચોરો ચારે છે જેહથી હાર્યા; હાંરે જેણે પાંચે ઘોડાને વાર્યા એટલડો. વાર્યા૦ સુણો૦ ॥૧॥ જે અનંત ગુણરત્ન દરિયા, જે શિવનારી સુખ વરિયા; જે પાછા ન ભવમાં ફરિયા, એટલડો. ફરિયા...સુણો૦ ॥ ૨ ॥ જે ત્રિલોક શિર પર રાજે, જેની અચિંત્ય શક્તિ વિરાજે; જે જ્ઞાન દર્શનથી છાજે, એટલડો છાજે... સુણો૦ ॥ ૩ ॥ જેની સાદિ અનંત છે સ્થિતિ, જેને નથી કોઇની ભીતિ; જેને પૂજવાની એક ન રીતિ, એટલડો રીતિ...સુણો૦ ॥ ૪ ॥ પદ "નમો સિદ્ધાણં" જપીયે, તો ભવ સમુદ્રને ટપીયે; તો સિદ્ધજાતિમાં ખપીયે, એટલડો ખપીયે... સુણો૦ ॥ ૫ ॥ સિદ્ધ

પ્રતિમા પૂજિ ગુણ ગાવે, જે કર્મ રહિત જીવ થાવે; ગુરુ કર્પૂર અમૃત તેને ધ્યાવે, એટલડો ધ્યાવે... સુણો૦ ॥ ૬ ॥

ઓઁ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય પરમેશ્વરાય જન્મ-જરામૃત્યુનિવારણાય શ્રીમતે સિદ્ધપદાય જલાદિકં યજામહે સ્વાહા ॥

## ॥ અથ ત્રીજી શ્રી આચાર્યપદ પૂજા પ્રારંભ ॥

### ॥ દૂહા ॥

સામાયિકમાં જે રહે, પાલે પંચાચાર;
જિનવર જેમ સિદ્ધાન્તનો, ભાખે અર્થ ઉદાર ॥ ૧ ॥
કુગ્રહથી જે દૂર રહે, કરે જે પર ઉપકાર;
મારગ શુદ્ધ પ્રકાશતા, જિનવર સમ નિરધાર ॥ ૨ ॥
ગુણવંત ગુરુપદ પૂજતાં, ભમિયે ન ભવમાં લગાર;
તે સૂરિવરને ભાવથી ધ્યાવો ચિત્ત મોઝાર ॥ ૩ ॥
જિન આણા લંઘે સૂરિ, તાસ ન લીજે નામ;
ભવભીરૂ જ્ઞાની સૂરિ, કીજે તાસ પ્રણામ ॥ ૪ ॥

### ॥ ઢાળ ॥

રાગ-(જૈન ધર્મકા બુલંદ સીતારા)

જૈન શાસનનો જય કરનારા, નમિયે તે સૂરિવર સુખકારા. એ અંચલી. પંચવિધ પ્રમાદ જે છોડે, પાપ કથાઓને તરછોડે; ધર્મકથા જે નિત્ય કરનારા, નમિયે૦ ॥ ૧ ॥ સારણાદિક જેહ

ગચ્છમાં કરતા, પાપતિમિર ભવિજનના હરતા; ઉપદેશ નવતત્ત્વનો દેનારા. નમિયે૦ ॥૨॥ જગમાં જિન સૂરજ વિયોગે, ચંદ્ર સમ કેવલીના અયોગે; દીપક પેરે પ્રકાશન કારા. નમિયે૦ ॥ ૩ ॥ ભવકૂપે પડતા ભવિ પ્રાણી, અવલંબે જસ રજ્જુ વાણી; જયવંત વર્તો તે સૂરિ પ્યારા. નમિયે૦ ॥ ૪ ॥ જે બહુલબ્ધિ અતિશય ધારી, શાસન પ્રભાવના કરે ભારી; નૃપ સમ જે નિશ્ચિંત્ત રહેનારા નમિયે૦ ॥ ૫ ॥ ગુરુ કર્પૂરસૂરિ અમૃત બોલે, એવા સૂરિવર જગમાં અમોલે; જે પૂજે તે શિવ વરનારા, નમિયે૦ ॥ ૬ ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મ-જરામૃત્યુનિવારણાય શ્રીમતે આચાર્યપદાય જલાદિકં યજામહે સ્વાહા ॥

## ॥ અથ ચોથી શ્રી ઉપાધ્યાય પદ પૂજા પ્રારંભ ॥

### ॥ દૂહા ॥

ગચ્છની ચિંતા જે કરે, સૂત્ર ભણાવણહાર;
સૂત્ર અર્થના જાણ જે, સ્વાધ્યાય કરનાર ॥ ૧ ॥
ભવ ત્રીજે જે શિવ લહે, આચાર્યપદ યોગ;
નમતાં પાઠક પ્રવરને, નાવે શોક ને રોગ ॥ ૨ ॥

॥ ઢાળ ॥

રાગ—(બાંધે મનસુબા દિનરાત)

પૂજિયે પાઠકવર સુખકાર. બાર અંગ સ્વાધ્યાય કરે જે, ન કરે પ્રમાદ લગાર. પૂજિયે૦ ॥ ૧ ॥ પત્થર જેવા શિષ્યોને પણ, જગ પૂજનિક કરનાર. પૂજિયે૦ ॥ ૨ ॥ મોહનાગથી મૂર્છિતોને, ચેતનતા દેનાર પૂજિયે૦ ॥ ૩ ॥ અજ્ઞાન રોગથી પીડિતોને, શ્રુતઔષધ દાતાર. પૂજિયે૦ ॥૪॥ ભાવના ચંદનરસ સમ વયણે, પાપ તાપ હરનાર. પૂજિયે૦ ॥ ૫ ॥ રાજકુંવર સમ સૂરિપદ લાયક, ગચ્છ સમાધાનકાર. પૂજિયે૦ ॥ ૬ ॥ અજ્ઞાન અંધેરથી દુઃખી લોકના, લોચન જે ખોલનાર. પૂજિયો૦ ॥ ૬ ॥ વાચના આપે શિષ્ય સમૂહને, કરવા પર ઉપકાર. પૂજિયો૦ ॥ ૭ ॥ ગુરુ કર્પૂરસૂરિ અમૃત બોલે, વાચક વર આધાર. પૂજિયો૦ ॥ ૮ ॥ એ પાઠકવર ગાવો ધ્યાવો, નાવો ગર્ભ મોઝાર. પૂજિયે૦ ॥ ૯ ॥

ઓં હ્રીં શ્રીં પરમપુરૂષાય પરમેશ્વરાય જન્મ-જરામૃત્યુનિવારણાય શ્રીમતે ઉપાધ્યાયપદાય જલાદિકં યજામહે સ્વાહા ॥

## ॥ અથ પાંચમી શ્રી સાધુ પદ પૂજા પ્રારંભ ॥

॥ દુહા ॥

જ્ઞાન દર્શન ચારિત્ર રૂપ, રત્નત્રયી ધરનાર;
મોક્ષમાર્ગને સાધતા, વંદું તે અણગાર ॥ ૧ ॥
ધર્મ શુક્લ ધ્યાન જે ધરે, દુર્ધ્યાન તજનાર;
લેઇ દીક્ષા શિક્ષા શિખે, વંદુ તે અણગાર ॥ ૨ ॥

॥ ઢાળ ॥

રાગ—( તીરથની આશાતના નવિ કરિયે)

શ્રી મુનિરાજને વંદતા નિત્ય કરિયે, હાંરે નિત્ય કરિયેરે નિત્ય કરિયે. હારે ભવસાગર શીઘ્ર તરિયે, હાંરે જાયે પાપ વિકાર. શ્રી મુનિ૦ ॥ ૧ ॥ ગુપ્તિ ત્રણ ને રત્નત્રયી જે ધરતા, હાંરે ત્રણ શલ્ય ને ગારવ હરતાં; હાંરે પાપ સાપથી જે રહે ડરતા, હાંરે નાવે દુર્ગતિદ્વાર. શ્રી મુનિ૦ ॥ ૨ ॥ ચાર વિકથા વેગલી જેહ મૂકે, હાંરે ચાર કષાય ચોરો ઝુકે, હાંરે ચાર ધર્મની દેશના ન ચૂકે, હાંરે ભવિ મંગલકાર. શ્રી મુનિ૦ ॥ ૩ ॥ પ્રકારો પાંચ પ્રમાદના જે છોડી, હાંરે શુભ માર્ગે ઇન્દ્રિયોને જોડી, હાંરે નવિ રાખે પાસે એક કોડી, હાંરે પંચ સમિતિધાર. શ્રી મુનિ૦ ॥૪॥ રક્ષા કરે ખટ્કાયની જેહ રુડી, હાંરે હાસ્યાદિક છોને ઝૂડી, હાંરે વ્રત છોની પાસે રાખે મૂડી, હાંરે વંદુ તે અણગાર.

શ્રી મુનિ૦ ॥૫॥ સાતે ભયોનો ભય જેહથી ભાગે, હાંરે આઠ મદોના દર્પને ત્યાગે; હાંરે નવ બ્રહ્મગુપ્તિ ધરે રાગે, હાંરે દશ ધર્મ પ્રકાર. શ્રી મુનિ૦ ॥ ૬ ॥ સત્તર પ્રકારો સંયમના જે આરાધે, હાંરે દેશકાલ અનુસારે સાધે; હાંરે જિન આણા કદી ન વિરાધે, હાંરે પૂજા તેની શ્રીકાર. શ્રી મુનિ૦ ॥ ૭ ॥ ગુરૂ કર્પૂરસૂરિ અમૃત એમ ભાખે, હારે એવા મુનિવર મનમાં જે રાખે; હાંરે તે શાન્તસુધારસ ચાખે, હાંરે ધન તસ અવતાર. શ્રીમુનિ૦ ॥ ૮ ॥

ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરૂષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુનિવારણાય શ્રીમતે પંચમસાધુપદાય જલાદિકં યજામહે સ્વાહા ॥

## ॥ અથ છટ્ઠી દર્શનપદ પૂજા પ્રારંભ ॥

### ॥ દૂહા ॥

સમ્યગ્ દર્શન જે ધરે, તસ ભવ લેખે જાય;
તે વિના સંસારમાં, અધોગતિ જીવની થાય ॥૧॥
સમકિત વિણ ક્રિયા સવિ, અલ્પ ફલ દેનાર;
સવિ ક્રિયા સમક્તિ યુત, શિવફલની દાતાર ॥૨॥
તત્વરૂચિ સમકિત કહ્યું, રત્ન દીપકની સમાન;
મનોમંદિરમાં ધારિયે, સવિ સુખનું એ નિદાન ॥૩॥

॥ ઢાળ ॥

રાગ. (પંખીડા જાજે વીરાના દેશમાં)

દરિસણ પૂજો અનંત સુખખાણરે, જેથી અનંત દુઃખ હાણરે. દરિસણ૦ વીતરાગદેવ ને શુદ્ધગુરૂ પ્યારા, વીતરાગધર્મ સાચો જાણરે. દરિસણ૦ ॥ ૧ ॥ જીવાજીવાદિ તત્ત્વોની રૂચિ જે, હૈયે ધરે તે સુજાણ રે. દરિસણ૦ ॥ ૨ ॥ વીતરાગ વાણીને મિથ્યા જે માને, તે મિથ્યાત્વનું ઠાણરે. દરિસણ૦ ॥ ૩ ॥ જ્ઞેય હેય ને ઉપાદેયના વિભાગમાં, માનીયે પ્રભુજીની વાણરે. દરિસણ૦ ॥ ૪ ॥ બોલ સડસઠ જે પાળે સમકિતના; શિવવધૂ માને તેની આણરે. દરિસણ૦ ॥ ૫ ॥ ગુરૂ કર્પૂરસૂરિ અમૃત ભાખે, સમકિતીનું સાચું નાણરે. દરિસણ૦ ॥ ૬ ॥

ઓં હ્રીં શ્રીં પરમપુરૂષાય પરમેશ્વરાય જન્મ-જરામૃત્યુનિવારણાય શ્રીમતે દર્શનપદાય જલાદિકં યજામહે સ્વાહા ॥

॥ અથ સાતમી શ્રી જ્ઞાનપદ પૂજા પ્રારંભ ॥

॥ દૂહા ॥

સકલ ક્રિયાનું મૂલ જે, સમ્યગ્ દર્શન સાર;
તેહનું પણ મૂલ જાણીયે, સમ્યગ્ શ્રુત શ્રીકાર ॥૧॥
ચાર મૂંગાશ્રુત જાણીયે, સ્વપર પ્રકાશક જેહ;
ભાવ ધરીને વંદિયે, ચૌદ પ્રકારે તેહ ॥૨॥

॥ ઢાળ ॥

રાગ–(રૂડો લાગે છે પ્રભુ ત્હારો ધજાગરો)

સોનાનો સૂરજ આજ મારે ઉગીયો, ભવિજન પરમ આધાર રે, શ્રુત જ્ઞાન ટાળે અંધાર રે. ॥ ૧ ॥ જીવાજીવાદિ નવ તત્ત્વ સંબોધ રે, જેહથી હોય અપાર રે. શ્રુત૦ ॥ ૨ ॥ ભક્ષ્ય અભક્ષ્ય ને પેયાપેયાદિનો, લહિએ જેનાથી વિચારરે. શ્રુત૦ ॥ ૩ ॥ સમ્યગ્ શ્રુતજ્ઞાન પંચ જ્ઞાનમાંહે, સ્વપર પ્રકાશનકાર રે. શ્રુત૦ ॥ ૪ ॥ બાર અંગ રૂપ સમ્યગ્ શ્રુતજ્ઞાન જે, કરે દીપ જેમ ઉપકાર રે, શ્રુત૦ ॥ ૫ ॥ જેના બલે લોક લોકસાં પૂજાય છે, તે શ્રુતજ્ઞાન શ્રીકાર રે. શ્રુત૦ ॥ ૬ ॥ ગુરુ કર્પૂરસૂરિ અમૃત બોલે, વંદો પૂજો એ નરનાર રે. શ્રુત૦ ॥ ૭ ॥

ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરૂષાય પરમેશ્વરાય જન્મ-જરામૃત્યુનિવારણાય શ્રીમતે જ્ઞાનપદાય જલાદિકં યજામહે સ્વાહા ॥

॥ અથ આઠમી શ્રી ચારિત્ર પદ પૂજા પ્રારંભ ॥

॥ દૂહા ॥

ચારિત્ર વિણુ મુક્તિ નહિ, તેહ વિના નહિ સુખ;
તે માટે ચારિત્ર લહો, જાય જેથી ભવ દુઃખ ॥૧॥

રાજ ઋદ્ધિ રમણી તજી, દીક્ષા લહે મહાભૂપ;
તેનું શરણ સ્વિકારીએ, તો ન પડો ભવ કૂપ ॥૨॥
ચારિત્ર ફલ છે જ્ઞાનનું, તેથી કેવલનાણ;
સર્વ સંવર તેથી લહી, લહીયે અવિચલ ઠાણ ॥૩॥

॥ ઢાળ ॥

રાગ–( હો મનમાન્યા મોહનજી )

પ્રભુ તુમ આણા શિરે વહિશું રે. હો મનમાન્યા મોહનજી. અમે ચારિત્ર ભાવથી લહિશું રે; હો મનમાન્યા મોહનજી. નહિ એ વિણ ભવનો અંતો રે, હો મન૦ પદ પૂજિયે એથી એ સંતોરે, હો મન૦ ॥ ૧ ॥ સાધુ પાળે સર્વ વિરતિરે, હો મન૦ પાળે શ્રાવક દેશવિરતિરે; હો મન૦ ચારિત્રથી દર્શન નાણોરે, હો મન૦ ફળે પૂરણ ચતુર સુજાણો રે, હો મન૦ ॥ ૨ ॥ ચારિત્રના પાંચ પ્રકારો રે, હો મન૦ સામાયિક આદિ વિચારો રે; હો મન૦ એક એકથી અતિ ફલ આપે રે, હો મન૦ જે કર્મ સકલ મેલ કાપેરે. હો મન૦ ॥ ૩ ॥ લઈ પ્રભુએ પાળી દેખાડયું રે, હો મન૦ દઈ ભવિનું દુઃખ મટાડયું રે; હો મન૦ જેથી રંકચક્રિ સમ હોવેરે, હો મન૦ જે લે નહિ તે લાભ ખોવેરે, હો મન૦ ॥ ૪ ॥ એહ જગમાં એહીજ સારોરે. હો મન૦ પ્રભુ એહ છે

ભવ અસારોરે; હો મન૦ સ્વારથીઓ સૌ સંસારો રે, હો મન૦ પ્રભુ ચરણ છે તારણહારોરે, હો મન૦ ॥ ૫ ॥ ગુણ ચરણના અપરંપારોરે, હો મન૦ તે કહેતાં નાવે પારોરે, હો મન૦ ગુરૂ કર્પૂર અમૃત આધારો રે, હો મન૦ મળો ભવોભવ ગુણ એ શ્રીકારોરે, હો મન૦ ॥ ૬ ॥

ઓઁ હ્રીઁ શ્રીઁ પરમપુરૂષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુનિવારણાય શ્રીમતે ચારિત્રપદાય જલાદિકં યજામહે સ્વાહા ॥

## ॥ અથ નવમી શ્રી તપપદ પૂજા પ્રારંભ ॥

### ॥ દુહા ॥

બાહ્ય અભ્યંતર તપ કહ્યું, તેહના બાર પ્રકાર;
એક એકથી ફલ અધિક દે, તે વંદું હું અપાર ॥૧॥
તપ તપતાં વિઘ્નો હરે, દેવો પણ વશ થાય;
ઋદ્ધિ સિદ્ધિ લબ્ધિ મળે, દુઃખ દોહગ પણ જાય ॥૨॥

### ॥ ઢાળ ॥

રાગ (ભાતરકા ડંકા)

જિનશાસનના તપનો ડંકો, જગમાં વાગે જિનરાજ બળે; જેથી કર્મ પુરાણાં ખૂબ ખરે, તેહ નમતાં વાંછિત સુખ મળે ॥ ૧ ॥ પ્રભુ તે ભવ નિજ મુક્તિ જાણે, વળી વર્તે છે પ્રભુ ચઉનાણે; કરે તપ તે પણ જિન કેમ ? ચળે, તેહ૦

॥ ૨ ॥ બહુ નિકાચિત પણ કર્મ ખપે, ક્ષાન્તિ પૂર્વક જો તપ તપે; જેથી વિઘ્ન પરંપરા શીઘ્ર ટળે, તેહ૦ ॥ ૩ ॥ જેમ કંચન અગ્નિ શુદ્ધ કરે, તેમ તપ આતમ અશુદ્ધિ હરે; ક્ષણવારમાં જીવ શિવ સાથે હળે, તેહ૦ ॥ ૪ ॥ તપ કલ્પ-તરૂ સમ છે દાતા, ભવિજીવને આપે શિવસાતા; ક્ષણ એકમાં પાપ સમૂહ ગળે, તેહ૦ ॥ ૫ ॥ ગુરૂ કર્પૂરસૂરિ અમૃત ભાખે, એ તપનો રસ જે ભવિ ચાખે; તસ ચરણે સુરનર ઇશ ઢળે, તેહ૦ ॥ ૬ ॥

॥ કલશ ॥

રાગ –(જિનવર પરમ દયાળ)

નવપદ જગમાં સાર, ભવિયાં નવપદ જગમાં સાર; એ છે મંગલકાર, ભવિયાં એ છે મંગલકાર. એહ આરાધી સિદ્ધ થયા ને, થાશે અપરંપાર. ભવિયાં૦ નવપદતપનો મહિમા મોટો, કહેતાં નાવે પાર. ભવિયાં૦ ॥૧॥ વિધિપૂર્વક આરાધના કરતાં, ઋદ્ધિ સિદ્ધિ વિસ્તાર ભવિયાં૦ તપફલવૃદ્ધિ કરતાં ઉજમણું, શાસન શોભા અપાર. ભવિયાં૦ ॥ ૨ ॥ તપગચ્છ-નાયક બુદ્ધિવિજયજી, બુદ્ધિતણા ભંડાર. ભવિયાં૦ ગણી પંન્યાસ શ્રી આણંદવિજયજી, હર્ષવિજય હર્ષકાર. ભવિયાં૦ ॥ ૩ ॥ પંન્યાસ પ્યારા પુષ્પ-વિજયજી, બાલપણે બ્રહ્મધાર. ભવિયાં૦ તસ અનુજ

શ્રી કર્પૂરસૂરીશ્વર, ઉગ્ર તપ તપનાર. ભવિયાં૦ ॥ ૪ ॥ તસ શિષ્યે એ પૂજા બનાવી, આતમને હિતકાર. ભવિયાં૦ તપગચ્છરાજા શ્રીસિદ્ધિસૂરીશ્વર, રાજ્યે શાસન જયકાર. ભવિયાં૦ ॥ ૫ ॥ દોય સહસ ચાર આસો માસે, પ્હેલી પુનમ રવિવાર; ભવિયાં૦ પૂર્ણ કરી કાશીપુરા ઉપાશ્રયે, બોરસદ પુર મોઝાર. ભવિયા૦ ॥ ૬ ॥ આદિ શાન્તિ ને પાર્શ્વ પ્રભુજી, શિવસુખના દાતાર; ભવિયાં૦ તાસ પસાયે સંઘમાં વર્તો, આનંદ મંગલ શ્રીકાર. ભવિયાં૦ ॥ ૭ ॥ શ્રી નવપદની પૂજા ભણાવી, સફલ કરો અવતાર; ભવિયાં૦ ભણે ભણાવે ને સૂણે એ પૂજા, તસ પાર્શ્વ શ્રી નિરધાર. ભવિયાં૦ ॥ ૮ ॥ એ નવપદજીને પૂજી વધાવો, અક્ષત અખંડે મનોહાર. ભવિયાં૦ ભાવ ધરી નિત્ય નિત્ય ગુણ ગાવો; લેવા પદામૃત સાર. ભવિયાં૦ ॥ ૯ ॥

ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરૂષાય પરમેશ્વરાય જન્મ-જરામૃત્યુનિવારણાય શ્રીમતે તપપદાય જલાદિકં યજામહે સ્વાહા ॥

## ॥ શ્રી નવપદજીની આરતિ ॥

રાગ-( તીરથની આશાતના નવિ કરીએ )

શ્રી નવપદની આરતિ પ્રેમે કરિયે, હાંરે પ્રેમે

કરિયે તો પાતિક હરિયે, હાંરે ભવસમુદ્ર હેલા તરિએ, હાંરે નાવો ભવમાં ફેર. શ્રી નવપદની૦ ॥ ૧ ॥ શ્રી અરિહંતની આરતિ પ્હેલી કીજિયે, હાંરે જેના બાર ગુણો સૂણી રીજિયે; હાંરે ભવિ દાન સુપાત્રે દીજિયે, હાંરે મંગલ ઘેર ઘેર. શ્રી નવપદની૦ ॥ ૨ ॥ શ્રીસિદ્ધપ્રભુની આરતિ સિદ્ધિ આપે, હાંરે જન્મ મરણની બેડી કાપે; હાંરે સુખ આત્મિક લહિયે અમાપે, હાંરે જઇએ શિવશાહેર. શ્રી નવપદની૦ ॥ ૩ ॥ "શ્રીસૂરિ પાઠક" આરતિ આનંદકારી, હાંરે રાજ યુવરાજપદના એ ધારી; હાંરે જિન શાસન પ્રકાશકારી, હાંરે મુનિ ના રાખે વેર. શ્રી નવપદની૦ ॥ ૪ ॥ દર્શન જ્ઞાન ચારિત્ર તપ દિલ આણો, હાંરે ચાર ધર્મ ધર્મી પંચ જાણો, હાંરે એને સેવો ચતુર સુજાણો, હાંરે નવિ રાખો ઝેર, શ્રી નવપદની૦ ॥ ૫ ॥ ગુરૂ કર્પૂરસૂરિ અમૃત એમ ભાખે, હાંરે એનો આરાધના રસ ચાખે; હાંરે નવિ મનડાથી એ દૂર રાખે, હાંરે તો સંઘમાં લ્હેર. શ્રી નવપદની૦ ॥ ૬ ॥

## ॥ મંગલ-દીવો ॥

રાગ-( જિનવર પરમ દયાળ )

નવપદ મંગલકાર, ભવિયાં, નવપદ મંગલકાર.
સિદ્ધ થયા કોઇ જે સિદ્ધ્ધ થાશે, એ નવપદ

આધાર. ભવિયાં૦ ॥ ૧ ॥ એક એક વિના એક નવિ રહે એ, એ નવપદ જગસાર. ભવિયાં૦ ॥૨॥ એ નવપદના સ્નાત્રન્હવણથી, રોગ શોગ ન રહે લગાર. ભવિયાં ॥ ૩ ॥ એ નવપદરૂપ ધ્યાનાનલથી. કર્મ દહે નિરધાર. ભવિયાં૦ ॥ ૪ ॥ એ નવપદનો મહિમા મોટો, કહેતાં કોણ? પામે પાર. ભવિયાં૦ ॥ ૫ ॥ સુખ પામ્યા એ નવપદ ધ્યાને, શ્રીમયણાને શ્રીપાળ. ભવિયાં૦ ॥ ૬ ॥ શાન્ત દાન્ત ને જિતેન્દ્રિય જે, આરાધન કરનાર. ભવિયાં૦ ॥ ૭ ॥ કર્મવિદારણ એ તપ શુરો, ભવ્ય આરાધનકાર. ભવિયાં૦ ॥ ૮ ॥ મંગલદીવો આરતિ કરતાં મંગળ વર્તો અપાર. ભવિયાં૦ ॥ ૯ ॥ ગુરૂ કર્પૂરસૂરિ અમૃત બોલે, સફલ કરો અવતાર. ભવિયાં૦ ॥ ૧૦ ॥

# ॥ શ્રી અરિહંત પદ પૂજા ॥

### ॥ દૂહા ॥ પીઠિકા ॥

સિદ્ધારથ નંદન વિભુ, શ્રી મહાવીર વર્ધમાન;
નમું ગણપતિ ગૌતમ પ્રભુ, ભાવધરી બહુમાન ॥૧॥
ગુરુ કર્પૂરસૂરિ નમી, સમરી સરસ્વતી માત;
અરિહંત પદ પૂજા રચું, કરવા કર્મારી ઘાત ॥૨॥
જલ ચંદન કુસુમે વળી, ધૂપ દીપ અભિરામ;
અક્ષત નૈવેદ્ય ફલ થકી કરીયે પૂજા નિષ્કામ ॥૩॥

ચ્યવન જન્મ દીક્ષા તથા, કેવલનાણ નિર્વાણ;
ત્રૈકાલિક સવિ જિનપના, ભાખ્યા પંચકલ્યાણ ॥૪॥
કલ્યાણક મહોત્સવ કરે, હરિ પેરે શ્રાવક જેહ;
સુરનરનાં સુખ ભોગવી, લહે પંચમી ગતિ તેહ ॥૫॥

॥ અથ ચ્યવનકલ્યાણકે પ્રથમ પૂજા ॥

॥ દૂહા ॥

સ્થાનક વીશનો તપ કરી, જે બાંધે જિન નામ;
ભવજલ તારક તે પ્રભુ, કરીએ તાસ પ્રણામ ॥૧॥

॥ ઢાળ ॥

રાગ—(આવો આવો હે વીરસ્વામી)

ધ્યાવો ધ્યાવો હે ભવિજન પ્યારા નમો અરિહંતાણં; અરિહંત સિદ્ધ શ્રી પ્રવચન સૂરિ, સ્થવિર વાચક સુખકાર; સાધુ જ્ઞાન દર્શન સુવિનય ને, ચારિત્ર બ્રહ્મ વ્રતધાર ધ્યાવો૦ ॥ ૧ ॥ ક્રિયા તપ ગૌતમ શ્રી જિન ને, સંયમ અભિનવ નાણ; શ્રુત તીર્થ વીશ પદ જે આરાધે, ભાવ દયા ગુણ ખાણ. ધ્યાવો૦ ॥ ૨ ॥ શાસન પ્રેમી સવિજીવ કરૂં હું, જો મારી શકિત હોય, શુભ ભાવે એમ ભવ ત્રીજે એ, જિનપદ બાંધે કોય. ધ્યાવો૦ ॥ ૩ ॥ વચમાં ભવ એક દેવ નારકનો, ફરી આવે નરલોક; મતિ શ્રુત અવધિ જ્ઞાની પ્રભુને, શક્ર સ્તવે સુરલોક. ધ્યાવો૦ ॥ ૪ ॥ નારકીઓ

પણ ક્ષણ સુખ પામે, એ પ્રભુ પુણ્ય પસાય; ગર્ભ-થકી પણ અહો પ્રભુજી એ, સકલજીવ સુખદાય. ધ્યાવો૦ ॥૫॥ ચૌદ સુપનવર માતા દેખી, હરખે હૈયે અપાર; જગ દીપક ધારક જિન માતા, નમીએ વારંવાર. ધ્યાવો૦ ॥૬॥ પરમેષ્ઠી પદ જાપ જપે જે, ચ્યવન કલ્યાણકે એહ; ગુરુ કર્પૂર-સૂરિ અમૃત ભાખે, ગર્ભમાં નાવે તેહ. ધ્યાવો. ॥૭॥

ચક્રુર્મહોત્સવં શક્રાઃ, યસ્ય કલ્યાણપર્વસુ ।
તં નમામિ જિનાધીશં શિવસૌખ્યાય સર્વદા ॥૧॥

॥ મંત્ર ॥

ઓઁ હ્રીઁ શ્રીઁ પરમપુરૂષાય પરમેશ્વરાય દેવાધિદેવાય શાશ્વત્સૌખ્યદાયકાય શ્રીમતે પ્રથમ પરમેષ્ઠિને જન્મજરામૃત્યુનિવારણાર્થં જલં ચંદનં પુષ્પં ધૂપં દીપં અક્ષતં નૈવેદ્યં ફલં યજામહે સ્વાહા ॥

॥ અથ જન્મકલ્યાણકે દ્વિતીયા પૂજા ॥

॥ દૂહા ॥

ગર્ભ સ્થિતિ પૂરી થએ, સાત શુભ ગ્રહ માંય;
કરે પક્ષી જય જય તદા, જન્મે જિનસુખદાય ॥૧॥

॥ ઢાળ ॥

રાગ—( વીર જિણંદ જગત ઉપકારી )

જિન જનમ જગ જય જયકારી, આનંદ

મંગલકારીજી; છપ્પન દિગ્કુમારી હુલરાવે, પ્રભુ-જીના ગુણગાનકારીજી. જિન૦ ॥ ૧ ॥ ઇન્દ્રો ચોસઠ મેરૂ પર જઇને, જિનજીને ખૂબ નવરાવેજી; અહો આશ્ચર્ય એ જગમાં મોટું, નિર્મલતા નિજ પાવેજી. જિન૦ ॥ ૨ ॥ પ્રતિબિંબ સંહરી જિનવર થાપે, આવીને માતાની પાસેજી; અશુભ જે ચિંતવે જિન માતાનું, મસ્તક તસ છેદાશેજી. જિન૦ ॥ ૩ ॥ ભક્તિ ભાવે એમ કહીને ઇન્દ્રો, નંદીશ્વર દ્વીપે જાવેજી; કરી અટ્ઠાઈ મહોત્સવ પ્રભુનો, નિજ નિજ કલ્પે સિધાવેજી. જિન૦ ॥ ૪ ॥ જિન કલ્યાણક મહોત્સવ ઉજવે, એણી પેરે જે ભવિ પ્રાણીજી; ગુરુ કર્પૂરસૂરિ અમૃત ભાખે, તે વરે શિવ પટરાણીજી. જિન૦ ॥ ૫ ॥

ચક્રુર્મહોત્સવં શક્રાઃ, યસ્ય કલ્યાણપર્વસુ ।
તં નમામિ જિનાધીશં, શિવસૌખ્યાય સર્વદા ॥૧॥

॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરૂષાય પરમેશ્વરાય દેવાધિદેવાય શાશ્વત્સૌખ્યદાયકાય શ્રીમતે પ્રથમપરમેષ્ઠિને જન્મજરામૃત્યુનિવારણાર્થં જલં ચંદનં પુષ્પં ધૂપં દીપં અક્ષતં નૈવેદ્યં ફલં યજામહે સ્વાહા ॥

## ॥ અથ જન્મકલ્યાણકે તૃતીયા પૂજા ॥

### ॥ દૂહા ॥

ત્રિભુવનપતિ શ્રી જિનપતિ, જન્મ અતિશય ચાર;
લોકોત્તર દેવ પૂજીએ, સફલ કરો અવતાર ॥ ૧ ॥
ૐ હ્રીઁ અર્હતે નમઃ જપો, જન્મકલ્યાણકે એહઃ
ભાવ ધરી જપતાં થકાં, લક્ષ્મી આવે નિજ ગેહ ॥૨॥

### ઢાળ

રાગ–( મૈં કૈસે આવું પ્રભુજી. )

તું પૂજી લેને ભવિક પ્રભુજી જિનરાજ. દુર્લભ સજજન સંગ સંસારે, તરણ તારણ એ ઝહાજ. તું પૂજી૦ ॥ ૧ ॥ કાયા સુગંધી નીરોગી જેહની, પ્રસ્વેદ મેલ હીન રાજ. તું પૂજી૦ ॥ ૨ ॥ કમલ સુગંધ જેવો શ્વાસ છે જેહનો, શરણું લહો તેનું આજ. તું પૂજી૦ ॥ ૩ ॥ ક્ષીર જેવું જેનું લોહી ને માંસ છે, અદ્ભુત ત્રિભુવન રાજ. તું પૂજી૦ ॥ ૪ ॥ આહાર નિહારનો વિધિ ન દેખે, ચર્મચક્ષુ મહારાજ. તું પૂજી૦ ॥ ૫ ॥ એવા પ્રભુ મેં તો ક્યાંય ન દીઠા, સુરપતિ એ શિરતાજ. તું પૂજી૦ ॥ ૬ ॥ જિન જનમથી સનાથ થઇએ, સેવાથી સરસે કાજ. તું પૂજી૦ ॥ ૭ ॥ ગીત નૃત્ય ભક્તિ રાવણ પેરે, કરતાં આણો નવિ લાજ. તું પૂજી૦ ॥ ૮ ॥ એ પ્રભુ પૂજાના જેહ વિરોધી,

લેશે તે દુર્ગતિ રાજ. તું પૂજી૦ ॥ ૯ ॥ ગુરુ કર્પૂરસૂરિ અમૃત ભાખે, પ્રભુ પૂજાથી શિવરાજ. તું પૂજી૦ ॥ ૧૦ ॥

ચક્રુર્મહોત્સવં શક્રાઃ યસ્ય કલ્યાણપર્વસુ ।
તં નમામિ જિનાધીશં શિવસૌખ્યાય સર્વદા ॥૧॥

॥ મંત્ર ॥

ઓં હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય દેવાધિદેવાય શાશ્વત્સૌખ્યદાયકાય શ્રીમતે પ્રથમ પરમેષ્ઠિને જન્મજરામૃત્યુનિવારણાર્થં જલં ચંદનં પુષ્પં ધૂપં દીપં અક્ષતં નૈવેદ્યં ફલં યજામહે સ્વાહા ॥

॥ અથ દીક્ષાકલ્યાણકે ચતુર્થી પૂજા ॥

॥ દૂહા ॥

દીક્ષા અવસર જાણીને, આવે લોકાન્તિક દેવ;
જગત હિતકારક તીર્થને, વર્તાવો મહાદેવ ॥૧॥
સંયમ અવસર જોઇને, અવધિજ્ઞાની જિન;
અનુકંપાદાન દેઇને, સંતોષે સવિ દીન ॥૨॥
રાજ ઋદ્ધિ રમણી તજે, તજે સંસાર અસાર;
ભોગ કરમ ક્ષીણ જાણીને, વરે સંયમ શુભનાર ॥૩॥

॥ ઢાળ ॥

રાગ–( મેરા જીવકા નાથ જિણંદા પાયા )

તુમે પૂજજો શ્રી જિન રાયા પાયા, તુમે

પૂજજો ત્રિજગ રાયા ભાયા. દીક્ષા લેઈ ચતુર્જ્ઞાની થયા જે, જેણે છોડી જગતની સર્વ માયા. તુમે૦ ॥ ૧ ॥ ભૂમિ પેરે સવિ સહન કરે જે, કરે રક્ષા કૃપાળુ પ્રાણી નિકાયા તુમે૦ ॥ ૨ ॥ મેરૂ પેરે જે અડગ રહીને, ધરે ધ્યાન સદા મુનિરાય રાયા. તુમે૦ ॥ ૩ ॥ ભારંડની પેરે અપ્રમત્ત જે, રહે સાવધાન મારવા કર્મ રાયા. તુમે૦ ॥ ૪ ॥ કમલ પેરે જે નિર્લેપ પ્રભુજી, જેનું ધ્યાન ધરે યોગીરાય રાયા. તુમે૦ ॥ ૫ ॥ વાસી ચંદનમાં સમ પરિણામી જે, જેને ક્રોધ ન માન ન લોભ માયા. તુમે૦ ॥ ૬ ॥ અનુપમ જ્ઞાની જે અનુપમ ધ્યાની, જેને અનુપમ પ્રવચન આઠે માયા. તુમે૦ ॥ ૭ ॥ એ પ્રભુના ગુણો કેટલા ગાઉં ? કહેતાં કવિરાજ કોઇના પાર પાયા. તુમે૦ ॥ ૮ ॥ દીક્ષા કલ્યાણકે નમો નાથાયનો, ભાવે જપિયે સદા જાપ શર્મદાયા. તુમે૦ ॥ ૯ ॥ ગુરૂ કર્પૂરસૂરિ અમૃત બોલે, એ પ્રભુ ભજતાં આનંદ આયા. તુમે૦ ॥ ૧૦ ॥

ચક્રુર્મહોત્સવં શક્રાઃ, યસ્ય કલ્યાણપવસુ ૧
તં નમામિ જિનાધીશં, શિવસૌખ્યાય સર્વદા ॥૧॥

॥ મંત્ર ॥

ઓઁ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય પરમેશ્વરાય દેવાધિદેવાય શાશ્વત્સૌખ્યદાયકાય શ્રીમતે પ્રથમ પરમે-

ષ્ઠિને જન્મજરામૃત્યુનિવારણાર્થં જલં ચંદનં પુષ્પં ધૂપં દીપં અક્ષતં નૈવેદ્યં ફલં યજામહે સ્વાહા ॥

## ॥ અથ કેવલજ્ઞાન કલ્યાણકે પંચમી પૂજા ॥

### ॥ દૂહા ॥

ધર્મ ધ્યાન ધ્યાતાં પ્રભુ, ધ્યાવે શુકૂલ ધ્યાન;
ઘાતી કરમનો ક્ષય કરી, પામે કેવલજ્ઞાન ॥૧॥
દોષ અઢાર રહિત પ્રભુ, અનંત ગુણ ધરનાર;
એ પ્રભુ પાદ પદ્મની પૂજા, પંચમી ગતિ દેનાર ॥૨॥
જાણે લોકાલોકના, સમકાલે સવિ ભાવ;
આશ્રિત જનને તારવા, એ છે અનુપમ નાવ ॥૩॥

### ॥ ઢાળ ॥

રાગ —(લાગી લગન મુને ત્હારી.)

એ પ્રભુ શિવસુખકારી, ઓ ભવિક પ્યારા, એ પ્રભુ૦ એ પ્રભુ જગ જયકારી, ઓ ભવિક૦ પ્યારા. એ પ્રભુ૦ ઘાતી કરમના નાશથી ઉપન્યા, અતિશય અગીયાર ધારી. ઓ ભવિક૦ દેશના ભૂમિકા જેહની જાણો, યોજન એક મનોહારી. ઓ ભવિક૦ ॥ ૧ ॥ પીડા રહિત કોટી માનવ દેવો, દેશના સુણે શિવકારી. ઓ ભવિક૦ નિજ નિજ ભાષામાં સમજે છે સહુએ, પ્રભુવાણી ગુણધારી. ઓ ભવિક૦ ॥ ૨ ॥ ભામંડલ કાન્તિ

જગમગે તેજે, બાર સૂરજ જિતનારી. ઓ ભવિક૦ રોગ ઉરગની પંચ શત ગાઉમાં, પીડા ન જન દુઃખકારી. ઓ ભવિક૦ ॥૩॥ વૈર વિરોધને ભૂલી જઇને, સાથે બેસે શિકારી. ઓ ભવિક૦ અતિ-વૃષ્ટિ ઇતિ મારી અનાવૃષ્ટિ, દુષ્કાળ રાજ ભયવારી. ઓ ભવિક૦ ॥૪॥ એવા પ્રભુની મળે તો ચાકરી, જો હોય ભાગ્ય શુભકારી. ઓ ભવિક૦ વિના ચાકરીએ ભાખરી કયાંથી? કયાંથી શિવ-ગતિનારી? ઓ ભવિક૦ ॥ ૫ ॥ નમઃ સર્વજ્ઞાયનો જાપ જપિયે, પંચમ જ્ઞાન દાતારી. ઓ ભવિક૦ ગુરુ કર્પૂરસૂરિ અમૃત જંપે, પૂજો એ પ્રભુ નરનારી. ઓ ભવિક૦ ॥ ૬ ॥

ચક્રુર્મહોત્સવં શક્રાઃ, યસ્ય કલ્યાણપર્વસુ ।
તં નમામિ જિનાધીશં, શિવસૌખ્યાય સર્વદા ॥૧॥

॥ મંત્ર ॥

ઓઁ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય પરમેશ્વરાય દેવાધિદેવાય શાશ્વતસૌખ્યદાયકાય શ્રીમતે પ્રથમ-પરમેષ્ઠિને જન્મજરામૃત્યુનિવારણાર્થં જલં ચંદનં પુષ્પં ધૂપં દીપં અક્ષતં નૈવેદ્યં ફલં યજામહે સ્વાહા ॥

## ॥ અથ કેવલજ્ઞાનકલ્યાણકે ષષ્ઠી પૂજા ॥

### ॥ દૂહો ॥

દેવકૃત અતિશય જેહને, ઓગણીશ નિરધાર;
તે જિનવરને પૂજિયે, જગગુરુ જગદાધાર ॥ ૧ ॥

### ॥ ઢાળ ॥

રાગ–માલકોષ ( ક્યું કર ભક્તિ કરૂં પ્રભુ તેરી. )

એ પ્રભુ પૂજો સદા સુખકારી, શ્રી જિનપૂજા વિના ભવ એળે, જાય ચેતો નરનારી. એ૦ ॥૧॥ ધર્મ ચક્ર જેની આગે ચાલે, તે ધર્મચક્રી પદ ચારી. એ૦ ॥ ૨ ॥ જેની બે બાજુ ચામરો ચાલે, ભવિજન મનમોદકારી. એ૦ ॥ ૩ ॥ રત્ન સિંહાસન ચાલે જેની નીચે, તે પ્રભુ મંગલકારી. એ૦ ॥ ૪ ॥ પ્રભુ મસ્તક પર છત્રો પ્રકાશે, પ્રભુ જગપતિ હિતકારી. એ૦ ॥ ૫ ॥ ઇન્દ્રધ્વજ ચાલતો બોલે આગે, સ્વામી એ માનો જયકારી. એ૦ ॥ ૬ ॥ પાંચ અતિશય ગગને એ ચાલે, વિચરે જ્યાં પ્રભુ ઉપકારી. એ૦ ॥ ૭ ॥ સ્વર્ણ કમલ પર પ્રભુજી ચાલે, ગઢ ત્રણ જેને મનોહારી. એ૦ ॥ ૮ ॥ ધર્મ ચતુર્ધા કહેવાને હોય શું ? ચાર મુખે દેશનાકારી. એ૦ ॥ ૯ ॥ થાપે ત્રણ પ્રતિમા દેવતાઓ, ઉત્થાપે બહુલ સંસારી. એ૦ ॥ ૧૦ ॥ અશોક વૃક્ષથી શોક દૂર થાએ, કાંટા

અધોમુખકારી. એ૦ ॥ ૧૧ ॥ વૃક્ષો પણ નમે ત્રિભુવન નાથને, દુંદુભિ વાગે સુસારી. એ૦ ॥ ૧૨ ॥ શીતલ સુગંધિ વાયુ વડે વળી, જોજન ભૂમિ શુદ્ધિકારી. એ૦ ॥ ૧૩ ॥ પંખીઓ પણ દે પ્રભુને પ્રદક્ષિણા, ગંધોદક વૃષ્ટિકારી. એ૦ ॥ ૧૪ ॥ જલથલના પંચવર્ણી સુગંધિ, સુર ફુલ વૃષ્ટિકારી. એ૦ ॥ ૧૫ ॥ કેશ નખ મુછ ને દાઢી વધે નહિ, કોટી દેવો સેવાકારી. એ૦ ॥ ૧૬ ॥ છોએ રૂતુઓ પણ અનુકુલ વર્તે, પ્રભુ સવિ અતિશય ધારી. એ૦ ॥ ૧૭ ॥ એવા પ્રભુના ચરણે જો રહીએ, મોહ કોહ લોહ નિવારી. એ૦ ॥ ૧૮ ॥ ગુરુ કર્પૂરસૂરિ અમૃત ભાખે, તે વરે શિવ વધૂ પ્યારી. એ૦ ॥ ૧૯ ॥

ચક્રુર્મહોત્સવં શક્રાઃ, યસ્ય કલ્યાણપર્વસુ ।
તં નમામિ જિનાધીશં, શિવસૌખ્યાય સર્વદા ॥૧॥

॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરૂષાય પરમેશ્વરાય દેવાધિદેવાય શાશ્વત્સૌખ્યદાયકાય શ્રીમતે પ્રથમપરમેષ્ઠિને જન્મજરામૃત્યુનિવારણાર્થં જલં ચંદનં પુષ્પં ધૂપં દીપં અક્ષતં નૈવેદ્યં ફલં યજામહે સ્વાહા ॥

## ॥ અથ કેવલજ્ઞાનકલ્યાણકે સપ્તમી પૂજા ॥

॥ દૂહા ॥

**સમવસરણમાં શોભતા, ભાવ પ્રભુ શિરતાજ;**
**બારહ પરખદા આગળે, દે ઉપદેશ જિનરાજ ॥૧॥**
**સંસાર દાવાનલ સમો, મહાદુઃખનો ભંડાર;**
**શાશ્વત શિવસુખ પામવા, ત્રણ રતન લ્યો શ્રીકાર ॥૨॥**

॥ ઢાળ ॥

રાગ (પ્યારા જિણંદા મુનિવર ચંદા યા લેસો નિસાસા)

**આનંદકારી મંગલકારી, પૂજો એ પ્રભુ નરનાર, તારક જેની વાણી. માનવ ભવ છે દોહીલો જગતમાં, દ્રષ્ટાંત દશ શ્રીકાર. તારક૦ ॥ ૧ ॥ જિનવાણી રસપાન કરીને, વિવેકી બનો ઉદાર. તારક૦ ॥ ૨ ॥ રાખો શ્રદ્ધા ભવિ જિનવાણીમાં, તે વિના નહિ ઉદ્ધાર. તારક૦ ॥ ૩ ॥ કલ્યાણ પામે તે ભવિ પ્રાણી, ત્યાગ જીવન જીવનાર. તારક૦ ॥ ૪ ॥ રમે વિષયમાં ત્યાગ છોડીને, ચંદન રાખ કરનાર. તારક૦ ॥ ૫ ॥ વેચીને ગજરાજ ગર્દભ ખરીદે, પીયૂષે પગ ધોનાર, તારક૦ ॥ ૬ ॥ અહિંસા સંયમ ને તપ તપીને, કરો સફલ અવતાર. તારક૦ ॥ ૭ ॥ સંયમે શકિત જો નવિ હોવે, દેશવિરતિ સ્વીકાર. તારક૦ ॥ ૮ ॥ સંયમનો અભિલાષ ધરે જે, સમકિતી તે નિરધાર.**

તારક૦ ॥ ૯ ॥ માર્ગાનુસારી પણ સંયમ ધર્મનો, વિરોધ નહિ કરનાર. તારક૦ ॥ ૧૦ ॥ દાન શિયલ તપ ભાવના ભાવો, ધર્મના ચાર પ્રકાર. તારક૦ ॥ ૧૧ ॥ દેવ ગુરૂની પૂજા વિના તો, જીવન છે બેકાર. તારક૦ ॥ ૧૨ ॥ અપવર્ગ સ્વર્ગ સુખો લહે તે, પંચ મહાવ્રત ધાર. તારક૦ ॥ ૧૩ ॥ દુર્ગતિ ચાહો નહિ તમે તો, પાપ છોડો અઢાર. તારક૦ ॥ ૧૪ ॥ સાતે વ્યસનો સેવે તે પ્રાણી, કુગતિ જે લેનાર. તારક૦ ॥ ૧૫ ॥ દેવ ગુરૂ જ્ઞાન દ્રવ્યનો ભક્ષી, જાય નરક મોઝાર. તારક૦ ॥૧૬॥ ભકિત વિના તો કાલ અનંતો, રઝળ્યો જીવ સંસાર. તારક૦ ॥ ૧૭ ॥ ઉપદેશ દેઈ એમ અનેક પ્રકારે, તારે ભવિક અપાર. તારક૦ ॥૧૮॥ ઉપકારી એવા માર્ગદર્શકને, ભજીયે ભાવે એકવાર. તારક૦ ॥ ૧૯ ॥ ગુરૂ કર્પૂરસૂરિ અમૃત બોલે, પામે તે ભવનો પાર. તારક૦ ॥ ૨૦ ॥

ચક્રુર્મહોત્સવં શક્રાઃ યસ્ય કલ્યાણપર્વસુ ।
તં નમામિ જિનાધીશં શિવસૌખ્યાય સર્વદા ॥૧॥

॥ મંત્ર ॥

ઓં હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય દેવાધિદેવાય શાશ્વત્સૌખ્યદાયકાય શ્રીમતે પ્રથમપરમેષ્ઠિને જન્મ જરા મૃત્યુનિવારણાર્થં જલં ચંદનં પુષ્પં ધૂપં દીપં અક્ષતં નૈવેદ્યં ફલં યજામહે સ્વાહા ॥

## ॥ અથ મોક્ષકલ્યાણકે અષ્ઠમી પૂજા ॥

### ॥ દૂહા ॥

ઉપદેશ દેતાં મોક્ષનો, ક્ષીણ અઘાતિ કર્મ;
પરમાનંદ પદ પામતાં, લહે અવ્યાબાધ શર્મ ॥૧॥
નામ ઠવણ દ્રવ્ય ભાવથી, પૂજિયે શ્રી અરિહંત;
શ્રી અનુયોગદ્વાર સૂત્રમાં, એમ ભાખે ભગવંત ॥૨॥

### ॥ ઢાળ ॥

રાગ—( ધન્ય ભાગ્ય હમારે )

ધન્ય ભાગ્ય હમારા મનઘર આવ્યા, જિણંદ શ્રી જગનાથ, વધાવું આજ, રયણનો થાળ, ભરી ભાવ સાથ. ધન્ય૦ ॥ મનમોહન પ્રભુ મૂર્તિ તમારી, આપે પરમાનંદ; જન્મ મરણના ફેરા ટાળે, કાપે દુઃખનો કંદ. વધાવું આજ૦ ધન્ય૦ ॥ ૧ ॥ ત્રણ જગતમાં મૂર્તિ તમારી, પૂજે ઇન્દ્ર નરીંદ; તુજ આણાના રસીયા મૂર્તિ, માને તુજ સમ ચંદ. વધાવું આજ૦ ધન્ય૦ ॥ ૨ ॥ ત્રણ લોકમાં કોટી પંદરસે, કોટી બ્હેંતાલીશ જાણ; લાખ અટ્ઠાવન સહસ છત્રીશ, એંશી બિંબ પ્રમાણ. વધાવું આજ૦ ધન્ય૦ ॥ ૩ ॥ અસંખ્યાત વ્યંતર જ્યોતિષિમાં, શાશ્વત બિંબ વખાણ; રૂષભ ચંદ્રાનન ને વારિષેણ, વર્દ્ધમાન સુજાણ. વધાવું આજ૦ ધન્ય૦ ॥ ૪ ॥ બોધ પામ્યા પ્રભુ તુજ

પ્રતિમાથી, શ્રીમાન આર્દ્રકુમાર; થી શય્યંભવ પ્રતિબોધ પામ્યા, શ્રી શાસન શણગાર. વધાવું આજ૦ ધન્ય૦ ॥ ૫ ॥ જંબુદ્વીપ પન્નતી ઠાણુંગે, દાખે જિણ ગણધાર; રાયપસેણી જીવાભિગમે, ભગવતી સૂત્રે વિચાર. વધાવું આજ૦ ધન્ય૦ ॥ ૬ ॥ જ્ઞાતા આદિ સૂત્રમાં અશાશ્વતી, ભાખી કરો એનો જાપ; વંદન કરીયે પાપને હરીયે, કોણ કરે લોપી પાપ ? વધાવું આજ૦ ધન્ય૦ ॥ ૭ ॥ શ્રી શત્રુંજયગિરિ અષ્ટાપદ, આબુ ગઢ ગિરનાર; સમેતશિખર તારંગાદિ તીર્થો, નમીયે વારંવાર. વધાવું આજ૦ ધન્ય૦ ॥૮॥ અતીત અનાગત કાલે અનંતા, તીર્થંકર જિનનાથ; સંપ્રતિકાલે વીશ વિચરંતાં, નમીયે જોડી બે હાથ. વધાવું આજ૦ ધન્ય૦ ॥૯॥ ભક્તિ ભાવે મુજ હૃદય કમલમાં, સમરતાં તુજ નામ; મંત્ર બલે જેમ સાપનું ઝેર, તેમ પાપ જાયે તમામ. વધાવું આજ૦ ધન્ય૦ ॥૧૦॥ નામ સ્થાપના દ્રવ્ય ભાવથી, જે પૂજે તુજ પાય; સુરનર કિન્નર વાસુદેવા, ગુણ તેના સૌ ગાય. વધાવું આજ૦ ધન્ય ॥ ૧૧ ॥ નમો પારંગતાય જાપ જપિયે, તો લહીએ ભવપાર; છોડી કદાગ્રહ આણા આરાધે, તે તરશે સંસાર. વધાવું આજ૦ ધન્ય૦ ॥ ૧૨ ॥ ગુરૂ કર્પૂરસૂરિ અમૃત ભાખે, પૂજે જે પંચ કલ્યાણ; કર્મ ખપાવી કેવલ પામી,

તે પામે નિર્વાણ. વધાવું આજ૦ ધન્ય૦ ॥૧૩॥

॥ કલશ ॥

રાગ (જિનવર પરમ દયાળ.)

અરિહંત મંગલકાર, ભવિયાં, અરિહંત મંગલકાર; બાર ગુણે એ જિનજી બીરાજે, ચોત્રીશ અતિશય ધાર. ભવિયાં૦ પાંત્રીશ ગુણ યુત વાણીએ ગાજે, મોક્ષ મારગ દાતાર. ભવિયાં૦ ॥ ૧ ॥ મહા નિર્યામક મહા સત્થવાહ, મહામાહણ ગોવાળ. ભવિયાં૦ ઇંદ્ર ચંદ્ર નાગેન્દ્ર દેવા, સેવા કરે ભૂપાળ. ભવિયાં૦ ॥૨॥ શાસનપતિ અંતિમ તીર્થપતિ એ, શ્રી મહાવીર અરિહંત. ભવિયાં૦ પંચમ ગણધર સુધર્માસ્વામી, તસ પાટે ભગવંત. ભવિયાં૦ ॥૩॥ તાસ પાટ પરંપરા જાણો, બુદ્ધિવિજય ગણધાર. ભવિયાં૦ આણંદ હર્ષ ને પુષ્પ ગણાધિપ, શાસનના શણગાર. ભવિયાં૦ ॥ ૪ ॥ તાસ અનુજ શ્રી કર્પૂરસૂરીશા, ઘોર તપના તપનાર ભવિયાં૦ તાસ શિષ્યે એ પૂજા બનાવી, આત્માને હિતકાર. ભવિયાં૦ ॥ ૫ ॥ બે હજાર છો ભાદ્રપદ કૃષ્ણા, એકાદશી શનિવાર. ભવિયાં૦ જામનગર દિગ્વિજય પ્લોટમાં, શાન્તિભવન મોઝાર. ભવિયાં૦ ॥ ૬ ॥ આણારંગી સદ્ગુરૂસંગી, ઓશવાળ સંઘ શ્રીકાર. ભવિયાં૦ જિન ભક્તિમાં મગન થઇને, સફલ કરો અવતાર. ભવિયાં૦ ॥ ૭ ॥ તપગચ્છ નાયક

સિદ્ધિસૂરીશ્વરાજી, રાજ્યે શાસન જયવંત. ભવિયાં૦ ભણે ભણાવે સુણે એ પૂજા, તસ પાર્શ્વ સિદ્ધિ મહંત. ભવિયાં૦ ॥ ૮ ॥ ગુરૂ કર્પૂરસૂરિ અમૃત ભાખે. રિદ્ધિ તે લે ગુણવંત. ભવિયાં૦ પ્રભુ ભકિતમાં નેમ રાખીને, પ્રેમે વધાવો ભગવંત. ભવિયાં૦ ॥ ૯ ॥

ચક્રુર્મહોત્સવં શક્રાઃ, યસ્ય કલ્યાણપર્વસુ ।
તં નમામિ જિનાધીશં, શિવસૌખ્યાય સર્વદા ॥૧॥

॥ મંત્ર ॥

ઓઁ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય પરમેશ્વરાય દેવાધિદેવાય શાશ્વત્સૌખ્યદાયકાય શ્રીમતે પ્રથમ-પરમેષ્ઠિને જન્મ જરા મૃત્યુનિવારણાર્થં જલં ચંદનં પુષ્પં ધૂપં દીપં અક્ષતં નૈવેદ્યં ફલં યજામહે સ્વાહા ॥

卐

# ॥ ૮ ॥ શ્રી સિદ્ધ પદ પૂજા ॥

## ॥ દૂહા ॥

ત્રિશલાનંદન વંદીયે, વર્ધમાન મહાવીર;
ગુરુ ગૌતમ સમરૂં સદા, ધીર વીર ગંભીર ॥૧॥
સિદ્ધિદાયી સિદ્ધિસૂરિ, રામચંદ્ર નવચંદ;
સદ્‌ગુરુ કર્પૂરસૂરિ નમું, તપોનિધિ સુખકંદ ॥૨॥
વંદુ જિનમુખ વાણીને, વિવેક ગુણ દાતાર;
સિદ્ધિપતિ પૂજા રચું, તરવા આ સંસાર ॥૩॥
જલ ચંદન કુસુમે કરી, ધૂપ દીપ શ્રીકાર;
અક્ષત નૈવેદ્ય ફલ થકી, પૂજા અષ્ટ પ્રકાર ॥૪॥
સિદ્ધિ વધૂ વર પૂજતાં, સિદ્ધિ વધૂ ભેટાય;
રોગ શોક દૂરે ટળે, અમૃત સુખ લેવાય ॥૫॥

## ॥ પ્રથમ જલપૂજા ॥

## ॥ ઢાળ ॥

રાગ-( આવો આવો હે વીર સ્વામી. )

પૂજું પૂજું હે સિદ્ધ પ્રભુજી! તુમ ચરણો શ્રીકાર; ધ્રુજું ધ્રુજું હે સિદ્ધ પ્રભુજી! ભવ ભયથી હું અપાર. પૂજું૦ અનાદિ કાલથી ભવોભવ ભમીયો, ચાર ગતિ સંસાર; લાખ ચોરાસી ફેરા ફરતાં, નાવ્યો અંત લગાર. પૂજું૦ ॥૧॥ પૃથ્વી-કાયમાં વસીયો પ્રભુજી!, બાવીસ વર્ષ હજાર;

સાત હજાર હું પાણીમાં જિનજી, વાયુ સહસ ત્રણ ધાર. પૂજું૦ ॥૨॥ વર્ષ સહસ દશ વનસ્પતિમાં, અગ્નિમાં ત્રણ અહોરાત; વર્ષ બાર બેઇન્દ્રિ તેઇન્દ્રિમાં, ઓગણપચાસ દિન તાત. પૂજું૦ ॥૩॥ ચઉરિન્દ્રિમાં છ માસ હું જિનજી, નરકે સાગર તેત્રીસ; પલ્ય ત્રણ પચેન્દ્રિપણામાં, નર તિર્યંચમાં ઇશ. પૂજું૦ ॥૪॥ નિગોદમાં ભવ સત્તર અધિકા, શ્વાસોશ્વાસ મોઝાર; અમર ભવે પણ ઉપની પ્રભુજી, મરીયો વારંવાર. પૂજું૦ ॥૫॥ જન્મ મરણાદિક દુઃખ ખૂબ વેઠયાં, પ્રાયે સઘળે ભદંત; એ દુઃખથી પ્રભુ આપ મૂકાયા, પામ્યા સુખ અનંત. પૂજું૦ ॥૬॥ જલ પૂજાથી નિર્મલતા પ્રભુ !, થાશે અમારી અમંદ; ગુરુ કર્પૂરસૂરિ અમૃત ભાખે, ભક્તિ સદા સુખકંદ. પૂજું૦ ॥૭॥

ઓઁ હ્રીઁ શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મ-જરામૃત્યુનિવારણાય શ્રીમતે સિદ્ધપરમેષ્ઠિને સિદ્ધિ-ગતિ–ગમનાર્થં જલં યજામહે સ્વાહા ॥

## ॥ દ્વિતીયા ચંદન પૂજા ॥

### ॥ દૂહા ॥

ભવ ભ્રમણથી ઊભગ્યો, આવ્યો તુમારી પાસ;
કૃપા કરી મુજ દીજીએ, ચરણકમલે તુમ વાસ ॥૧॥
ચારગતિના ચોકમાં, પામ્યો દુઃખ દુર્ગંધ;
કરી ચંદન પૂજા લહું, નિજ ગુણ નિર્મલ ગંધ ॥૨॥

જન્મ મરણ દુઃખ વારીને, સિદ્ધિ શય્યાએ પોઢંત;
પંદર ભેદે સિદ્ધ કહ્યા, એમ ભાખે ભગવંત ॥૩॥

॥ ઢાળ ॥

રાગ–( ચંદ્ર પ્રભુજી સે ધ્યાન રે. )

સિદ્ધ પ્રભુજીનું ધ્યાન રે, ધ્યાવું સિદ્ધ થાવાને ધ્યાવું૦ જયાં સુધી હૃદયમાં પ્રાણ રે, ધ્યાવું સિદ્ધ થાવાને, ધ્યાવું૦ સ્થાનક તપ કરી ભાવ દયા ધરી, તીર્થંકર પદ લીધ રે. ધ્યાવું૦ ઋષભાદિક જિન સિદ્ધ થયા તે, સ્વપર હિતકાજ કીધ રે. ધ્યાવું૦ ॥૧॥ પુંડરીક આદિ ગણધર પ્રભુજી, અજિન સિદ્ધ કહેવાય રે. ધ્યાવું૦ તીર્થ છતે જે સિદ્ધિગતિમાં, જમ્બૂસ્વામી આદિ જાય રે. ધ્યાવું૦ ॥૨॥ તીર્થાભાવે શ્રી સિદ્ધ થયા જે, તે શ્રી મરૂ-દેવા માય રે. ધ્યાવું૦ સ્વયંબુદ્ધ થઈ શિવ પામ્યા જે, તસ લાગું હું પાય રે. ધ્યાવું૦ ॥૩॥ વૃષભા-દિક બાહ્ય નિમિત્ત પામી, પામે બોધ પ્રત્યેક બુદ્ધ રે. ધ્યાવું૦ કરકંડુ આદિ મોક્ષે ગયા તે, કરી નિજ આતમ શુદ્ધ રે. ધ્યાવું૦ ॥૪॥ ગુરુ આદિથી બોધ લહીને, બુદ્ધ બોધિત થયા સિદ્ધ રે. ધ્યાવું૦ પ્રત્યેકબુદ્ધ વર્જિત સ્ત્રી સિદ્ધા, પુરૂષ સિદ્ધ પ્રસિદ્ધ રે. ધ્યાવું૦ ॥૫॥ તીર્થંકર પ્રત્યેક બુદ્ધ વર્જિત, નપુંસક કૃત્રિમ કેઇ રે. ધ્યાવું૦

સ્વલિંગ સિદ્ધા અનેક જાણો, રજોહરણાદિક લેઇ રે. ધ્યાવું૦ ॥૬॥ અન્યલિંગે વલ્કલચિરિ સિદ્ધા, પુણ્યધન ગૃહીલિંગે જોય રે. ધ્યાવું૦ પણ સમકિત આદિ ભાવ લિંગ વિના, કોઇની સિદ્ધિ ન હોય રે. ધ્યાવું૦ ॥૭॥ કેવલજ્ઞાન પ્રગટે તેની સાથે, મોક્ષ ગતિ જાવે જેહ રે. ધ્યાવું૦ નહિંતર નિજ દીર્ઘાયુ એ દેખી, ધરે સાધુ વેષ તેહ રે, ધ્યાવું૦ ॥૮॥ એક એક સિદ્ધા એક એક સમયે, એક શતઅષ્ટ અનેક રે. ધ્યાવું૦ ગુરૂ કર્પૂરસૂરિ અમૃત બોલે, મુક્તિમાં છે સૌ એક રે. ધ્યાવું૦ ॥૯॥

॥ મંત્ર ॥

ઓં હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય પરમેશ્વરાય જન્મ જરા મૃત્યુ નિવારણાય શ્રીમતે સિદ્ધ પરમેષ્ઠિને સિદ્ધિ ગતિ–ગમનાર્થં ચંદનં યજામહે સ્વાહા ॥

## ॥ તૃતીયા કુસુમ પૂજા ॥

॥ દૂહા ॥

ફૂલે સિદ્ધ પ્રભુ પૂજતાં, રાગ ધરી મન ચંગ;
સુરવર વધૂ પૂજિત થઈ, કરે તે શિવવધૂ સંગ ॥૧॥
આઠ કરમનો ક્ષય કરી, ગુણ પામ્યા પ્રભુ અષ્ટ;
ચરણ કમલ તુમ સેવતાં, જાશે હમારાં કષ્ટ ॥૨॥

॥ ઢાળ ॥

રાગ–(પંખીડા જાજે વીરાના દેશમાં)

હે પ્રભુજી ! આપ છો હમારા પ્રાણ રે; ધરૂં હું નિત્ય તુમ ઝાણ રે. હે પ્રભુજી૦ પટ સમ જ્ઞાનાવરણી હઠાવીને, પામ્યા છો કેવલનાણ રે. હે પ્રભુજી૦ ॥૧॥ પ્રતિહાર દર્શનાવરણી વિલયથી, કેવલ દર્શન સુપ્રધાન રે. હે પ્રભુજી૦ ॥૨॥ મધુલિપ્ત ખડ્ગધારા વેદની પ્રલયથી, પામ્યા અવ્યાબાધ સુખ ખાણ રે. હે પ્રભુજી૦ ॥ ૩ ॥ મદિરાપાન સમ મોહનીય નાશથી, નિજ ગુણ સ્થિરતાનું ઠાણ રે. હે પ્રભુજી ॥ ૪ ॥ બેડી સમ આયુષ કર્મના વિનાશથી, અક્ષય સ્થિતિ ગુણવાન રે. હે પ્રભુજી૦ ॥ ૫ ॥ ચિતારા સમ નામકર્મ વિદાયથી, અરૂપી ગુણ અહિ ઠાણ રે. હે પ્રભુજી૦ ॥ ૬ ॥ કુલાલ સમ ગોત્રકર્મના નાશથી, અગુરૂ લઘુ ગુણ થાન રે. હે પ્રભુજી૦ ॥ ૬ ॥ ભંડારી અંતરાય કર્મ વિઘાતથી, અનંત વીર્ય મય જાણ રે. હે પ્રભુજી૦ ॥ ૮ ॥ ગુરુ કર્પૂરસૂરિ અમૃત બોલે, સિદ્ધ પ્રભુ પૂજિયે સુજાણ રે. હે પ્રભુજી૦ ॥ ૯ ॥

॥ મંત્ર ॥

ઓઁ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય પરમેશ્વરાય જન્મ-જરામૃત્યનિવારણાય શ્રીમતે સિદ્ધ પરમેષ્ઠિને સિદ્ધિગતિ–ગમનાર્થં પુષ્પાણિ યજામહે સ્વાહા ॥

## ॥ ચતુર્થી ધૂપપૂજા ॥

### ॥ દૂહા ॥

ધૂપ ધરી નિજ હાથમાં, રહીયે પ્રભુ વામાંગ;
મિછત્ત દુર્ગંધ દૂરે ટલે, ઉર્ધ્વ ગતિ લહો ચંગ ॥૧॥
પુણ્ય હોય તો પામીયે, એહ પ્રભુ વીયરાય;
ધન ધન તે નર જાણીએ, પૂજે એ પ્રભુ પાય ॥૨॥
સાત રાજ સિદ્ધિ જઇ, વસીયા પ્રભુ બહુ દૂર;
પણ ભક્તે મુજ મન રહ્યા, આપો સુખ ભરપૂર ॥૩॥

### ॥ ઢાળ ॥

રાગ—(ધન્ય શ્રી વીર પ્રભુ યા.
અબોલડા શાને લીધા છે.)

ધન્ય શ્રી સિદ્ધિપુરી પ્યારી, ભવિકજન શાતા દેનારી. સ્થિતિ છે અનાદિ અનંત જેહની, આનંદ મંગલકારી. ભવિકજન૦ ॥ ૧ ॥ જન્મ નહિ જયાં જરા નહિ જયાં, મરણ નહિ દુઃખકારી. ભવિકજન૦ ॥ ૨ ॥ આધિ નહિ જયાં વ્યાધિ નહિ જયાં, નહિ જયાં ઉપાધિની બારી. ભવિકજન૦ ॥ ૩ ॥ ક્ષુધા નહિ જયાં તૃષા નહિ જયાં, શર્દી ગરમી ન લગારી. ભવિકજન૦ ॥ ૪ ॥ શોગ નહિ જયાં રોગ નહિ જયાં, નહિ સંબંધ સંસારી. ભવિકજન૦ ॥ ૫ ॥ શબ્દ રૂપ રસ ગંધ સ્પર્શ નહિ જયાં, નહિ સુખ દુઃખની યારી. ભવિકજન૦

॥ ૬ ॥ અનંત જ્ઞાન દર્શનની જ્યોત જ્યાં, લોકાલોક પ્રકાશકારી. ભવિકજન૦ ॥ ૭ ॥ આત્મ રમણતા અનંત બલ જ્યાં, અવ્યાબાધ સુખ અવિકારી. ભવિકજન૦ ॥ ૮ ॥ અનંત અનંત પરમાનંદ છે જ્યાં, પુરી એ સર્વથી ન્યારી. ભવિકજન૦ ॥ ૯ ॥ એવી પુરીમાં નાથ! આપ બીરાજો, નિરંજન અવિકારી. ભવિકજન૦ ॥૧૦॥ કૃપા કરીને મુજ દર્શન દેજો, સેવકને હિતકારી. ભવિકજન૦ ॥ ૧૧ ॥ ગુરુ કર્પૂરસૂરિ અમૃત જંપે, એ પ્રભુની બલીહારી. ભવિકજન૦ ॥ ૧૨ ॥

॥ મંત્ર ॥

ઓં હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મ-જરામૃત્યુનિવારણાય શ્રીમતે સિદ્ધ પરમેષ્ઠિને સિદ્ધિગતિ-ગમનાર્થં ધૂપં યજામહે સ્વાહા ॥

## ॥ પંચમી દીપક પૂજા ॥

॥ દૂહા ॥

પ્રભુ જમણી બાજુ રહો, દીપક લેઇ નિજ હાથ;
છોડી એ પ્રભુ અન્ય ભજે, દીયે તે બાવળે બાથ ॥૧॥

અનંત ગુણના સાગરૂ, સિદ્ધ પ્રભુ ભગવંત;
આઠ દીપકથી પૂજતાં, પ્રગટે જ્ઞાન અનંત ॥૨॥

॥ ઢાળ ॥

રાગ–(એ વ્રત જગમાં દીવો મેરે પ્યારે.)

એ પ્રભુ ત્રિભુવન સ્વામી, મેરે પ્યારે, એ પ્રભુ ત્રિભુવન સ્વામી. અજઅજરામર પદ અવિનાશી, પામ્યા એ અંતરયામી; યોગીશ્વર પણ એ પ્રભુ ધ્યાવે, ભવિજન મન વિશરામી. મેરે પ્યારે૦ ॥ ૧ ॥ સર્વ વ્યાપક કેવલ ચક્ષુધારી, ભોગી અભોગી જગનામી; યોગી અયોગી રાગી નિરાગી અદ્દભુત જીવનરામી. મેરે પ્યારે૦ ॥ ૨ ॥ દુનિયા નાટક સવિકાલે દેખે, કોઈ કાલે હોવે ના વિરામી; એ પ્રભુ સાધ્યપદે રાખી ભવિયાં, લ્યો રત્નત્રયી હિતકામી. મેરે પ્યારે૦ ॥ ૩ ॥ દર્શન જ્ઞાન ને ચારિત્ર સાધતાં. થઇએ સિદ્ધિગતિ ગામી; પ્રમાદી સોનાના થાળ સમ નૃભવે, ભરે ધૂલી નીચ ગતિ ગામી. મેરે પ્યારે૦ ॥ ૪ ॥ એ પ્રભુએ પણ રત્નત્રયી સાધી, બન્યા છે શિવગતિ ગામી; ગુરુ કર્પૂરસૂરિ અમૃત ભાખે, પૂજિએ એ પ્રભુ પામી. મેરે પ્યારે૦ ॥ ૫ ॥

॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુનિવારણાય શ્રીમતે સિદ્ધ પરમેષ્ઠિને સિદ્ધિગતિ–ગમનાર્થં દીપકાન્ યજામહે સ્વાહા ॥

## ॥ ષષ્ઠી અક્ષત પૂજા ॥

### ॥ દૂહા ॥

ચઉગતિ ચૂરણ સાથીઓ, કરૂં પ્રભુ તુમ પાસ;
પંચમ ગતિને પામવા, લઇશું રતન ત્રણ ખાસ ॥૧॥
પંચમી ગતિ પ્રભુ પામીયા, ચાર ગતિ કરી છેદ;
કૃપા કરી પ્રભુ ટાળીએ, તુજ મુજ અંતર ભેદ ॥૨॥
કાળ અનાદિથી ભટકતાં, આવ્યો તુજ દરબાર;
તુજ ચરણો શરણ ગ્રહ્યાં, ઉતરવા ભવપાર ॥૩॥

### ॥ ઢાળ ॥

રાગ—(સિદ્ધાચલનાવાસી પ્રભુને.)

પંચમ–ગતિવાસી સિદ્ધ પ્રભુજી, વંદન કોટીવાર. પ્રભુજી૦ મહાઆરંભી પરિગ્રહી મોટો, કર્માદાનમાં હું નહિ છોટો; મહાવિગઈ ખાનાર. પ્રભુજી૦ ॥ ૧ ॥ પરદારા લંપટી દેવદ્રવ્ય ભક્ષી, વિવેક હીન બનીયો હું પક્ષી; ઉપન્યો નર્ક મોઝાર. પ્રભુજી૦ ॥ ૨ ॥ પરમાધામીથી હું વિંટાયો, તપ્ત લોહની પુતળી ભેટાયો; શાલ્મલી અનેકવાર. પ્રભુજી૦ ॥ ૩ ॥ વૈતરણી નદીમાં હું પડીયો, દીનતાથી પ્રભુ ! હું બહુ રડીયો; તપ્ત સીસું પીનાર. પ્રભુજી૦ ॥ ૪ ॥ હું છેદાયો અસિપત્રવનમાં, શાતા જરા ન રહી મુજ તનમાં, નિજ અંગ માંસ જમનાર પ્રભુજી૦ ॥ ૫ ॥ હું

કરાલ કરવતથી વહેરાયો, હું તલ જયું ઘાણીમાં પીલાયો; ખાધા અધમસુર માર. પ્રભુજી૦ ॥૬॥ તિર્યંચ ગતિમાં પરવશ રહીઓ, ભૂખ તરસથી હું ખૂબ દહીયો; કહેતાં નાવે પાર. પ્રભુજી૦ ॥ ૭ ॥ રમીયો બહુ હું અવિરતિમાં, ગર્ભાદિ વેદના માનવ ગતિમાં; પામ્યો વારંવાર. પ્રભુજી૦ ॥ ૮ ॥ મા, નારી, સુત મુખ મેં દેખ્યું, દેવ ગુરૂ મુખ મેં નવિ પેખ્યું; દેખ્યો ન આત્મ લગાર. ભુજી૦ ॥ ૯ ॥ દેવ ભવમાં પણ સુખ નવિ દીઠુ, દીઠું પણ નવિ લાગે મીઠું; સુખ પણ દુઃખ દેનાર. પ્રભુજી૦ ॥ ૧૦ ॥ પુદ્‌ગલ સંગની માની ન ભિન્નતા, શોક રોષ વિષાદ ને દીનતા; ઇર્ષ્યા દુઃખ અપાર. પ્રભુજી૦ ॥ ૧૧ ॥ ચારગતિ રૂપ એમ સંસારે, મહા ભયંકર પારાવારે; દુઃખીયો વારંવાર ભુજી૦ ॥ ૧૨ ॥ એ દુઃખથી મૂકાવા કાજે, તુમ શરણે આવ્યો હું આજે; અક્ષત પૂજા સાર. પ્રભુજી૦ ॥ ૧૩ ॥ ગુરુ કર્પૂરસૂરિ અમૃત માગે, ભવોભવ ભક્તિ મલો તુમ રાગે; પંચમ ગતિ શ્રીકાર. પ્રભુજી૦ ॥ ૧૪ ॥

॥ મંત્ર ॥

ઓઁ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુનિવારણાય શ્રીમતે સિદ્ધ પરમેષ્ઠિને સિદ્ધિગતિ-ગમનાર્થં અક્ષતાન્ યજામહે સ્વાહા ॥

## ॥ સપ્તમી નૈવેદ્ય પૂજા ॥

### ॥ દૂહા ॥

અણાહારી પદ પામવા, પૂજું પ્રભુ વીતરાગ;
હાટક થાળ પકવાનનો, ધરૂં ધરી ગુણ રાગ ॥૧॥
અનાદિ આહારની વાસના, રખડાવે સંસાર;
કયારે છૂટે! એ વાસના, દુર્ગતિ દુઃખ દાતાર ॥૨॥

### ॥ ઢાળ ॥

રાગ–( ભારતકા ડંકા આલમમેં. )

જૈન શાસનના તપનો મોટો, મહિમા છે અપરંપાર રે; જેનો જગમાં કોઇ નહિ જોટો, જેથી સિદ્ધ થયા અપાર રે. ॥ ૧ ॥ તપ બાહ્ય અભ્યંતર દો ભેદે, સમતાથી નિકાચિત કર્મ છેદે; જેથી વાંછિત ફલ નિરધાર રે. મહિમા છે૦ ॥ ૨ ॥ જેથી વિઘ્ન પરંપરા દૂર રહે, સવિ પાપ કરમ વન તેહ દહે; જેથી સેવા કરે નરનાર રે. મહિમા છે૦ ॥ ૩ ॥ ચઉનાણી પણ તપ ઘોર કરે, પ્રભુ મહાવીર કેવલજ્ઞાન વરે; ભવિ પંકજ બોધ કરનાર રે. મહિમા છે૦ ॥ ૪ ॥ તપ સનંતકુમાર જેમ લબ્ધિ આપે, નંદિષેણ પેરે દુર્ભાગ્ય કાપે; તપ સવિ મંગલ કરનાર રે. મહિમા છે૦ ॥ ૫ ॥ જ્ઞાન સંયમ તપનો યોગ મલે, શ્રી સિદ્ધિ વધૂ પણ તાસ મલે; તસ સુખ છે અનંત અવિકાર રે.

મહિમા છે૦ ॥ ૬ ॥ ગુરુ કર્પૂરસૂરિ અમૃત ભાખે, જે નિર્મલ તપનો રસ ચાખે; તે ભવિ સિદ્ધિપદ વરનાર રે. મહિમા છે૦ ॥ ૭ ॥

॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુનિવારણાય શ્રીમતે સિદ્ધ પરમેષ્ઠિને સિદ્ધિગતિ ગમનાર્થં નૈવેદ્યં યજામહે સ્વાહા ॥

॥ અષ્ટમી ફલ પૂજા ॥

॥ દૂહા ॥

ફલ પૂજા કહું આઠમી, ઉત્તમ ફલ દાતાર;
ઉત્તમ ફળ થાળા ઠવો, પ્રભુ આગે નરનાર ॥૧॥
સિદ્ધિ ફલ લેવા ભવિ !, સિદ્ધિ તપ શ્રીકાર;
ભાવ ધરીને કીજિએ, આઠ કરમ હણનાર ॥૨॥

॥ ઢાળ ॥

રાગ—(રૂડો લાગે છે પ્રભુ. યા મીઠા લાગ્યા તે.)

ભાવે ભવિકજન સિદ્ધિ તપ કરીએ, સિદ્ધિગતિ દાતાર રે. સિદ્ધ પ્રભુ ભાવે ભવિ ભજીએ. ॥૧॥ એક બે ત્રણ ચાર પાંચ છ ને સાત, આઠ ઉપવાસ સુધી ધાર રે. સિદ્ધ પ્રભુ૦ ॥૨॥ આઠ આઠ સાથીયા વિગેરે ભવિ કરવા, પારણે બિયાસણું શ્રીકાર રે. સિદ્ધ૦ ॥૩॥ નવકાર વાળી

નિત્ય વીશ વીશ ગણીયે, ગુણ યુત સિદ્ધ અવધાર રે. સિદ્ધ૦ ॥૪॥ ઉજમણે પ્રભુ પૂજા પ્રભાવના, કરીએ શક્તિ અનુસાર રે. સિદ્ધ૦ ॥૫॥ પડિલેહણ પડિક્કમણાં દો કરીયે, દેવવંદન ત્રિકાળ રે, સિદ્ધ૦ ॥૬॥ ગુરૂવંદન દેવ જ્ઞાનની પૂજા, ભૂમિ સંથારો બ્રહ્મચાર રે. સિદ્ધ૦ ॥૭॥ વિધિ પૂર્વક પચ્ચક્ખાણ લેવું પારવું, સાધુ સાધ્વી ભક્તિ કીજે સાર રે. સિદ્ધ૦ ॥૮॥ પારણે સ્વામિવત્સલ ભવિ કરવું, છોડી આશા નરનાર રે. સિદ્ધ૦ ॥૯॥ શાન્ત દાન્ત ક્ષમાધારી તપસ્વી, સંપૂર્ણ ફલ લેનાર રે. સિદ્ધ૦ ॥૧૦॥ એણી પેરે તપની આરાધના કરીને, વરે જે સિદ્ધિ વધૂ સાર રે. સિદ્ધ ॥૧૧॥ ગુરુ કર્પૂરસૂરિ અમૃત જંપે, ધન ધન તસ અવતાર રે. સિદ્ધ૦ ॥૧૨॥

## : કલશ :

રાગ—(જિનવર પરમ દયાલ, ભવિયાં)

સિદ્ધ પ્રભુ મંગલદાય, ભવિયાં. સિદ્ધ પ્રભુ મંગલદાય. સિદ્ધ થયા ને થાશે અનંતા, તે સવિ છે શિવદાય. ભવિયાં૦ એક નિગોદનો ભાગ અનંતમો, ત્રિકાલ સિદ્ધો ગણાય. ભવિયાં૦ ॥૧॥ રત્નત્રયી નરભવમાં જે સાધે. ધન્ય તેહિ

જ સિદ્ધ થાય. ભવિયાં૦ સંઘસ્થવિરશ્રી સિદ્ધિ-સૂરીશ્વર તપગચ્છાધિપ તાય. ભવિયાં૦ ॥૨॥ તાસ રાજ્યે શાસન જયવંતુ, સુખકારી વરતાય. ભવિયાં૦ હજાર બે પાંચ શ્રાવણ માસે, નગર ચોમાસામાંય. ભવિયાં૦ ॥૩॥ શાન્તિભુવનમાં વદી બીજ બુધે, એ પૂજા વિરચાય. ભવિયાં૦ રામચંદ્રસૂરિ શ્રેષ્ઠ પ્રતિષ્ઠિત, શ્રી આદિનાથ સુપસાય. ભવિયાં૦ ॥૪॥ બુદ્ધિ આણંદ ને હર્ષ પુષ્પાનુજ, ગુરુ.કર્પૂરસૂરિરાય. ભવિયાં૦ સિદ્ધિ તપ ઉજવવા એ પૂજા, રચી તાસ શિષ્યે હિતદાય. ભવિયાં૦ ॥૫॥ ભણે ભણાવે ને સુણે એ પૂજા, તસ પાર્શ્વ સિદ્ધિ આય. ભવિયાં૦ શ્રાવણ વદી બીજી પંચમી દિને, સૂરજવાર સુખદાય. ભવિયાં૦ ॥૬॥ શાન્તિભુવનમાં શાસન રાગે, પ્હેલી એ પૂજા ભણાય. ભવિયાં૦ ગુરુ કર્પૂરસૂરિ અમૃત બોલે, રયણે વધાવો પ્રભુ પાય. ભવિયાં૦ ॥ ૭ ॥

॥ મંત્ર ॥

ઓં હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મ-જરામૃત્યુનિવારણાય શ્રીમતે સિદ્ધ પરમેષ્ઠિને સિદ્ધિગતિ-ગમનાર્થં ફલાનિ યજામહે સ્વાહા ॥

—()—

### ॥ ૯ ॥ ॥ પંડિત શ્રી વીરવિજયજી કૃત ॥

# ॥ શ્રી પીસ્તાલીશ આગમની પૂજા ॥

## ॥ પ્રથમ જલપૂજા ॥

### ॥ દૂહા ॥

શ્રી શંખેશ્વર પાસજી, સાહેબ સુગુણ ગરિઠ્ઠ;
શુભગુરુ ચરણ પસાયથી, શ્રુતનિધિ નજરે દીઠ ॥૧॥
શાસનનાયક વંદિયે, ત્રિશલા માત મલ્હાર;
જસ મુખથી ત્રિપદી લહી, સૂત્ર રચે ગણધાર ॥૨॥
સુધર્મા ગણધર તણી, રચના વરતે સોય;
દ્વાદશ અંગ થકી અધિક, સૂત્ર નહીં જગ કોય ॥૩॥
આગે આગમ બહુ હતાં, અર્થવિદિત જગદીશ;
કાલ વશે સંપ્રતિ રહ્યાં, આગમ પીસ્તાલીશ ॥૪॥
આથમતે કેવલ રવિ, મંદિર દીપક જ્યોત;
પંચમ આરે પ્રાણીને, આગમનો ઉદ્યોત ॥૫॥
પ્રથમ જ્ઞાન પછી દયા, દશવૈકાલિક વાણ;
વસ્તુતત્ત્વ સવિ જાણીએ, જ્ઞાનથી પદ નિર્વાણ ॥૬॥
જ્ઞાન ભક્તિ કરતાં થકાં, પૂજ્યા જિન અણગાર;
તે કારણ આગમ તણી, પૂજા ભક્તિ વિશાળ ॥૭॥
જ્ઞાનોપગરણ મેલિયે, પુસ્તક આગળ સાર;
પીઠ રચી જિનબિંબને, થાપીજે મનોહાર ॥૮॥

જ્ઞાન ઉદય અરિહા તણી, સાંભળી દેશના સાર;
દેવ દેવી નંદીશ્વરે, પૂજા વિવિધ પ્રકાર ॥૯॥
તેમ આગમ હૈડે ધરી, પૂજો શ્રી જિનચંદ;
ધ્યેય ધ્યાનપદ એકથી, પામો પદ મહાનંદ ॥૧૦॥
ન્હવણ વિલેપન કુસુમની, ધૂપ દીપ ઝલકાર;
અક્ષત નૈવેદ્ય ફલ તણી, પૂજા અષ્ટ પ્રકાર ॥૧૧॥

॥ ઢાળ ॥

રાગ—(અને હાંરે વ્હાલાજી વાયે છે વાંસળી રે.)

અને હાંરે ગંગા ક્ષીરસમુદ્રનાં રે, જળ કળશા ભરી નર નાર; જ્ઞાને વડા શ્રુતકેવલી રે. ॥ અ૦ ન્હવણ કરો પ્રભુ વીરને રે, દૃષ્ટિવાદના ભાષણહાર. જ્ઞા૦ ॥ ૧ ॥ અ૦ ॥ પાંચ ભેદ છે તેહના રે, સાંભળતાં વિકસે નાણ. જ્ઞા૦ ॥ અ૦ ॥ પરિકરમે સાત શ્રેણિયો રે, અઠયાસી સૂત્ર વખાણ જ્ઞા૦ ॥ ૨ ॥ અ૦ ॥ પૂર્વગતે ચૌદ પૂર્વે છે રે, મહામંત્ર ને વિદ્યા ભરેલ. જ્ઞા૦ ॥ અ૦ ॥ જંબૂ-વેલંધર દેવતા રે, ધરે પૂર્વ સમુદ્રની વેલ. જ્ઞા૦ ॥ ૩ ॥ અ૦ ॥ દશ વસ્તુ વિનયી ભણ્યા રે, પહેલે પૂરવ ઉત્પાદ. જ્ઞા૦ ॥ અ૦ ॥ વસ્તુ ચૌદ અગ્રાયણી રે, અડ વસ્તુ વીર્યપ્રવાદ. જ્ઞા૦ ॥ ૪ ॥ અ૦ ॥ અસ્તિપ્રવાદે અઢાર છે રે, બાર વસ્તુ જ્ઞાનપ્રવાદ. જ્ઞા૦ ॥ અ૦ ॥ સત્યપ્રવાદે દોય વસ્તુ

છે રે, સોળ વસ્તુ આત્મપ્રવાદ. જ્ઞા૦ ॥ ૫ ॥ અ૦ ॥ કર્મપ્રવાદે ત્રીશ ધારિયે રે, વીશ વસ્તુ પૂરવ પચ્ચક્ખાણ. જ્ઞા૦ ॥ અ૦ ॥ પન્નર વિદ્યા પ્રવાદમાં રે, બાર વસ્તુ કહી કલ્યાણ. જ્ઞા૦ ॥ ૬ ॥ અ૦ ॥ પ્રાણાવાયમાં તેર છે રે, તેર વસ્તુ ક્રિયાવિશાળ. જ્ઞા૦ ॥ અ૦ ॥ પણવીશે કરી સોહતું રે, ચૌદમું લોકબિંદુસાર. જ્ઞા૦ ॥ ૭ ॥ અ૦ ॥ પુંજ મસી લખ ત્રણ્યશેં રે, ત્યાશી ગજ સોલ હજાર. જ્ઞા૦ ॥ અ૦ ॥ શ્રી શુભવીરના ગણધરું રે, રચતા ત્રીજો અધિકાર ॥ જ્ઞા૦ ॥ ૮ ॥

॥ દૂહો ॥

દશ પૂરવ પૂરણ ભણે, લબ્ધિ ક્ષીરાશ્રવ હોય;
તેણે જિનકલ્પ નિવારિયો, જ્ઞાન સમો નહીં કોય ॥૧॥

॥ ગીત ॥

(મનમોહન મેરે–એ દેશી)

ભેદ ચોથો હવે સાંભળો, મનમોહન મેરે. દષ્ટિવાદ અનુયોગ. મ૦ દોય ભેદે કરી શીખિયો, મ૦ જંબૂગુરુ સંયોગ. મ૦ ॥ ૧ ॥ પંચ ભેદે ચૂલિકા, મ૦ પહેલે પૂર્વે ચાર. મ૦ બાર ને આઠ દશ ચૂલિકા, મ૦ ચોથા પૂરવ લગે સાર. મ૦ ॥ ૨ ॥ દશ પૂરવે નથી ચૂલિકા, મ૦

નંદીસૂત્ર વિચાર. મ૦ દષ્ટિવાદ એ બારમું, મ૦ અંગ હતું સુખકાર. મ૦ ॥ ૩ ॥ બાર વરસ દુકાળિયે, મ૦ બારમું અંગ તે લીધ. મ૦ સંપ્રતિકાળે નવિ પડે, મ૦ એહવો કાળ પ્રસિદ્ધ. મ૦ ॥ ૪ ॥ મંદમતિ પરમાદથી, મ૦ પૂર્વ ગયાં અવિલંબ. મ૦ શ્રી શુભવીરને શાસને, મ૦ પૂજો આગમ જિનબિંબ. મ૦ ॥ ૫ ॥

॥ કાવ્યં ॥ ઉપજાતિવૃત્તમ્ ॥

તીર્થોદકૈર્મિશ્રિત-ચંદનૌઘૈઃ, સંસાર-તાપાહતયે સુશીતૈઃ ॥ જરાજનિ-પ્રાંતરજોભિશાંત્યૈ, તત્કર્મ-દાહાર્થમજં યજેહમ્ ॥ ૧ ॥

॥ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્ ॥

સુરનદી-જલપૂર્ણ- ઘટૈર્ઘનૈ- ર્ઘુસૃણ- મિશ્રિત - વારિભૃતૈઃ પરૈઃ ॥ સ્નપય તીર્થકૃતં ગુણવારિધિં, વિમલતાં ક્રિયતાંગ-ચ નિજાત્મનઃ ॥ ૨ ॥ જનમનોમણિ-ભાજન ભારયા, શમરસૈક-સુધારસ-ધારયા ॥ સકલ બોધ-કલારમણીયકં, સહજસિદ્ધમહં પરિપૂજયે ॥ ૩ ॥

॥ મંત્ર ॥

ઓઁ હ્રીઁ શ્રીઁ પરમપુરૂષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુનિવારણાય શ્રીમતે આગમાય જલં યજામહે સ્વાહા ॥

## ॥ દ્વિતીય ચંદન પૂજા ॥

### ॥ દૂહો ॥

હવે પીસ્તાલીશ વરણવું, કલિયુગમાં આધાર;
આગમ અગમ અરથભર્યા,
તેહમાં અંગ અગ્યાર ॥ ૧ ॥

### ॥ ઢાળ ॥

( ઇમનરાગણી–ધન્ય ધન્ય જિનવાણી – એ દેશી. )

ચંદન પૂજા ચતુર રચાવો, નાગકેતુ પરે ભાવો રે, ધન ધન જિનવાણી. રાય ઉદાયી પ્રભુગુણ ગાવે, પદ્માવતીને નચાવે રે. ધ૦ ॥ ૧ ॥ કાળ સદા જે અરિહા થાવે, કેવળ નાણ ઉપાવે રે. ધ૦ આચારાંગ પ્રથમ ઉપદેશે, નામની ભજના શેષે રે. ધ૦ ॥ ૨ ॥ આચાર રથ વહેતા મુનિ ધોરી, બહુશ્રુત હાથમાં દોરી રે. ધ૦ પંચ પ્રકારે આચાર વખાણે. ગળિયા બળદ કેમ તાણે રે ? ધ૦ ॥ ૩ ॥ દો શ્રુતખંધ આચારાંગ કેરા, સંખિત અણુયોગદ્વારા રે. ધ૦ સંખ્યાતી નિર્યુક્તિ કહીશ, અજ્ઝયણા પણ વીશ રે. ધ૦ ॥ ૪ ॥ પદની સંખ્યા સહસ અઢાર, નિત્ય ગણતા અણગાર રે. ધ૦ સૂત્રકૃતાંગે ભાવ જીવાદિ, ત્રણસેં ત્રેશઠ વાદી રે. ધ૦ ॥ ૫ ॥ અધ્યયન તે ત્રેવીશ છે બીજે, અવર પૂરવ પરે લીજે રે. ધ૦ દુગુણાં પદ હવે

સઘળે અંગે, દશ ઠાણા ઠાણાંગે રે. ધ૦ ॥ ૬ ॥ દશ અધ્યયને શ્રુતખંધ એકો, હવે સમવાયાંગે છેકો રે. ધ૦ શત સમવાય શ્રુતખંધ એકે, ધારિયે અર્થ વિવેકે રે. ધ૦ ॥ ૭ ॥ ભગવતી પાંચમું અંગ વિશેષા, દશ હજાર ઉદ્દેશા રે. ધ૦ એકતાલીશ શતકે શુભવીરે, ગૌતમ પ્રશ્ન હજુરે રે. ધ૦ ॥ ૮ ॥

॥ દૂહો ॥

નિર્યુક્તિ પ્રતિપત્તિયો, સઘળે તે સમભાવ;
બીજી અર્થ પ્રરૂપણા, તે સવિ જુજુઆ ભાવ ॥ ૧ ॥

॥ ગીત ॥

( ઝુંબખડાની દેશી. )

જ્ઞાતાધર્મ વખાણીયે રે, દશ બોલ્યા તિહાં વર્ગ; પ્રભુ ઉપદેશિયા. ઉંઠ તે કોડી કથા કહી રે, સાંભળતાં અપવર્ગ. પ્રભુ૦ ॥ ૧ ॥ ઓગણીશ અધ્યયને કરી રે, બે શ્રુતખંધ સુભાવ; પ્રભુ૦ ઉપાસક દશાંગમાં રે, દશ શ્રાવકના ભાવ. પ્રભુ૦ ॥ ૨ ॥ અંતગડે અડવર્ગ છે રે, અણુત્તરોવવાઇ ત્રણ વર્ગ. પ્રભુ૦ એક સૂત્રે મુક્તિ વર્યા રે, બીજે ગયા જે સર્ગ. પ્રભુ૦ ॥ ૩ ॥ પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં રે, દશ અધ્યયન વખાણ. પ્રભુ૦ સૂત્રવિપાકે સાંભળો રે, વીશ અધ્યયન પ્રમાણ. પ્રભુ૦ ॥ ૪ ॥

બે શ્રુતખંધે ભાખિયા રે, દુઃખ સુખકેરા ભોગ. પ્રભુ૦ એમ એકાદશ અંગની રે, ભક્તિ કરો ગુરુયોગ. પ્રભુ૦ ॥ ૫ ॥ આગમને અવલંબતાં રે, ઓળખિયે અરિહંત. પ્રભુ૦ શ્રી શુભવીરને પૂજતાં રે, પામો સુખ અનંત. પ્રભુ ઉપદેશિયા ॥ ૬ ॥

॥ કાવ્યમ્ ॥ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્ ॥

જિનપતે વંરગંધ–સુપૂજનં, જનિજરા–મરણોદ્ભવ-ભીતિહૃત્ ॥ સકલ–રોગ–વિયોગ–વિપદ્ધરં, કુરુ કરેણુ સદા નિજપાવનમ્ ॥ ૧ ॥ સહજકર્મ–કલંક–વિનાશનૈ રમલ ભાવ–સુવાસન ચંદનૈ-રનુપમાન–ગુણા–વલિદાયકં, સહજસિદ્ધમહં પરિપૂજયે ॥ ૨ ॥

॥ મંત્ર ॥

ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરા-મૃત્યુનિવારણાય શ્રીમતે આગમાય ચંદનં યજામહે સ્વાહા ॥

## ॥ તૃતીય પુષ્પ પૂજા ॥

॥ દૂહા ॥

અંગ તણાં ઉપાંગ જે, બાર કહ્યાં ભગવંત;
ગણધર પૂરવધર તણી, રચના સુણિયે સંત ॥ ૧ ॥

॥ ઢાળ ॥

રાગ–સારંગ (હો ધન્ના–એ દેશી.)

જ્ઞાનાવરણ દૂરે કરો રે મિત્તા, પામી અંગ ઉપાંગ;

ફુલપગર પૂજા રચો રે મિત્તા, વીરજિનેશ્વર અંગ રે, રંગીલા મિત્તા; એ પ્રભુ સેવોને. એ પ્રભુ સેવો સાનમાં રે મિત્તા, જ્ઞાન લહો ભરપૂર રે, રંગીલા મિત્તા, એ પ્રભુ સેવોને. એ આંકણી ॥ ૧ ॥ સામૈયું ઉવવાઇમાં રે મિત્તા, કરતો કોણિક ભૂપ; અંબડ શિષ્યને વરણવ્યા રે મિત્તા, પ્રશ્ન તે સિદ્ધ સ્વરૂપ રે; રંગીલા મિત્તા. એ પ્રભુ૦ ॥ ૨ ॥ રાયપસેણી સૂત્રમાં રે મિત્તા, સૂર્યાભનો અધિકાર; જીવાભિગમ ત્રીજું સુણો રે મિત્તા, દશ અધ્યયન વિચાર રે; રંગીલા મિત્તા. એ૦ ॥ ૩ ॥ શ્યામસૂરિ રચના કરી રે મિત્તા, પન્નવણા મહાસૂત્ર; છત્રીશ પદ ગુરુ પસાયથી રે મિત્તા, ધરો અર્થ વિચિત્ર રે. રંગીલા મિત્તા. એ૦ ॥ ૪ ॥ જંબૂદ્વીપ પન્નત્તિ-એ રે મિત્તા, જંબૂદ્વીપ વિચાર; છટ્ઠા સૂરપન્નત્તિમાં રે મિત્તા, રવિમંડળ ગ્રહ ચાર રે. રંગીલા મિત્તા. એ૦ ॥ ૫ ॥ કહે ચંદપન્નત્તિ પાહુડે રે મિત્તા, જ્યોતિષચક્ર વિશેષ; આગમ પૂજો પ્રાણીયા રે મિત્તા, કહે શુભવીર જિનેશ રે. રંગીલા મિત્તા. એ૦ ॥ ૬ ॥

॥ દૂહો ॥

ભવમંડલમેં ન દેખિયો, પ્રભુજીનો દેદાર;
આગમપંથ લહ્યા વિના, રઝળ્યો હું સંસાર ॥ ૧ ॥

## ॥ ગીત ॥

(વીર જિણંદ જગત ઉપકારી—એ દેશી.)

કેતકી જાઈનાં ફૂલ મંગાવી. પૂજો અંગ ઉપાંગજી; બંભી લીપી શ્રીગણધરદેવે, પ્રણમી ભગવઈ અંગજી. કેત૦ ॥૧॥ આઠમું નિરયાવલી ઉપાંગે, દેવાદિક અધિકાર જી; કપ્પવડંસગ નવમે ઉપાંગે, દશ અધ્યયન ઉદાર જી. કેત૦ ॥૨॥ પુષ્ફિયા નામે ઉપાંગ છે દશમું, વળી પુપ્ફચૂલિયા જાણુજી; બારમું વહ્નિદશાએ સઘળે, દશ અધ્યયન પ્રમાણુજી. કેત૦ ॥૩॥ ગીતારથ મુખ અમીય ઝરંતું, આગમ લાગ્યું મીઠું જી; દૂર થઈ લોકસન્ના છારી, તવ પ્રભુ દર્શન દીઠું જી. કેત૦ ॥૪॥ દર્શનથી જો દર્શન પ્રગટે, વિઘટે ભવજળ પૂરજી; ભાવકુંડુંબમેં મંદિર મહાલું, શ્રી શુભવીર હજૂર જી. કેત૦ ॥૫॥

## ॥ કાવ્યમ્ ॥ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્ ॥

સુમનસાં ગતિદાયિ વિધાયિના, સુમનસાં નિકરૈ: પ્રભુપૂજનમ્ ॥ સુમનસા સુમનોગુણસંગિના, જન ! વિધેહિ નિધેહિ મનોર્ચ્ચને ॥૧॥ સમયસાર–સુપુષ્પ–સુમાલયા, સહજકર્મકરેણ વિશોધયા ॥ પરમયોગબલેન વશીકૃતં, સહજસિદ્ધમહં પરિપૂજયે ॥૨॥

॥ મંત્ર ॥

ઓં હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મ-જરામૃત્યુનિવારણાય શ્રીમતે આગમાય કુસુમાનિ યજામહે સ્વાહા ॥

॥ ચતુર્થ ધૂપપૂજા ॥

॥ દૂહો ॥

આજ પયન્ના છે ઘણા, પણ લહી એક અધિકાર;
દશ પયન્ના તિણે ગણ્યા, પીસ્તાલીશ મઝાર ॥૧॥

॥ ઢાળ ॥

(સાચું બોલો શામળીયા—એ દેશી.)

એક જન શ્રુત રસિયો બોલે રે, હો મનમાન્યા મોહનજી; પ્રભુ તાહરે નહીં કોય તોલે રે. હો મન૦ અમે ધૂપની પૂજા કરીએ રે, હો૦ દુર્ગંધ અનાદિની હરીએ રે. હો૦ ॥૧॥ તુમ દર્શન લાગે પ્યારું રે, હો૦ અંતે છે શરણ તુમારું રે; હો૦ ચઉસરણ પયન્નું પહેલું રે, હો૦ અમે શરણ કર્યું છે વહેલું રે. હો૦ ॥૨॥ લહી અર્થ અનોપમ રીઝું રે, હો૦ આઉર-પચ્ચક્ખાણ તે બીજું રે; હો૦ સાંભળતાં ભક્તપરિજ્ઞા રે, હો૦ પરિહરશું ચારે સંજ્ઞા રે. હો૦ ॥૩॥ સંથારા પયન્નો સીધો રે, હો૦ સુકોશલ મુનિએ કીધો રે; હો૦ ભાખી

તંદુલવિયાલી રે, હો૦ તુમે ગર્ભની વેદના ટાળી રે. હો૦ ॥૪॥ અમને પણ દુઃખ એ મ્હોટું રે, હો૦ સન્મુખ ન જુઓ તે ખોટું રે; હો૦ કાંઇ મહેર નજરથી દેખો રે, હો૦ શું રાગીને ઉવેખો રે. હો૦ ॥૫॥ રંગ લાગ્યો ચોલ મજીઠે રે, હો૦ નવિ જાયે ડાકણ દીઠે રે; હો૦ અમે રાગી થઇને કુહીશું રે, હો શુભવીરને ચરણે રહીશું રે. હો મનમાન્યા મોહનજી ॥૬॥

॥ દૂહો ॥

પ્રભુ ચરણે રહેતાં ભજે, જ્ઞાન સુધારસ કંદ;
જિનવાણી રસીયા મુનિ, પામે પરમાનંદ ॥૧॥

॥ ગીતં ॥

રાગ—માલવી (વંદો વીરજિનેશ્વર રાયા—એ દેશી.)

ત્રિશલાનંદન વંદન કીજે, જ્ઞાન અમૃતરસ પીજે રે; છટ્ઠો ચંદવિજય પયન્નો, વિનયે વડો મુનિ ધન્નો રે. ત્રિશલા૦ ॥૧॥ ગુરુવિનયે સુકજાએ વાધે, રાધાવેધ તે સાધે રે; દેવિંદથુઈ પયન્ને રસિયા, સંથારે મુનિ વસિયા રે. ત્રિશલા૦ ॥૨॥ મરણસમાધિ પયન્ને ભાવે, પ્રભુ સાથે લય લાવે રે, મહાપચ્ચક્ખાણ પયન્નો ગાવે, પાપ સકળ વોસિરાવે રે. ત્રિશલા૦ ॥૩॥ ગણિવિજજાએ ભાવ ઘણેરા, જાણે મુનિ ગંભીરા રે; સાધે કાર્ય લગનની હોરા, શ્રી શુભવીર ચકોરા રે ત્રિશલા૦ ॥૪॥

॥ કાવ્યમ્ ॥ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્ ॥

અગરુમુખ્ય–મનોહરવસ્તુના, સ્વનિરુપાધિ–ગુણૌઘ-વિધાયિના ॥ પ્રભુશરીર-સુગંધ-સુહેતુના, રચય ધૂપન-પૂજનમર્હતઃ ॥૧॥ નિજગુણાક્ષય–રૂપસુધૂપનં, સ્વગુણઘાત મલ પ્રવિકર્ષણમ્ ॥ વિશદબોધ–મનંત સુખાત્મકં, સહજસિદ્ધમહં પરિપૂજયે ॥૨॥

॥ મંત્ર ॥

ઓં હ્રીં શ્રીં પરમપુરૂષાય પરમેશ્વરાય જન્મ-જરામૃત્યુનિવારણાય શ્રીમતે આગમાય ધૂપં યજામહે સ્વાહા ॥

॥ પંચમ દીપકમાલ પૂજા ॥

॥ દૂહો ॥

જ્ઞાનાવરણી તિમિરને, હરવા દીપકમાળ;
જ્યોતિસેં જ્યોતિ મિલાઇએ,
જ્ઞાન વિશેષ વિશાળ ॥૧॥

॥ ઢાળ ॥

( ચંદ્રપ્રભુ જિનચંદ્રમા રે–એ દેશી. )

જગદીપકની આગળેરે, દીપકનો ઉદ્યોત; કરતાં પૂજા પાંચમી રે. ભાવદીપકની જ્યોત, હો જિનજી. તેજે તરણીથી વડો રે, દોય શિખાનો દીવડો રે; ઝળકે કેવળ જ્યોત ॥૧॥ છેદસૂત્ર જિન

ભાખિયાં રે, નિશીથ ધૂર સિદ્ધાંત; આલોયણા મુનિરાજને રે, ધારે ગંભીરવંત. હો જિનજી ॥તે૦॥ દો૦ ॥ ઝ૦ ॥૨॥ જિતકલ્પમા સેવતાં રે. ચરણ કરણ અણગાર; પંચકલ્પ છેદે ભણ્યાં રે, પંચ ભલા વ્યવહાર. હો જિનજી ॥તે૦॥ દો૦ ઝ૦ ॥ ॥ ૩ ॥ વ્યવહારછેદે દાખિયા રે, ઉત્સર્ગને અપવાદ; દશાકલ્પમાં દશ દશા રે. ઉપદેશ્યો અપ્રમાદ. હો જિનજી ॥તે૦ ॥ દો૦ ॥ઝ૦॥ ૪ ॥ છેદ મહાનિશીથમાં રે, ભાખે જગનો નાથ. ઉપધાનાદિ આચારની રે, વાત ગીતારથ હાથ. હો જિનજી ॥તે૦॥ ॥દો૦॥ ઝ૦ ॥ ૫ ॥ ધર્મ તીર્થ મુનિવંદના રે, વરતે શ્રુત આધાર; શાસન શ્રી શુભવીરનું રે, એકવીશ વરસ હજાર. હો જિનજી ॥તે૦॥ દો૦ ॥ ઝ૦ ॥૬॥

॥ દૂહો ॥

શ્રુતજ્ઞાનાવરણી તણો, તું પ્રભુ ટાલણહાર;
ક્ષણમેં શ્રુતકેવલી કર્યા, દેઈ ત્રિપદી ગણધાર ॥૧॥

॥ ગીતં ॥

( તોરણ આઈ ક્યું ચલે રે—એ દેશી. )

ધન ધન શ્રી અરિહંતને રે, જેણે ઓળખાવ્યો લોક. સલુણા; તે. પ્રભુની પૂજા વિના રે, જનમ ગુમાવ્યો ફોક. સલુણા ॥૧॥ જેમ જેમ અરિહા સેવિયે રે, તેમ તેમ પ્રગટે જ્ઞાન. સ૦

જ્ઞાનીના બહુમાનથી રે, જ્ઞાન તણાં બહુમાન. સં ॥જેમ૦॥ ૨ ॥ જ્ઞાન વિના આડંબરી રે, પામે જગ અપમાન. સં૦ કપટક્રિયા જનરંજની રે, મૌનવૃત્તિ બગધ્યાન. સં૦ ॥જેમ૦॥૩॥ મત્સરી ખરમુખ ઉજ્જવલે રે, કરતા ઉગ્ર વિહાર. સં૦ પાપશ્રમણ કરી દાખિયા રે, ઉત્તરાધ્યયન મોઝાર સં૦ ॥જેમ૦॥૪॥ જ્ઞાન વિના મુક્તિ નહીં રે, કિરિયા જ્ઞાનીની પાસ, સં૦ શ્રી શુભવીરની વાણીયે રે, શિવ કમળા ઘરવાસ, સં૦ ॥જેમ૦॥૫॥

॥ કાવ્યમ્ ॥ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્ ॥

ભવતિ દીપશિખા–પરિમોચનં, ત્રિભુવનેશ્વર સદ્મનિ શોભનં ॥ સ્વતનુકાંતિકરં તિમિરં હરં, જગતિ મંગલ કારણમાતરં ॥૧॥ શુચિ-મનાત્મ-ચિદુજ્જવલ દીપકૈ-ર્જ્વલિત–પાપ–પતંગ–સમુહકૈઃ ॥ સ્વકપદં વિમલં પરિલેભિરે, સહજસિદ્ધમહં પરિપૂજયે ॥૨॥

॥ મંત્ર ॥

ઓં હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મ જરા–મૃત્યુનિવારણાય શ્રીમતે આગમાય દીપં યજામહે સ્વાહા ॥

॥ ષષ્ઠ અક્ષતપૂજા ॥

॥ દૂહો ॥

ચરમ સમય દુપ્પસહ લગે, વરતે શ્રુત અવિચ્છેદ;
મૂળ સૂત્ર તેણે ભાખિયાં, તે કહેશું ચઉ ભેદ ॥૧॥

॥ ઢાળ ॥

રાગ સારંગ–(હમ મગન ભએ પ્રભુ ધ્યાનમાં–એ દેશી.)

**જિનરાજની પૂજા કીજીયે ॥ એ ટેક ॥ જિન પાડમા આગે પ્રભુ રાગે, અક્ષતપૂજા કીજીયે; અક્ષતપદ અભિલાષ ધરીને, આગમનો રસ પીજીયે. જિન૦॥૧॥ પ્રભુપડિમા દેખી પ્રતિબુદ્ધા, પૂરવથી ઉદ્ધરિજીયે; દશવૈકાલિક દશ અધ્યયને, મનક મુનિ હિત કીજીયે, જિન૦ ॥૨॥ ઉત્તરાધ્યયન તે બીજું આગમ, મૂળ સૂત્રમાં ગણીજીયે; અધ્ય-યનો છત્રીસ રસાળાં, સદ્ગુરુ સંગે સુણીજીયે. જિન૦ ॥૩॥ સોળ પ્રહરની દેશના દેતાં, ચતુર ચકોરા રીઝીયે; શ્રી શુભવીર જિનેશ્વર આગમ, અમૃતનો રસ પીજીયે. જિન૦ ॥૪॥**

॥ દૂહો ॥

**જ્ઞાન ઉદય કરવા ભણી, તપ કરતા જિનદેવ;**
**જ્ઞાનનિધિ પ્રગટે તદા, સમવસરણ સુર સેવ ॥૧॥**

॥ ગીત ॥

રાગ–કાફી–(અખિયનમેં ગુલઝારા–એ દેશી.)

**આગમ છે અવિકારા જિણંદા, તેરા આગમ છે અવિકારા ॥એટેક॥ જ્ઞાનજ્યોતિ પ્રગટે ઘટમાંહે, જેમ રવિકિરણ હજારા; જિ૦ મિથ્યાત્વી દુર્નય સવિકારા, તગતગતા નહીં તારા. જિ૦ ॥૧॥**

ત્રીજું ઓઘનિર્યુક્તિ વખાણું, મુનિવરના આચારા; જિ૦ ચોથું આવશ્યક અનુસરતાં, કેવળી ચંદન-બાળા. જિ૦ ॥૨॥ અલ્પાગમ તપ કલેશ તે જાણો, બોલે ઉપદેશમાળા; જિ૦ જ્ઞાનભક્તિ જિનપદ નીપજાવે, નામે જયંત ભૂપાળા. જિ૦ ॥૩॥ સાયરમાં મીઠી મહેરાવલ, શૃંગીમત્સ્ય આહારા; જિ૦ શરણવિહીના દીના મીન, ઓર તે સાયર ખારા. જિ૦ ॥૪॥ પંચમ કાળ ફણી વિષ જવાળા, મંત્ર મણિ વિષહારા; જિ૦ શ્રી શુભવીર જિનેશ્વર આગમ, જિનપડિમા જયકારા. જિણ૦ ॥૫॥

॥ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્ ॥

ક્ષિતિતલેઽક્ષતશર્મ-નિદાનકં, ગણિવરસ્ય પુરોઽક્ષત-મંડલં ॥ ક્ષતવિનિર્મિત દેહનિવારણં, ભવપયોધિસમુદ્ધરણોદ્યતં ॥૧॥ સહજભાવ–સુનિર્મલ–તંદુલૈર્વિપુલ-દોષવિશોધક-મંગલૈઃ ॥ અનુપરોધ-સુબોધવિધાયકં, સહજ-સિદ્ધમહં પરિપૂજયે ॥૨॥

॥ મંત્ર ॥

ઓઁ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય પરમેશ્વરાય જન્મ-જરામૃત્યુ નિવારણાય શ્રીમતે આગમાય અક્ષતાન્ યજામહે સ્વાહા ॥

॥ સપ્તમ નૈવેદ્યપૂજા ॥

॥ દૂહો ॥

નૈવેદ્યપૂજા સાતમી, સાત ગતિ અપહાર;
સાત રાજ્ય ઊરધ જઈ, વરીએ પદ અણાહાર ॥૧॥

॥ ઢાળ ॥

( વિમલાચળ વેગે વધાવો–એ દેશી. )

નિત્ય જિનવર મંદિર જઇયે, મેવા મીઠાઇ થાળમાં લઇયે; નૈવેદ્યની પૂજા કરીએ, તેમ જ્ઞાનની આગળ ધરિએ રે. શ્રુત૦ આગમ સુંદર સેવો, મનમંદિર આગમ દીવો રે શ્રુત૦ ॥૧॥ પહેલું અનુયોગદુવારે, સાતે નય ભંગ પ્રકારે; નિક્ષેપાની રચના સારી, ગીતારથ વચને ધારી રે. શ્રુત૦ ॥મન૦॥૨॥ બીજું શ્રુત નંદી વંદી, સુણતાં દિલ હોય આનંદી; સવિ સૂત્ર તણો સરવાળો, જલ્પે ત્રિશલાનો જાયો રે. શ્રુત૦ ॥ મન૦ ॥ ૩ ॥ મતિ આદિ પંચ પ્રકાર, ભાખ્યા છે જ્ઞાન અધિકાર; બહુલાં દૃષ્ટાંત દેખાવી, શુભવીરે રીત ઓળખાવી રે, શ્રુત૦ ॥ મન૦ ॥ ૪ ॥

॥ દૂહો ॥

એ પીસ્તાલીશ વર્ણવ્યાં, આગમ જિનમતમાંહિ;
માણુઅ જન્મ પામી કરી, ભક્તિ કરો ઉચ્છાંહિ ॥૧॥

॥ ગીત ॥

રાગ વસંત ફાગ–(વીરકુંવરની વાતડી કેને કહિયે–એ દેશી.)

આગમની આશાતના નવિ કરિયે, નવિ કરિયે રે નવિ કરિયે; શ્રુત ભક્તિ સદા અનુસરિયે, શક્તિ અનુસાર. આગમ૦ ॥૧॥ જ્ઞાનવિરાધક પ્રાણિયા

મતિ હીના, તે તો પરભવ દુઃખિયા દીના; ભરે પેટ તે પર આધીના, નીચ કુળ અવતાર. આ૦ ॥૨॥ અંધા લૂલા પાંગુલા પિંડ રોગી, જન્મ્યા ને માત વિયોગી; સંતાપ ઘણો ને શોગી, યોગી અવતાર. આ૦ ॥૩॥ મૂંગા ને વળી બોબડા ધન હીના, પ્રિયા પુત્ર વિયોગે લીના; મૂરખ અવિવેકે ભીના, જાણે રણનું રોઝ. આ૦ ॥૪॥ જ્ઞાનતણી આશાતના કરી દૂરે, જિનભક્તિ કરો ભરપૂરે; રહો શ્રી શુભવીર હજૂરે. સુખમાંહે મગન્ન. આગમની૦ ॥૫॥

॥ કાવ્યમ્ ॥ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્ ॥

અનશનં તુ મમાસ્ત્વિવતિ બુદ્ધિના, રુચિરભોજન સંચિતભોજનં ॥ પ્રતિદિનં વિધિના જિનમંદિરે, શુભમતે બત ઢૌકય ચેતસા ॥૧॥ કુમતબોધ–વિરોધ–નિવેદકૈ ર્વિહિત જાતિ જરા મરણાંતકૈઃ॥ નિરશનૈઃ પ્રચુરાત્મ–ગુણાલયં, સહજસિદ્ધમહં પરિપૂજયે ॥૨॥

॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મ-જરામૃત્યુનિવારણાય શ્રીમતે આગમાય નૈવેદ્યં યજામહે સ્વાહા ॥

॥ અષ્ટમ ફલપૂજા ॥

॥ દૂહો ॥

જ્ઞાનાચારે વરતતાં, જ્ઞાન લહે નરનાર;
જિન આગમને પૂજતાં, ફળથી ફળ નિરધાર ॥૧॥

॥ ઢાળ ॥

( સુણ ગોવાલણી–એ દેશી. )

હો સાહિબજી, પરમાતમ પૂજાનું ફળ મુજ આપો; હો સાહિબજી, લાખેણી પૂજારે શે ફળ નાપો; ઉત્તમ ઉત્તમ ફળ હું લાવું, અરિહાની આગળ મૂકાવું; આગમવિધિ પૂજા વિરચાવું, ઉભો રહીને ભાવના ભાવું. હો૦ ॥૧॥ જિનવર જિનઆગમ એક રૂપે, સેવંતાં ન પડો ભવકૂપે; આરાધન ફળ એહનાં કહિયે, આ ભવમાંહે સુખિયા થઇયે. હો૦ ॥૨॥ પરભવ સુરલોકે તે જાવે, ઇંદ્રાદિક અપચ્છર સુખ પાવે; તિહાં પણ જિનપૂજા વિરચાવે, ઉત્તમ કૂળમાં જઈ ઉપજાવે. હો૦ ॥ ૩ ॥ તિહાં રાજઋદ્ધિ પરિકર રંગે, આગમ સુણતાં સદ્‌ગુરુ સંગે; આગમશું રાગ વળી ધરતા જિનઆગમ જિનપૂજા કરતા. હો૦ ॥૪॥ સિદ્ધાંત લખાવીને પૂજે, તેથી કર્મ સકળ દૂરે ધ્રુજે; લહે કેવળ ચરણ ધર્મ પામી, શુભવીર મળે જો વિશ્રામી. હો૦ ॥૫॥

॥ દૂહો ॥

કેવળનાણ લહી કરી, પામી અંતર ઝાણ;<br>
શૈલેશીકરણે કરી, પામે અવિચળ ઠાણ ॥૧॥

॥ ગીતં ॥

રાગ પૂર્વી-(ઘડી ઘડી સાંભરે સાંઈ સલૂણા-એ દેશી)

નિત નિત સિદ્ધ ભજો ભવિ! ભાવે, રૂપાતીત જે સહજ સ્વભાવે; નિત૦ જ્ઞાન ને દર્શન દોય વિલાસી, સાકાર ઉપયોગે શિવ જાવે. નિ૦ ॥૧॥ કર્મ વિયોગી, અયોગી કેરે, ચરમ સમય એક સમય સિધાવે; નિ૦ નિશ્ચયનયવાદી એમ બોલે, વ્યવહારે સમયાંતર લાવે. નિ૦ ॥૧॥ અગુરૂ-લઘુ અવગાહના રૂપે, એક અવગાહે અનંત વસાવે; નિ૦ ફરસિત દેશ પ્રદેશ અસંખા, સુંદર જ્યોતસે જ્યોત મિલાવે. નિ૦ ॥૩॥ આધિ વ્યાધિ વિઘટી ભવ કેરી, ગર્ભાવાસ તણાં દુઃખ નાવે; નિ૦ એક પ્રદેશમાં સુખ અનંતુ, તે પણ લોકાકાશે ન માવે. નિ૦ ॥૪॥ પરમાતમ રમણીનો ભોગી, યોગીશ્વર પણ જેહને ધ્યાવે; નિ૦ ફળપૂજાથી એ ફળ પાવે, શ્રી શુભવીર વચન રસ ગાવે. નિત૦ ॥૫॥

॥ કળશ ॥

ગાયો ગાયો રે, મહાવીર જિનેશ્વર ગાયો; આગમ વાણી અમીય સરોવર, ઝીલત રોગ ઘટાયો; મિથ્યાત્વ મેલ ઉતારી શિર પર, આણા મુકુટ ધરાયો રે. મહા૦ ॥૧॥ તપાગચ્છ શ્રી સિંહસૂરિના, સત્યવિજય બુધ ગાયો; કપૂરવિજય શિષ્ય ખિમા વિજય તસ, જસવિજયો મુનિરાયો રે. મહા૦ ॥૨॥ તાસ

શિષ્ય સંવેગી ગીતારથ, શ્રી શુભવિજય સવાયો; તાસ શિષ્ય શ્રી વીરવિજય કવિ, એ અધિકાર બનાયો રે. મહા૦ ॥૩॥ રાજનગરમેં રહિય ચોમાસું, અજ્ઞાન હિમ હઠાયો; સૂત્ર અર્થ પીસ્તાલીશ આગમ. સંઘ સુણી હરખાયો રે. મહા૦ ॥૪॥ અઢારશેં એકાશી માગશિર, મૌન એકાદશી ધ્યાયો; શ્રી શુભવીર જિનેશ્વર આગમ, સંઘને તિલક કરાયો રે. મહા૦ ॥૫॥

॥ કાવ્યમ્ ॥ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્ ॥

શિવતરો-ર્ફલદાન-પરૈર્નવૈ-ર્વરફલૈઃ કિલ પૂજય તીર્થપમ્॥ ત્રિદશનાથ-નત-ક્રમપંકજં, નિહતમોહમહીધરમંડલં ॥૨॥ શમરસૈક-સુધારસમાધુરૈ-રનુભવાખ્ય-ફલૈરભયપ્રદૈઃ ॥ અહિતદુઃખહરં વિભવપ્રદં, સહજસિદ્ધમહં પરિપૂજયે ॥૨॥

॥ મંત્ર ॥

ઓઁ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુનિવારણાય શ્રીમતે આગમાય ફલં યજામહે સ્વાહા ॥

(૧૦) પંડિત શ્રી વીરવિજયજી કૃત

# શ્રી દ્વાદશવ્રત પૂજા અને વિધિ

વિશાળ જિનભવનમાં અથવા પીઠિકાની રચના કરીને ત્યાં મહાવીર પ્રભુની પ્રતિમા સ્થાપન કરવી.

વામ (ડાબી) દિશાએ કલ્પવૃક્ષ સ્થાપન કરવો. પછી તે પ્રતિમા આગળ પ્રત્યેક પૂજાદીઠ જે જે વસ્તુ પ્રભુને ચઢે છે તે ચડાવવી. બાકી દર્પણ અષ્ટમંગલ અને ધ્વજાઓ સર્વ મૂકવાં. જઘન્યથી તેર પુરુષ, તેર ઇંદ્રાણી શેષ વિધિ અષ્ટપ્રકારી પૂજાની રીતે જાણી લેવી. એક સો ને ચોવીશ અતિચાર ટાળવા નિમિત્તે એકસો ને ચોવીશ દીપક કરવા.

એ પૂજામાં શ્રાવકના શુદ્ધ સમ્યક્ત્વાદિ બારે વ્રતનો વિધિ–તે સમકિતના પાંચ, બાર વ્રત તથા કર્મદાનના પંચોતેર, સંલેષણાના પાંચ, જ્ઞાનના આઠ, દર્શનના આઠ, ચારિત્રના આઠ, વીર્યના ત્રણ અને તપના બાર એ સર્વ મળી એકસોને ચોવીશ અતિચાર ટાળવાના કહ્યા છે.

॥ પ્રથમ શ્રાવકગુણવર્ણનકાવ્યમ્ ॥

ઉચ્ચૈર્ગુણૈર્યસ્ય નિબદ્ધમૂલં,
સત્કીર્તિશાખા વિનયાદિપત્રઃ ॥
દાનં ફલં માર્ગણુપક્ષિ ભોજિ,
જિયાચ્ચિરં શ્રાવકકલ્પવૃક્ષ! ॥

॥ સમકિતારોપણે પ્રથમ જલપૂજા ॥

॥ દૂહા ॥

સુખકર શંખેશ્વર પ્રભુ, પ્રણમી શુભ ગુરુ પાય;
શાસનનાયક ગાયશું, વર્દ્ધમાન જિનરાય ॥૧॥

સમવસરણ સુરવર રચે, વન મહસેન મોઝાર;
સંઘ ચતુર્વિધ થાપીને, ભૂતલ કરત વિહાર ॥૨॥
એક લખ શ્રાવક વ્રતધરા, ઓગણસાઠ હજાર;
સૂત્રઉપાસકે વર્ણવ્યા, દશ શ્રાવક શિરદાર ॥૩॥
પ્રભુહાથે વ્રત ઉચ્ચરી, બાર તજી અતિચાર;
ગુરુ વંદી જિનની કરે, પૂજા વિવિધ પ્રકાર ॥૪॥
મુનિમારગ ચિંતામણી, શ્રાવક સુરતરુ સાજ;
બેહુ બાંધવ ગુણઠાણમેં, રાજા ને યુવરાજ ॥૫॥
શિવ મારગ વ્રતનો વિધિ, સાતમા અંગ મોઝાર;
પંચમ આરે પ્રાણીને, સુણતાં હોય ઉપકાર ॥૬॥
તેને કારણ પૂજા રચું, અનુક્રમે તેર પ્રકાર;
ઉતરવા ભવજલનિધિ, એ છે આરા બાર ॥૭॥
સુરતરુ રૂપાનો કરી, નીલ વરણમેં પાન;
રક્તવરણ ફલ રાજતાં, વામ દિશે તસ ઠાણ ॥૮॥
તેર તેર વસ્તુ શુચિ, મેળવીએ નવ રંગ;
નર નારી કલશા ભરી, તેર ઠવો જિન અંગ ॥૯॥
ન્હવણ વિલેપણ વાસની, માલ દીપ, ધૂપ, ફૂલ;
મંગલ અક્ષત દર્પણે, નૈવેદ્ય ધ્વજ ફલ પૂર ॥૧૦॥

॥ ઢાળ ॥

(રત્નમાલાની—પ્રથમ પૂરવદિશે—એ દેશી)

ચતુર ચંપાપુરી, વનમાંહે ઉતરી, સોહમ જંબૂને એમ કહે એ; વીરજિન વિચરતા, નવપુર આવતા, વચન કુસુમે વ્રત મહમહે એ. ॥૧॥

શાંત સંવેગતા વસુમતી યોગ્યતા, સમક્તિ બીજ આરોપ કીજે; સૃષ્ટિ બ્રહ્માતણી વિષ્ણુ શંકરધણી, એક રાખે એક સંહરીજે ॥૨॥ ગૌરૂપ ચાટણી, વાવ અમૃતતણી, ત્રિપુર ને કેશવા ત્રણ હણીજે; જૂઠ મંડાણની, વાણી પુરાણની, કુગુરુમુખ ડાકિણી દૂર કીજે ॥૩॥ હારે હર બંભને, દેવી અચંભને, પામી સમકિત નવિ ચિત્ત ધરીજે; દોષથી વેગળા, દેવ તીર્થંકરા, ઉઠી પ્રભાતે તસ નામ લીજે ॥૪॥ અતિશયે શોભતા, અન્ય મત થોભતા, વાણી ગુણ પાંત્રીશ જાણીયે એ; નાથ શિવસાર્થવા, જગતના બંધવા, દેવ વીતરાગ તે માનીયે એ ॥૫॥ જોગ આચારને, સુગુરુ અણગારને, ધર્મ જયણાયુત આદરો એ; સમક્તિ સારને, છંડી અતિચારને, સિદ્ધ પડિમા નિત નિત કરો એ ॥૬॥ શ્રેણિક ક્ષાયકે, ક્ષીર ગંગોદકે, જિન અભિષેક નિત્ય તે કરે એ; સિંચી અનુકુળને કલ્પતરુમૂલને, શ્રી શુભવીરપદ અનુસરે એ ॥૭॥

॥ કાવ્યમ્ ॥ શાર્દુલવિક્રીડિતં વૃત્તમ્ ॥

શ્રદ્ધાસંયુત-દ્વાદશ-વ્રતધરાઃ શ્રાદ્ધાઃ શ્રુતે વર્ણિતાઃ ।
આનંદાદય-દિગ્મિતાઃ સુરભવં ત્યક્ત્વા ગમિષ્યન્તિ વૈ ॥
મોક્ષં તદ્વ્રત-માચરસ્વ સુમતે ચૈત્યાભિષેકં કુરુ ।
યેન ત્વં વ્રતકલ્પ-પાદપ-ફલાસ્વાદં કરોષિ સ્વયમ્ ॥

॥ મંત્ર ॥

ઓઁ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય પરમેશ્વરાય જન્મ-જરામૃત્યુનિવારણાય શ્રીમતે જિનેંદ્રાય જલં યજામહે સ્વાહા ॥

॥ ઇતિ સમકિતારોપણે પ્રથમ જલપૂજા સમાપ્ત ॥

## ॥ પ્રથમવ્રતે દ્વિતીય ચંદન પૂજા ॥

॥ દૂહો ॥

દંસણ નાણ ચરણ તણા, આઠ આઠ અતિચાર;
અણસણ વીર્યાચારના, પણ તિમ તપના બાર ॥૧॥
સુંદર સમકિત ઉચ્ચરી, લહી ચોથું ગુણઠાણ;
ચઢી પંચમ પગથાલીયે, થૂલથકી પચ્ચક્ખાણ ॥૨॥

॥ ઢાળ ॥

(વાલ્હે અમૃત પાઇ ઉછેર્યાં; વાલ્હાજીયે અમનેરે—એ દેશી)

આવો આવો જસોદાના કંત, અમ ઘર આવો રે; ભક્તિવત્સલ ભગવંત, નાથ શે નાવો રે; એમ ચંદનબાળાને બોલડે, પ્રભુ આવી રે; મુઠી બાકુલા માટે, પાછા વળીને બોલાવી રે. આ૦ ॥૧॥ સંકેત કરીને સ્વામી, ગયા તુમે વનમાં રે; થઈ કેવળી કેવળી કીધ, ધરી જો મનમાં રે; અમે કેસરકેરા કીચ, કરીને પૂજું રે; તોહે પહેલે વ્રત અતિચાર, થકી હું ધ્રુજું રે. આ૦ ॥૨॥ જીવહિંસાનાં પચ્ચક્ખાણ, થુલથી કરીયે રે; દુવિહં તિવિહેણં પાઠ, સદા અનુસરિયે રે; વાસી

બોળો વિદલ નિશિભક્ષ, હિંસા ટાળું રે; સવા વિશ્વા કેરી જીવ-દયા નિત્ય પાળું રે. આ૦ ॥૩॥ દશ ચંદરૂઆ દશ ઠામ, બાંધીને રહિયે રે; જીવ જાયે એહવી વાત, કેહને ન કહિયે રે; વધ બંધન ને છવિચ્છેદ, ભાર ન ભરિયે રે; ભાત પાણીનો વિચ્છેદ, પશુને ન કરિયે રે. આ૦ ॥૪॥ લૌકિક દેવ ગુરુ મિથ્યાત્વ, ત્યાંશી ભેદે રે; તુજ આગમ સુણતાં આજ, હોય વિચ્છેદે રે; ચોમાસે પણ બહુ કાજ, જયણા પાળું રે; પગલે પગલે મહારાજ, વ્રત અજવાળું રે. આ૦ ॥૫॥ એક શ્વાસમાંહે સો વાર, સમરૂં તુમને રે; ચંદનબાળા જ્યું સાર, આપો અમને રે; માછી હરિબળ ફળદાય, એ વ્રત પાળી રે; શુભવીર ચરણ સુપસાય, નિત્ય દિવાળી રે. આવો૦ ॥૬॥

॥ કાવ્યમ્ ॥ શાર્દૂલવિક્રીડિતં વૃત્તમ્ ॥

શ્રદ્ધાસંયુત–દ્વાદશ–વ્રતધરાઃ શ્રાદ્ધાઃ શ્રુતે વર્ણિતાઃ ।
આનંદાદયદિગ્મિતાઃ સુરભવં ત્યક્ત્વા ગમિષ્યંતિ વૈ ॥
મોક્ષં તદ્વ્રત–માચરસ્વ સુમતે ચૈત્યાભિષેકં કુરુ ।
યેન ત્વં વ્રતકલ્પ-પાદપ-ફલાસ્વાદં કરોષિ સ્વયમ્ ॥૧॥

॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરૂષાય પરમેશ્વરાય જન્મ-જરામૃત્યુનિવારણાય શ્રીમતે જિનેંદ્રાય ચંદનં યજામહે સ્વાહા ॥

॥ ઈતિ પ્રથમવ્રતે દ્વિતીય ચંદન પૂજા સમાપ્તા ॥

## ॥ દ્વિતીયવ્રતે તૃતીય વાસપૂજા ॥

### ॥ દૂહો ॥

ચૂર્ણ સરસ કુસુમે કરી, ઘસી કેસર ઘનસાર;
બહુલ સુગંધીવાસથી, પૂજો જગતદયાળ ॥૧॥

### ॥ ઢાળ ॥

રાગ ભૈરવી–(યમુનામાં જઇ પડયો રે, બાળક–એ દેશી.)

મુક્તિસે જાઇ મળ્યો રે, મોહન મેરો, મુક્તિસે જાઈ મળ્યો; મોહસે કયું ન ડર્યો રે. મોહન૦ નામ કરમ નિર્જરણા હેતે, ભક્તકો ભાવ ભર્યો રે. મો૦ ઉપદેશી શિવમંદિર પહોતા, તોસે બનાવ ઠર્યો રે. મો૦ ॥૧॥ આનંદાદિક દશ યું બોલી, તુમ કને વ્રત ઉચ્ચર્યો રે. મો૦ પાંચ મોટકાં જુઠ ન બોલે, મેં બી આશ ભર્યો રે. મો૦ ॥૨॥ બીજું વ્રત ધરી જુઠ ન બોલું, પણ અતિચારે ડર્યો રે. મો૦ વસુરાજા આસનસે પડીયો, નરકાવાસ ઠર્યો રે. મો૦ ॥૩॥ માંસાહારી માતંગી બોલે, ભાનું પ્રશ્ન ધર્યો રે. મો૦ જુઠા નર પગ ભૂમિ શોધન, જળ છંટકાવ કર્યો રે. મો૦ ॥૪॥ મંત્રભેદ પરનારી ન કીજે, અછતી આળ હર્યો રે. મો૦ કૂટ લેખ મિથ્યા ઉપદેશો, વ્રતકો પાણી ઝર્યો રે. મો૦ ॥૫॥ કમલશેઠ એ વ્રતસે

સુખિયો, જૂઠસે નંદ કળ્યો રે. મો૦ શ્રી શુભવીર વચન પરતીતે, કલ્પવૃક્ષ ફળ્યો રે, મોહન મેરો. ॥૬॥

॥ કાવ્યમ્ ॥ શાર્દૂલવિક્રીડિતં વૃત્તમ્ ॥

શ્રદ્ધાસંયુત–દ્વાદશ–વ્રતધરાઃ શ્રાદ્ધાઃ શ્રુતે વર્ણિતાઃ ।
આનંદાદય–દિગ્મિતાઃ સુરભવં ત્યક્ત્વા ગમિષ્યંતિ વૈ ॥
મોક્ષં તદ્વ્રત–માચરસ્વ સુમતે ચૈત્યાભિષેકં કુરુ ।
યેન ત્વં વ્રતકલ્પ-પાદપ–ફલાસ્વાદં કરોષિ સ્વયમ્ ॥૧॥

॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મ-જરામૃત્યુનિવારણાય શ્રીમતે જિનેંદ્રાય વાસં યજામહે સ્વાહા ॥

॥ ઇતિદ્વિતીયવ્રતે તૃતીય વાસપૂજા સમાપ્તા ॥

## ॥ તૃતીયવ્રતે ચતુર્થ પુષ્પમાલા પૂજા ॥

॥ દૂહો ॥

સુરતરુ જાઈને કેતકી ગુંથી ફૂલની માળ;
ત્રિશલાનંદન પૂજીયે, વરિયે શિવ વરમાળ ॥૧॥

॥ ઢાળ ॥

(હું ને અમારો હરજીવનજી–એ દેશી.)

પ્રભુ કંઠે ઠવી ફૂલની માળા, સ્થુલથકી વ્રત ઉચ્ચરિયે રે, ચિત્ત ચોખે ચોરી નવિ કરીએ; સ્વામિ અદત્ત કદાપિ ન લીજે, ભેદ અઢારે પરિહરિયે રે. ચિત્ત૦ ॥૧॥ નવિ કરિયે તો ભવ-

**જળ તરિએ રે. ચિત્ત૦ ॥ એ આંકણી ॥ સાત પ્રકારે ચોર કહ્યો છે, તૃણ તુષ માત્ર ન કર ધરિએ રે. ચિત્ત૦ રાજદંડ ઉપજે તે ચોરી, નાઠું પડ્યું વળી વિસરિએ રે. ચિત્ત૦ ॥૨॥ કૂડે તોલે કૂડે માપે, અતિચારે નવિ અતિચરિએ રે. ચિત્ત૦ આ ભવ પરભવ ચોરી કરતાં, વધ બંધન જીવિત હરિએ રે. ચિત્ત૦ ॥૩॥ ચોરીનું ધન ન ઠરે ઘરમાં, ચોર સદા ભૂખે મરિએ રે. ચિત્ત૦ ચોરનો કોઈ ધણી નવિ હોવે, પાસે બેઠાં પણ હરિએ રે. ચિત્ત૦ ॥૪॥ પરધન લેતાં પ્રાણ જ લીધા, પંચેંદ્રિય હત્યા વરિએ રે. ચિત્ત૦ વ્રત ધરતાં જગમાં જસ ઉજ્જવલ, સુર લોકે જઈ અવતરિયે રે. ચિત્ત૦ ॥૫॥ તિહાં પણ સાસય પડિમા પૂજી, પુણ્યતણી પોઠી ભરિયે રે. ચિત્ત૦ જળકળશા ભરી જિન અભિષેકે, કલ્પતરુ રૂડો ફળિયે રે. ચિત્ત૦ ॥૬॥ ધનદત્ત શેઠ ગયો સુરલોકે, એ વ્રત શાખા વિસ્તરિએ રે. ચિત્ત૦ શ્રી શુભવીર જિનેશ્વર ભક્તે, સાસયસુખ શિવમંદિરિએ રે. ચિત્ત ॥૭॥**

**॥ કાવ્યમ્ ॥ શાર્દૂલવિક્રીડિતં વૃત્તમ્ ॥**

શ્રદ્ધાસંયુત–દ્વાદશ–વ્રતધરાઃ શ્રાદ્ધાઃ શ્રુતે વર્ણિતાઃ ॥
આનંદાદય–દિગ્મિતાઃ સુરભવં ત્યક્ત્વા ગમિષ્યંતિ વૈ ॥
મોક્ષં તદ્વ્રત–માચરસ્વ સુમતે ચૈત્યાભિષેકં કુરુ ।
યેન ત્વં વ્રતકલ્પ–પાદપ–ફલાસ્વાદં કરોષિ સ્વયમ્ ॥૧॥

॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મ-જરામૃત્યુનિવારણાય શ્રીમતે જિનેંદ્રાય પુષ્પમાલાં યજામહે સ્વાહા ॥

॥ ઈતિ તૃતીયવ્રતે ચતુર્થ પુષ્પમાલાપૂજા સમાપ્તા ॥

॥ ચતુર્થવ્રતે પંચમ દીપક પૂજા ॥

॥ દૂહો ॥

ચોથું વ્રત હવે વરણવું, દીપક સમ જસ જ્યોત;
કેવળ દીપક કારણે, દીપકનો ઉદ્યોત ॥ ૧ ॥

॥ ઢાળ ॥

(વૃંદાવનના વાસી રે, વિઠલા તેં મુજને વિસારી–એ દેશી)

એવ્રત જગમાં દીવો મેરે પ્યારે, એ વ્રત જગમાં દીવો ॥ ટેક ॥ પરમાતમ પૂજીને વિધિશું, ગુરૂ આગળ વ્રત લીજે, અતિચાર પણ દૂર કરીને, પરદારા દૂર કીજે મેરે૦ નિજ નારી સંતોષી શ્રાવક, અણુવ્રત ચોથું પાળે; દેવ તિરી નર નારી નજરે, રૂપરંગ નવિ ભાળે. મેરે૦ ॥ ૧ ॥ વ્રતને પીડા કામની ક્રીડા, દુરગંધા જે બાળી; નાસા વિણ નારી પણ રાગે, પંચાશકમાં ટાળી. મેરે૦ વિધવા નારી બાળ કુમારી, વેશ્યા પણ પરજાતી; રંગે રાતી દુર્બળ છાતી, નરમારણ એ કાતી. મેરે૦ ॥૨॥ પરનારી હેતે શ્રાવકને, નવ

વાઢયો નિરધારી; નારાયણ ને ચેડા મહારાજે, કન્યાદાન નિવારી, મેરે૦ ભરતરાયને રાજ ભળાવી રામ રહ્યા વનવાસે; ખરદૂષણ નારી સવિકારી, દેખી ન પડયા પાસે. મેરે૦ ॥૩॥ દશશિર રાવણ રણમાં રોળ્યો, સીતા સતીમાં મોટી; સર્વ-થકી જો બ્રહ્મવ્રત પાળે, નાવે દાન હેમ કોટી. મેરે૦ વૈતરણીની વેદનામાંહે, વ્રત ભાંગે તે પેસે; વિરતિને પ્રણામ કરીને, ઇંદ્ર સભામાં બેસે. મેરે૦ ॥૪॥ મદિરા માંસથી વેદપુરાણે, પાપ ઘણું પરદારા; વિષકન્યા રંડાપણ અંધા, વ્રતભંજક અવતારા. મેરે૦ વ્રત સંભાળે પાપ પખાળે, સુર તસ વાંછિત સાધે; કલ્પતરૂ ફળદાયક એ વ્રત, જગ જશ કીરતિ વાધે. મેરે૦ ॥ ૫ ॥ દશમે અંગે બત્રીશ ઓપમ, શીલવતી વ્રત પાળી; નાથ નિહાળી ચરણે આયો, નેહ નજર તુમ ભાળી. મેરે૦ હાથી મુખસે દાણો નિકસે, કીડી કુટુંબ સહુ ખાવે; શ્રી શુભવીર જિનેશ્વર સાહેબ, શોભા અમ શિર પાવે. મેરે૦ ॥૬॥

॥ કાવ્યમ્ ॥ શાર્દૂલવિક્રીડિતં વૃત્તમ્ ॥

શ્રદ્ધાસંયુત–દ્વાદશ–વ્રતધરાઃ શ્રાદ્ધાઃ શ્રુતે વર્ણિતાઃ ।
આનંદાદય–દ્વિગ્મિતાઃ સુરભવં ત્યક્ત્વા ગમિષ્યન્તિ વૈ ॥
મોક્ષં તદ્વ્રત–માચરસ્વ સુમતે ચૈત્યાભિષેકં કુરુ ।
યેન ત્વં વ્રતકલ્પ-પાદપ-ફલાસ્વાદં કરોષિ સ્વયમ્ ॥૧॥

॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મ-જરામૃત્યુનિવારણાય શ્રીમતે જિનેંદ્રાય દીપં યજામહે સ્વાહા ॥

॥ ઇતિ ચતુર્થ વ્રતે પંચમ દીપકપૂજા સમાપ્તા ॥

॥ પંચમવ્રતે ષષ્ઠ ધૂપપૂજા ॥

॥ દુહો ॥

અણુવ્રત પંચમ આદરી, પાંચ તજી અતિચાર;
જિનવર ધૂપે પૂજિયે, ત્રિશલા માત મલ્હાર ॥૧॥

॥ ઢાળ ॥

(મારી આંબાના માંડવડા હેઠ–એ–દેશી.)

મનમોહનજી જગતાત, વાત સુણો જિનરાજજી રે; નવિ મળિયો આ સંસાર, તુમ સરીખો શ્રી નાથજી રે. એ આંકણી ॥ કૃષ્ણાગરુ ધૂપ દશાંગ, ઉખેવિ કરૂં વિનતિ રે; તૃષ્ણા તરૂણી રસલીન, હું રઝળ્યો ચારે ગતિ રે; તિર્યંચ તરૂનાં મૂળ, રાખી રહ્યો ધન ઉપરે રે; પંચેન્દ્રિ ફણીધર રૂપ, ધન દેખીને મમતા કરે રે. મન૦ ॥૧॥ સુર લોભી છે સંસાર, સંસારી ધન સંહરે રે; ત્રીજે ભવ સમરાદિત્ય, સાધુ ચરિત્રને સાંભળે રે; નરભવમાંહે ધન કાજ, ઝહાજ ચઢયો રણમાં રડયો રે; નીચ સેવા મૂકી લાજ, રાજ્યરસે રણમાં પડયો રે. મન૦ ॥૨॥ સંસારમાંહે એક સાર,

જાણી કંચન કામિની રે; ન ગણી જપમાળા એક, નાથ નિરંજન નામની રે; ભાગ્યે મળિયા ભગવંત, અવસર પામી વ્રત આદરૂં રે; ગયો નરકે મમ્મણ શેઠ, સાંભળી લોભથી ઓસરૂં રે. મન૦ ॥૩॥ નવવિધ પરિગ્રહ પરિમાણ, આણંદાદિકની પરે રે; અથવા ઇચ્છા પરિમાણ, ધણ ધન્નાદિક ઉચ્ચરે રે; વળી સામાન્યે ષટ્ ભેદ, ઉત્તર ચોસઠ દાખિયા રે; દશવૈકાલિક નિર્યુક્તિ, ભદ્રબાહુ ગુરૂ ભાખિયા રે. મન૦ ॥૪॥ પરિમાણથી અધિકું હોય, તો તીરથે જઈ વાવરો રે; રોકાયે ભવનું પાપ, છાપ ખરી જિનની ધરો રે; ધનશેઠ ધરી ધનમાન, ચિત્રાવેલીને પરિહરી રે; શુભવીર પ્રભુને ધ્યાન, સંતોષે શિવસુંદરી રે. મન૦ ॥૫॥

॥ કાવ્યમ્ ॥ શાર્દૂલવિક્રીડિતં વૃત્તમ્ ॥

શ્રદ્ધાસંયુત–દ્વાદશ–વ્રતધરાઃ શ્રાદ્ધાઃ શ્રુતે વર્ણિતાઃ ।
આનંદાદય–દિગ્મિતાઃ સુરભવં ત્યક્ત્વા ગમિષ્યંતિ વૈ ॥
મોક્ષં તદ્વ્રત–માચરસ્વ સુમતે ચૈત્યાભિષેકં કુરુ ।
યેન ત્વં વ્રતકલ્પ–પાદપ–ફલાસ્વાદં કરોષિ સ્વયમ્ ॥૧॥

॥ મંત્ર ॥

ઓઁ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય પરમેશ્વરાય જન્મ-જરામૃત્યુનિવારણાય શ્રીમતે જિનેંદ્રાય ધૂપં યજામહે સ્વાહા ॥

॥ ઇતિ પંચમવ્રતે ષષ્ઠ ધૂપપૂજા સમાપ્તા ॥

## ॥ ષષ્ઠવ્રતે સપ્તમ પુષ્પપૂજા ॥

### ॥ દૂહો ॥

ફૂલ અમુલ્લક મેઘ જ્યું, વરસાવી જિન અંગ;
ગુણવ્રત ત્રણ્યે તેહમાં, દિશિ પરિમાણને રંગ ॥૧॥

### ॥ ઢાળ ॥

રાગ–સારંગ (દાયક દિલ વસિયા એ દેશી.)

સમસવરણ સુરવર રચે રે, પૂજા ફૂલ અશેષ; સાહિબ શિવ વસિયા; રાયપસેણી સૂત્રમાં રે, કરે સુરિયાભ વિશેષ. સાહિબ૦ ॥૧॥ પૂજ્યની પૂજા તેમ કરી રે, કરું આશા પરિમાણ. સા૦ ચાર દિશા વિમલા તમારે, હિંસાયે પચ્ચક્ખાણ. સા૦ ॥૨॥ આશા કરૂં અરિહાતણી રે, પંચ તજી અતિચાર. સા૦ તુમ સરિખો દીઠો નહિં રે, જગમાં દેવ દયાળ. સા૦ ॥૩॥ વરસી વરસ્યા તે સમે રે, વિપ્ર ગયો પરદેશ. સા૦ તેહને પણ સુખિયો કર્યો રે, લાખિણો દેઇ ખેસ. સા૦ ॥૪॥ હું પણ તે દિન કેઈ ગતિ રે, કેવલી જબ જિન-રાજ. સા૦ શાસન દેખી તાહરૂં રે, આવ્યો તુમ શિર લાજ. સા૦ ॥૫॥ એ વ્રતથી શિવસુખ લહ્યું રે, જેમ મહાનંદકુમાર. સા૦ શ્રી શુભવીર જિને-શ્વરૂ રે. અમને પણ આધાર. સાહિબ શિવ વસિયા. ॥૬॥

॥ કાવ્યમ્ ॥ શાર્દૂલવિક્રીડિતં વૃત્તમ્ ॥

શ્રદ્ધાસંયુત–દ્વાદશ–વ્રતધરાઃ શ્રાદ્ધાઃ શ્રુતે વર્ણિતાઃ ।
આનંદાદય–દિગ્મિતાઃ સુરભવં ત્યક્ત્વા ગમિષ્યંતિ વૈ ॥
મોક્ષં તદ્વ્રત–માચરસ્વ સુમતે ચૈત્યાભિષેકં કુરુ ।
યેન ત્વં વ્રતકલ્પ–પાદપ–ફલાસ્વાદં કરોષિ સ્વયમ્ ॥૧॥

॥ મંત્ર ॥

ઓં હ્રીં શ્રીં પરમપુરૂષાય પરમેશ્વરાય જન્મ-જરામૃત્યુનિવારણાય શ્રીમતે જિનેંદ્રાય પુષ્પં યજામહે સ્વાહા ॥

॥ ઇતિ ષષ્ઠવ્રતે સપ્તમ પુષ્પપૂજા સમાપ્તા ॥

॥ સપ્તમવ્રતે અષ્ટમ અષ્ટમાંગલિક પૂજા ॥

॥ દૂહા ॥

અષ્ટ મંગળની પૂજના, કરિયે કરી પ્રણામ;
આઠમી પૂજાએ નમો, ભાવ મંગલ જિનનામ ॥૧॥
ઉપભોજે પરિભોગથી, સપ્તમ વ્રત ઉચ્ચાર;
બીજું ગુણવ્રત એહના, વીશ તજો અતિચાર ॥૨॥

॥ ઢાળ ॥

(સુતારીના બેટા તુને વિનવું રે લોલ-એ દેશી.)

વ્રત સાતમે વિરતિ આદરૂં રે લોલ, કરો સાહેબ જો મુજ મેહેર જો; તુમ આગમ આરીસો જોવતાં રે લોલ, દૂર દીઠું છે શિવપુર શહેર જો ॥૧॥ મને સંસારશેરી વિસરી રે લોલ, જિહાં બાર પાડોશી ચાડ જો, નિત્ય રહેવું ને નિત્ય

વઢવાડ જો. મને૦ ॥ એ આંકણી ॥ ફળ તંબોળ અન્ન ઉપભોગમાં રે લોલ, ઘર નારી ચીવર પરિભોગ જો; કરી માન નમું નિત્ય નાથને રે લોલ, જેથી જાએ ભવોભવ શોક જો. મને૦ ॥૨॥ પ્રભુ પૂજા રચું અષ્ટ મંગળે રે લોલ, પરહાંસી તજી અતિ રોષ જો; અતિઉદ્ભટ વેશ ન પહેરીયે રે લોલ, નવિ ધરીએ મલિનતા વેશ જો. મને૦ ॥૩॥ ચાર મોટી વિગય કરી વેગળી રે લોલ, દશ બાર અભક્ષ્ય નિવારે જો; તિહાં રાત્રિભોજન કરતાં થકાં રે લોક, મંજાર ઘુઅડ અવતાર જો. મને૦ ॥૪॥ છળે રાક્ષસ વ્યંતર ભૂતડાં રે લોલ, કેશ કંટક જુનો વિકાર જો; ત્રણ્ય મિત્ર ચરિત્રને સાંભળી રે લોલ, કરો રાત્રિભોજન ચોવિહાર જો. મને૦ ॥૫॥ ગાડાં વહેલ વેચે ભાડાં કરે રે લોલ, અંગાર કરમ વનકર્મ જો; સર કૂપ ઉપલ ખણતાં થકાં રે લોલ, નવિ રહે શ્રાવકનો ધર્મ જો. મને૦ ॥૬॥ વિષ શસ્ત્ર વેપાર દાંત લાખનો રે લોલ, રસ કેશ નિર્લંછનકર્મ જો; શુક મેના ન પાળીએ પાંજરે રે લોલ, વનદાહે દહે શિવશર્મ જો. મને૦ ॥૭॥ યંત્રપીલણ રસ નવિ શોષીએ રે લોલ, તેણે કરજો મયા મહારાજ જો; નહિ ખોટ ખજાને દીજીએ રે લોલ, શિવરાજ વધારી લાજ જો. મને૦ ॥૮॥ રાજમંત્રીસુતા ફળ પામતી રે લોલ, વ્રતસાધક બાધક ટાળ જો; શુભવીર

પ્રભુના નામથી રે લોલ, નિત્ય પામીએ મંગળ-
માળ જો. મને૦ ॥૯॥

॥ કાવ્યમ્ ॥ શાર્દૂલવિક્રીડિતં વૃત્તમ્ ॥

શ્રદ્ધાસંયુત-દ્વાદશ-વ્રતધરાઃ શ્રાદ્ધાઃ શ્રુતે વર્ણિતાઃ ।
આનંદાદય-દિગ્મિતાઃ સુરભવં ત્યક્ત્વા ગમિષ્યન્તિ વૈ ॥
મોક્ષં તદ્વ્રત-માચરસ્વ સુમતે ચૈત્યાભિષેકં કુરુ ।
યેન ત્વં વ્રતકલ્પ-પાદપ-ફલાસ્વાદં કરોષિ સ્વયમ્ ॥

॥ મંત્ર ॥

ઓઁ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય પરમેશ્વરાય જન્મ-જરામૃત્યુનિવારણાય શ્રીમતે જિનેંદ્રાય અષ્ટમંગલાનિ યજામહે સ્વાહા ॥

॥ ઈતિ સપ્તમવ્રતે અષ્ટમ અષ્ટમાંગલિકપૂજા સમાપ્તા ॥

॥ અષ્ટમવ્રતે નવમ અક્ષતપૂજા ॥

॥ દૂહા ॥

દંડાયે વિણુ હેતુયે, વળગે પાપ પ્રચંડ;
પ્રભુ પૂજી વ્રત કારણે, તે કહું અનરથદંડ ॥૧॥
સ્વજન શરીરને કારણે, પાપે પેટ ભરાય;
તે નવિ અનરથદંડ છે, એમ ભાખે જિનરાય ॥૨॥

॥ ઢાળ ॥

(વેગળો રહે વરણાગીયા—એદેશી.)

નેક નજર કરો નાથજી, જેમ જાયે દાલિદર આજથી જી હો. નેક૦ અમે અક્ષત ઉજ્જવલ

તંદુલે, કરી પૂજા કરું જિન આગળે જી હો. નેક૦ આવી પહોતો છું પંચમકાળમાં, સંસાર દાવાનળ ઝાળમાં જી હો. નેક૦ ॥૧॥ ધ્યાન આરત રૌદ્રે મંડીયો, ઠામ ઠામ અનર્થે દંડીયો જી હો. નેક૦ ઉપદેશ મેં પાપનો દાખિયો, કૂડી વાતે થયો હું સાખિયો જી હો. નેક૦ ॥૨॥ આરંભ કર્યા ઘણી ભાતિના, મેં યુદ્ધ કર્યાં કેઈ જાતિનાં જી હો, નેક૦ રથ મૂશલ માગ્યાં આપિયાં, જતાં પંથે તે તરુવર ચાંપિયાં જી હો. નેક૦ ॥૩॥ વળી વાદે તે વૃષભ દોડાવિયા, કરી વાતો ને લોક લડાવિયા જી હો. નેક૦ ચાર વિકથાયે પુણ્યધન હારિયો, જેમ અનીતિપુરે વ્યવહારિયો જી હો. નેક૦ ॥૪॥ તિહાં ચાર ધૂતારા વાણિયા, ભરે પેટ તે પાપે પ્રાણિયા જી હો. નેક૦ રણઘંટા વચન જો પાળીયું, તો રત્નચૂડે ધન વાળીયું જી હો. નેક૦ ॥૫॥ એમ અરિહાની આણા પાળશું, વ્રત લેઇને પાપ પખાળશું જી હો. નેક૦ અતિચાર તે પાંચ નિવારશું, ગુરુશિક્ષા તે દિલમાં ધારશું જી હો. નેક૦ ॥૬॥ વીરસેન કુસુમસિરિ દો જણાં, વ્રત પાળી થયાં સુખિયાં ઘણાં જી હો. નેક૦ અમે પામીએ લીલવિલાસને, શુભવીર પ્રભુને શાસને જી હો. નેક૦ ॥૭॥

—()—

॥ કાવ્યમ્ ॥ શાર્દૂલવિક્રીડિતં વૃત્તમ્ ॥

શ્રદ્ધાસંયુત–દ્વાદશ વ્રતધરાઃ શ્રાદ્ધાઃ શ્રુતે વર્ણિતાઃ ।
આનંદાદયદિગ્મિતાઃ સુરભવં ત્યક્ત્વા ગમિષ્યંતિ વૈ ॥
મોક્ષં તદ્વ્રત–માચરસ્વ સુમતે ચૈત્યાભિષેકં કુરુ ।
યેન ત્વં વ્રતકલ્પ–પાદપ–ફલાસ્વાદં કરોષિ સ્વયમ્ ॥૧॥

॥ મંત્ર ॥

ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય પરમેશ્વરાય જન્મ-જરામૃત્યુનિવારણાય શ્રીમતે જિનેંદ્રાય અક્ષતાન્ યજામહે સ્વાહા ॥

॥ ઇતિ અષ્ટમવ્રતે નવમ અક્ષતપૂજા સમાપ્ત ॥

॥ નવમવ્રતે દશમ દર્પણપૂજા ॥

॥ દૂહો ॥

દશમી દર્પણપૂજના, ધરી જિન આગળ સાર;
આતમરૂપ નિહાળવા, કહું શિક્ષાવ્રત ચાર ॥૧॥

॥ ઢાળ ॥

(સુણ ગોવાલણી! એ દેશી.)

હે સુખકારી! આ સંસારથકી જો મુજને ઉદ્ધરે, હે ઉપકારી! એ ઉપકાર તુમારો કદીયે ન વીસરે. એ ટેક. નવમે સામાયિક ઉચ્ચરિયે, અમે દર્પણની પૂજા કરિયે; નિજ આતમરૂપ અનુસરિયે, સમતા સામાયિક સંવરિયે. હે૦ ॥૧॥ સામાન્યે જિહાં મુનિવર ભાળે, અતિચાર પાંચ એહના ટાળે; સાધુ પરે જીવદયા પાળે, નિજ ઘર

ચૈત્યે પૌષધશાળે. હે૦ ॥૨॥ રાજા મંત્રી ને વ્યવહારી, ઘોડા રથ હાથી શણગારી; વાજિંત્ર ગીત આગળ પાળા, પરશંસે ષટ્દર્શનવાળા. હે૦ ॥૩॥ એણી રીતે ગુરુ પાસે આવી, કરે સામાયિક સમતા લાવી; ઘડી બે સામાયિક ઉચ્ચરિયે, વળી બત્રીશ દોષને પરિહરિયે. હે૦ ॥૪॥ લાખ ઓગણસાઠ બાણું કોડી, પચવીશ સહસ નવસે જોડી; પચવીશ પલ્યોપમ ઝાઝેરું, તે બાંધે આયુ સુરકેરું. હે૦ ॥૫॥ સામાયિક વ્રત પાળી યુગતે, તે ભવ ધનમિત્ર ગયો મુગતે; આગમ રીતે વ્રત હું પાળું, પંચમ ગુણઠાણું અજુવાળું. હે૦ ॥ ૬ ॥ તુમે ધ્યેય રૂપે ધ્યાને આવો, શુભવીર પ્રભુ કરુણા લાવો; નહીં વાર અચળ સુખ સાધંતે, ઘડી દોય મળો જો એકાંતે. હે૦ ॥૭॥

॥ કાવ્યમ્ ॥ શાર્દૂલવિક્રીડિતં વૃત્તમ્ ॥

શ્રદ્ધાસંયુત–દ્વાદશ–વ્રતધરાઃ શ્રાદ્ધાઃ શ્રુતે વર્ણિતાઃ ।
આનંદાદય–દિગ્મિતાઃ સુરભવં ત્યક્ત્વા ગમિષ્યંતિ વૈ ॥
મોક્ષં તદ્વ્રત–માચરસ્વ સુમતે ચૈત્યાભિષેકં કુરુ ।
યેન ત્વં વ્રત–કલ્પ–પાદપ–ફલાસ્વાદં કરોષિ સ્વયમ્ ॥૧॥

॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુનિવારણાય શ્રીમતે જિનેંદ્રાય દર્પણં યજામહે સ્વાહા ॥

॥ ઇતિ નવમવ્રતે દશમ દર્પણપૂજા સમાપ્ત ॥

## ॥ દશમવ્રતે એકાદશ નૈવેદ્યપૂજા ॥

### ॥ દૂહો ॥

વિગ્રહગતિ દૂરે કરી, આપો પદ અણાહાર;
ઇમ કહી જિનવર પૂજીએ, ઠવી નૈવેદ્ય રસાળ ॥૧॥

### ॥ ઢાળ ॥

(તેજે તરણીથી વડો રે–એ દેશી)

દશમે દેશાવકાસિકે રે, ચઉદ નિયમ સંક્ષેપ; વિસ્તારે પ્રભુ પૂજતાં રે, ન રહે કર્મનો લેપ હો જિનજી ॥૧॥ ભક્તિ સુધારસ ઘોળનો રે, રંગ બન્યો છે ચોળનો રે, પલક ન છોડયો જાય. આંકણી૦ એક મુહૂરત દિન રાતનું રે, પક્ષ માસ પરિમાણ; સંવત્સર ઇચ્છિા લગે રે, તે રીતે પચ્ચક્ખાણ હો જિનજી. ભક્તિ૦ ॥૨॥ બારે વ્રતના નિયમનો રે, સંક્ષેપ એહમાં થાય; મંત્રબળે જેમ વીંછીનું રે, ઝેર તે ડંખે જાય હો જિનજી. ભક્તિ૦ ॥૩॥ ગંઠસી ઘરસી દીપસી રે, એહમાં સર્વ સમાય; દીપક જ્યોતે દેવતા રે, ચંદવિડંસગ રાય હો જિનજી. ભક્તિ૦ ॥૪॥ પણ અતિચાર નિવારીને રે, ધનદ ગયો શિવગેહ; શ્રી શુભવીરશું માહરે રે, સાચો ધર્મસનેહ હો જિનજી. ભક્તિ૦ ॥૫॥

—※—

॥ કાવ્યમ્ ॥ શાર્દૂલવિક્રીડિતં વૃત્તમ્ ॥

શ્રદ્ધાસંયુત–દ્વાદશ–વ્રતધરાઃ શ્રાદ્ધાઃ શ્રુતે વર્ણિતાઃ ।
આનંદાદય–દિગ્મિતાઃ સુરભવં ત્યક્ત્વા ગમિષ્યંતિ વૈ ॥
મોક્ષં તદ્વ્રત–માચરસ્વ સુમતે ચૈત્યાભિષેકં કુરુ ।
યેન ત્વં વ્રત-કલ્પ–પાદપ–ફલાસ્વાદં કરોષિ સ્વયમ્ ॥૧॥

॥ મંત્ર ॥

ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય પરમેશ્વરાય જન્મ-જરામૃત્યુનિવારણાય શ્રીમતે જિનેંદ્રાય નૈવેદ્યં યજામહે સ્વાહા ॥

॥ ઇતિ દશમવ્રતે એકાદશ નૈવેદ્યપૂજા સમાપ્ત ॥

॥ એકાદશવ્રતે દ્વાદશ ધ્વજપૂજા ॥

॥ દૂહો ॥

પડહ વજાવી અમારીનો, ધ્વજ બાંધો શુભ ધ્યાન;
પોસહવ્રત અગિયારમે, ધ્વજ પૂજા સુવિધાન ॥૧॥

॥ ઢાળ ॥

(વગડાનો વાસી રે મોર શિદ મારીઓ–એ દેશી)

પ્રભુપડિમા પૂજીને પોષહ કરીયે રે, વાતને વિસારી રે વિકથા ચારની; પ્રાયે સુરગતિ સાધે પર્વને દિવસે રે, ધર્મની છાયા રે તરુ સહકારની. શીતળ નહિ છાયા રે આ સંસારની, કૂડી છે માયા રે આ સંસારની, કાચની કાયા રે છેવટ

છારની, સાચી એક માયા રે જિન અણગારની ॥૧॥ એ આંકણી ॥ એંશી ભાંગે દેશ થકી જે પોસહ રે, એકાસણ કહ્યું રે શ્રી સિદ્ધાંતમાં; નિજ ઘર જઇને જયણા મંગળ બોલી રે, ભાજન-મુખ પૂંજી રે શબ્દ વિના જમે. શીતલ૦ ॥ફૂ૦॥ કા૦ ॥ સા૦ ॥૨॥ સર્વથી આઠ પહોરનો ચઉ-વિહાર રે, સંથારો નિશિ રે કંબલ ડાભનો; પાંચે પરવી ગૌતમ ગણધર બોલ્યા રે, પૂરવ આંક તીસ ગુણો છે લાભનો. શી૦ ॥ફૂ૦॥ કા૦ ॥ સા૦॥૩॥ કાર્તિક શેઠ પામ્યો હરિ અવતાર રે, શ્રાવક દશ વીસ વરસે સ્વર્ગે ગયા; પ્રેતકુમાર વિરાધક ભાવને પામ્યો રે, દેવકુમાર વ્રત રે આરાધક થયા. શી૦ ॥ ફૂ૦ ॥ કા૦ ॥ સા૦ ॥૪॥ પણ અતિચાર તજી જિનજી વ્રત પાળું રે, તારક નામ સાચું રે જો મુજ તારશો; નામ ધરાવો નિર્યામક જો નાથ રે, ભવોદધિ પાર રે તો ઉતારશો. શી૦ ॥ ફૂ૦ ॥ કા૦ ॥ સા૦ ॥ ૫ ॥ સુલસાદિક નવ જણને જિનપદ દીધું રે, કરમે તે વેળા રે વસિયો વેગળો; શાસન દીઠું ને વળી લાગ્યું મીઠું રે, આશાભર આવ્યો રે સ્વામી એકલો. શી૦ ॥ ફૂ૦ ॥ કા૦ ॥ સા૦ ॥૬॥ દાયક નામ ધરાવો તો સુખ આપો રે, સુરતરુની આગે રે શી બહુ માગણી; શ્રી શુભ-વીર પ્રભુજી મોંઘે કાળે રે, દિયંતા દાન રે શાબાશી ઘણી. શી૦ ॥ ફૂ૦ ॥ કા૦ ॥સા૦ ॥૭॥

॥ કાવ્યમ્ ॥ શાર્દૂલવિક્રીડિતં વૃત્તમ્ ॥

શ્રદ્ધાસંયુત–દ્વાદશ–વ્રતધરાઃ શ્રાદ્ધાઃ શ્રુતે વર્ણિતાઃ ।
આનંદાદય–દિગ્મિતાઃ સુરભવં ત્યક્ત્વા ગમિષ્યન્તિ વૈ ॥
મોક્ષં તદ્વ્રત–માચરસ્વ સુમતે ચૈત્યાભિષેકં કુરુ ।
યેન ત્વં વ્રત-કલ્પ–પાદપ–ફલાસ્વાદં કરોષિ સ્વયમ્ ॥

॥ મંત્ર ॥

ઓં હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મ-જરામૃત્યુનિવારણાય શ્રીમતે જિનેંદ્રાય ધ્વજં યજામહે સ્વાહા ॥

॥ ઇતિ એકાદશવ્રતે દ્વાદશ ધ્વજપૂજા સમાપ્ત ॥

॥ દ્વાદશવ્રતે ત્રયોદશ ફલપૂજા ॥

॥ દૂહો ॥

અતિથિ કહ્યા અણગારને, સંવિભાગ વ્રત તાસ;
ફળ પૂજા કરી તેરમી, માગો ફળ પ્રભુ પાસ ॥૧॥

॥ ઢાળ ॥

(ભમરા ! ભૂધર શેં નાવ્યો–એ દેશી)

ઉત્તમ ફળપૂજા કીજે, મુનિને દાન સદા દીજે; બારમે વ્રત લાહો લીજે રે, શ્રાવક વ્રત સુરતરુ ફળિયો; મનમોહન મેળો મળિયો રે. શ્રાવક૦ ॥૧॥ એ આંકણી ॥ દેશ કાળ શ્રદ્ધા ક્રમિયે, ઉત્તર પારણે દાન દયે; તેહિમાં પણ નવિ અતિ-

ચરિયે રે. શ્રા૦ ॥ ૨ ॥ વિનતિ કરી મુનિને લાવે, મુનિ બેસણ આસણ ઠાવે; પડિલાભે પોતે ભાવે રે. શ્રા૦ ॥૩॥ દશ ડગલાં પૂંઠે જાવે, મુનિદાને જે નવિ આવે; વ્રતધારી તે નવિ ખાવે રે. શ્રા૦ ॥૪॥ મુનિ અછતે જમે દિશિ દેખી, પોસહ પારણવિધિ ભાખી; ધર્મદાસ ગણી છે સાખી રે, શ્રા૦ ॥૫॥ એકાદશ પડિમા વહિયા, સુર ઉપ-સર્ગે નવિ પડિયા; કામદેવ પ્રભુમુખ ચડિયા રે. શ્રા૦ ॥૬॥ ગુણકર શેઠ ગયા મુકતે, હું પણ પાળું એ યુકતે; શ્રી શુભવીર પ્રભુ ભકતે રે. શ્રાવક૦ ॥૭॥

॥ અથ સર્વોપરિ ગીતં ॥

(નિશદિન જોઉં વાટડી, ઘરે આવો ઢોલા–એ દેશી)

વિરતિપણે હું વિનવું, પ્રભુ અમ ઘર આવો; સેવક સ્વામિભાવથી, નથી કોઇનો દાવો. વિ૦ ॥૧॥ લીલવિલાસી મુક્તિના, તુજ તેહ દેખાવો; મનમેળો મેલી કરી, ફોગટ લલચાવો. વિ૦ ॥૨॥ રંગરસીલા રીઝીને, ત્રિશલાસુત આવો; થાયે સેવક તુમ આવતે, ચૌદ રાજમાં ચાવો. વિ૦ ॥૩॥ પંથ વચ્ચે પ્રભુજી મળ્યા, હજુ અરધે જાવો; નિર્ભય નિજપુર પામવા, પ્રભુ પાકો વોળાવો. વિ૦ ॥૪॥ શ્રેણિ ચઢી શૈલેશિયે, પરિ શાટન ભાવો; એક સમય શિવમંદિરે, જ્યોતે

જ્યોત મિલાવો. વિ૦ ॥૫॥ નાટક દુનિયા દેખતે, નવિ હોય અભાવો; શ્રી શુભવીરને પૂજતાં, ઘેર ઘેર વધાવો. વિ૦ ॥૬॥

॥ કાવ્યમ્ ॥ શાર્દૂલવિક્રીડિતં વૃત્તમ્ ॥

શ્રદ્ધાસંયુત-દ્વાદશ-વ્રતધરાઃ શ્રાદ્ધાઃ શ્રુતે વર્ણિતાઃ ।
આનંદાદય-દિગ્મિતાઃ સુરભવં ત્યક્ત્વા ગમિષ્યંતિ વૈ ।
મોક્ષં તદ્વ્રત-માચરસ્વ સુમતે ચૈત્યાભિષેકં કુરુ ।
યેન ત્વં વ્રતકલ્પ-પાદપ-ફલાસ્વાદં કરોષિ સ્વયમ્ ॥૧॥

॥ મંત્ર ॥

ઐં હ્રીં શ્રીં પરમપુરૂષાય પરમેશ્વરાય જન્મ-જરામૃત્યુનિવારણાય શ્રીમતે જિનેંદ્રાય ફલં યજામહે સ્વાહા ॥

॥ ઈતિ દ્વાદશવ્રતે ત્રયોદશ ફલપૂજા સમાપ્ત ॥

॥ કલશ ॥

( રાગ-ધનાશ્રી )

ગાયો ગાયો રે, મહાવીર જિનેશ્વર ગાયો. વીરમુખે વ્રત ઉચ્ચરિયાં જેમ, નર નારી સમુદાયો; એકસો ચોવીશ અતિચાર પ્રમાણે, ગાથાએ ભાવ બનાયો રે. મહા૦ ॥૧॥ વ્રતધારીને પૂજાનો વિધિ, ગણધર સૂત્ર ગુંથાયો; નિર્ભય દાવે શિવપુર જાવે, જેમ જગમાલ છપાયો રે. મહા૦ ॥૨॥

**તપગચ્છ શ્રી વિજયસિંહસૂરિના, સત્યવિજય સત્ય પાયો; કપૂરવિજય ગુરૂ ખિમાવિજય તસ, જસવિજયો મુનિરાયો રે. મહા૦ ॥૩॥ શ્રી શુભવિજય સુગુરૂ સુપાયે, શ્રુતચિંતામણિ પાયે; વિજયદેવેંદ્રસૂરીશ્વરાજ્યે, એ અધિકાર રચાયો રે. મહા૦ ॥૪॥ કષ્ટ નિવારે વંછિત સારે, મધુર કંઠે મલ્હાયો; રાજનગરમાં પૂજા ભણાવી, ઘર ઘર ઉત્સવ થાયો રે. મહા૦ ॥૫॥ મુનિ વસુ નાગ શશી સંવત્સર (૧૮૮૭), દીવાળી દિન ગાયો; પંડિત વીરવિજય પ્રભુ ધ્યાને, જગ જસ પડહ વજાયો રે. મહા૦ ॥૬॥**

॥ ઇતિ પંડિત શ્રી વીર વિજયજીકૃત શ્રી દ્વાદશવ્રત ॥

### (૧૧) પંડિત શ્રી વીરવિજયજી કૃત

### શ્રી શત્રુંજય મહિમા ગર્ભિત

## શ્રી નવાણું પ્રકારી પૂજા અને તેનો વિધિ.

જઘન્યથી કળશ ગ્રહણ કરનારા નવ શ્રાવક અને ઉત્કૃષ્ટપણે નવાણું શ્રાવક જાણવા. તથા જઘન્યથી નવ જાતિનાં પ્રત્યેક અગીઆર ફળ લઇને, પ્રત્યેક પૂજા દીઠ નવ નવ ફળ મુકવાં. એમ અગીઆરને નવ ગુણા કરીયે તે વારે નવાણું ફળ થાય. એમ જ સુખડી પણ જઘન્યથી નવ જાતિની અગીઆર અગીયાર નંગ લાવીને, પ્રત્યેક પૂજા દીઠ નવ નવ નંગ મુકવાં. તથા નવાણું દીપક વંશમાલે ધરીએ, તંદુલના સાથીઆ નવાણું કરીએ.

## ॥ પહેલી પૂજા પ્રારંભ ॥

### ॥ દૂહો ॥

શ્રી શંખેશ્વર પાસજી, પ્રણમી શુભગુરૂ પાય;
વિમલાચલ ગુણ ગાઇશું, સમરી શારદ માય ॥૧॥
પ્રાયે એ ગિરિ શાશ્વતો, મહિમાનો નહીં પાર;
પ્રથમ જિણંદ સમોસર્યા, પૂર્વ નવાણું વાર ॥૨॥
અઢીય દ્વીપમાં એ સમો, તીર્થ નહીં ફળદાય;
કળિયુગ કલ્પતરૂ લહી, મુક્તાફળશું વધાય ॥૩॥
યાત્રા નવાણું જે કરે, ઉત્કૃષ્ટે પરિણામ;
પૂજા નવાણું પ્રકારની, રચતાં અવિચળ ધામ ॥૪॥
નવ કળશે અભિષેક નવ, એમ એકાદશ વાર;
પૂજાદીઠ શ્રીફળ પ્રમુખ, એમ નવાણું પ્રકાર ॥૫॥

### ॥ ઢાળ ॥

રાગ—(ઝુમખડાની દેશી.)

યાત્રા નવાણું કરીયે સલુણા, કરીયે પંચ સનાત, સુનંદાનો કંત નમો. ગણણું લાખ નવકાર, ગણીજે, દોય અટ્ઠમ છટ્ઠ સાત. સુ૦ ॥૧॥ રથયાત્રા પ્રદક્ષિણા દીજે, પૂજા નવાણું પ્રકાર. સુ૦ ધૂપ દીપ ફળ નૈવેદ્ય મુકી, નમીયે, નામ હજાર. સુ૦ ॥૨॥ આઠ અધિક શત ટુંક ભલેરી, મ્હોટી તિહાં એકવીસ. સુ૦ શત્રુંજયગિરિ ટુંક એ પહેલું, નામ નમો નિશદીશ. સુ૦ ॥૩॥ સહસ અધિક અટ્ઠ મુનિવર સાથે, બાહુબલિ શિવઠામ. સુ૦ બાહુબલિ ટુંક નામ એ

બીજું, ત્રીજું મરૂદેવી નામ. સુ૦ ॥૪॥ પુંડરીકગિરિ નામ એ ચોથું, પંચ કોડી મુનિ સિદ્ધ. સુ૦ પાંચમી ટુંક રૈવતગિરિ કહિયે, તેણે એ નામ પ્રસિદ્ધ. સુ૦ ॥૫॥ વિમલાચલ સિદ્ધરાજ ભગીરથ પ્રણમીજે સિદ્ધક્ષેત્ર. સુ૦ છહરી પાળી એણે ગિરિ આવી, કરીયે જન્મ પવિત્ર. સુ૦ ॥૬॥ પૂજાએ પ્રભુ રીઝવું રે, સાધું કાર્ય અનેક. સુ૦ શ્રી શુભવીર હૃદયમાં વસજો, અલબેલા ઘડી એક. સુ૦ ॥૭॥

॥ કાવ્યમ્ ॥ દ્રુતવિલંબિતવૃત્તમ્ ॥

ગિરિવરં વિમલાચલનામકં,
ઋષભમુખ્ય–જિનાંઘ્રિ–પવિત્રિતમ્ ॥
હૃદિ નિવેશ્ય જલૈર્જિનપૂજનં,
વિમલમાપ્ય કરોમિ નિજાત્મકમ્ ॥

॥ મંત્ર ॥

ઓઁ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય પરમેશ્વરાય જન્મ-જરામૃત્યુનિવારણાય શ્રીમતે જિનેંદ્રાય જલં, ચંદનં, પુષ્પં ધૂપં, દીપં, અક્ષતં, નૈવેદ્યં, ફલં યજામહે સ્વાહા ॥

॥ ઈતિ પ્રથમ પૂજાભિષેકે ઉત્તર પૂજા ૯ સંપૂર્ણ ॥

॥ બીજી પૂજા પ્રારંભ ॥

॥ દૂહો ॥

એકેકું ડગલું ભરે, ગિરિ સન્મુખ જળમાળ;
કોડિ સહસ ભવનાં કર્યાં, પાપ ખપે તત્કાળ ॥૧॥

॥ ઢાળ ॥

રાગ પૂર્વી-(ઘડી ઘડી સાંભરે સાંઇ સલુણા-એ દેશી.)

ગિરિવર દરિસણ વિરલા પાવે, પૂરવ સંચિત કર્મ ખપાવે. ગિરિ૦ ઋષભ જિનેશ્વર પૂજા રચાવે, નવનવ નામે ગિરિગુણ ગાવે. ગિરિ. ॥૧॥ એ આંકણી ॥ સહસ્ર કમલ ને મુક્તિનિલય ગિરિ, સિદ્ધાચળ શતકુટ કહાવે. ગિરિ૦ ઢંક કદંબ ને કોડીનિવાસો, લોહિત તાલધ્વજ સુર ગાવે. ગિરિ૦ ॥૨॥ ઢંકાદિક પંચ કૂટ સજીવન, સુર નર મુનિ મળી નામ થપાવે. ગિરિ૦ રયણ-ખાણ જડીબૂટી ગુફાઓ, રસકૂંપિકા ગુરુ ઇહાં બતાવે. ગિરિ૦ ॥૩॥ પણ પુન્યવંતા પ્રાણી પાવે, પુન્ય કારણ પ્રભુ પૂજા રચાવે. ગિરિ૦ દશકોટી શ્રાવકને જમાડે, જૈન તીર્થ યાત્રા કરી આવે. ગિરિ૦ ॥૪॥ તેથી એક મુનિ દાન દિયંતાં, લાભ ઘણો સિદ્ધાચળ થાવે. ગિરિ૦ ચંદ્રશેખર નિજ ભગિનીભોગી, તે પણ એ ગિરિ મોક્ષે જાવે. ગિરિ૦ ॥૫॥ ચાર હત્યારા નર પરદારા, દેવ ગુરૂદ્રવ્ય ચોરી ખાવે. ગિરિ૦ ચૈત્રી કાર્ત્તિકી પૂનમ યાત્રા, તપ જપ ધ્યાનથી પાપ જલાવે. ગિરિ૦ ॥૬॥ ઋષભસેન જિન આદે અસંખ્યા, તીર્થંકર મુક્તિસુખ પાવે. ગિરિ૦ શિવવહુ વરવા મંડપ એ ગિરિ, શ્રી શુભવીર વચન રસ ગાવે. ગિરિવર૦ ॥૭॥

॥ કાવ્યમ્ ॥ દ્રુતવિલંબિતવૃત્તમ્ ॥

ગિરિવરં વિમલાચલનામકં,
ઋષભમુખ્ય જિનાંઘ્રિ–પવિત્રિતમ્ ॥
હૃદિ નિવેશ્ય જલૈર્જિન પૂજનં,
વિમલમાપ્ય કરોમિ નિજાત્મકમ્ ॥

॥ મંત્ર ॥

**ૐ હ્રીં શ્રીં પરમપુરૂષાય પરમેશ્વરાય જન્મ-જરામૃત્યુનિવારણાય શ્રીમતે જિનેંદ્રાય જલં, ચંદનં, પુષ્પં, ધૂપં, દીપં, અક્ષતં, નૈવેદ્યં, ફલં યજામહે સ્વાહા ॥**

॥ ઇતિ દ્વિતીય અભિષેકે ઉત્તર પૂજા ૧૮ સમાપ્ત ॥

## ॥ ત્રીજી પૂજા પ્રારંભ ॥

॥ દૂહો ॥

**નેમ વિના ત્રેવીશ પ્રભુ, આવ્યા વિમલગિરિંદ;**
**ભાવી ચોવીશી આવશે, પદ્મનાભાદિ જિણંદ ॥૧॥**

॥ ઢાળ ॥

(મનમોહન મેરે–એ દેશી.)

**ધન ધન તે જગ પ્રાણિયા, મનમોહન મેરે. કરતા ભક્તિ પવિત્ર; મ૦ પુણ્યરાશિ મહાબલ ગિરિ મ૦ દઢશક્તિ શતપત્ર. મ૦ ॥૧॥ વિજયાનંદ વખાણીએ મ૦ ભદ્રંકર મહાપીઠ; મ૦ સુરગિરિ મહાગિરિ પુણ્યથી મ૦ આજ મેં નજરે દીઠ. મ૦**

॥૨॥ એંશી યોજન પ્રથમારકે મ૦ સિત્તોર સાઠ પચાસ; મ૦ બાર યોજન સાત હાથનો મ૦ છદ્દે પહોળો પ્રકાશ; મ૦ ॥૩॥ પંચમકાળે પામવો મ૦ દુલહો પ્રભુ દેદાર; મ૦ એકેંદ્રિય વિકલેંદ્રિમાં મ૦ કાઢયો અનંતો કાળ. મ૦ ॥૪॥ પંચેંદ્રિય તિર્યંચમાં, મ૦ નહીં સુખનો લવલેશ; મ૦ ઘૂણાક્ષર ન્યાયે લહ્યો મ૦ નરભવ ગુરુ ઉપદેશ. મ૦ ॥૫॥ બહુશ્રુત વયણુની સેવના મ૦ વસ્તુ-ધર્મ ઓળખાણુ; મ૦ આત્મસ્વરૂપ રમણે રમે, મ૦ ન કરે જુઠ ડફાણ. મ૦ ॥૬॥ કારણે કારજ નીપજે મ૦ દ્રવ્ય તે ભાવ નિમિત્ત; મ૦ નિમિત્ત-વાસી આતમા મ૦ બાવના ચંદન શીત. મ૦ ॥૭॥ અન્વય વ્યતિરેકે કરી, મ૦ જિનમુખ દર્શન રંગ; મ૦ શ્રી શુભવીર સુખી સદા, મ૦ સાધક કિરિયા અસંગ. મનમોહન મેરે૦ ॥ ૮ ॥

॥ કાવ્યમ્ ॥ દ્રુતવિલંબિતવૃત્તમ્ ॥

ગિરિવરં વિમલાચલનામકં,
ઋષભમુખ્ય–જિનાંઘ્રિ–પવિત્રિતમ્ ॥
હૃદિ નિવેશ્ય જલૈર્જિનપૂજનં,
વિમલમાપ્ય કરોમિ નિજાત્મકમ્ ॥

॥ મંત્ર ॥

ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય પરમેશ્વરાય જન્મ-જરામૃત્યુનિવારણાય શ્રીમતે જિનેંદ્રાય જલં,

ચંદનં, પુષ્પં, ધૂપં, દીપં અક્ષતં, નૈવેદ્યં ફલં યજામહે સ્વાહા ॥

॥ ઇતિ તૃતીયાભિષેકે ઉત્તર પૂજા ૨૭ સમાપ્ત ॥

## ॥ ચોથી પૂજા પ્રારંભ ॥

॥ દૂહો ॥

શેત્રુંજી નદી ન્હાઇને, મુખ બાંધી મુખકોશ;
દેવયુગાદિ પૂજીયે, આણી મન સંતોષ ॥ ૧ ॥

॥ ઢાળ ॥

(અને હાંરે વ્હાલોજી વાય છે વાંસળી રે—એ દેશી.)

અને હાંરે વ્હાલો વસે વિમળાચળે રે, જિહાં હુઆ ઉદ્ધાર અનંત; વ્હાલો૦ અને હાંરે વ્હાલાથી નહિ વેગળા રે, મુને વહાલો સુનંદાનો કંત. વા૦ ॥૧॥ અ૦ આ અવસર્પિણી કાળમાં રે, કરે ભરત પ્રથમ ઉદ્ધાર; વા૦ ॥ અ૦ ॥ બીજો ઉદ્ધાર પાટ આઠમે રે, કરે દંડવીરજ ભૂપાલ. વા૦ ॥૨॥ અ૦॥ સીમંધર વયણાં સુણી રે, ત્રીજો કરે ઇશાનેંદ્ર; વા૦ ॥ અ૦ ॥ સાગર એક કોડી અંતરે રે, ચોથો ઉદ્ધાર માહેંદ્ર. વા૦ ॥ ૩ ॥ અ૦ ॥ દશ કોડી વળી સાગરે રે, કરે પંચમ પંચમ ઇંદ્ર; વા૦ ॥ અ૦ ॥ એક લાખ કોડી સાગરે રે, ઉદ્ધાર કરે ચમરેંદ્ર. વા૦ ॥ ૪ ॥ અ૦ ॥ ચક્રી સગર ઉદ્ધાર તે સાતમો રે, આઠમો વ્યંતરેંદ્રનો સાર; ॥ વા૦ ॥ અ૦ ॥ તે અભિનંદન ચંદ્રપ્રભુ સમે રે, કરે ચંદ્રજસા ઉદ્ધાર. વા૦ ॥૫॥ અ૦ ॥ નંદન શાંતિ

જિણંદના રે, ચક્રાયુધ દશમ ઉદ્ધાર; વા૦ ॥અ૦॥ અગિયારમો રામચંદ્રનો રે, બારમો પાંડવનો ઉદ્ધાર. વા૦ ॥ ૬ ॥ અ૦ ॥ વીશ કોડી મુનિ સાથે પાંડવા રે, ઇહાં વરિયા પદ મહાનંદ; વા૦ ॥અ૦॥ મહાનંદ કર્મસૂદન કૈલાસ છે રે, પુષ્પદંત જયંત આનંદ. વા૦ ॥ ૭ ॥ અ૦ ॥ શ્રીપદ હસ્તગિરિ શાશ્વતો રે, એ નામ તે પરમ નિધાન; વા૦ ॥ અ૦ ॥ શ્રી શુભવીરની વાણીયે રે, ધરી કાન કરો બહુમાન. વા૦ ॥ ૮ ॥

॥ કાવ્યમ્ ॥ દ્રુતવિલંબિતવૃત્તમ્ ॥

ગિરિવરં વિમલાચલ–નામકં,
ઋષભમુખ્ય–જિનાંઘ્રિ–પવિત્રિતમ્ ॥
હૃદિ નિવેશ્ય જલૈર્જિનપૂજનં,
વિમલમાપ્ય કરોમિ નિજાત્મકમ્ ॥

॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુનિવારણાય શ્રીમતે જિનેંદ્રાય જલં, ચંદનં, પુષ્પં, ધૂપં, દીપં, અક્ષતં, નૈવેદ્યં, ફલં યજામહે સ્વાહા ॥

॥ ઇતિ ચતુર્થ અભિષેકે ઉત્તરપૂજા ૩૬ સમાપ્તા ॥

॥ પાંચમી પૂજા પ્રારંભ ॥

॥ દૂહો ॥

ચોથે આરે એ થયા, સવિ મહોટા ઉદ્ધાર;
સૂક્ષ્મ ઉદ્ધાર વચ્ચે થયા, કહેતાં નાવે પાર ॥૧॥

॥ ઢાળ ॥

(તેજે તરણીથી વડો રે–એ દેશી.)

સંવત એક અઠલંતરે રે, જાવડશાનો ઉદ્ધાર; ઉદ્ધરજો મુજ સાહિબા રે, નાવે ફરી સંસાર. હો જિનજી, ભક્તિ હૃદયમાં ધારજો રે. અંતરવૈરી વારજો રે, તારજો દીનદયાળ ॥૧॥ એ આંકણી ॥ બાહડમંત્રીએ ચૌદમો રે, તીર્થે કર્યો ઉદ્ધાર; બાર તેરોત્તર વર્ષમાં રે, વંશ શ્રીમાલી સાર હો જિનજી. ભક્તિ૦ ॥ ૨ ॥ સંવત તેર એકોતેરે રે, સમરોશા ઓસવાલ, ન્યાયદ્રવ્ય વિધિ શુદ્ધતા રે, પન્નરમો ઉદ્ધાર હો જિનજી. ભક્તિ૦ ॥ ૩ ॥ પન્નરશેં સત્યાશીયે રે, સોલમો એ ઉદ્ધાર; કર્માશાએ કરાવીઓ રે, વરતે છે જય જયકાર હો જિનજી. ભક્તિ૦ ॥૪॥ સૂરિ દુપ્પસહ ઉપદેશથી રે, વિમલવાહન ભૂપાળ; છેલ્લો ઉદ્ધાર કરાવશે રે, સાસયગિરિ ઉજમાળ હો જિનજી. ભક્તિ૦ ॥ ૫ ॥ ભવ્યગિરિ સિદ્ધશેખરો રે, મહાજસ ને માલ્યવંત; પૃથ્વીપીઠ દુઃખહરગિરિ રે, મુક્તિરાજ મણિકંત હો જિનજી. ભક્તિ૦ ॥૬॥ મેરુ મહીધર એ ગિરિ રે, નામે સદા સુખ થાય; શ્રી શુભવીરને ચિત્તથી રે, ઘડી ન મહેલણ જાય હો જિનજી. ભક્તિ હૃદયમાં ધારજો રે૦ ॥૭॥

—o—

॥ કાવ્યમ્ ॥ દ્રુતવિલંબિતવૃત્તમ્ ॥

ગિરિવરં વિમલાચલનામકં,
ઋષભમુખ્ય–જિનાંઘ્રિ–પવિત્રિતમ્ ॥
હૃદિ નિવેશ્ય જલૈર્જિનપૂજનં,
વિમલમાપ્ય કરોમિ નિજાત્મકમ્ ॥

॥ મંત્ર ॥

ઓં હ્રીં શ્રીં પરમપુરૂષાય પરમેશ્વરાય જન્મ-જરામૃત્યુનિવારણાય શ્રીમતે જિનેંદ્રાય જલં, ચંદનં, પુષ્પં, ધૂપં, દીપં, અક્ષતં, નૈવેદ્યં, ફલં યજામહે સ્વાહા ॥

॥ ઇતિ પંચમાભિષેકે ઉત્તરપૂજા ૪૫ સમાપ્તા ॥

॥ છઠ્ઠી પૂજા પ્રારંભ ॥

॥ દૂહો ॥

સિદ્ધાચળ સિદ્ધિવર્યા–ગૃહી મુનિ લિંગ અનંત;
આગે અનંતા સિદ્ધશે, પૂજો ભવિ ભગવંત ॥૧॥

॥ ઢાળ ॥

(ચતુરમેં ચતુરી કોણ, જગતકી મોહની–એ દેશી)

સખરેમેં સખરી કોણ, જગતકી મોહની ઋષભજિણંદકી પડિમા, જગતકી મોહની; રયણ-મય મૂર્તિ ભરાઇ, જગતકી મોહની. હાં હાંરે. જગ૦ પ્યારેલાલ જગતકી મોહની ॥ એ આંકણી ॥ ભરતે ભરાઈ સોય, પ્રમાના લે કરી; કંચન-

ગિરિએ બેઠાઇ, દેખત દુનિયાં ઠરી. હાં હાં રે દેખત૦ ।। પ્યા૦ દેખ૦ ।। સખરે૦ ।। ૧ ।। સાત-મોઢ્ઢારમેં ચક્રી અગર, સુર ચિંતવી; દુઃષમ કાળ વિચાર, ગુફામેં જા ઠવી. હાં હાં રે ગુફા૦ ।।પ્યા૦ ગુ૦ ।। દેવદેવી હરરોજ, પૂજનકું જાવતે; પૂજાકો ઠાઠ બનાય, સાંચું ગુણ ગાવતે. હાં હાં રે સાંચું૦ ।। પ્યા૦ સાંચું૦ ।। સખરે૦ ।। ૨ ।। અપ્સરા ઘુંઘટ ખોલકે, આગે નાચતે; ગીત ગાન ઓર તાન, ખડા હરિ દેખતે. હાં હાં રે ખડા૦ ।।પ્યા૦ ખ૦ ।। જિન ગુણ અમૃતપાનસેં, સફળ ભઈ; ઘડી, ઠમ ઠમ ઠમકે પાઉં, બલૈયાં લે ખડી. હાં હાં રે બલૈ૦ ।। પ્યા૦ બ૦ ।। સખરે૦ ।।૩।। યા રીત ભક્તિ મગન્નસેં, સુર સેવા કરે; સુર સાન્નિધ્ય નર દર્શન, ભવ ત્રીજે તરે. હાં હાં રે ભવ૦ ।। પ્યા૦ ભ૦ ।। પશ્ચિમ દિશિ સોવન્ન, ગુફામેં મ્હાલતે; તીણેં કંચનગિરિ નામ, કે દુનિયાં બોલતે. હાં હાં રે દુનિયાં૦ ।। પ્યા૦ દુ૦ ।। સખરે ।। ૪ ।। આનંદઘર પુણ્યકંદ, જયાનંદ જાણીયે; પાતાલમૂલ વિભાસ, વિશાલ વખાણીયે. હાં હાં રે વિશા૦ ।। પ્યા૦ વિ૦ ।। જગતારણ અકલંક, એ તીરથ માનીયે; શ્રી શુભવીર વિવેકે, પ્રભુકું પીછાનીએ. હાં હાં રે પ્રભુ૦ ।। પ્યા૦ પ્ર૦ ।। સખરે૦ ।। ૫ ।।

॥ કાવ્યમ્ ॥ દ્રુતવિલંબિતવૃત્તમ્ ॥

ગિરિવરં વિમલાચલનામકં,
ઋષભમુખ્ય–જિનાંઘ્રિ–પવિત્રિતમ્ ॥
હૃદિ નિવેશ્ય જલૈર્જિનપૂજનં,
વિમલમાપ્ય કરોમિ નિજાત્મકમ્ ॥

॥ મંત્ર ॥

ઓં હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મ-જરામૃત્યુનિવારણાય શ્રીમતે જિનેંદ્રાય જલં, ચંદનં, પુષ્પં, ધૂપં, દીપં, અક્ષતં, નૈવેદ્યં, ફલં, યજામહે સ્વાહા ॥

॥ ઇતિ ષષ્ઠાભિષેકે ઉત્તર પૂજા ૫૪ સમાપ્તા ॥

॥ સાતમી પૂજા પ્રારંભ ॥

॥ દૂહો ॥

નમિ વિનમિ વિદ્યાધરા, દોય કોડી મુનિરાય;
સાથે સિદ્ધિવધૂ વર્યા, શત્રુંજય સુપસાય ॥ ૧ ॥

॥ ઢાળ ॥

(સહસાવનમાં એક દિન સ્વામી—એ દેશી.)

આવ્યાં રે આશા ભર્યાં રે, વાલાજી અમે આવ્યાં રે આશ ભર્યાં ॥ એ આંકણી ॥ નમિપુત્રી ચોસઠ મળીને, ઋષભ પાઉં પર્યા; કરજોડી વિનયે પ્રભુ આગે, એમ વયણાં ઉચ્ચર્યાં રે. વા૦

॥ ૧ ॥ નમિ વિનમિ જે પુત્ર તમારા, રાજ્યભાગ વિસર્યા; દીનદયાળે દીધો પામી, આજ લગે વિચર્યા રે; વા૦ ॥ ૨ ॥ બાહ્યરાજ્ય ઉભગી પ્રભુ પાસે, આવે કાજ સર્યા; અમે પણ તાતજી કારજ સાધું, સાન્નિધ્ય આપ કર્યાં રે. વા૦ ॥ ૩ ॥ એમ વદંતી પાગે ચઢંતી, અનશન ધ્યાન ધર્યાં; કેવલ પામી કર્મને વામી, જ્યોતસેં જ્યોતિ મલ્યાં રે. વા૦ ॥ ૪ ॥ એક અવગાહને સિદ્ધ અનંતા, દુગ ઉપયોગ વર્યાં; ફરસિત દેશ પ્રદેશ અસંખિત, ગુણાકાર કર્યાં રે. વા૦ ॥૫॥ અકર્મક મહાતીરથ હેમગિરિ, અનંત શકિત ભર્યાં; પુરૂષોત્તમ ને પર્વતરાજા, જ્યોતિ સરૂપ વર્યાં રે. વા૦ ॥ ૬ ॥ વિલાસભદ્ર સુભદ્ર એ નામે, સુણતાં ચિત્ત ઠર્યાં; શ્રી શુભવીર પ્રભુ અભિષેકે, પાતક દૂર હર્યાં રે. વા૦ ॥ ૭ ॥

॥ કાવ્યમ્ ॥ દ્રુતવિલંબિતવૃત્તમ્ ॥

ગિરિવરં વિમલાચલનામકં,
ઋષભમુખ્ય-જિનાંઘ્રિ-પવિત્રિતમ્ ॥
હૃદિ નિવેશ્ય જલૈર્જિનપૂજનં,
વિમલમાપ્ય કરોમિ નિજાત્મકમ્ ॥

॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રી પરમપુરુષાય પરમેશ્વરાય જન્મ-જરામૃત્યુનિવારણાય શ્રીમતે જિનેંદ્રાય જલં,

ચંદનં, પુષ્પં, ધૂપં, દીપં, અક્ષતં, નૈવેદ્યં, ફલં યજામહે સ્વાહા ॥

॥ ઇતિ સપ્તમ અભિષેકે ઉત્તર પૂજા ૬૩ સમાપ્તા ॥

## ॥ આઠમી પૂજા પ્રારંભ ॥

### ॥ દૂહો ॥

દ્રાવિડ ને વારિખિલ્લજી, દશ કોડી અણગાર;
સાથે સિદ્ધિવધૂ વર્યા, વંદુ વારંવાર ॥ ૧ ॥

### ॥ ઢાળ ॥

(તોરણ આઇ કયું ચલે રે–એ દેશી.)

ભરતને પાટે ભૂપતિ રે, સિદ્ધિ વર્યા એણે ઠાય. સલુણા૦ અસંખ્યાતા તિહાં લગે રે, હુઆ અજિત જિનરાય. સલુણા ॥૧॥ જેમ જેમ એ ગિરિ ભેટીએ રે, તેમ તેમ પાપ પલાય. સ૦ અજિત જિનેશ્વર સાહિબો રે, ચોમાસું રહી જાય. સ૦ ॥ જેમ૦ ॥ ૨ ॥ સાગરમુનિ એક કોડીશું રે, તોડયા કર્મના–પાસ સ૦ પાંચ કોડી મુનિરાજશું રે, ભરત લહ્યા શિવવાસ. સ૦ ॥ જેમ૦ ॥ ૩ ॥ આદીશ્વર ઉપકારથી રે, સત્તર કોડી સાથ. સ૦ અજિતસેન સિદ્ધાચળે રે, ઝાલ્યો શિવવહૂ હાથ. સ૦ ॥ જેમ૦ ॥ ૪ ॥ અજિતનાથ મુનિ ચૈત્રની રે, પૂનમે દશ હજાર. સ૦ આદિત્યયશા મુક્તિ વર્યા રે, એક લાખ અણગાર. સ૦ જેમ૦ ॥ ૫ ॥

અજરામર ક્ષેમંકરુ રે, અમરકેતુ ગુણકંદ. સ૦ સહસ પત્ર શિવંકરૂ રે, કર્મક્ષય તમોકંદ. સ૦ ॥ જેમ૦ ॥ ૬ ॥ રાજરાજેશ્વર એ ગિરિ રે, નામ છે મંગળ રૂપ. સ૦ ગિરિવર રજ તરૂમંજરી રે, શીશ ચઢાવે ભૂપ. સ૦ ॥ જેમ૦ ॥ ૭ ॥ દેવ-યુગાદિ પૂજતાં રે, કર્મ હોયે ચકચૂર. સ૦ શ્રી શુભવીરને સાહિબો રે, રહેજો હઇડા હજુર. સલુણા ॥ જેમ૦ ॥ ૮ ॥

॥ કાવ્યમ્ ॥ દ્રુતવિલંબિતવૃત્તમ્ ॥

ગિરિવરં વિમલાચલનામકં,
ઋષભમુખ્ય–જિનાંઘ્રિ–પવિત્રિતમ્ ॥
હૃદિ નિવેશ્ય જલૈર્જિનપૂજનં,
વિમલમાપ્ય કરોમિ નિજાત્મકમ્ ॥

॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરૂષાય પરમેશ્વરાય જન્મ-જરામૃત્યનિવારણાય શ્રીમતે જિનેંદ્રાય જલં, ચંદનં, પુષ્પ, ધૂપં, દીપં, અક્ષતં, નૈવેદ્યં ફલં યજામહે સ્વાહા ॥

॥ ઈતિ અષ્ટમાભિષેકે ઉત્તર પૂજા ૭૨ સમાપ્તા ॥

॥ નવમી પૂજા પ્રારંભ ॥

॥ દૂહો ॥

રામ ભરત ત્રણ કોડીશું, કોડી મુનિ શ્રીસાર;
કોડી સાડીઆઠ શિવ વર્યા, શાંબ પ્રદ્યુમ્નકુમાર ॥૧॥

॥ ઢાળ ॥

(ઉંચો ને અલબેલો રે, કામણગારો કાનુડો–એ દેશી.)

સિદ્ધાચળ શિખરે દીવો રે, આદીશ્વર અલબેલો છે; જાણે દર્શન અમૃત પીવો રે. આ૦ શિવ સોમયશાની લારે રે, આ૦ તેર કોડી મુનિપરિવારે રે; આ૦ ॥ સિ૦ ॥ ૧ ॥ કરે શિવસુંદરીનું આણું રે આ૦ નારદજી લાખ એકાણું રે; આ૦ વસુદેવની નારી પ્રસિદ્ધિ રે, આ૦ પાંત્રીશ હજાર તે સિદ્ધિ રે. આ૦ સિ૦ ॥૨॥ લાખ બાવન ને એક કોડી રે, આ૦ પંચાવન સહસને જોડી રે; આ૦ સાતસેં સત્યોતેર સાધુ રે, આ૦ પ્રભુ શાન્તિ ચોમાસું કીધું રે. આ૦ ॥ સિ૦ ॥ ૩ ॥ તવ એ વરીયા શિવનારી રે, આ૦ ચૌદ સહસ મુનિ દમિતારી રે; આ૦ પ્રદ્યુમ્ન પ્રિયા અચંભી રે, આ૦ ચૌંઆલીસસેં વૈદર્ભી રે. આ૦ ॥ સિ૦ ॥૪॥ થાવચ્ચાપુત્ર હજારે, રે, આ૦ શુક પરિવ્રાજક એ ધારે રે; આ૦ સેલગ પણસય વિખ્યાત રે. આ૦ સુભદ્ર મુનિ શય સાત રે. આ૦ સિ૦ ॥૫॥ ભવ તરિયા તેણે ભવતારણ રે, આ૦ ગજચંદ્ર મહોદય કારણ રે; આ૦ સુરકાંત અચલ અભિનંદો રે, આ૦ સુમતિ શ્રેષ્ઠા ભયકંદો રે. આ૦ ॥ સિ૦ ॥ ૬ ॥ ઇહાં મોક્ષ ગયા કેઈ કોટી રે આ૦ અમને પણ આશા મોટી રે; આ૦

શ્રદ્ધાસંવેગે ભરિયો રે, આ૦ મેં મોટો દરિયો તરિયો રે. આ૦ સિ૦ ॥ ૭ ॥ શ્રદ્ધાવિણ કુણ ઇહાં આવે રે ? આ લઘુ જળમાં કેમ તે નાવે રે ? આ૦ તેણે હાથ હવે પ્રભુ ઝાલો રે; આ૦ શુભવીરને હઇડે વહાલો રે, આ૦ સિદ્ધાચળ૦ ॥ ૮ ॥

॥ કાવ્યમ્ ॥ દ્રુતવિલંબિતવૃત્તમ્ ॥

ગિરિવરં વિમલાચલનામકં,
ઋષભમુખ્ય–જિનાંઘ્રિ–પવિત્રિતમ્ ॥
હૃદિ નિવેશ્ય જલૈર્જિન પૂજનં,
વિમલમાપ્ય કરોમિ નિજાત્મકમ્ ॥

॥ મંત્ર ॥

ઓં હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરા-મૃત્યુનિવારણાય શ્રીમતે જિનેંદ્રાય જલં, ચંદનં, પુષ્પં, ધૂપં દીપં, અક્ષતં, નૈવેદ્યં, ફલં યજામહે સ્વાહા ॥

॥ ઇતિ નવમાભિષેકે ઉત્તર પૂજા ૮૧ સમાપ્તા ॥

॥ દશમીપૂજા પ્રારંભ ॥

॥ દૂહો ॥

કદંબ ગણધર ક્રોડશું, વળી સંપ્રતિ જિનરાજ;
થાવચ્ચા તસ ગણધરુ, સહસશું સિદ્ધયાં કાજ ॥ ૧ ॥

॥ ઢાળ ॥

(ધન્ય ધન્ય જિનવાણી—એ દેશી.)

એમ કેઇ સિદ્ધિ વર્યા મુનિરાયા, નામથી નિર્મળ કાયા રે, એ તીરથ તારૂ; જાલી મયાલી ને ઉવયાલી, સિધ્ધ્યા અનશન પાળી રે. એ૦ ॥ ૧ ॥ દેવકી ષટ્ નંદન ઇહાં સિધ્ધ્યા, આતમ ઉજ્જવલ કીધા રે. એ૦ ઉજ્જલગિરિ મહાપદ્મ પ્રમાણો, વિશ્વાનંદ વખાણો રે. એ૦ ॥૨॥ વિજયભદ્ર ને ઇંદ્રપ્રકાશો, કહિયે કપર્દી વાસો રે; એ૦ મુક્તિ-નિકેતન કેવલદાયક, ચર્ચગિરિ ગુણ લાયક રે. એ૦ ॥૩॥ એ નામે ભય સઘળા નાસે. જય કમળા ઘર વાસે રે; એ૦ શુકરાજા નિજ રાજ્ય-વિલાસી, ધ્યાન ધરે ષટ્માંસી રે. એ૦ ॥ ૪ ॥ દ્રવ્યસેવનથી સાજા તાજા, જેમ કૂકડો ચંદરાજા રે; એ૦ ધ્યાતા ધ્યેય ધ્યાનપદ એકે, ભાવથી શિવ-ફળ ટેકે રે. એ૦ ॥ ૫ ॥ ડાળને છંડી બ્રહ્મને વળગો, જાણ ન થાયે અળગો રે; એ૦ મૂલ-ઉર્ધ્વ અધ શાખા ચારે; છંદપુરાણે વિચારે રે. એ૦ ॥ ૬ ॥ ઇંદ્રિય ડાલાં વિષય પ્રવાળાં, જાણંતા પણ બાળા રે, એ૦ અનુભવ અમૃત જ્ઞાનની ધારા, જિનશાસન જયકારા રે. એ૦ ॥ ૭ ॥ ચાર દોષ કીરિયા છંડાણી, યોગાવંચક પ્રાણી રે; એ૦ ગિરિવરદર્શન ફરસન યોગે, સંવેદનને

વિયોગે રે. એ૦ ॥ ૮ ॥ નિર્જરતો ગુણશ્રેણે ચડતો, ધ્યાનાંતર જઈ અડતો રે; એ૦ શ્રી શુભ-વીર વસે સુખ મોજે, શિવસુંદરીની સેજે રે. એ૦ ॥ ૯ ॥

॥ કાવ્યમ્ ॥ દ્રુતવિલંબિતવૃત્તમ્ ॥

ગિરિવરં વિમલાચલ–નામકં,
ઋષભમુખ્ય–જિનાંઘ્રિ–પવિત્રિતમ્ ॥
હૃદિ નિવેશ્ય જલૈ–ર્જિનપૂજનં,
વિમલમાપ્ય કરોમિ નિજાત્મકમ્ ॥

॥ મંત્ર ॥

ઓઁ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય પરમેશ્વરાય જન્મ-જરામૃત્યુનિવારણાય શ્રીમતે જિનેંદ્રાય જલં ચંદનં, પુષ્પં, ધૂપં, દીપં અક્ષતં, નૈવેદ્યં ફલં યજામહે સ્વાહા ॥

॥ ઈતિ દશમાભિષેકે ઉત્તરપૂજા ૯૦ સમાપ્તા ॥

॥ અગીયારમી પૂજા પ્રારંભ ॥

॥ દૂહો ॥

શત્રુંજય ગિરિમંડણો, મરૂદેવાનો નંદ;
યુગલા ધર્મ નિવારકો, નમો યુગાદિ જિણંદ ॥ ૧ ॥

॥ ઢાળ ॥

(વીરકુંવરની વાતડી કેને કહીએ–એ દેશી.)

તીરથની આશાતના નવિ કરીએ, નવિ

કરીએ રે નવિ કરીએ, ધૂપ ધ્યાનઘટા અનુસરિએ, તરિએ સંસાર. તીરથ૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ આશાતના કરતાં થકાં ધનહાણી, ભૂખ્યાં ન મળે અન્નપાણી; કાયા વળી રોગે ભરાણી, આ ભવમાં એમ. તીરથ૦ ॥ ૨ ॥ પરભવ પરમાધામીને વશ પડશે, વૈતરણી નદીમાં ભળશે; અગ્નિને કુંડે બળશે, નહીં શરણું કોય. તીરથ૦ ॥ ૩ ॥ પૂરવ નવાણું નાથજી ઈહાં આવ્યા, સાધુ કેઇ મોક્ષ સિધાવ્યા; શ્રાવક પણ સિદ્ધિ સુહાવ્યા, જપતાં ગિરિ નામ. તીરથ૦ ॥ ૪ ॥ અષ્ટોત્તર શતકૂટ એ ગિરિ ઠામે, સૌંદર્ય યશોધર નામે; પ્રીતિમંડણ કામુક કામે, વળી સહજાનંદ. તીરથ૦ ॥ ૫ ॥ મહેંદ્રધ્વજ સરવારથ સિદ્ધ કહિયે. પ્રિયંકર નામ એ લહિએ; ગિરિ શીતલ છાંએ રહિએ, નિત્ય ધરીએ ધ્યાન. તીરથ૦ ॥ ૬ ॥ પૂજા નવાણું પ્રકારની એમ કીજે, નરભવનો લાહો લીજે; વળી દાન સુપાત્રે દીજે, ચઢતે પરિણામ. તીરથ૦ ॥ ૭ ॥ સેવન ફળ સંસારમાં કરે લીલા, રમણી ધન સુંદર બાળા; શુભવીર વિનોદ વિશાળા, મંગલ શિવમાળ. તીરથ૦ ॥ ૮ ॥

॥ ઇતિ એકાદશાભિષેકે ઉત્તરપૂજા ૯૯ સમાપ્તા ॥

—(૦)—

*** કલશ ***

(ધનાશ્રી રાગેણ ગીયતે.)

ગાયો ગાયો રે, વિમલાચલ તીરથ ગાયો; પર્વતમાં જેમ મેરૂ મહીધર, મુનિમંડળ જિનરાયો; તરૂગણમાં જેમ કલ્પ તરૂવર, તેમ એ તીરથ સવાયો રે. વિ૦ ॥ ૧ ॥ યાત્રા નવાણું ઇહાં અમે કીધી, રંગ તરંગ ભરાયો; તીરથગુણ મુક્તાફળ માળા, સંઘને કંઠે ઠવાયો રે. વિ૦ ॥ ૨ ॥ શેઠ હેમાભાઇ હુકમ લઇને, પાલીતાણા શિર ઠાયો; મોતીચંદ મલુકચંદ રાજ્યે સંઘ સકળ હરખાયો રે. વિ૦ ॥ ૩ ॥ તપગચ્છ સિંહસૂરીશ્વર કેરા, સત્ય વિજય સત્ય પાયો; કપૂરવિજય ગુરૂ ખિમાવિજય તસ, જસ વિજયો મુનિરાયો રે. વિ૦ ॥૪॥ શ્રી શુભવિજય સુગુરૂ સુપસાએ, શ્રુતચિંતામણિ પાયો; વિજયદેવેંદ્ર-સૂરીશ્વર રાજ્યે, પૂજા અધિકાર રચાયો રે. વિ૦ ॥ ૫ ॥ પૂજા નવાણું પ્રકારી રચાવો, ગાવો એ ગિરિરાયો; વિધિ યોગે ફળ પૂરણ પ્રગટે, તવ હઠવાદ હઠાયો રે વિ૦ ॥ ૬ ॥ વેદ વસુ ગજ ચંદ્ર સંવત્સર (૧૮૮૪), ચૈત્રી પૂનમ દિન ગાયો; પંડિત વીરવિજય પ્રભુ ધ્યાને, આતમ આપ ઠરાયો રે. વિમલા. ॥ ૭ ॥

॥ કાવ્યમ્ ॥ દ્રુતવિલંબિતવૃત્તમ્ ॥

ગિરિવરં વિમલાચલનામકં,
ઋષભમુખ્ય-જિનાંઘ્રિ પવિત્રિતમ્ ॥
હૃદિ નિવેશ્ય જલૈર્જિનપૂજનં,
વિમલમાપ્ય કરોમિ નિજાત્મકમ્ ॥

॥ મંત્ર ॥

ઓઁ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય પરમેશ્વરાય જન્મ-જરા મૃત્યુનિવારણાય શ્રીમતે જિનેન્દ્રાય જલં, ચંદનં, પુષ્પં, ધૂપં દીપં, અક્ષતં, નૈવેદ્યં, ફલં યજામહે સ્વાહા ॥

(૧૨) પંડિત શ્રી પદ્મવિજયજી કૃત
શ્રી શત્રુંજયમહિમાગર્ભિત

# ॥ નવાણું યાત્રા પૂજા ॥

(અપર નામ-નવાણું અભિષેકની પૂજા)

॥ પૂજા પહેલી ॥

॥ દૂહા ॥

ઉત્તમ ગુરૂ ચરણે નમી, સમરી શારદ માય;
સિદ્ધગિરિ ગુણ ગાયવા, મુજ મન હરખ ન માય ॥૧॥
રત્નમાંહિ ચિંતામણિ, જ્ઞાનમાં કેવળજ્ઞાન;
સિદ્ધગિરિ તિમ તીર્થમાં, અવર ન એહ સમાન ॥૨॥

શુકલધ્યાન જિમ ધ્યાનમાં, સીતા સરિતામાંહિ;
તિમ તીરથમાં સિદ્ધગિરિ,
નમિયે ધરી ઉચ્છાહી ॥૩॥
પ્રદક્ષિણા રથજાતરા, અઠ્ઠમ દોય હોય છઠ્ઠ સાત;
જાત્રા નવાણું કીજીએ, સ્વામીવચ્છલ વિખ્યાત ॥૪॥
લાખ નવકાર ગણણું ગણો, પૂજા કરો મન ખાંત;
ફળ નિવેદ ઘણી જાતના, ધૂપ દીપ બહુ ભાત ॥૫॥

॥ ઢાળ પહેલી ॥

રાગ–દેશાખ (વિમળાચળ નિતુ વંદીએ–એ દેશી)

યાત્રા નવાણું કીજીએ, શ્રી સિદ્ધાચળ કેરી; ભાવ ધરીને સેવતાં, ટાળે ભવ ફેરી. યાત્રા૦ ॥૧॥ એંશી યોજન પહિલે આરકે, બીજે સીત્તોર જોય; શાશ્વતપ્રાય એ ગિરિવરૂ, પ્રણમી પાતક ધોય ॥ યાત્રા૦ ॥૨॥ સાઠ યોજન ત્રીજે કહ્યો, ચોથે યોજન પચાસ; શાશ્વતપ્રાય એ ગિરિવરુ, નમતાં હોય અઘ નાશ ॥ યાત્રા૦ ॥ ૩ ॥ પાંચમે બાર યોજન તણો, મૂળ કહ્યો વિસ્તાર; શાશ્વતપ્રાય એ ગિરિવરુ, નમતાં હોય નિસ્તાર ॥ યાત્રા૦ ॥ ૪ ॥ સાત હાથનો ભાખિયો, છઠ્ઠે આરે જેહ; શાશ્વતપ્રાય સોહામણો, ગિરિવર વંદુ એહ ॥ યાત્રા૦ ॥૫॥ ઉત્સર્પિણી વધતો કહ્યો, એ વિમળ ગિરિરાજ; સુરસરિતા પરે શાશ્વતો, નમતાં અક્ષય રાજ ॥ યાત્રા૦ ॥૬॥ યાત્રા ભક્તિ થકી કરે, 'છરી'

પાળે જેહ; ભવ ભયથી રે ટળે, શિવસુંદરી વરે તેહ ॥ યાત્રા૦ ॥ ૭ ॥ સિદ્ધક્ષેત્રે સોહામણો, જિહાં શ્રી ઋષભ જિણંદ; પૂર્વ નવાણું સમોસર્યા, વંદું તેહ ગિરીંદ ॥ યાત્રા૦ ॥ ૮ ॥ ગિરિ સન્મુખ ડગલું ભરે, પદ્મ કહે ભવિ જેહ; કોટિ સહસ ભવ કેરડાં, પાપ ખપાવે તેહ ॥ યાત્રા૦ ॥૯॥

॥ કાવ્યં ॥

ભરત ષટ્ અવસર્પિણી આરકે, ચઢત તિમ ઉત્સર્પિણીવારકે, એ ગિરિ ઋષભકૂટ પરે શાશ્વતો, જાસ અભિષેકથી ભવદુઃખ વારતો ॥૧॥

॥ મંત્ર ॥

ૐ હ્રીઁ શ્રીઁ તીર્થરાજાય, પરમપૂજ્યાય પરમાનંદકંદાય, હ્રીં શ્રીં પ્રથમાર્હત્–પ્રતિષ્ઠિતાય, જલં, ચંદનં પુષ્પં, ધૂપં દીપં, અક્ષતં, નૈવેદ્યં, ફલં, યજામહે સ્વાહા ॥

॥ પૂજા ગીત ॥

॥ સંભવ જિનવર વિનતિ–એ દેશી ॥

બાહ્ય અભ્યંતર શત્રુનો, જય થાયે જિણ ઠામ રે; સિદ્ધિ પરે સુખ શાશ્વતાં, તિણે 'શત્રુંજય' (૧) નામ રે. ગુણવંતો ગિરિ ગાઇએ, ટુંક એક સો આઠ રે; તેમાં એકવીશ મોટકી, થુણતાં હોય ગહગાટ રે. ગુણ૦ ॥૧॥ બાહુબલી મુનિ-

સહસશું, આઠ ઉપરિ વળી તામ રે; સિદ્ધિ વર્યા શુભ રીતિશું, તિણે 'બાહુબલિ' (૨) નામ રે ગુણ૦ ॥૨॥ મરૂધરતિ માંહે ધન સમો, તૃષ્ણા ભાંજે ઘામ રે; વિષયપિપાસા સહુ મિટે, ત્રીજું 'મરૂદેવી' (૩) નામ રે, ગુણ૦ ॥૩॥ ભાંગે જિહાં સંસારનો, અવિરતિ રથ ઉદ્દામ રે; ચોથું શત્રુજય તણું, 'ભાગીરથ' (૪) એણે નામ રે. ગુણ૦ ॥૪॥ પંચમ ડુંક રૈવતગિરિ, તેણે 'રૈવત' (૫) એહ નામ રે; પંચમ એહ સોહામણું, પંચમગતિને કામ રે. ગુણ૦ ॥૫॥ સહુ તીરથમાં એ વડું, રાજા સમ અભિરામ રે; 'તીરથરાજ' (૬) એ ગિરિતણું, તિણે છટ્ઠું વર નામ રે. ગુણ૦ ॥૬॥ કાંકરે કાંકરે સિદ્ધ થયા, કોડિ અનંત નિકામ રે; 'સિદ્ધ-ક્ષેત્ર' (૭) તિણે સાતમું, જાણો એહનું નામ રે. ગુણ૦ ॥૭॥ કામિત આપે જે ગિરિ, કરતાં જાસ પ્રણામ રે; સેવતાં સુખ ઉપજે તિણે, 'કામુક' (૮) આઠમું નામ રે. ગુણ૦ ॥૮॥ આદિત્યકાંત એક લાખથી, સૂર્યયશા સુત જેહ રે; વરિયા જેહ નિજતત્ત્વને, ઢંક' (૯) નામ ગુણ ગેહ રે. ગુણ૦ ॥૯॥ કવડજક્ષ સેવા કરે, નિત નિત થઈ સાવધાન રે; દસમું 'કપર્દી' (૧૦) નામ એ, કરે તસ ગાન રે. ગુણ૦ ॥૧૦॥ લોહિત ડુંક છે એહની, તિણે 'લોહિત' (૧૧) પણ નામ રે; એકાદશમું અતિ

ભલું, કીજે તાસ પ્રણામ રે. ગુણ૦ ॥ ૧૧ ॥ 'તાલધ્વજ' (૧૨) વળી બારમું, શેત્રુંજાનું અભિધાન રે; સંસારી તેહને નમી, કીજે જન્મ પ્રમાણ રે. ગુણ૦ ॥ ૧૨ ॥ કદંબગિરિ પણ ટુંક છે. તેરમું નામ 'કદંબ' (૧૩) રે; મનુષ્ય લોકમાં દોહિલો, જિમ મરૂથળમાં અંબ રે. ગુણ૦ ॥ ૧૩ ॥ સહસ્રાબ્જ' (૧૪) ગિરિવર નમો, ચૌદમું એ અભિધાન રે; (૧) શ્રીકાલિકમુનિ સહસથી, પામ્યા શિવપુર ઠામ રે. ગુણ૦ ॥ ૧૪ ॥ પર્વત સર્વ શિરોમણિ, 'નગાધીશ' (૧૫) તિણે નામ રે; પંદરમું પ્રેમે નમો, જેહથી દોલત દામ રે. ગુણ૦ ॥ ૧૫ ॥ સિદ્ધથાનકમાં એ વડું, જાણો રાજ સમાન રે; સિદ્ધરાટ' (૧૬) તે સોલમું, શિવપદનું કરે દાન રે. ગુણ૦ ॥ ૧૬ ॥ સત્તરમું 'શતપત્ર' (૧૭) એ, નામ નમો નિશદિશ રે; નામે નવનિધિ સંપજે, શિવપદ વિશ્વાવીશ રે. ગુણ૦ ॥ ૧૭ ॥ 'શતકૂટ' (૧૮) નામ અઢારમું, ગુણનિષ્પન્ન કહાયરે; સોહે શત અડ કૂટશું, પ્રણમો ભવિ સમુદાય રે ગુણ૦ ॥ ૧૮ ॥ એ ગિરિની સેવા થકી, બંધાય પુણ્યની રાશી રે; 'પુણ્યરાશી' (૧૯) ઓગણીશમું, અદ્દભુત નામ પ્રકાશ રે. ગુણ૦ ॥ ૧૯ ॥ ભવનપતિ વણ જ્યોતિષી, વૈમાનિકના વૃંદ રે; તે સુરને અતિ પ્રિય ઘણું, તેણે 'સુરપ્રિય' (૨૦) સુખ-

કંદ રે. ગુણ૦ ॥ ૨૦ ॥ 'સહસપત્ર' (૨૧) એકવીશમું, શેત્રુંજ નામ ઉદાર રે; શેત્રુંજ નામ સુણંતડાં, હૈડે હરખ અપાર રે. ગુણ૦ ॥ ૨૧ ॥ નામ ફેર પાઠાંતરે, તે સવિ હોય પ્રમાણ રે; સહસ આઠમાં સહુ ભળ્યાં, પદ્મ કહે ગુણ ખાણ રે. ગુણ૦ ॥ ૨૨ ॥

(પૂજા ૩૧ થઇ)

॥ કાવ્યં ॥

વિમલ સિધ્ધ શેત્રુંજ ગિરિવર તણાં, નામ કહ્યાં શેત્રુંજ કલ્પે ઘણાં ॥ તેહ જપો અભિષેક કરો સદા, જિમ ભવનાં નાવે કદા ॥ ૧ ॥

॥ મંત્ર પ્રથમ પ્રમાણે કહેવો ॥

॥ પૂજા ત્રીજી ॥

(પ્યારે મોકું લે ચલો—એ દેશી)

(ગિરૂઆ રે ગુણ તુમ તણા—એ દેશી)

ચક્રી ભરત નરેશ્વરૂ, સાંભળી દેશના તાત હો; પ્રથમ ઉધ્ધાર જેણે કર્યો, એ મોટા અવદાત હો ॥ શ્રી સિધ્ધાચળ ભેટીએ, શ્રી વિમલાચળ ભેટીએ, ભવદુઃખરાશિ હો; કીજે શેત્રુંજ ગિરિ જાતરા, પામીએ શિવપુરવાસ હો ॥ શ્રી૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ કોડી નવાણું નરપતિ, ઉપર નેવ્યાસી લાખ હો; ભરત સમે થયા સંઘવી, સહસ

ચોરાશી ભાખ હો ।। શ્રી૦ ।। ૨ ।। આઠમે પાટે ભરત તણે, દંડવીરજ નરનાથ હો; કરી ઉદ્ધાર બીજો ઇણે, મેળ્યો શિવપુર સાથ હો ।। શ્રી૦ ।। ૩ ।। દુર્ગતિ નાસે નામથી સારે વંછિત કાજ હો; શેત્રુંજગિરિ સેવ્યા થકાં, આપે અવિચળ રાજ હો ।। શ્રી૦ ।। ૪ ।। સીમંધર સ્વામી કને, ગિરિ મહિમા અધિકાર હો; ઇશાનેંદ્ર સુણી કરી, કરે ત્રીજો ઉદ્ધાર હો ।।શ્રી૦।।૫।। એક કોડી સાગર વળી ગયે, કરે ચોથો ઉદ્ધાર હો; માહેન્દ્ર નામે સુરપતિ, આતમને ઉદ્ધાર હો ।। શ્રી૦ ।। ૬ ।। વળી દસ કોડી સાગર ગયે, પંચમ સુરપતિ જેહ હો; તેણે ઉદ્ધાર કર્યો વળી, પાંચમો ધરિય સનેહ હો ।। શ્રી૦ ।। ૭ ।। એક કોડી લાખ સાગર ગયે, અસુર નિકાયનો સ્વામ હો; ચમરેંદ્રે છઠ્ઠો કર્યો, સાર ઉદ્ધાર તે ઠામ હો ।। શ્રી૦ ।। ૮ ।। સૂક્ષ્મ ઉદ્ધાર ઘણા થયા, ઋષભ અજિત વિચે ધાર હો; પચાસ લાખ કોડી સાગરે, કોણ પામે તસ પાર હો ।। શ્રી૦ ।। ૯ ।। સગર નામે ચક્રી થયા, અજિત જિણંદના ભ્રાત હો; તેણે ઉદ્ધાર કર્યો સાતમો, વાધ્યો જસ વિખ્યાત હો ।। શ્રી૦ ।। ૧૦ ।। પચાસ કોડી ને ઉપરે, લાખ પંચાણું ભૂપ હો; સહસ પંચોતેર સંઘવી, સગર વારે અનુરૂપ હો ।। શ્રી૦ ।। ૧૧ ।।

ત્રીસ કોડી દશ લાખ તિમ વળી, સૂક્ષ્મ થયા ઉદ્ધાર હો; આઠમો વ્યંતર ઇંદ્રનો, અભિનંદન ઉપકાર હો ॥ શ્રી૦ ॥ ૧૨ ॥ શ્રી ચંદ્રપ્રભ વારે હવે, ચંદ્રશેખર સુત સારહો; ચંદ્રયશાએ કીધલો, નવમો તિહાં ઉદ્ધાર હો ॥ શ્રી૦ ॥ ૧૩ ॥ ચક્રાયુધ નરરાજીયો, શાંતિ જિનેશ્વર પુત્ત હો; દશમો ઉદ્ધાર તિણે કર્યો, જેહ અતિ અદ્‌ભુત હો ॥ શ્રી૦ ॥ ૧૪ ॥ દશરથસુત રામચંદ્રજી, અગ્યારમો ઉદ્ધાર હો; મુનિસુવ્રત વારે કર્યો, જાણી નિજ નિસ્તાર હો ॥ શ્રી૦ ॥ ૧૫ ॥ રામ ભરત ત્રણ કોડીશું. શિવસુંદરી ભર્ત્તાર હો; પાપ પડળ સવિ ધોઇને, કીધો નિજ ઉદ્ધાર હો ॥ શ્રી૦ ॥ ૧૬ ॥ પાંડવ પાંચે કીધલો, બારસમો ઉદ્ધાર હો; વારે નેમિજિણંદને, એહ મોટો વિસ્તાર હો ॥ શ્રી૦ ॥ ૧૭ ॥ સંવત એક અઠલંતરે, જાવડશાહે કીધ હો; ઉદ્ધાર તેરમો તતક્ષણે, લક્ષ્મીનો લાહો લીધ હો ॥ શ્રી૦ ॥ ૧૮ ॥ મંત્રી બાહડે ચૌદમો, કીધો વળી ઉદ્ધાર હો; બાર તેરોત્તેર વર્ષમાં, શ્રીમાળી શિરદાર હો ॥શ્રી૦॥૧૯॥ સંવત તેર ઇકોતેર, ઓસવંશ શણગાર હો; સમરાશા દ્રવ્યવ્યય કરે, પંદરમો ઉદ્ધાર હો ॥ શ્રી૦ ॥ ૨૦ ॥ સંવત પન્નર સત્તાશીએ, કરમાશા અભિરામ હો; મંત્રી બાહડની સહાયથી, સોલસમો કરે તામ હો ॥ શ્રી૦ ॥ ૨૧ ॥

વિમળવાહન જે નરપતિ, દુપ્પસહસૂરિ ઉપદેશ હો; છેલ્લો ઉદ્ધાર તે તે કરે, જાણી લાભ વિશેષ હો ॥ શ્રી૦ ॥ ૨૨ ॥ એ અવસર્પિણીના કહ્યા, એમ ઉદ્ધાર અનંત હો; આગે થયાને થશે વળી, પદ્મવિજય પ્રણમંત હો ॥ શ્રી૦ ॥ ૨૩ ॥

(પૂજા ૫૪ થઈ)

॥ કાવ્યં ॥

કૃત ઉદ્ધાર પુરા હિ અનંતકં, સુરનરૈર્ધૃતભાવ વિશેષકં ॥ ઠવિઅ તત્થ જિણં પઢમં સુહં, કુરુ અભિષેક દલન ભવભયદુહં ॥

॥ પૂજા ચોથી ॥

ક્રીડા કરી ઘેર આવીયો—એ દેશી ॥

મુક્તિ તણે પંથે વહ્યા, પામી કેવળજ્ઞાન રે; સિદ્ધ અનંત આગે હુઆ, કરતા શેત્રુંજ ધ્યાન રે ॥ શ્રી સિદ્ધાચળ સિદ્ધ થયા, મુનિવર ગુણ અભિરામ રે; નામ ગોત્ર તેહનાં સુણી, કરીએ તાસ પ્રણામ રે ॥ શ્રી સિ૦ ॥ ૧ ॥ ઋષભસેન પુંડરીકજી, પાંચ કોડી અણગાર રે; સાથે સિદ્ધિ વર્યા ઇહાં, નમીએ વારંવાર રે ॥ શ્રી સિ૦ ॥૨॥ દ્રાવિડ વારિખિલ્લ બિહું જણાં, મુનિવરશું દશ દશ કોડી રે; આતમતત્ત્વ નિપજાવીઓ, વંદુ તે કર જોડી રે ॥ શ્રી સિ૦ ॥ ૩ ॥ ભરત પાટવી

કેઈ હુવા, અસંખ્યાત ઋષિરાય રે; ઇણ ગિરિ આવીને વર્યા, શાશ્વત અવિચળ ઠાય રે ॥ શ્રી સિં૦ ॥ ૪ ॥ તિમ પુંડરીક ગણપતિ તણા, અસંખ્ય પટોધર સાધ રે; એ ગિરિ અણસણ આદરી, સુખ લહ્યા અવ્યાબાધ રે ॥ શ્રી સિં૦ ॥ ૫ ॥ અજિતનાથ ઇણિ ગિરિવરે, જાણી લાભ અપાર રે; ચોમાસું રહી ભવિકને, કરતા બહુ ઉપકાર રે. શ્રી સિં૦ ॥ ૬ ॥ શુકરાજા એ ગિરિ તણે, ધ્યાન તણા પરભાવે રે; શત્રુ તણો તસ જય હુવો, શેત્રુંજ નામ સોહાવે રે ॥ શ્રી સિં૦ ॥૭॥ શ્રી સીમંધરસ્વામીજી, શક્રને ભાખે એમ રે; શ્રી સિધ્ધાચળ સારિખો, નહી કોઇ તીરથ નેમ રે ॥ શ્રી સિં૦ ॥ ૮ ॥ નમિ વિનમિ વિદ્યાધરા, દોય કોડી મુનિરાય રે; સાથે શિવમંદિરે ગયા, એ ગિરિને સુપસાય રે ॥ શ્રી સિં૦ ॥ ૯ ॥ સિદ્ધ-ક્ષેત્ર સઘળેય છે, પણ એ ક્ષેત્ર પ્રભાવે રે; થાયે ચિત્ત વિશુધ્ધતા, દિન દિન વધતે ભાવે રે ॥ શ્રી સિં૦ ॥ ૧૦ ॥ પાંચ કોડી મુનિરાજશું, ભરત લહ્યા શિવવાસ રે; અજર અમર અજ જે થયા, કેવળજ્ઞાન વિલાસ રે ॥ શ્રી સિં૦ ॥ ૧૧ ॥ સાગરમુનિ સમતાધરૂ, અનશન કરી મન કોડી રે; ક્ષપકશ્રેણી માંડી વર્યા, શિવવધુ મુનિવર કોડી રે ॥ શ્રી સિં૦ ॥ ૧૨ ॥ તેમ મુનિવર

શ્રીસારજી, કોડી મુનિ પરિવાર રે, અણાહારી પદને વર્યા, અક્ષય સુખ દાતાર રે ॥ શ્રી સિ૦ ॥ ૧૩ ॥ ઋષભદેવ ઉપકારથી, સત્તર કોડી અણ-ગાર રે; પરિવરી અજિતસેનજી, પામ્યા ભવનો પાર રે ॥ શ્રી સિ૦ ॥ ૧૪ ॥ શાંબ પ્રદ્યુમ્ન બે મુનિવરા, સાડી આઠહ કોડી રે; સાથે શિવપદવી વર્યા, સિદ્ધગિરિની નહીં હોડી રે ॥ શ્રી સિ૦ ॥ ૧૫ ॥ શ્રી સિદ્ધાચળ ઉપરે, કીધો જેણે ઉદ્ધાર રે; વીશ કોડી મુનિવૃંદશું, પાંડવ પામ્યા પાર રે ॥ શ્રી સિ૦ ॥ ૧૬ ॥ કેવળનાણી પમુખ જે તીરથપતિ અરિહંત રે; સિદ્ધિ વર્યા ઇણ ગિરિવરે, જેહ અનંત અનંત રે ॥ શ્રી સિ૦ ॥ ૧૭ ॥ સોમયશા નામે મુનિ સિદ્ધાચળને સંગ રે; તેર કોડી મુનિશું લહ્યા, શાશ્વતસુખ અભંગ રે ॥ શ્રી સિ૦ ॥ ૧૮ ॥ લાખ એકાણું મુનિવરા, સાથે નારદ સિદ્ધ રે; એ ગિરિના મહિમા થકા, પામ્યા નિજ ગુણ ઋદ્ધ રે ॥ શ્રી સિ૦ ॥૧૯॥ ભરતપુત્ર આદિત્યયશા, સાથે મુનિ એક લાખ રે; શાશ્વત સુખ પામ્યા જિકે, એ ગિરિ મહિમા દાખ રે ॥ શ્રી સિ૦ ॥૨૦॥ પાંત્રીસ સહસ અંતે ઉરી, શ્રી વસુદેવની જેહ રે; સિદ્ધક્ષેત્રે સિદ્ધિ વર્યા, વળી વળી વંદુ તેહ રે ॥ શ્રી સિ૦ ॥૨૧॥ દમિતારિ મુનિરાજિયા, તપ સંયમ આરાધી

રે; ચૌદ સહસ અણગારશું, સાધ્યું અવ્યાબાધરે ॥શ્રી સિં ॥૨૨॥ વૈદર્ભી પ્રદ્યુમ્નની, રાણી અતિ ગુણવંત રે, ચૌંઆળીશસે શું વરી, શાશ્વત સુખ અનંત રે ॥ શ્રી સિં ॥૨૩॥ અજિતનાથ જિનવર તણા, દશ હજાર મુનિ જાણ રે; ચૈત્રી પૂનમે પામિયા, નિર્મળ કેવળનાણ રે ॥ શ્રી સિં સુભદ્ર અણગાર જે, સાતસેં મુનિ પરિવાર રે; વિમળ થયા વિમળાચળે, વંદું વાર હજાર રે ॥ શ્રી સિં ॥૨૫॥ થાવચ્ચાસુત સંયમી સહસ મુનિ સંઘાત રે; શૈલેશીકરણે કરી, કીધી કર્મની ઘાત રે ॥ શ્રી સિં ॥૨૬॥ શુક પરિવ્રાજક તેહના, સહસ મુનિ સંયોગ રે; ઉજવળગિરિ મલ ક્ષય કરી પામ્યા નિજ ગુણ ભોગ રે ॥ શ્રી સિં ॥૨૭॥ પંચસયાં ઋષિરાજશું, અનશન કરિય ઉદાર રે; સેલગ અણહારી થયા. સિદ્ધગિરિને ઠાર રે ॥ શ્રી સિં ॥૨૮॥ આણંદઋષિ સિદ્ધાચળે, ભાવના ભાવતાં સાર રે; આતમ કીધો ઉજવળો, પામ્યા ભવોદધિ પાર રે ॥શ્રી સિં ॥૨૯॥ શ્રી મુનિ-સુભદ્ર મુનિવરૂ, સાત સયાં ઋષિરાય રે; શ્રી વિમળાચળ ઉપરે, શિવ લહ્યા કર્મ ખપાય રે ॥ સિં ॥૩૦॥ નમિપુત્રી ચોસઠ જિકે, પામી કેવળ-નાણ રે; મધુ વદિ ચૌદશે શિવ વરી, સિદ્ધક્ષેત્ર વર ઠાણ રે ॥ શ્રી સિં ॥૩૧॥ મહિમા મોટો

જેહનો; એક જીભે ન કહાય રે; નિ:શ્રેણી શિવ-મહેલની, પદ્મવિજય ગુણ ગાય રે શ્રી૦ સિ૦ ॥૩૨॥

॥ પૂજા ૮૬ થઇ ॥

॥ કાવ્યં ॥

મુનિ અનંતહ કોડી શિવ ગયા, પવિત્ર ક્ષેત્ર મહિમ ઉત્કટ્ટ સયા ॥ તહવિ આતમચિત્ત-વિશુદ્ધયા, કરણ કરુ અભિષેક-મનીહયા ॥

॥ પૂજા પાંચમી ॥

॥ વારી જાઉં હું અરિહંતની–એ દેશી ॥

નેમિ વિના ત્રેવીશ જિના, આવ્યા ઇણ ગિરિરાય ભવિજન ! મહિમા તિણે શેત્રુંજાતણો, કોઇથી કહ્યો ન જાય ભવિજન ! મહિમા મોટો એ ગિરિતણો ॥ એ આંકણી ॥ ॥૧॥ શાંતિ જિનેશ્વર સોળમા, પંચમચક્રી જેહ ॥ ભવિ૦ ॥ ચોમાસું ઇણ ગિરિ રહ્યા, પ્રણમું આણી નેહ ॥ ભવિ૦ ॥ મહિમા૦ ॥ ૨ ॥ દેવકીનંદન ષટ્ ભલા, ઇણ ગિરિ આવ્યા જાણ ભવિ૦ ॥ અણસણ કરી સિદ્ધિ વર્યા, પ્રણમું તે સુવિહાણ ॥ ભવિ૦ ॥ મ૦ ॥૩॥ જાલિ મયાલિ ઉવયાલિયા, ત્રણે ત્રિકરણ શુદ્ધ ॥ ભવિ૦ ॥ અણસણ કરી કેવળ લહી, અનુક્રમે થયા સિદ્ધ બુદ્ધ ॥ ભવિ૦ ॥ મ૦ ॥ ૪ ॥ પીસ્તાળીશ મુનિરાજિયા, નારદ સાતે સિદ્ધિ ॥ ભવિ૦

શ્રી સિદ્ધાચળ ઉપરે, પામ્યા પરમ સમૃદ્ધ ॥ભવિ૦॥મ૦॥૫॥ બાવન લાખ કોડી ઉપરે, પંચાવન હજાર ॥ભવિ૦॥ સાતસેં સિત્તોત્તર મુનિ, સિદ્ધગિરિ પામ્યા પાર ॥ ભવિ૦ ॥ ॥ મ૦ ॥ ૬ ॥ અજીત શાંતિજી જબ રહ્યા, ગિરિ ઉપર ચઉમાસ ॥ભવિ૦॥ તવ એ વ્યતિકર જાણીએ, આતમ ઋદ્ધિપ્રકાશ ॥ ભવિ૦ ॥ ૭ ॥ અંધકવિષ્ણુને ધારિણી, દશ અડ તાસ કુમાર ॥ ભવિ૦ ॥ સિદ્ધિ વર્યા સિદ્ધાચળે, કાઢી કર્મવિકાર ॥ ભવિ૦ ॥ ૮ ॥ શ્રીકદંબ ગણધર જિકે, કોડી મુનિને સાથ ॥ ભવિ૦ ॥ કદંબગિરિ મોક્ષે ગયા, જે થયા જગતના નાથ ॥ ભવિ૦ ॥ મ૦ ॥ ૯ ॥ સંપ્રતિ જિન ચોવીશમા, અતીત ચોવીશીએ જેહ ॥ ભવિ૦ ॥ થાવચ્ચા તસ ગણધરુ, સહસશું સિદ્ધયા તેહ ॥ ભવિ૦ ॥ મ૦ ॥ ૧૦ ॥ વાઘણ પરિસહ સહી તદા, અંતગડ કેવલી થાય ॥ ભવિ૦ ॥ સુકોશલ વિમલાચલે, પ્રણમું પ્રેમે પાય ॥ ભવિ૦ ॥ ૧૧ ॥ તરીએ ભવસાગર જિણે, તે તીરથ કહેવાય ॥ ભવિ૦ ॥ એ અર્થે તીરથ નમું, સિદ્ધગિરિનું ઠાય ॥ ભવિ ॥ મ૦ ॥ ૧૨ ॥ ઇમ ગિરિ ગુણ ગાતાં થકા, પાવન થઇ મુજ જીહ ॥ ભવિ૦ ॥ પદ્મવિજય કહે પ્રણમીએ, ભાવ થકી નિશદિહ ॥ભવિ૦ ॥ ૧૩ ॥

॥ પૂજા ૯૯ થઇ ॥

॥ કાવ્યં ॥ શાર્દૂલવિક્રીડિતવૃત્તમ્ ॥

શ્રીશંત્રુજયભૂષણં જિનવરં શ્રી નાભિભૂપાત્મજં ॥
સેંદ્રૈર્નાકિવરૈર્નરેંદ્રનિકરૈર્ભક્ત્યા પ્રણુન્નૈર્નતં ॥
જ્ઞાનં યસ્ય ત્રિકાલવસ્તુવિષયં લોકોત્તરાભાસિકં,
સર્વેષાં હિતદં કૃપારસમયં વંદે તમાદીશ્વરમ્॥૧॥

ગાયો ગાયો રે એમ શ્રી સિદ્ધાચળ ગાયો શ્રી સિદ્ધાચળનાં ગુણ ગાતાં, મનુઅ જનમ ફળ પાયો રે ॥ એમ શ્રી સિદ્ધાચળ ગાયો ॥૧॥ એહ ક્ષેત્ર-મહિમાથી લહીએ, નવ નિધિ ઋદ્ધિ સમુદાયો: પશુ પંખી શંત્રુજય જાવે, ભવ ત્રીજે સિદ્ધ થાયો રે ॥ એમ૦ ॥૨॥ માંડણી રાણકપૂરની રૂડી, ઉંચો તારણગિરિ રાયો; કોરણી અર્બૂદગિરિની જાણો, મહિમા શેત્રુંજ સુખદાયો રે ॥એમ૦ ॥ એમ૦ ॥ ॥ ૩ ॥ ચંદ્ર (૧) બાણ (૫) ગજ (૮) શશી (૧) (૧૮૫૧) સંવત્સર, શેત્રુંજ મહિમા ગવાયો, વસંત પંચમી દિવસે રુડો, આણંદ અંગ ન માયો રે ॥ એમ૦ ॥૪॥ તપગચ્છ વિજયજિનેં-દ્રસૂરિ રાજ્યે, ગુરૂ ઉત્તમ સુપસાયો, પદ્મવિજય કહે મોટે પુન્યે, શ્રી વિમળાચળ પાયો રે ॥ એમ૦ ॥૫॥

॥ ઇતિ પં. શ્રી પદ્મવિજયજીકૃત શ્રી સિદ્ધિાચળજી નવાણું અભિષેકની પૂજા યાત્રા—સમાપ્ત ॥

## ॥ નવાણું અભિષેકની પૂજાની વિધિ ॥

આ પૂજામાં નવાણું અભિષેક કરવાના છે. તે એ રીતે કે પાંચ ઢાળમાંની દરેકની એક ગાથા બોલ્યા પછી મંત્ર બોલીને અભિષેક તથા અષ્ટપ્રકારી પૂજા કરવી, અને કાવ્ય આખી ઢાળ પૂરી પછી બોલવું×

### ॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં તીર્થરાજાય, પરમપૂજ્યાય, પરમાનન્દકન્દાય હ્રીં શ્રીં પ્રથમાર્હત્પ્રતિષ્ઠિતાય જલં, ચંદનં, પુષ્પં ધૂપં દીપં અક્ષતં નૈવેદ્યં, ફલં યજામહે સ્વાહા ॥

× સં. ૧૮૭૭ની હસ્તલિખિત પ્રતમાં દરેક પૂજાને અંતે કાવ્ય તથા મંત્ર બંને બોલવાના જણાવ્યા છે.

### (૧૩) શ્રીમદ્ આત્મારામજી (વિજયાનંદસૂરિજી) કૃત

# શ્રી સત્તરભેદી પૂજા

### ॥ દૂહા ॥

સકલ જિણંદ મુણીંદની, પૂજા સત્તર પ્રકાર:
શ્રાવક શુદ્ધ ભાવે કરે, પામે ભવનો પાર ॥૧॥
જ્ઞાતા અંગે દ્રૌપદી, પૂજે શ્રી જિનરાજ;
રાયપસેણી ઉપાંગમેં, હિત સુખ શિવફલ તાજ ॥૨॥

[1]ન્હવણ [2]વિલેપન [3]વસ્ત્રયુગ, [4]વાસ [5]ફૂલ [6]વરમાલ,
[7]વરણ [8]ચુન્ન [9]ધ્વજ શોભિતી, [1] રત્નાભરણ રસાલ
॥ ૩ ॥

[11]સુમનસ-ગૃહ અતિ શોભતું,
[12]પુષ્પપગર [13]મંગલિક;
[14]ધૂપ [15]ગીત [16]નૃત્ય [17]નાદશું,
કરત મીટે સબ ભીક ॥ ૪ ॥

## ॥ પ્રથમ ન્હવણ પૂજા ॥

### ॥ દૂહા ॥

શુચિ તનુ વદન વસન ધરી, ભરે સુગંધ વિશાલ;
કનક કલશ ગંધોદકે, આણી ભાવ વિશાલ ॥૧॥
નમત પ્રથમ જિનરાજકો, મુખ બાંધી મુખકોશ;
ભક્તિ યુક્તિસેં પૂજતાં, રહે ન રંચક દોષ ॥૨॥

### ॥ પૂજા ઢાળ ॥

રાગ ખમાચ ॥ તાલ-પંજાબી ઠેકા ॥
માન તું કાહેપેં કરતા-એ દેશી ॥

માનમદ મનસે પરહરતા, કરી ન્હવણ જગદીશ ॥ મા૦ ॥ એ આંકણી ॥ સમકિતની કરણી દુઃખ હરણી, જિન પખાલ મનમેં ધરતા ॥ ॥ અંગ ઉપાંગ જિનેશ્વર ભાખી, પાપ પડલ જરતા ॥ ક૦ ॥ ૧ ॥ કંચન કળશ ભરી અતિ સુંદર, પ્રભુ સ્નાન ભવિજન કરતા; નરક વૈતરણી

કુમતિ નાસે, મહાનંદ પદ વરતા ॥ કે૦ ॥ ૨ ॥ કામ ક્રોધકી તપત મિટાવે, મુક્તિપંથ સુખ પગ ધરતા ॥ ધર્મ કલ્પતરૂકંદ સીંચતાં, અમૃતઘન ઝરતા ॥ કે૦ ॥ ૩ ॥ જન્મમરણકા પંક પખારી, પુણ્યદશા ઉદયે કરતા ॥ મંજરી સંપદ્ તરુ વધ્ધૅનકી, અક્ષય નિધિ ભરતા ॥ કે૦ ॥ ૪ ॥ મનકી તપત મિટી સબ મેરી, પદકજ ધ્યાન હૃદે ધરતા ॥ આતમ અનુભવ રસમેં ભીનો, ભવ-સમુદ્ર તરતા ॥ કે૦ ॥ ૫ ॥

## ॥ દ્વિતીય વિલેપન પૂજા ॥

### ॥ દૂહા ॥

ગાત્ર લૂહી મન રંગશું, મહકે અતિહિ સુવાસ;
ગંધકાષાયી વાસનશું, સકલ ફલે મન આશ ॥૧॥
ચંદન મૃગમદ કુંકુમે, ભેળી માંહે બરાસ;
રત્નજડિત કચોલિયેં, કરી કુમતિનો નાશ ॥૨॥
પગ જાનુ કર ખંધમેં, મસ્તક જિનવર અંગ;
ભાલ કંઠ ઉર ઉદરમેં, કરે તિલક અતિ ચંગ ॥૩॥
પૂજક જન નિજ અંગમેં, રચે તિલક શુભ ચાર;
ભાલ કંઠ ઉર ઉદરમેં, તપત મિટાવનહાર ॥૪॥

### ॥ પૂજા ઢાળ ॥

॥ ઠુમરિ-તાલ પંજાબી ઠેકો ॥ મધુવનમેં મેરે સાંવરીયાં એ દેશી ॥

કરી વિલેપન જિનવર અંગે, જન્મ સફલ

ભવિજન માને ।। કરી૦ ।। ૧ ।। મૃગમદ ચંદન કુંકુમ ઘોલી, નવ અંગ તિલક કરી થાને ।। કરી૦ ।। ૨ ।। ચક્રી નવ નિધિ સંપદ પ્રગટે, કરમ ભરમ સબ ક્ષય જાને ।। કરી૦ ।। ૩ ।। મન તનુ શીતળ સબ અઘ ટાળી જિન ભક્તિ મન તનુ ઠાને ।। કરી૦ ।।૪।। ચોસઠ સુરપતિ સુરગિરિ રંગે, કરી વિલેપન ધન માને ।।કરી૦।।પ।। જાગી ભાગ્યદશા અબ મેરી, જિનવર વચન હૃદે ઠાને ।। કરી૦ ।। ૬ ।। પરમ શિશિરતા પ્રભુ તન કરતાં, ચિત્તસુખ અધિકે પ્રગટાને ।। કરી૦ ।। ૭ ।। આત્માનંદી જિનવર પૂજી, શુદ્ધ સ્વરૂપ નિજ ઘટ આને ।। કરી૦ ।। ૮ ।।

## ।। તૃતીય વસ્ત્રયુગલ પૂજા ।।

### ।। દૂહા ।।

વસન યુગલ અતિ ઉજ્જવલેં,
નિર્મળ અતિહિ અભંગ;
નેત્રયુગલ સૂરિ કહે, યહિ મતાંતર સંગ ।। ૧ ।।

કોમળ ચંદન ચરચિયે, કનક ખચિત વર ચંગ;
હય પલ્લવ શુચિ પ્રભુ શિરે, પહેરાવે મનરંગ ।।૨।।

દ્રૌપદી શક્ર સૂરિયાભ તે, પૂજે જિમ જિનચંદ;
શ્રાવક તિમ પૂજન કરે, પ્રગટે પરમાનંદ ।। ૩ ।।

પાયલુહણ અંગલૂહણાં, દીજે પૂજન કાજ;
સકલ કરમ મલ ક્ષય કરી,
પામે અવિચળ રાજ ॥ ૪ ॥

॥ પૂજા ઢાળ ॥

॥ ૨ ॥ દેશ સોરઠો–પંજાબી ઠેકો ॥
કુબજાને જાદુ ડારા એ દેશી ॥

જિનદર્શન મોહનગારા, જિને પાપ કલંક પખારા ॥ જિન૦ ॥ એ આંકણી ॥ પૂજા વસ્ત્ર-યુગલ શુચિ અંગે, ભાવના મનમેં વિચારા ॥ નિશ્ચયવ્યવહારી તુમ ધર્મે, વરનું આનંદકારા ॥ જિ૦ ॥ ૧ ॥ જ્ઞાન ક્રિયા શુદ્ધ અનુભવ રંગે, કરું વિવેચન સારા ॥ સ્વપર સત્તા ધરું હરૂં સબ, કર્મ કલંક પહારા ॥ જિ૦ ॥ ૨ ॥ કેવલ યુગલ વસન અચિંતસેં, માંગત હું નિરધારા ॥ કલ્પ-તરૂં તું વંછિત પૂરે, ચૂરે કરમ કઠારા ॥ જિ૦ ॥ ૩ ॥ ભવોદધિ તારણ પોત મિલા તું, ચિદ્ઘન મંગલકારા ॥ શ્રી જિનચંદ જિનેશ્વર મેરે, ચરણ શરણ તુમ ધારા ॥ જિ૦ ॥ ૪ ॥ અજર અગર અજ અલખ નિરંજન, ભજન કદમ પહારા ॥ આત્માનંદી પાપનિકંદી, જીવન પ્રાણ આધારા જિન૦ ॥ ૫ ॥

## ॥ ચતુર્થ ગંધ પૂજા ॥

### ॥ દૂહા ॥

ચોથી પૂજા વાસકી, વાસિત ચેતન રૂપ;
કુમતિ કુગંધી મિટી ગઇ, પ્રગટે આતમરૂપ ॥૧॥
સુમતિ અતિ હર્ષિત હુઈ, લાગી અનુભવ વાસ;
વાસ સુગંધે પૂજતા, મોહ સુભટકો નાસ ॥૩॥
કુંકુમ ચંદન મૃગમદા. કુસુમ ચૂર્ણ ઘનસાર;
જિનવર અંગે પૂજતાં લહિયે લાભ અપાર ॥૩॥

### ॥ પૂજા ઢાળ ॥

॥ રાગ–જંગલો–તાલ પંજાબી ઠેકો ॥
॥ અબ મોહે ડાંગરિયાં–એ દેશી ॥

ચિદાનંદ ઘન અંતરજામી, અબ મો હે પાર ઉતાર ॥ જિનંદજી ॥ અબ૦ ॥ એ આંકુણી ॥ વાસખેપસેં પૂજન કરતાં, જનમ મરણ દુઃખ ટાર ॥ જિ૦ ॥ નિજ ગુણ ગંધ સુંગધી મહકે, દહે કુમતિ મદ માર ॥ જિ૦ ॥ ૧ ॥ જિન પૂજન હી મન અતિ રંગે, ભંગે ભરમ અપાર ॥ જિ૦ ॥ પુદ્‌ગલસંગી દુર્ગંધ નાઠા, વરતે જય-જયકાર ॥ જિ૦ ॥ ૨ ॥ કુંકુમચંદન મૃગમદ ભેલી, કુસુમ ગંધ ઘનસાર ॥ જિ૦ ॥ જિનવર પૂજન રંગે રાચે, કુમતિ સંગ સબ છાર ॥ જિ૦ ॥ ૩ ॥ વિજય દેવતા જિનવર પૂજે, જીવાભિગમ

મોઝાર ॥ જિ૦ ॥ શ્રાવક તિમ નિજ વાસે પૂજે, ગૃહસ્થધર્મકો સાર ॥ જિ૦ ॥ ૪ ॥ સમકિતકી કરણી શુભ વરણી, જિન ગણધર હિતકાર ॥ જિ૦ ॥ આતમ અનુભવ રંગરંગીલા, વાસ યજનકા સાર ॥ જિ૦ ॥ ૫ ॥

## ॥ પંચમ પુષ્પારોહણ પૂજા ॥

### ॥ દૂહા ॥

મન વિકસે જિન દેખતાં, વિકસિત ફુલ અપાર;
જિન પૂજા એ પંચમી, પંચમી ગતિ દાતાર ॥૧॥
પંચવરણકે ફૂલસેં, પૂજે ત્રિભુવન નાથ;
પંચ વિઘન ભવિ ક્ષય કરી, સાધે શિવપુર સાથ ॥૨॥

### ॥ પૂજા ઢાળ ॥

રાગ ॥ કહેરબા-તાલ ઠુમરી ॥

॥ પાસ જિનંદા પ્રભુ, મેરે મન વસિયા—એ દેશી ॥

અર્હન્ જિનંદા પ્રભુ મેરે મન વસિયા ॥ એ આંકણી ॥ મોગર લાલ ગુલાબ માલતી, ચંપક કેતકી નિરખી હરસિયા ॥ અ૦ ॥૧॥ કુંદ પ્રિયંગુ વેલિ મચકુંદા, બોલસિરિ જાઈ અધિક દરસિયા ॥ અ૦ ॥ ૨ ॥ જલ થલ કુસુમસુગંધી મહકે, જિનવર પૂજન જિમ હરિ રસિયા ॥ અ૦ ॥૩॥ પંચબાણ પીડે નહિ મુઝકો, જબ પ્રભુ ચરણે ફૂલ ફરસિયા ॥અ૦ ॥ ૪ ॥ જડતા દૂર ગઈ

સબ મેરી, પંચ આવરણ ઉખાર ધરસિયા ॥અ૦ ॥ ૫ ॥ અવર દેવકો આક ધતુરા, તુમરે પંચ રંગ ફૂલ વરસિયા ॥ અ૦ ॥ ॥ ૬ ॥ જિન ચરણે સહુ તપત મિટત હૈ, આતમ અનુભવ મેઘ વરસિયા ॥ અ૦ ॥ ૭ ॥

## ॥ ષષ્ઠ પુષ્પમાલ પૂજા ॥

### ॥ દૂહા ॥

છઠ્ઠી પૂજા જિનતણી, ગુંથી કુસુમની માલ;
જિન કંઠે થાપી કરી, ટાળિયે દુઃખ જંજાલ ॥૧॥
પંચવરણ કુસુમે કરી, ગુંથી જિન ગુણ માલ;
વરમાલા એ મુક્તિકી, વરે ભક્ત સુવિશાલ ॥ ૨ ॥

### ॥ પૂજા ઢાળ ॥

રાગ જંગલો–તાલ દીપચંદી ॥ પાર્શ્વનાથ જપત હે જો જન કરમ ન આવે તે કને રે–એ દેશી ॥

કુસુમ માલસેં જો જિન પૂજે, કર્મકલંક નાસે ભવિ તેરે ॥કુ૦॥ એ આંકણી ॥ નાગ પુન્નાગ પ્રિયંગુ કેતકી ચંપક દમનક કુસુમ ઘને રે ॥ મલ્લિકા નવ મલ્લિકા શુદ્ધ જાતિ, તિલક વસંતિક સબ રંગ હે રે ॥ કુ૦ ॥૧॥ કલ્પ અશોક બકુલ મગદંતી, પાડલ મરૂક માલતી લે રે ॥ ગુંથી પંચવરણકી માલા, પાપ પંક સબ દૂર કરે રે ॥કુ૦॥ ૨ ॥ ભાવ વિચારી નિજ ગુણ માલા, પ્રભુસેં

આગે અરજ કરે રે ॥ સર્વ મંગલકી માલા રોપે, બિઘન સકલ સબ સાથ જરે રે ॥ કુ૦ ॥૩॥ આતમાનંદી જગગુરૂ પૂજી, કુમતિ ફંદ સબ દૂર ભગે રે ॥ પૂરણ પુન્યે જિનવર પૂજે, આનંદરૂપ અનુપ જગે રે ॥ કુસુમ૦ ॥૪॥

॥ સપ્તમ અંગરચના પૂજા ॥

॥ દૂહા ॥

પાંચ વરણકે ફૂલકી, પૂજા સાતમી માન;
પ્રભુ અંગે અંગી રચી, લહીએ કેવલજ્ઞાન ॥૧॥
મુક્તિવધૂકી પત્રિકા, વરણી શ્રી જિનદેવ;
શુદ્ધ તત્ત્વ સમજે સહી, મૂઢ ન જાણે ભેવ ॥૨॥

॥ પૂજા ઢાળ ॥

॥ તુમ દીનકે નાથ દયાલ લાલ—એ દેશી ॥

તુમ ચિદ્ઘનચંદ આનંદ લાલ, તોરે દર્શનકી બલિહારી ॥ તુમ૦ ॥૧॥ પંચવરણ ફૂલોંસેં અંગિયાં, વિકસે જ્યું કેસર ક્યારી ॥તુમ૦॥૨॥ કુંદ ગુલાબ મરુક અરવિંદો, ચંપકજાતિ મંદારી ॥ તુમ૦ ॥૩॥ સોવન જાતિ દમનક સોહે, મન તનુ તજિત વિકારી ॥ તુમ૦ ॥૪॥ અલખનિરંજન જ્યોતિ પ્રકાશે, પુદ્ગલસંગ નિવારી ॥ તુમ૦ ॥૫॥

સમ્યગ્દર્શન જ્ઞાન સ્વરૂપી, પૂર્ણાનંદ વિહારી ॥ તુમ૦ ॥૬॥ આતમ સત્તા જબહી પ્રગટે, તબ હી લહે ભવપારી ॥ તુમ૦ ॥૭॥

॥ અષ્ટમ ચૂર્ણ પૂજા ॥

॥ દૂહા ॥

જિનપતિ પૂજા આઠમી, અગર ભલા ઘનસાર;
સેલારસ મૃત મદ કરી, ચૂરણ કરી અપાર ॥૧॥
ચુન્નારોહણ પૂજના, સુમતિ મન આનંદ;
કુમતિ જન ખીજે અતિ, ભાગ્યહીન મતિમંદ ॥૨॥

॥ ઢાળ ॥

॥ રાગ જોગિયો ॥ નાથ મુને છોડકે, ગઢ ગિરનાર તું ગયો રી—એ દેશી ॥

કરમ કલંક દહ્યોરી, નાથ જિન પૂજકે ॥ એ આંકણી ॥ અગર સેલારસ મૃગમદ ચૂરી, અતિ ઘનસાર મહ્યોરી ॥ નાથ૦ ॥૧॥ તીર્થંકર પદ શાંતિ જિનેશ્વર, જિન પૂજીને ગ્રહ્યોરી ॥ નાથ૦ ॥૨॥ અષ્ટ કરમ દલ ઉદ્ભટ ચૂરી, તત્ત્વરમણકો લહ્યોરી ॥ નાથ૦ ॥૩॥ આઠોંહી પ્રવચન પાલન શૂરી, દૃષ્ટિ આઠ લહ્યોરી ॥ નાથ૦ ॥૪॥ શ્રદ્ધા ભાસન રમણતા પ્રગટે, શ્રી જિનરાજ કહ્યોરી ॥ નાથ૦ ॥૫॥ આતમ સહજાનંદ હમારા, આઠમી પૂજા ચહ્યોરી ॥ નાથ૦ ॥૬॥

## ॥ નવમ ધ્વજ પૂજા ॥

### ॥ દૂહા ॥

પંચવરણ ધ્વજ શોભતી, ઘુઘરીનો ઘમકાર
હેમ દંડ મન મોહની, લઘુ પતાકા સાર ॥૧॥
રણઝણ કરતી નાચતી, શોભિત જિનહર શૃંગ;
લહકે પવન ઝકોરસે, બાજત નાદ અભંગ ॥૨॥
ઇંદ્રાણી મસ્તક લઇ, કરે પ્રદક્ષિણા સાર;
સધવા તિમ વિધિ સાચવે, પાપ નિવારણ હાર ॥૩॥

### ॥ પૂજા ઢાળ ॥

॥ ઠુમરી ઝીંટીની ॥ તાલ પંજાબી ઠેકો ॥ આઇ ઇન્દ્રનાર એ—દેશી ॥

આઇ સુંદર નાર, કર કર સિંગાર; ઠાડી ચૈત્ય દ્વાર, મન મોદ ધાર; પ્રભુ ગુણ વિચાર; અઘ સબ ક્ષય કીનો ॥ આઇ૦ ॥૧॥ જોજન ઉત્તુંગ અતિ સહસ ચંગ; આઇ ગગન લંઘ, ભવિ હરખ સંગ; સબ જગ ઉત્તુંગ, પદ છિનકમેં લીનો ॥ આઇ૦ ॥૨॥ જિમ ધ્વજ ઉત્તુંગ, તિમ પદ અભંગ; જિન ભક્તિ રંગ; ભવિમુક્તિ મંગ, ચિદ્ઘન આનંદ, સમતારસ ભીનો ॥ આઇ૦ ॥૩॥ અબ તાર નાથ, મુઝ કર સનાથ; તજ્યો કુગુરુ સાથ, મુઝ પકડ હાથ; દીનોંકે નાથ, જિન-વચન રસ પીનો ॥ આઇ૦ ॥૪॥ આતમ આનંદ;

તુમ ચરણ વંદ, સબ કટત ફંદ, ભર્યો શિશિર ચંદ; જિન પઠિત છંદ, ધ્વજ પૂજન કીનો ॥ આ૦ ॥૫॥

॥ દશમી આભરણ પૂજા ॥

॥ દૂહા ॥

શોભિત જિનવર મસ્તકેં, રયણ મુકુટ ઝલકંત;
ભાલ તિલક અંગદ ભુજા, કુંડલ અતિ ચમકંત ॥૧॥
સુરપતિ જિન અંગે રચે, રત્નાભરણ વિશાળ;
તિમ શ્રાવક પૂજા કરે, કટે કરમ જંજાળ ॥૨॥

॥ પૂજા ઢાળ ॥

॥ રાગ જંગલો, તાલ દાદરો—અંગ્રેજી બાજેકી ચાલ ॥

આનંદ કંદ પૂજતાં, જિણંદ ચંદ હું ॥ એ આંકણી ॥ મોતિ જ્યોતિ લાલ હીર, હંસ અંક જ્યું ॥ કુંડલ સુધારકરણ મુકુટધાર તું ॥ આ૦ ॥૧॥ સૂર ચંદ કુંડલે, શોભિત કાન દુ ॥ અંગદ કંઠ કંઠલો, મુણીંદ તાર તું ॥આ૦ ॥૨॥ ભાલ તિલક ચંગ રંગ, ખંગ ચંગ જ્યું ॥ ચમક દમક નંદની, કંદર્પજિત તું ॥ આ૦ ॥૩॥ વ્યવહાર ભાષ્ય ભાખિયો, જિનંદ બિંબ યું ॥ કરે સિંગાર ફાર કર્મ, જાર જાર તું ॥ આ૦ ॥૪॥ વૃદ્ધિ ભાવ આતમા, ઉમંગકાર તું ॥ નિમિત્ત શુદ્ધ ભાવકા, પિયાર કાર તું ॥ આનંદ ॥ ૫ ॥

## ॥ એકાદશ પુષ્પગૃહ પૂજા ॥

॥ દૂહા ॥

પુષ્પ ધરો મન રંજનો, ફૂલે અદ્‌ભુત ફૂલ;
મંહકે પરિમલ વાસના, રહકે મંગલમૂલ ॥૧॥
શોભિત જિનવર બિંબમેં, જિમ તારામેં ચંદ;
ભવિ ચકોર તન મોદસેં, નિરખી લહે આનંદ ॥૨॥

॥ ઢાળ ॥

॥ રાગ ખમાચ–તાલ પંજાબી ઠેકો ॥

॥ શાંતિ વદનકજ દેખ નયન–એ દેશી ॥

ચંદબદન જિન દેખ નયન મન, અમીરસ ભીનો રે ॥ એ આંકણી ॥ રાય બેલ નવ મલ્લિકા કુંદ, મોગર તિલક જાતિ મચકુંદ ॥ કેતકી દમણક સરસ રંગ, ચંપક રસ ભીનો રે ॥ ચંદ૦ ॥૧॥ ઇત્યાદિક શુભ ફૂલ રસાળ, ઘર વિરચે મનરંજન લાલ ॥ જાલી ઝરોખા ચિતરી શાલ, સુર મંડપ કીનો રે ચંદ૦ ॥૨॥ ગુચ્છ ઝુમખાં લંબા સાર, ચંદુઆ તોરણ મનોહાર ॥ ઇંદ્ર ભુવનકો રંગધાર, ભવ પાતક છીનો રે ॥ ચંદ૦ કુસુમાયુધ કે મારન કાજ, ફૂલઘરે થાપે જિનરાજ ॥ જિમ લહિયે શિવપુરકો રાજ, સબ પાતક ખીનો રે ॥ ચંદ૦ ॥૪॥ આતમ અનુભવ રસમેં રંગ, કારણ કારજ સમજ તું ચંગ ॥ દૂર કરો તુમ કુગુરુસંગ, નરભવ ફલ લીનો રે ॥ ચંદબદન૦ ॥ ૫ ॥

## ॥ દ્વાદશ પુષ્પવર્ષણ પૂજા ॥

### ॥ દૂહો ॥

બાદલ કરી વર્ષા કરે, પંચવરણ સુર ફૂલ;
હરે તાપ સબ જગતકો, જાનુદઘ્ન અમૂલ ॥૧॥

### ॥ પૂજા ઢાળ ॥

॥ અડિલ છંદ ॥

સત્તરમે ભવે સાત સુપનસૂચિત સતી—એ દેશી

ફૂલપગર અતિ ચંગ, રંગ બાદલ કરી ॥
પરિમલ અતિ મહકંત, મિલે નર મધુકરી ॥
જાનુદઘ્ન અતિ સરસ, વિકચ અધો બીંટ હે ॥
વરસે બાધા રહિત, રચે જિમ છીંટ હે ॥૧॥

॥ રાગ કાફી—તાલ દીપચંદી ॥

॥ સાચા સાહિબ મેરા, ચિંતામણિસ્વામી—એ દેશી ॥

મંગલ જિન નામે, આનંદ ભવિકો ઘણેરા ॥ એ આંકણી ॥ ફૂલ પગર બદરી ઝરી રે, હેઠ બીંટ જિન કેરા ॥ મં૦ ॥૧॥ પીડા રહિત ઢીગ મધુકર ગુંજે, ગાવત જિનગુણ તેરા ॥ મં૦ ॥૨॥ તાપ હરે તિહું લોકકારે, જિન ચરણે જસ ડેરા ॥ મં૦ ॥૪॥ અશુભ કરમ દલ દૂર ગયે રે, શ્રી જિન નામ રટેરા ॥ મં૦ ॥૪॥ આતમ નિર્મલ ભાવ કરીને, પૂજે મિટત અંધેરા ॥ મંગળ૦ ॥૫॥

## ॥ ત્રયોદશ અષ્ટમંગળ પૂજા ॥

### ॥ દૂહા ॥

સ્વસ્તિક દર્પણ કુંભ હૈ, ભદ્રાસન વર્દ્ધમાન;
શ્રીવચ્છ નંદાવર્ત્ત હે, મીનયુગલ સુવિધાન ॥૧॥
અતુલ વિમલ ખંડિત નહિં, પંચવરણકે શાલ;
ચંદ્રકિરણ સમ ઉજ્વલે, યુવતી રચે વિશાલ ॥૨॥
અતિ સલક્ષણ તંદુલેં, લેખી મંગલ આઠ;
જિનવર અંગે પૂજતાં, આનંદ મંગલ ઠાઠ ॥૩॥

### ॥ પૂજા ઢાળ ॥

॥ રાગ–જિનગુણગાન શ્રુતિ અમૃત–એ દેશી ॥

મંગલ પૂજા સુરતરુકંદ ॥ એ આંકુણી ॥ સિદ્ધિ આઠ આનંદ પ્રપંચે, આઠ કરમના કાટે ફંદ ॥ મં૦ ॥૧॥ આઠ મદ ભયે છિનકમેં દૂરે, પુરે અડગુણ ગયે સબ ધંદ ॥ મં૦ ॥૨॥ જો જિન આઠ મંગલશું પૂજે, તસ ઘર કમલા કેલિ કરંદ ॥ મં૦ ॥૩॥ આઠ પ્રવચન સુધારસ પ્રગટે, સૂરિ સંપદા અતિહિ લહંદ ॥ મં૦ ॥૪॥ આતમ અડગુણ ચિદ્ઘન રાશિ, સહજ વિલાસી આતમ ચંદ ॥ મંગલ પૂજા૦ ॥૫॥

## ॥ ચતુર્દશ ધૂપદીપ પૂજા ॥

### ॥ દૂહા ॥

મૃગમદ અગર સેલારસ, ગંધવટ્ટી ઘનસાર;
કૃષ્ણાગર શુદ્ધ કંદરુ, ચંદન અંબર ભાર ॥૧॥

સુરભિ દ્રવ્ય મિલાયકે, કરે દશાંગ જ ધૂપ;
ધૂપધાણામેં લે કરી, પૂજે ત્રિભુવન ભૂપ ॥૨॥

॥ ઢાળ ॥

॥ રાગ પીલુ–તાલ દીપચંદી ॥

મેરે જિનંદકી ધૂપસેં પૂજા, કુમતિ કુંગંધી દૂર હરી રે ॥ મેરે૦ ॥ એ આંકણી ॥ રોગ હરે કરે નિજ ગુણ ગંધી, દહે જંજીર કુગુરુકી બંધી ॥ નિર્મળ ભાવ ધરે જગ ધંદી, મુઝે ઉતારો પાર, મેરે કિરતાર, કે અઘ સબ દૂર કરી ॥ મેરે૦ ॥૧॥ ઉર્ધ્વગતિ સૂચક ભવિ કેરી, પરમબ્રહ્મ તુમ નામ જપેરી ॥ મિથ્યાવાસ દુઃખરાશિ ઝરે રી, કરો નિરંજનનાથ, મુક્તિકા સાથ, કે મમતા મૂલ જરી રે ॥ મેરે૦ ॥૨॥ ધૂપસેં પૂજા જિનવર કેરી, મુક્તિ વધૂ ભઈ છિનકમેં ચેરી ॥ અબ તો કુયોં પ્રભુ કીની દેરી, તુમહી નિરંજન રૂપ, ત્રિલોકી ભૂપ, કે વિપદા દુર કરી રે ॥ મેરે૦ ॥૩॥ આતમ મંગલ આનંદકારી, તુમરી ચરણ સરણ અબ ધારી ॥ પૂજે જેમ હરિ તેમ અગારી, મંગલ કમલા કંદ, શરદકા ચંદ, કે તાપ સબ દૂર હરી રે ॥ મેરે જિનંદ કી૦ ॥૪॥

॥ પંચદશ ગીતપૂજા ॥

॥ દુહા ॥

ગ્રામ ભલે આલાપીને, ગાવે જિનગુણ ગીત;
ભાવે શુદ્ધ જ ભાવના, ચે પરમ પુનીત ॥૧॥

ફલ અનંત પંચાશકે, ભાખે શ્રી જગદીશ;
ગીત નૃત્ય શુદ્ધ નાદસેં, જો પૂજે જિમ ઇશ ॥૨॥
તીન ગ્રામ સ્વર સાતસેં, મુર્ચ્છના એકુવીશ;
જિન ગુણ ગાવે ભક્તિશું, તાર તીસ ઓગણીશ ॥૩॥

॥ પૂજા ઢાળ ॥

॥ રાગ સોહણી—ઠેકો પંજાબી ॥

જિનગુણ ગાવત સુરસુંદરી ॥ એ આંકણી ॥
ચંપકુવરણી સુર મનહરણી, ચંદ્રમુખી શૃંગાર ધરી ॥ જિન૦ ॥૧॥ તાલ મૃદંગ બંસરી મંડલ, વેણું ઉપાંગ ધુની મધુરી ॥ જિન૦ ॥૨॥ દેવકુમાર કુમારી આલાપે, જિન ગુણ ગાવે ભક્તિ ભરી ॥ જિન૦ ॥૩॥ નકુલ મુકુંદ વીણુ અતિ ચંગી, તાલ છંદ આયતિ સિમરી ॥ જિન૦ ॥૪॥ અલખ નિરંજન જ્યોતિ પ્રકાશી, ચિદાનંદ સત રૂપ ધરી ॥ જિન૦ ॥૫॥ અજર અમર પ્રભુ ઇશ શિવંકર, સર્વ ભયંકર દૂર હરી ॥ જિન૦ ॥૬॥ આતમ રૂપ આનંદઘન સંગી, રંગી જિનગુણ ગીત કરી ॥ જિન૦ ॥૭॥

॥ ષોડશ નાટક પૂજા ॥

॥ દૂહા ॥

નાટક પૂજા સોલમી, સજી સોલે શણગાર;
નાચે પ્રભુની આગળે, ભવનાટક સબ ટાર ॥૧॥

દેવ કુમર કુમરી મિલી, નાચે એકશત આઠ;
રચે સંગીત સુહાવના, બત્તીસ વિધકા નાટ ॥૨॥
રાવણ ને મંદોદરી, પ્રભાવતી સૂરિયાભ;
દ્રૌપદી જ્ઞાતા અંગમેં, લીયો જન્મકો લાભ ॥૩॥
ટાળો ભવ નાટક સવી, હે જિન ! દીન દયાળ;
મિલ કર સુર નાટક કરે, સુઘર બજાવે તાલ;

॥ પૂજા ઢાળ ॥

॥ રાગ કલ્યાણ ॥ તાલ દાદરો ॥

નાચત સુર વૃંદ છંદ, મંગલ ગુનગારી ॥ એ આંકણી ॥ કુમર કુમરી કર સંકેત, આઠ શત મિલ ભમરી દેત ॥ મંદ તાર રણરણાટ, ઘુઘરુ પગ ધારીના ॥૧॥ બાજત જિહાં મૃદંગ તાલ, ધપ મપ ધુધુમ કિટ ધમાલ ॥ રંગ ચંગ દ્રંગ દ્રંગ, ત્રોં ત્રોં ત્રિક તારી ॥ ના૦ ॥૨॥ તાતા થેઇ થેઇ તાન લેત, સુરજ રાગ રંગ દેત ॥ તાન માન ગાન જાન, કિટ નટ ધુનિધારી ॥ ના૦ ॥૩॥ તું જિનંદ શિશિર ચંદ, મુનિરાજ સબ તાર વૃંદ ॥ મંગલ આનંદ કંદ, જય જય શિવચારી ॥ ના૦ ॥૪॥ રાવણ અષ્ટાપદ ગિરિંદ, નાચ્યો સબ સાજ સંગ ॥ બાંધ્યો જિનપદ ઉત્તંગ, આતમ હિતકારી ॥ નાચત૦ ॥૫॥

## ॥ સપ્તદશ વાજિંત્ર પૂજા ॥

### ॥ દુહા ॥

તત વિતત ઘન ઝુસરે, વાદ્ય ભેદ એ ચાર;
વિવિધ ધ્વનિ કર શોભતી, પૂજા સત્તરમી સાર ॥૧॥
સમવસરણમેં વાજિયા, નાદ તણા ઝંકાર;
ઢોલ દદામા દુંદુભી, ભેરી પણવ ઉદાર ॥૨॥
વેણુ વીણા કિંકિણી ષડ્ ભ્રામરી મરદંગ;
ઝલ્લરી ભંભા નાદશું, શરણાઇ મુરજંગ ॥૩॥
પંચ શબ્દ વાજે કરી, પૂજા શ્રી અરિહંત;
મનવાંછિત ફળ પામિયે, લહિયે લાભ અનંત ॥૪॥

### ॥ પૂજા ઢાળ ॥

॥ રાગ જંગલો—તાલ ઠમરીકી ॥

॥ મન મોહ્યા જંગલકી હરણાને—એ દેશી ॥

ભવિ નંદો જિનંદ જસ વરણીને ॥ એ આંકણી ॥ વીણ કહે જગ તું ચિર નંદિ, ધન ધન જગ તુમ કરણીને ॥ ભવિ૦ ॥૧॥ તું જગનંદી આનંદ કંદી, તબલી કહે ગુણ વરણીને ॥ ભવિ૦ ॥૨॥ નિર્મલ જ્ઞાન વચન મુખ સાચે, તૂણ કહે દુઃખ હરણીને ॥ ભવિ૦ ॥૩॥ કુમતિ પંથ સબ છિનમેં નાસે, જિનશાસન ઉદેધરણીને ॥ ભવિ૦ ॥૪॥ મંગલ દીપક આરતિ કરતાં, આતમ ચિત્ત શુભ ભરણીને ॥ ભવિ૦ ॥૫॥

॥ કળશ ॥ રેખતા ॥

જિણુંદ જસ આજ મેં ગાયો, ગાયો અઘ દૂર મો મનકો ॥ શત અઠ કાવ્ય હૂ કરકે, થુણે સબ દેવ દેવનકો ॥ જિ૦ ॥ ૧ ॥ તપગચ્છ ગગન રવિ રૂપા, હુઆ વિજયસિંહ ગુરૂ ભૂપા ॥ સત્ય કર્પૂર વિજયરાજા, ક્ષમા જિન ઉત્તમ તાજા ॥ જિ૦ ॥ ૨ ॥ પદ્મ ગુરુ રૂપ ગુણભાજા, કીર્તિ કસ્તુર જગ છાજા ॥ મણિબુદ્ધિ જગતમેં ગાજા, મુક્તિ ગણિ સંપ્રતિ રાજા ॥ જિ૦ ॥ ૩ ॥ વિજય આનંદ લઘુ નંદા, નિધિ શિખી અંક હૈ ચંદા (૧૯૩૯) ॥ અંબાલે નગરમેં ગાયો નિજાતમ રૂપ હું પાયો ॥ જિનંદ૦ ॥ ૪ ॥

॥ ઇતિ શ્રી આત્મારામજી [વિજયાનંદસૂરિ] કૃત સત્તરભેદી પૂજા સમાપ્ત ॥

# ॥૧૪॥ શ્રી સત્તરભેદી જિન પૂજા ॥

## ॥ પીઠીકા ॥

સકલ જિનેશ્વર પ્રણમીએ, ત્રિકરણ યોગે આજ;
સવિ ગણધર પદ પૂજતાં, સરસે સઘળાં કાજ ॥૧॥
શાસન નાયક વીરવિભુ, અંતિમ શ્રી જિનરાજ;
ભાવ ધરીને વંદીયે, ગુરુ ગૌતમ મહારાજ ॥ ૨ ॥

ઉપગારી સિદ્ધિસૂરિ, શાસનના શિરતાજ;
વંદુ વાદી કેસરી, રામચંદ્ર સૂરિરાજ ॥ ૩ ॥
ગુરુ કર્પૂરસૂરીશ્વરૂ, ઘોર તપસ્વી રાજ;
જિનમુખ વાસિત સરસ્વતી, નમતાં રહેશે લાજ ॥૪॥
પૂજ્ય પદકજ નમી રચું, પૂજા સત્તર ભેદ;
ભક્તિભાવે પૂજતાં, થાયે ભવનો છેદ ॥ ૫ ॥
નવણ વિલેપન વસ્ત્રની, અથવા ચક્ષુની જોડ;
વાસ ફૂલ ફૂલમાળની, કરીએ પૂજા અજોડ ॥ ૬ ॥
કરીયે આંગી ફૂલની, ચૂર્ણ ધ્વજાલંકાર;
ફૂલઘર ફૂલની વૃષ્ટિ ને, અષ્ટ મંગલ સુખકાર ॥૭॥
ધૂપ દીપની ચૌદમી, ગીત નૃત્ય ને વાદ્ય;
આરતિ ને મંગલ દીવો, શુભ ફળ નૈવેદ્ય ખાદ્ય ॥૮॥
સત્તરભેદે એમ પૂજતાં, થાયે ભવનો અંત;
અમૃત પદને પામીએ, એ છે અનાદિઅનંત ॥ ૯ ॥

## ॥ પ્રથમ ન્હવણ પૂજા ॥

### ॥ દૂહો ॥

નિર્મલ સુગંધી જલે, ભરી કંચન કુંભ લાય;
જિન અંગે કરતાં ન્હવણ, આતમ નિર્મલ થાય ॥૧॥

### ॥ ઢાળ ॥

રાગ–( આવો આવો હે વીરસ્વામી )

પૂજો પૂજો હે ભવિજન પ્યારા, શાન્તિનાથ શુભ દેવ; દૂજો દૂજો હે ભવિજન પ્યારા, એ સમ

નહિ મહાદેવ. પૂજો૦ ॥ ૧ ॥ પવિત્ર થઇને પાવન ધોતી, પ્હેરી અખંડ ખેસ; આઠપડો મુખકોષ કરીને, સ્નાત્ર કરો તજી દ્વેષ. પૂજો૦ ॥ ૨ ॥ જેમ ન્હવરાવે તીર્થ જલે કરી, દેવલોકમાં દેવરાજ; તેમ નવરાવે ભક્ત શ્રાવકો, ત્રિભુવનપતિ જિનરાજ. પૂજો૦ ॥ ૩ ॥ શ્રાવકની એ કરણી જાણો, સમકિત નિર્મલકાર; કાઉસગ્ગમાં મુનિવર પણ ધ્યાવે, જાવા ભવજલ પાર. પૂજો૦ ॥૪॥ ગુરુ કર્પૂરસૂરિ અમૃત ભાખે, ભક્તિ સાચું છે દામ; ભક્તિ વિના જીવનની જાણો, કીંમત બેજ બદામ. પૂજો૦ ॥૫॥

॥ મંત્ર ॥

ઓઁ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય પરમેશ્વરાય જન્મ-જરામૃત્યુનિવારણાય દેવાધિદેવાય શ્રીમતે શાન્તિ-નાથાય જલં યજામહે સ્વાહા ॥

## ॥ બીજી વિલેપન પૂજા ॥

॥ દૂહો ॥

દેહ પિંજરથી છૂટીને, કરે જે શિવપુર વાસ;
વિલેપતાં જિન અંગને, લહિયે સહસ ઉપવાસ ॥૧॥

॥ ઢાળ ॥

રાગ—(નમીયે નેમનાથ મહારાજ યા બાંધે સુબા દિન રાત)

પૂજિયે ભવિજન જિન સુખકાર. બાવનાચંદન કેસર ઘસીયે, સાથે શુભ ઘનસાર; પૂજિયે૦ કનક-

મણિના ભરીને કચોળા, વિલેપન કરીયે શ્રીકાર. પૂજિયે૦ ॥ ૧ ॥ ભાલ કંઠ હૃદયે નિજ ઉદરે, તિલક પૂજક કરે ચાર; પૂજિયે૦ પદ જાનુ કર અંશા શિરભાલ કંઠ હૃદય નાભિ સાર. પૂજિયે૦ ॥ ૨ ॥ એમ પ્રભુ નવ અંગની પૂજના, નવનિધિ દાતાર; પૂજિયે૦ ગુરુ કર્પૂરસૂરિ અમૃત બોલે, ગૃહી ધરમ એ વિચાર. પૂજિયે૦ ॥ ૩ ॥

॥ મંત્ર ॥

ઓં હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મ-જરામૃત્યુનિવારણાય દેવાધિદેવાય શ્રીમતે શાન્તિ-નાથાય વિલેપનં યજામહે સ્વાહા ॥

## ॥ ત્રીજી વસ્ત્ર અથવા ચક્ષુયુગલ પૂજા ॥

॥ દૂહો ॥

વસ્ત્ર યુગલની પૂજના, આપે વસ્ત્ર અપાર;
ચક્ષુ યુગલની પૂજના, કેવલયુગ દે શ્રીકાર ॥૧॥

॥ ઢાળ ॥

રાગ– (પંખીડા જાજે પિયુના દેશમાં)

હે જિનજી ! પૂજું તુમારા પાયરે, પૂજંતાં શિવ સુખ થાય રે. હે જિનજી૦ ॥ ૧ ॥ રત્નની આંખ બે આપને ચઢાવું, કેવલ આંખ દો દાયરે. હે જિનજી૦ ॥ ૨ ॥ સુંદર વસ્ત્રની જોડીથી પૂજું,

કેવલ્ય વસ્ત્ર ઘો તાયરે. હે જિનજી૦ ॥ ૩ ॥ ગુરુ કર્પૂરસૂરિ અમૃત જંપે, પ્રભુ સેવા સુખદાયરે. હે જિનજી૦ ॥ ૪ ॥

॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મ-જરામૃત્યુનિવારણાય દેવાધિદેવાય શ્રીમતે શાન્તિ-નાથાય વસ્ત્રયુગલં (ચક્ષુયુગલં) યજામહે સ્વાહા ॥

॥ ચોથી વાસપૂજા પ્રારંભ ॥

॥ દૂહો ॥

વિવિધ ચૂર્ણ વાસે કરી, પૂજતાં જિનવર અંગ;
આતમ નિજ ગુણે કરી, વાસિત હોય અભંગ ॥૧॥

॥ ઢાળ ॥

રાગ– (ધન્ય શ્રી વીરપ્રભુ પ્યારા, અથવા
અબોલડા શાને લીધા છે)

ધન્ય શ્રી શાન્તિજિન પ્યારા, અભયનો ડંકો દેનારા. ડંકો દેનારા પ્રભુ રંકો પાલનારા. ધન્ય શ્રી શાન્તિ૦ ઈન્દ્ર સમ પૂજના અમથી ન હોવે, તો પણ સવિ સહનારા. અભય૦ ॥ ૧ ॥ સમ-કિતધારી સતી દ્રૌપદી પૂજે, સત્તારભેદે શ્રીકારા. અભય૦ ॥ ૨ ॥ ચૂરણ વાસથી પૂજન કરીને, સફલ કરો અવતારા. અભય૦ ॥ ૩ ॥ ગુરુ કર્પૂરસૂરિ અમૃત ભાખે, બોલો પ્રભુ જયકારા. અભય૦ ॥૪॥

॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મ-જરામૃત્યુનિવારણાય દેવાધિદેવાય શ્રીમતે શાન્તિ-નાથાય વાસં યજામહે સ્વાહા ॥

## ॥ પાંચમી પુષ્પ પૂજા ॥

॥ દૂહો ॥

પાંચ કોડીના ફૂલડે પૂજ્યા, ત્રિભુવનપાળ;
શુભ પુણ્યથી તે થયા, કુમારપાલ ભૂપાળ ॥ ૧ ॥

॥ ઢાળ ॥

રાગ—(મથુરામાં ખેલ ખેલી આવ્યા.)

ધન્ય ધન્ય શાન્તિનાથ પ્યારા, હો સ્વામ શિવસુખકારા. અચિરામાતાના નંદન પ્યારા, વિશ્વસેન કુલ શણગારા. હો સ્વામ૦ ॥ ૧ ॥ મૃગલંછન પ્રભુ ચરણે તુમારા, વર્ષ લાખ આયુ ધરનારા. હો સ્વામ૦ ॥ ૨ ॥ બીજા દેવોને આકડો ધતૂરો, આપને સુગંધી ફૂલ સારા. હો સ્વામ૦ ॥ ૩ ॥ ગુલાબ માલતી ચંપો ને કેવડો, ચઢાવે જે ભવિ પ્યારા. હો સ્વામ. ॥ ૪ ॥ ગુરુ કર્પૂરસૂરિ અમૃત ભાખે, તે વધૂ શિવ વરનારા. હો સ્વામ૦ ॥ ૫ ॥

॥ મંત્ર ॥

ઓં હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મ-જરામૃત્યુનિવારણાય દેવાધિદેવાય શ્રીમતે શાન્તિ-નાથાય પુષ્પાણિ યજામહે સ્વાહા ॥

॥ છઠ્ઠી પુષ્પમાળા પૂજા ॥

॥ દૂહો ॥

વિવિધ સુગંધિ ફૂલની, ગુંથીએ સુંદર માળ;
પ્રભુ કંઠે પ્હેરાવતાં, વરીયે શિવવધૂ માળ ॥૧॥

॥ ઢાળ ॥

રાગ–(મૈં કૈસે આવું પ્રભુજી તુમારે દરબાર.)

હે ભવિજન! પૂજિયે શ્રીજિન સુખકાર. ત્રણ જગતમાં દેવ ન એવો, માર્યો મોહ વિકાર. હે ભવિજન૦ ॥ ૧ ॥ વીતરાગ દેવની પૂજા કરતાં, પામીયે ભવનો પાર. હે ભવિજન૦ ॥ ૨ ॥ પંચવરણનાં ફૂલની માળા, ગુંથીએ ખૂબ શ્રીકાર. હે ભવિજન૦ ॥ ૩ ॥ પ્રભુ કંઠે ઠવી લાખ ઉપ-વાસનો, લહીયે લાભ અપાર. હે ભવિજન૦ ॥ ૪ ॥ ગુરૂ કર્પૂરસૂરિ અમૃત ભાખે, ધન્ય પૂજે નરનાર. હે ભવિજન૦ ॥ ૫ ॥

॥ મંત્ર ॥

ઓં હ્રીં શ્રીં પરમપુરૂષાય પરમેશ્વરાય જન્મ-

જરામૃત્યુનિવારણાય દેવાધિદેવાય શ્રીમતે શાન્તિ-નાથાય પુષ્પમાલાં યજામહે સ્વાહા ॥

## ॥ સાતમી ફૂલની અંગરચના પૂજા ॥

### ॥ દૂહો ॥

જિનવર પૂજા સાતમી, લાગે બહુ સારી;
અંગરચના ફૂલની કરી, વરીયે શિવનારી ॥ ૧ ॥

### ॥ ઢાળ ॥

રાગ—(પ્યારો લાગે મુને વ્હાલો લાગે દરિસનમેં.)

પ્યારી લાગે, મને સારી લાગે, જિનરાજની પૂજા મને પ્યારી લાગે. રાયપસેણીમાં સૂર્યાભદેવે, પૂજ્યા છે શ્રી જગપતિ વીતરાગ. જિનરાજ૦ ॥૧॥ પંચવરણનાં ફૂલોની આંગી, રચિયે ભવિકજન ધરી મન રાગ. જિનરાજ૦ ॥ ૨ ॥ ગુરુ કર્પૂરસૂરિ અમૃત ભાખે, ધન્ય પૂજે કરી મોહનો ત્યાગ. જિનરાજ૦ ॥૩॥

### ॥ મંત્ર ॥

ઓઁ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય પરમેશ્વરાય જન્મ-જરામૃત્યુનિવારણાય શ્રીમતે શાન્તિનાથાય અંગ-રચનાં યજામહે સ્વાહા ॥

## ॥ આઠમી ચૂર્ણપૂજા ॥

### ॥ દૂહો ॥

જિનપદ પંકજ ભાવથી, પૂજે ભવિજન કોય;
ચૂરણ પૂજા આઠમી, કરતાં જિનપદ હોય ॥ ૧ ॥

॥ ઢાળ ॥

રાગ—(દુનિયા દિવાની...)

પ્યારા ભવિજન, પ્યારા ભવિજન. ઘનસાર આદિ ચૂર્ણ, લેઇ નિજ હાથ; ભક્તિભાવ ધરી હૃદયે, પૂજો શાન્તિનાથ. પ્યારા૦ ॥ ૧ ॥ મદ આઠ છોડી ભવિ, પૂજો જિનઅંગ; સિદ્ધિ આઠ જેથી પ્રગટે, પ્રગટે સુખ ચંગ. પ્યારા૦ ॥ ૨ ॥ ગુરુ કર્પુર અમૃત ભાખે, લાહો ભવનો એહ; ભાગ્યશાળી મુક્તિ ગામી, લહે લાભ તેહ. પ્યારા૦ ॥ ૩ ॥

॥ મંત્ર ॥

ઓં હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મ-જરામૃત્યુનિવારણાય દેવાધિદેવાય શ્રીમતે શાન્તિ-નાથાય ચૂર્ણં યજામહે સ્વાહા ॥

॥ નવમી ધ્વજપૂજા ॥

॥ દૂહો ॥

એક સહસ જોજન ઉંચી, ઇન્દ્રધ્વજા મનોહાર;
જિનવર આગે ચાલતી, બોલાવે નરનાર ॥૧॥

॥ ઢાળ ॥

રાગ—(મારૂં વતન આ મારૂં વતન)

પૂજો ભવિકજન જિનવર ચંદ. ધ્વજ પૂજનથી પાપ પલાવે, લહિએ અજરામર સુખ અમંદ.

પૂજો૦ ॥ ૧ ॥ ધર્મધ્વજા એક સહસ જોજનની, નમવા પ્રભુને બોલાવે નરવૃંદ. પૂજો૦ ॥ ૨ ॥ ગુરુ કર્પૂરસૂરિ અમૃત ભાખે, યથાશક્તિ કરો એ સુખકંદ. પૂજો૦ ॥ ૩ ॥

॥ મંત્ર ॥

ઓં હ્રીં શ્રીં પરમપુરૂષાય પરમેશ્વરાય જન્મ-જરામૃત્યુનિવારણાય દેવાધિદેવાય શ્રીમતે શાન્તિ-નાથાય ધ્વજં યજામહે સ્વાહા ॥

॥ દશમી અલંકાર પુજા ॥

॥ દૂહો ॥

વિણુ આભૂષણે શોભતા, જિનવર ત્રિભુવનનાથ;
કરતાં પૂજા એહની, થઇએ શિવવધૂ નાથ ॥૧॥

॥ ઢાળ ॥

રાગ–(પ્યારા જિણંદા મુનિવર ચંદા.)

અચિરાના નંદા શાન્તિ જિણંદા, પૂજિએ ભવિક સુખકાર; મંગલ જેથી થાવે. માથે સોનાનો મુગટ મૂકો, કાને કુંડલ શ્રીકાર. મંગલ૦ ॥ ૧ ॥ હીરાના હારો હયે પ્હેરાવો, એ તો હૈયાના હાર. મંગલ૦ ॥ ૨ ॥ કેડે કનકનો કંદોરો આપો, કહાં બાજુબંધ સાર. મંગલ૦ ॥ ૩ ॥ મહાસતી દમ-યંતિએ પ્રભુને, ચોઢયાં તિલક મનોહાર. મંગલ૦

॥ ૪ ॥ ગુરુ કપૂરસૂરિ અમૃત ભાખે, ભક્તિ છે મંગલકાર. મંગલ૦ ॥ ૫ ॥

॥ મંત્ર ॥

ઓં હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મ-જરામૃત્યુનિવારણાય દેવાધિદેવાય શ્રીમતે શાન્તિ-નાથાય અલંકારં યજામહે સ્વાહા ॥

॥ અગીયારમી ફૂલના ઘરની પૂજા ॥

॥ દૂહો ॥

ફૂલઘરની રચના કરી, બેસાડે જિનચંદ;
પુણ્યશાળી તે પામશે, શિવઘર સુખ અમંદ ॥૧॥

॥ ઢાળ ॥

રાગ–માલકોશ (ક્યું કર ભક્તિ કરૂં પ્રભુ તેરી)

પૂજો ભવિજન શાન્તિ જિણંદા. ફૂલનું સુંદર ગેહ બનાવી, પ્રભુ પધરાવો જિણચંદા. પૂજો૦ ॥ ૧ ॥ મન વચકાયાની શુદ્ધિ કરીને, ગાવો પ્રભુના ગુણવૃંદા. પૂજો૦ ॥ ૨ ॥ ગુરૂ કપૂરસૂરિ અમૃત ધ્યાવે, એ પ્રભુ અચિરાના નંદા. પૂજો૦ ॥ ૩ ॥

॥ મંત્ર ॥

ઓં હ્રીં શ્રીં પરમપુરૂષાય પરમેશ્વરાય જન્મ-જરામૃત્યુનિવારણાય દેવાધિદેવાય શ્રીમતે શાન્તિ-નાથાય પુષ્પગૃહં યજામહે સ્વાહા ॥

॥ બારમી કુસુમ મેઘ પૂજા ॥

॥ દૂહો ॥

બારમી પૂજાએ કરો, સુગંધી ફૂલ વરસાદ;
ગુણીજન લે તે પુણ્યથી, શિવવર વધૂ પ્રસાદ ॥૧॥

॥ ઢાળ ॥

રાગ–(માતા મરુદેવીના નાદ.)

માતા અચિરાજીના નંદ, દેખી તાહરી મૂરતિ મ્હારૂં દિલ હરખાણું જી. ફૂલની વૃષ્ટિ સમવસરણમાં, કરે સુર જાનુ પ્રમાણ; જલથલનાં એ સચિત્ત જાણો, જિનવર વચન પ્રમાણ. માતા૦ ॥ ૧ ॥ અમ પેરે પ્રભુ આગે પડે જેહ, અધોગતિ થાવે ન તાસ; ભક્તિભાવે ફૂલ વરસાવો, લેવા મુક્તિ વાસ. માતા૦ ॥ ૨ ॥ પ્રભુ પ્રભાવે પીડા ન હોવે, એ પ્રભુ મહિમા જાણ; અચિત્તની કલ્પના જે કરે તે, મિથ્યામતિ અણજાણ. માતા૦ ॥ ૩ ॥ પંચવરણના ફૂલની વૃષ્ટિ, ભવિ શ્રાવક કરે જેહ; ગુરૂ કર્પૂરસૂરિ અમૃત ભાખે, પંચમી ગતિ લહે તેહ. માતા૦ ॥ ૪ ॥

॥ મંત્ર ॥

ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુનિવારણાય દેવાધિદેવાય શ્રીમતે શાન્તિનાથાય કુસુમવર્ષણં યજામહે સ્વાહા ॥

## ॥ તેરમી અષ્ટમંગલની પૂજા ॥

### ॥ દૂહો ॥

અષ્ટમંગલથી પૂજિયે, જિનવર ચતુર સુજાણ;
પ્રગટે ભાવ સુદ્રવ્યથી, લહિયે કોટિ કલ્યાણ ॥૧॥

### ॥ ઢાળ ॥

રાગ—(લાગી લગન મુને ત્હારી.)

શાન્તિજિણંદ સુખકારી, ભવિકજન, શાન્તિજિણંદ સુખકારી. સુંદર તંદૂલે આલેખો આઠ, મંગલ આનંદકારી. ભવિક૦ ॥ ૧ ॥ સ્વસ્તિક દર્પણ કુંભ ભદ્રાસન, નંદાવર્ત હિતકારી. ભવિક૦ ॥ ૨ ॥ શુભ શ્રીવત્સક ને વર્દ્ધમાન, મત્સ્ય યુગલ જયકારી. ભવિક૦ ॥ ૩ ॥ ગુરુ કર્પૂરસૂરિ અમૃત ભાખે, કરતાં મંગલ થાય ભારી. ભવિક૦ ॥ ૪ ॥

### ॥ મંત્ર ॥

ઓઁ હ્રીઁ શ્રીઁ પરમપુરૂષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુનિવારણાય દેવાધિદેવાય શ્રીમતે શાન્તિનાથાય અષ્ટમંગલાનિ યજામહે સ્વાહા ॥

## ॥ ચૌદમી ધૂપદીપ પુજા ॥

### ॥ દૂહો ॥

ધૂપે જિનવર પૂજતાં, કર્મ કાષ્ટ બળી જાય;
દીપ પૂજા કરતાં ભવિ, કેવળજ્ઞાન ઝટ થાય ॥૧॥

॥ ઢાળ ॥

રાગ–(ભરતને પાટે ભૂપતિરે.)

જેમ જેમ જિનવર પૂજિયેરે, તેમ તેમ ભવ-ભય જાય; સલુણા. શાન્તિજિનેશ્વર પૂજિયે રે, જેહથી શાન્તિ થાય. સલુણા. જેમ૦ ॥ ૧ ॥ ધૂપ દશાંગે પૂજતાં રે, મિચ્છત્ત દુર્ગંધ દૂર; સલુણા. સમકિતની સુવાસના રે, લહિએ ભવિક ભરપુર. સલુણા. જેમ૦ ॥ ૨ ॥ ઝગમગ દીપકે પૂજતાં રે, હોયે અજ્ઞાનનો નાશ; સલુણા. ક્ષાયિકજ્ઞાને કેવલી રે, કરે મુક્તિમાં વાસ. સલુણા. જેમ૦ ॥ ૩ ॥ ધન ધન તે જગ માનવી રે, સફલો તસ અવતાર; સલુણા. અમૃત પદવી તે લહે રે, ભક્તિ કરે જે સાર. સલુણા. જેમ૦ ॥ ૪ ॥

॥ મંત્ર ॥

ઓઁ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય પરમેશ્વરાય જન્મ-જરામૃત્યુનિવારણાય દેવાધિદેવાય શ્રીમતે શાન્તિ-નાથાય ધૂપદીપૌ યજામહે સ્વાહા ॥

॥ પંદરમી ગીત પૂજા ॥

॥ દૂહો ॥

પ્રભુ ગુણ ગાવો ગીતથી, ભવિ સવિ નર ને નાર;<br>
પ્રભુ ગુણગણ ગાતાં થકાં, તરીયે આ સંસાર ॥૧॥

॥ ઢાળ ॥

રાગ–(ભારતકા ડંકા આલમમેં.)

પૂજન કરીને શાન્તિજિનનું, નિર્મલ ગુણરયણો ગુણી ! ગાવો; રસના પાવના કરી હરખાઇ, આનંદ-મંગલ ભવિજન પાવો ॥ ૧ ॥ પ્રભુગુણ ગંગાજલ-માંહે ન્હાઇ, સવિ કર્મ કલંક નિજ મિટાઇ; નિજ ગુણ પામી શિવપુર જાવો, આનંદ મંગલ ભવિ-જન પાવો. પૂજન૦ ॥ ૨ ॥ જો આકાશનું હોવે પરિમાણો, તો પ્રભુ ગુણગાન ફલ માન જાણો; ધન્ય નરનારી કોઈ લે લ્હાવો, આનંદ મંગલ ભવિજન પાવો. પૂજન૦ ॥ ૩ ॥ ગુરુ કર્પૂરસૂરિ અમૃત ભાખે, એ ભક્તિ રસિયા કોઇ ચાખે; તો ગર્ભાવાસમાં ફરી નાવો, આનંદ મંગલ ભવિજન પાવો. પૂજન૦ ॥ ૪ ॥

॥ મંત્ર ॥

ઓઁ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય પરમેશ્વરાય જન્મ-જરામૃત્યુનિવારણાય દેવાધિદેવાય શ્રીમતે શાન્તિ-નાથાય ગીતં યજામહે સ્વાહા ॥

॥ સોળમી નૃત્ય પૂજા ॥

॥ દૂહો ॥

એકશત આઠ યથા કરે, નાચ જે સુરકુમાર;<br>
તેમ ભવિજન પ્રભુ આગળે, કરીયે નૃત્ય મનોહાર ।૧।

॥ ઢાળ ॥

રાગ–(અરજી સાંભળોને મ્હારા નાથ.)

પૂજિયે શાન્તિજિન સુખકાર, જેથી તરીયે ભવિ! સંસાર. એ રાહ. પ્રભુ આગળ ભવિ નૃત્ય કરંતાં. ભવમાં ન નાચે લગાર; રાવણ ને મંદોદરી પેરે, લહિયે લાભ અપાર. પૂજિયે૦ ॥૧॥ દુન્યવી નાટક સરઘસ જોતાં, પાપ છે અપરંપાર; પ્રભુ ભક્તિનું નાટક જોતાં, લહિયે ભવનો પાર. પૂજિયે૦ ॥૨॥ ગુરૂ કર્પૂરસૂરિ અમૃત ભાખે, યોગશાસ્ત્ર આધાર; જિનભકિત વિના ભવિજન જાણો, નિષ્ફલ નિજ અવતાર. પૂજિયે૦ ॥૩॥

॥ મંત્ર ॥

ઓઁ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય પરમેશ્વરાય જન્મ-જરામૃત્યુનિવારણાય દેવાધિદેવાય શ્રીમતે શાન્તિ-નાથાય નૃત્યં યજામહે સ્વાહા ॥

॥ સત્તરમી વાદ્ય પૂજા ॥

॥ દૂહો ॥

કહી પૂજા વાજિંત્રની, સત્તરમી મનોહાર;<br>
કરતાં ભવિજન પામશે, સર્વ સંપદા સાર ॥ ૧ ॥

॥ ઢાળ ॥

રાગ–(વાગે છે રે વાગે છે.)

હે પૂજોરે પૂજોરે શાન્તિજિન ભવિજન પૂજોરે;

હે દૂજોરે દૂજોરે ભવિ દેવ એવો નહિ દુજોરે. સમવસરણમાં વાજાં વાગે છે, દુંદુભિ ગગનમાં ગાજે છે; ભેરી ભુંગલ નાદ વિરાજે છે. શાન્તિજિન૦ ॥ ૧ ॥ શંખ શરણાઈ વાજાં બોલેરે, પ્રભુ કોઈ નહિ ત્હારી તોલેરે; પ્રભુ ત્હારૂં વચન છે અમોલેરે. શાન્તિજિન૦ ॥ ૨ ॥ ઢોલ ઝલ્લરી દેવ બજાવેરે, સૌ જોવા હળીમળી આવેરે; પછી પ્રભુના ગુણ તે ગાવેરે. શાન્તિજિન૦ ॥ ૩ ॥ એમ વાદ્યપૂજા ગુણિજન કરિયે, સવિ પાપ કરમ મેલ વિખરીયે; તો ભવિજન ભવમાં નવિ ફરીયે. શાન્તિજિન૦ ॥ ૪ ॥ ગુરૂં કર્પૂરસૂરિ અમૃત ભાખે, વાજિંત્ર પૂજા જે જન રાખે; ઉપવાસ અનંત ફલ તે ચાખે. શાન્તિજિન૦ ॥ ૫ ॥

॥ કલશ ॥

રાગ–(જિનવર પરમ દયાળ ભવિયાં.)

જિનવર જગ હિતકાર, ભવિયાં, જિનવર જગ હિતકાર. શાન્તિજિનેશ્વર જગપરમેશ્વર, જગ શાન્તિ કરનાર. ભવિયાં. ॥ ૧ ॥ ભાણવડપુરમાં પ્રભુજી બિરાજે, સંઘ સકલ શિવકાર, ભવિયાં૦ ॥ ૨ ॥ હજાર બે સાત ભાદરવામાં, બીજી ચૌદસ રવિવાર. ભવિયાં૦ ॥ ૩ ॥ પૂજા બનાવી પાપ હઠાવી, થયો ઉજવલ અવતાર. ભવિયાં૦ ॥ ૪ ॥ સંઘસ્થવિર

શ્રી તપગચ્છનાયક, સિદ્ધિસૂરીશ સુખકાર. ભવિયાં૦ ॥ ૫ ॥ તાસ મનોહર છત્રછાયામાં, વર્તે શાસન જયકાર. ભવિયાં૦ ॥ ૬ ॥ તપગચ્છાધિપ બુદ્ધિવિજયજી, ગણિપદના ધરનાર. ભવિયાં૦ ॥ ૭ ॥ તાસ શિષ્યરત્ન આણંદવિજયજી, પંન્યાસ પદના ધાર. ભવિયાં૦ ॥ ૮ ॥ તાસ શિષ્યરત્ન હર્ષવિજયજી, શાસનના શણગાર. ભવિયાં૦ ॥ ૯ ॥ તાસ શિષ્યરત્ન પુષ્પવિજયજી, પંન્યાસપદ વરનાર. ભવિયાં૦ ॥૧૦॥ તાસ અનુજશ્રી કર્પૂરસૂરીશજી, ઘોર તપના તપનાર. ભવિયાં૦ ॥૧૧॥ તાસ શિષ્યે એ પૂજા બનાવી, કરવા નિજ ઉપકાર. ભવિયાં૦ ॥૧૨॥ શાન્તિનાથ પ્રભુ પાર્શ્વ પ્રભાવે, સંઘમાં સુખ હો અપાર. ભવિયાં૦ ॥૧૩॥ ભણે ભણાવે ને સુણે એ પૂજા, તસ પાર્શ્વ કમલા શ્રીકાર. ભવિયાં૦ ॥૧૪॥ રયણે વધાવો મોતીડે વધાવો, વધાવો અક્ષત અખંડ. ભવિયાં૦ ॥૧૫॥ શાશ્વત અમૃત પદ લેવાને, કરીયે ભક્તિ પ્રચંડ. ભવિયાં૦ ॥૧૬॥

॥ મંત્ર ॥

ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય પરમેશ્વરાય જન્મ-જરામૃત્યુનિવારણાય દેવાધિદેવાય શ્રીમતે શાન્તિ-નાથાય વાદ્યપૂજાં યજામહે સ્વાહા ॥

# ॥ ૧૫ વાસ્તુ પ્રસંગે શ્રી જિનેન્દ્રપૂજા ॥

## ॥ પીઠીકા દૂહા ॥

સકલ જિનેશ્વર વંદિયે, સવિ ગણધર ગુણવાન;
શાસન પતિશ્રી વીર વિભુ, નમું ગૌતમ ભગવાન ॥૧॥
શાન્તિપુરી શાન્તિપ્રભુ, શાન્તિ સુખ ભંડાર;
તપગચ્છપ્રભુ સિદ્ધિસૂરિ, મનોહરસૂરિ સુખકાર ॥૨॥
વાદીધુક ભાનુ સૂરિ, રામચંદ્ર શિરતાજ;
તપોમૂર્તિ કર્પૂરસૂરિ, નમું તારક એ જહાજ ॥૩॥
સમરી માત સરસ્વતી, વાસ્તુ પૂજા રચું સાર;
શ્રી અરિહંત પ્રભુ પૂજિયે, શાંન્તિ શાન્તિ દાતાર ૪।
જલ ચંદન કુસુમે કરી, ધૂપ દીપ શ્રીકાર;
અક્ષત ફલ નૈવેદ્યથી, પૂજા આઠ પ્રકાર ॥૫॥

## ॥ અથ પ્રથમ પૂજા ॥

### ॥ દૂહા ।

ચારક સમ ગૃહવાસમાં, રહેવું ન ગમે જરાય;
પણ ના છુટકે રહેતા થકાં, ધર્મ ન ચૂકું કદાય ॥૧॥
દાવાનલ સમ સંસારથી, કેમે કરી ન છુટાય;
તે માટે એ વિધિએ, ઘરમાં પ્રવેશ કરાય ॥૨॥
નૂતન ઘરમાં પ્રવેશતાં, સ્નાત્ર પૂજાદિ સુખકાર;
પૂજા શ્રી વીતરાગની, કરિયે મંગલકાર ॥૩॥
સદ્ગુરૂની સેવા થકી, આનંદ મંગલ થાય;
ભક્તિ ચતુર્વિધ સંઘની, કરતાં પાપ પલાય ॥૪॥

શાસનની પ્રભાવના, યથાશકિત કરનાર;
તીર્થંકર પદ પામીને, લહે શિવ તે નિરધાર ॥૫॥

॥ ઢાળ ॥

રાગ—(પૂજો પૂજો હે ભવિજન પ્યારા...)

ભાખે ભાખે હે ભવિજન પ્યારા, શિવમાર્ગ ભગવંત. સમ્યગ્ દર્શન જ્ઞાન ચારિત્ર, શિવ મારગ શ્રીકાર; જિનવર ભાષિત તત્ત્વોની રુચિ, દર્શન દર્શનકાર. ભાખે૦ ॥૧॥ જીવાદિ નવ તત્ત્વોનો સંબોધ. સમ્યગ્જ્ઞાન હિતકાર; પણ ચારિત્ર વિણ નહિ મુકિત, તે વિના સુખ ન લગાર. ભાખે૦ ॥૨॥ સર્વથી ચારિત્ર પંચમહાવ્રત, દેશ ચારિત્ર વ્રત બાર; અરિહંત દેવ સુસાધુ ગુરુ, જૈન ધર્મ અવધાર. ભાખે૦ ॥૩॥ ધર્મરત્નની યોગ્યતા માટે, એકવીશ ગુણ વિચાર; ગંભીરતા (૧) પંચેંદ્રિય પટુતા (૨), સૌમ્યતા (૩) સુંદરકાર. ભાખે૦ ॥૪॥ લોકપ્રિયતા (૪) અક્રુરતા (૫) ભીરુતાં (૬), અશઠતા (૭) સુખકાર; પ્રાર્થનાભંગ ભીરુ (૮) લજ્જાળુ (૯), જીવ અનુકંપાકાર (૧૦) ભાખે૦ ॥૫॥ મધ્યસ્થ (૧૧) ને ગુણાનુરાગી (૧૨), ધર્મકથા સુણનાર (૧૩); શુભ આચારી ને અનુકૂલ, છે જેહનો પરિવાર. (૧૪) ભાખે૦ ॥૬॥ સુદીર્ઘદર્શી (૧૫) ગુણદોષ જ્ઞાતા (૧૬), વૃદ્ધને અનુસરનાર

(૧૭); વિનીતતા (૧૮) ને કૃતજ્ઞતા (૧૯) વળી, પરહિતાર્થકાર. (૨૦) ભાખે૦ ॥૭॥ સુરક્ષિત સુધર્મ કાર્યોમાં. જઘન્ય ગુણ અગીયાર; એ ગુણ-ધારક શ્રાવક પામે, ધર્મરત્ન ભંડાર. ભાખે૦ ॥૮॥ ધર્મરત્નની સેવા કરતાં, રિદ્ધિ સિદ્ધિ અપાર; રોગ શોગ દુ:ખ દોહગ નાવે, નાવે દુર્ગતિદ્વાર. ભાખે૦ ॥૯॥ માર્ગદર્શક શ્રી અરિહંતની, પૂજા અષ્ટપ્રકાર; સુરપતિ પેરે સ્નાત્ર કરીને, કરિયે દુ:ખ હરનાર. ભાખે૦ ॥૧૦॥ ગુરુ કર્પૂરસૂરિ અમૃત ભાખે, પ્રવેશતાં નૂતન ઘેર; વિધિથી જિનની પૂજા કરતાં, થાએ લીલા લ્હેર. ભાખે૦ ॥૧૧॥

॥ મંત્ર ॥

ઓં હ્રીં શ્રીં પરમપુરૂષાય શ્રીમતે અર્હત્ પરમેશ્વરાય દેવાધિદેવાય જન્મજરામૃત્યુનિવારણાય જલં, ચંદનં, પુષ્પં, ધૂપં, દીપં, અક્ષતં, નૈવેદ્યં, ફલં, યજામહે સ્વાહા ॥

॥ અથ બીજી પૂજા ॥

॥ દૂહો ॥

અઢાર દોષ રહિત પ્રભુ, શ્રી અરિહંત ગુણબાર;
ભાવ ધરીને પૂજતાં, ઉતારે ભવપાર ॥૧॥

॥ ઢાળ ॥

રાગ–(પ્યારા જિણંદા...યા લેસો નિસાસા...)

પ્યારા જિનેંદ્ર મુનિવરચંદ્ર ત્હારો પ્રભુ ઉપકાર. પૂજન ભાવે કરૂં. ભવનો નિર્વેદ આપો પ્રભુજી,

માર્ગાનુસારીપણું સાર. પૂજન૦ ॥૧॥ લોકમાં વિરુદ્ધ કાર્યોનો ત્યાગ, ઇષ્ટફલ સિદ્ધિ શ્રીકાર, પૂજન ॥૨॥ માતાપિતાદિ ગુરુજન પૂજા, પરોપકાર હિતકાર. પૂજન૦ ॥૩॥ સદ્ગુરુ સેવા અખંડ મળજો જ્યાં સુધી આ સંસાર. પૂજન૦ ॥૪॥ ભવોભવ તુમ ચરણોની સેવા, મલજો શિવસુખકાર. પૂજન૦ ॥૫॥ દુઃખોનો નાશ નાશ કર્મોનો, જલ્દી થાઓ આવાર. પૂજન૦ ॥૬॥ સમાધિમરણ લાભ બોધિનો માગું પ્રભુ એકવાર. પૂજન૦ ॥૭॥ દયાનિધિ પ્રભુ! દયા કરોને, કરૂં વંદન કોટીવાર. પૂજન૦ ॥૮॥ આરોગ્ય દાતા આરોગ્ય આપો, જન્મ મરણ નિવાર. પૂજન૦ ॥૯॥ ગુરૂ કર્પૂરસૂરિ અમૃત ભાખે, પ્રભુ! ત્હારો આધાર. પૂજન૦ ॥૧૦॥

॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરૂષાય શ્રીમતે અર્હત્-પરમેશ્વરાય દેવાધિદેવાય જન્મજરામૃત્યુનિવારણાય જલં, ચંદનં, પુષ્પં, ધૂપં, દીપં, અક્ષતં, નૈવેદ્યં, ફલં યજામહે સ્વાહા ॥

॥ અથ ત્રીજી પૂજા ॥

॥ દૂહા ॥

ચોત્રીશ અતિશયે છાજતા, સમવસરણ મોઝાર;
પર્ષદા બાર આગે પ્રભુ, દે દેશના મનોહાર ॥૧॥

સુણી દેશના પ્રભુ જિનની, મોહ નૃપ નાશી જાય;
ભવ્ય જીવ દીક્ષા લેઇ, કેઈ શિવ ગતિ સોહાય ॥૨॥
ભાવે જિનવર પૂજતાં, આનંદ મંગલ થાય;
દોહગ દુઃખ દરિદ્રતા, પલક એકમાં જાય ॥૩॥

॥ ઢાળ ॥

રાગ-(એ મનવો લુબ્ધ થયો જિન ધ્યાનમાં...)

હે ભવિજન, ભાવે પૂજો જિનરાજરે, ત્રિભુવન એ શિરતાજરે. હે૦ રાગ નહિ જેહને દ્વેષ નહિ જેહને, મારી નાખ્યો જેણે મોહરાજરે. હે૦ ॥૧॥ વીતરાગ દેવનું પૂજન રોજ કરતાં, લ્યે શિવપુર મહા રાજરે. હે૦ ॥૨॥ પ્રભુ આણાધારી પંચ મહાવ્રતધારી, સદ્ગુરૂ સેવે એ જહાજરે. હે૦ ॥૩॥ સ્વાધ્યાય પંચવિધ રોજ રોજ કરિયે, પ્રગટે શાન્તિ રસરાજ રે. હે૦ ॥૪॥ મન વાણી કાયાનો સંયમ પાળીએ, કરિયે આતમનું કાજરે. હે૦ ॥૫॥ બાર પ્રકારે તપ યથાશક્તિ કરિયે, હરિયે અજ્ઞાન કર્મરાજરે. હે૦ ॥૬॥ પાંચ પ્રકારે ભવિ દાન દીયંતાં, કીર્તિ ધન અક્ષયરાજરે. હે૦ ॥૭॥ રોજ રોજ એ ખટ્કર્મ કરતાં, રહે છે ગૃહસ્થની લાજરે. હે૦ ॥૮॥ ગુરૂકર્પૂરસૂરિ અમૃત ભાખે, એ છે ભવજલધિ પાજરે૦ હે૦ ॥૯॥

॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરૂષાય શ્રીમતે અર્હત્-પરમેશ્વરાય દેવાધિદેવાય જન્મજરામૃત્યુનિવારણાય જલં, ચંદનં, પુષ્પં, ધૂપં, દીપં, અક્ષતં, નૈવેદ્યં, ફલં યજામહે સ્વાહા ॥

॥ અથ ચોથી પૂજા ॥

॥ દૂહો ॥

જગચિંતામણિ જગગુરૂ, જગબંધવ સત્થવાહ;
કલ્પતરૂ જિનવર પૂજી, લહિયે શિવપુર રાહ ॥૧॥

॥ ઢાળ ॥

રાગ–(વીરને નમાવતાં ભવિ મસ્તકયા રાખનાં રમકડાં...)

શિવનો એ માર્ગ છે તુમે આવો (૨) જિનવર. પૂજિયેરે; રૂડાં ત્રણ રતન લેવાને, પાપ કરમથી ધ્રુજિયેરે. શિવનો૦ જિનવર આણા મનથી માની, મિથ્યાત્વ ગ્રહ છોડો; સમકીત રત્નનો દીવડો ધરિયે, મારી મોહને જોડોરે. શિવનો૦ ॥ ૧ ॥ પ્રતિક્રમણ બે ટંકનાં કરિયે, પાપ કરમ વિખરિયે; દાન શિયલ તપ ભાવના ભાવી, શિવસુંદરી સ્હેજે વરિયેરે. શિવ૦ ॥ ૨ ॥ પર્વ દિવસમાં પોષહ કરિયે, નવકારનો જાપ જપિયે; ખટ્કાય જીવોની જયણા કરુણા, કરતાં ભવાબ્ધિ ટપિયેરે, શિવ૦

॥ ૩ ॥ જિન પૂજા જિન ગુરૂ સ્તુતિથી, મંગલ માલા પહેરિયે, પંચવિધ સ્વાધ્યાય કરંતાં, અજ્ઞાન તિમિર હરિયેરે. શિવ૦ ॥ ૪ ॥ ઉપકાર પરનો વ્યવહાર શુદ્ધિ, તીર્થની યાત્રા કરિયે; વરઘોડો કાઢતાં રથયાત્રાનો, ચોરાશી ફેરા ન ફરિયેરે. શિવ૦ ॥ ૫ ॥ ઉપશમ વિવેક ને સંવર, ભાષા સમિતિ પાળો; કરણ દમ ચરણ પરિણામો, ધરી પાપ કરમ મટાળોરે. શિવ૦ ॥ ૬ ॥ ધર્મીજનની સોબત કરતાં, ધર્મ મંગલ આવે; પાપ મિત્રોનો સંગ ન કરિયે, તો દુઃખ દોહગ નાવેરે. શિવ૦ ॥ ૭ ॥ ચતુર્વિધ શ્રી સંઘની ઉપરે, હૃદયે બહુમાન રાખો; કરી તીર્થોન્નતિ લખાવી શાસ્ત્રો, શિવપુર મેવા ચાખોરે. શિવ૦ ॥ ૮ ॥ સાધર્મિકનું સગપણ મોટું, આ સંસારે જાણો; યથાશક્તિ કરિયે ખૂબ ભક્તિ, જાણી ચતુર સુજાણોરે. શિવ૦ ॥ ૯ ॥ જાણી શ્રાવક કર્તવ્યો એ, જીવનમાં જે ઉતારે; ગુરુ કર્પૂરસૂરિ અમૃત ભાખે, નિજ આતમને તારેરે. શિવ૦ ॥ ૧૦ ॥

॥ મંત્ર ॥

ઓઁ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય શ્રીમતે અર્હત્ પરમેશ્વરાય દેવાધિદેવાય જન્મજરામૃત્યુનિવારણાય જલં, ચંદનં, પુષ્પં, ધૂપં, દીપં, અક્ષતં, નૈવેદ્યં, ફલં યજામહે સ્વાહા ॥

## ॥ અથ પાંચમી પૂજા ॥

### ॥ દૂહા ॥

વાણી પાંત્રીશ ગુણથી, ભાખે શ્રી અરિહંત;
સંશય છેદે અનેકના, સમકાલે ભગવંત ॥ ૧ ॥
એવા પ્રભુની પૂજના, કાપે કર્મનાં ફંદ;
પુણ્ય હોય તો પામીયે, એ પ્રભુ સુખનો કંદ ॥૨॥

### ॥ ઢાળ ॥

રાગ-(ધન્ય શ્રી વીર પ્રભુ યા અબોલડા શાને લીધા છે...)

પૂજો અરિહંત અવિકારી, ભવિકજન શિવસુખ-કારી. બાર પર્વ તિથિ પ્રભુજીએ ભાખી, અઠ્ઠાઇ છો હિતકારી. ભ૦ કલ્યાણક પણ પર્વતિથિ ભાખી, ભવિ જીવ કલ્યાણકારી. ભ૦ ॥ ૧ ॥ પર્વ દિવસમાં બ્રહ્મચર્ય પાળીયે, છોડો આરંભ દુઃખકારી. ભ૦ સામાયિક આદિ ધર્મધ્યાન કરીએ, ચઉમાસી ભૂષણકારી. ભ૦ ॥૨॥ સચિત્ત આહાર મનથી ન ઇચ્છો, તંદુલ મત્સ્ય કષ્ટકારી. ભ૦ સંઘપૂજા સાધર્મિક ભક્તિ, યાત્રાત્રિક જયકારી, ભ૦ ॥ ૩ ॥ મહાપૂજાજિન સ્નાત્ર દ્રવ્યવૃદ્ધિ, ધર્મજાગરિકા ધર્મકારી. ભ૦ જ્ઞાનપૂજા ઉદ્યાપન શુદ્ધિ, વાર્ષિક કૃત્ય મુક્તિકારી. ભ૦ ॥ ૪ ॥ અઠ્ઠાઇ મહોત્સવ દેવો જ્યું કરિયે, તીર્થ પ્રભાવનાકારી. ભ૦ પર્વ આરાધના મહા ફલદાયી,

ઋદ્ધિ સિદ્ધિ દેનારી. ભ૦ ॥ ૫ ॥ પ્રાયે આયુબંધ પર્વના દિવસે, ચેતો તમે નરનારી. ભ૦ તિથિ ઔદયિકી આરાધના માંહે, લીયે પ્રભુ આણાકારી. ભ૦ ॥૬॥ પંચકલ્યાણક તિથિ કૃષ્ણ પેરે, આરાધિયે શિવકારી. ભ૦ ધોબી તેલી પેરે પર્વ આરાધના, ખેડુત જ્યું શુભકારી. ભ૦ ॥ ૭ ॥ દેવવંદન ગુરુવંદન પૂજા, સ્નાત્ર કરો મનોહારી. ભ૦ ગુરુકર્પૂરસૂરિ અમૃત ભાખે, પ્રભુ પૂજા વિઘ્નહારી. ભ૦ ॥ ૮ ॥

॥ મંત્ર ॥

ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરૂષાય શ્રીમતે અર્હત્પરમેશ્વરાય દેવાધિદેવાય જન્મજરામૃત્યનિવારણાય, જલં, ચંદનં, પુષ્પ, ધૂપં, દીપં, અક્ષતં, નૈવેદ્યં ફલં યજામહે સ્વાહા ॥

॥ અથ છઠ્ઠી પૂજા ॥

॥ દૂહો ॥

પરમેષ્ઠિ પદ ધ્યાઇએ, પ્રથમ શ્રી અરિહંત;
મન વચ કાયે પૂજિયે, કરવા કર્મનો અંત ॥૧॥

॥ ઢાળ ॥

રાગ-(લાગી લગન મુને ત્હારી)

જિન આણા જયકારી, ભવિકજન, જિન આણા જયકારી; પ્રભુ આણા સુખકારી, ભવિકજન

પ્રભુ આણા સુખકારી. અરિહંત મંદિર સદ્ગુરુ જોગ, ત્યાં વસિયે નરનારી. ભ૦ ॥ ૧ ॥ અનુચિત લગ્ન અનુચિત વિદ્યા, અનુચિત મિત્ર દુઃખકારી. ભ૦ જરૂરી ધન વ્યય લગ્નાદિકમાં, અતિ વ્યય ધર્મે શુભકારી. ભ૦ ॥ ૨ ॥ જિન ઘર પ્રતિમા ને પ્રતિષ્ઠાઓ, કરાવીયે શિવકારી. ભ૦ દરિદ્ર દોહગ રોગ શોક કુગતિ, નવિ પામે જિન બિંબકારી. ભ૦ ॥ ૩ ॥ જિનઘર જિનબિંબ નવિ પૂજ્યા સાધુ, જન્મ ગયો તે હારી. ભ૦ પાપારંભ જે ભક્તિમાં માને, મતિ ગઇ તાસ છે મારી. ભ૦ ॥ ૪ ॥ જયણા પૂર્વક પ્રભુ ભક્તિ કરતાં, નિર્જરા ફલ થાય ભારી. ભ૦ પુત્રાદિકને દીક્ષા અપાવીયે, પરમાનંદ પદકારી. ભ૦ ॥ ૫ ॥ માતાપિતાદિક ધન્ય તે જાણો, જસ કુલે ચારિત્રધારી. ભ૦ આચાર્યાદિક પદવી અપાવીયે, શાસન ઉન્નતિ-કારી. ભ૦ ॥ ૬ ॥ શાસ્ત્રો લખાવીને સાંભળો ભાવથી, સુર નર શિવ શાતાકારી. ભ૦ પૌષધ-શાળા આદિ ભાવે કરાવીયે, મહાફલ તેહને દેનારી. ભ૦ ॥ ૭ ॥ શક્તિ અભાવે સમક્તિ અણુવ્રતો, સમયે દીક્ષા વરિએ પ્યારી. ભ૦ તજીએ પાપારંભો બ્રહ્મચર્ય પાળીએ, પડિમા વહન પુન્યકારી. ભ૦ ॥ ૮ ॥ અંતિમ આરાધના દશવિધ કરિયે, અંતે પણ દીક્ષા હિતકારી. ભ૦

એક દિવસની પણ જૈની દીક્ષા, વિમાન સુખ દાતારી. ભ૦ ॥ ૯ ॥ એણી પેરે શ્રાવક જન્મ કર્તવ્યો, કરી લહિયે શિવ નારી. ભ૦ ગુરૂ કર્પૂરસૂરિ અમૃત ભાખે, પ્રભુ પૂજા મંગલકારી. ભા૦ ॥ ૧૦ ॥

॥ મંત્ર ॥

ઓઁ હ્રીં શ્રીઁ પરમપુરૂષાય શ્રીમતે અર્હત્-પરમેશ્વરાય દેવાધિદેવાય જન્મજરામૃત્યુનિવારણાય જલં, ચંદનં પુષ્પં, ધૂપં, દીપં, અક્ષતં, નૈવેદ્યં, ફલં, યજામહે સ્વાહા ॥

॥ અથ સાતમી પૂજા ॥

॥ દુહો ॥

શ્રી અરિહંત પરમાતમા, પૂજે ચોસઠ ઈંદ:
ભક્તિ ભાવે પૂજતાં, લહિયે સુખ અમંદ ॥ ૧ ॥
નામ ઠવણ દ્રવ્ય ભાવથી, પૂજો દીનદયાળ;
આધિ વ્યાધિ દુરે ટળે, વરીયે મંગલમાળ ॥ ૨ ॥

॥ ઢાળ ॥

રાગ–માલકોષ (વૃથા ગઇ પ્રભુ જિંદગી મારી...)

સફલ થઈ પ્રભુ જિંદગી મારી. તુમ દર્શનથી દર્શન પ્રગટે, પરમાનંદ પદકારી સફલ૦ ॥ ૧ ॥ આદિનાથ પ્રભુ આદિ જિનરાયા, આદિ વર મંગલકારી. સફલ૦ અજીત અજીત

પ્રભુ ત્રિભુવન ત્રાતા, સંભવ શિવસુખકારી. સફલ૦ ॥૨॥ અભિનંદન સુમતિ પદ્મ પ્રભુજી, સુપાર્શ્વ જિન જયકારી. સફલ૦ ચંદ્ર સુવિધિ જિન શીતલ સ્વામી, શ્રેયાંસ કલ્યાણકારી. સફલ૦ ॥૩॥ વાસુ પૂજ્ય શ્રી વિમલ પ્રભુજી, અનંત ધર્મ શર્મકારી. સફલ૦ શાન્તિ કુંથુ અર ત્રિભુવન ભ્રાતા, ચક્રી તીર્થ પદધારી. સફલ૦ ॥૪॥ મલ્લિનાથ સુવ્રત નમિ નમિયે, નેમિનાથ બાલબ્રહ્મચારી. સફલ૦ પાર્શ્વનાથ શ્રી મહાવીરસ્વામી, જય કમલા દાતારી. સફલ૦ ॥૫॥ ત્રણ કાળના શ્રી તીર્થપતિ સમરૂં, સિદ્ધ અનંત સિદ્ધિકારી. સફલ૦ સવિ ગણધર ગુરુવર ધ્યાન ધરિયે, હૃદય કમલ મોઝારી સફલ૦ ॥૬॥ પ્રભુ તુજ ધર્મનું શરણું હોજો, જેથી થાયે મંગલભારી. સફલ૦ પ્રભુ તુજ શાસન શરણે આવ્યો, ઉતારો મને ભવપારી. સફલ૦ ॥૭॥ પ્રભુ તુજ પૂજન પુણ્યોદયથી, પામીયે રિદ્ધિ બુદ્ધિકારી. સફલ૦ પ્રભુ તુમ પસાયે મંગલ વર્તો, અમ ઘર પાવનકારી. સફલ૦ ॥૮॥ શાસન રક્ષક શાસન દેવો, સાનિધ્ય કરજો હિત-કારી. સફલ૦ ગુરુ કર્પૂરસૂરિ અમૃત ભાખે, પ્રભુ પૂજી વરો શિવનારી. સફલ૦ ॥૯॥

॥ મંત્ર ॥

ઓઁ હ્રીઁ શ્રીઁ પરમપુરૂષાય શ્રીમતે અર્હત્-પરમેશ્વરાય દેવાધિદેવાય જ-મજરામૃત્યુનિવારણાય જલં, ચંદનં, પુષ્પં, ધૂપં, દીપં, અક્ષતં, નૈવેદ્યં, ફલં, યજામહે સ્વાહા ॥

॥ અથ આઠમી પૂજા ॥

॥ દૂહા ॥

નવકાર સમો મંત્ર નહિ, જપિયે નર ને નાર;
નવપદ સમો જંત્ર નહિ, દુઃખ દોહગ દલનાર ।૧।
અરિહંત સિદ્ધ પરમાત્મા, સૂરિ પાઠક મુનિ જાણ;
દર્શન જ્ઞાન ચારિત્ર તપ, પૂજો ચતુર સુજાણ ।૨।
અરિહંત સિદ્ધ સાધુ ભલા, જૈન ધર્મ ભૂપાળ;
એહનું શરણ સ્વીકારીયે, તો વરિયે શિવમાળ ।૩।

॥ ઢાળ ॥

રાગ–(નારે નારે નહિ માનું હું જાકે મથુરા...)

પૂજો પૂજો ભવિજન પ્યારા, નવપદ આનંદ-કાર; દૂજો દુજો ભવિજન પ્યારા એ સમ નહિ સુખકાર. પ્હેલા પદે શ્રી અરિહંત પૂજો, બાર ગુણો ધરનાર; બીજે સિદ્ધ ભગવંતને પૂજો, આઠ ગુણ ધારક સાર પૂજો० ॥૧॥ છત્રીશ ગુણનાં ધારક સૂરિજી, શુદ્ધ માર્ગ કથનાર; પચવીશ ગુણ ધારક પાઠકશ્રી, સૂત્ર ભણાવણહાર. પૂજો०

॥૨॥ સત્તાવીશ ગુણ ધારક સાધુ, રત્નત્રયી સાધનાર; સમ્યગ્દર્શન રત્નના દીવડો, ધરિયે હૃદય મોઝાર. પૂજો૦ ॥૪॥ સંબોધ જીવાદિ નવતત્ત્વનો, વિનયથી તું અવધાર; સમ્યગ્ ચારિત્ર પ્રેમથી પાળો, શિવસુખ જે દેનાર. પૂજો૦ ॥૪॥ કર્મ ક્ષય માટે તપ કરિયે, યથાશક્તિ રસાળ; એ નવપદનું ધ્યાન ધરંતાં, સુખ પામ્યા શ્રીપાળ. પૂજો૦ ॥૫॥ એ નવપદનો મહિમા મોટો, કહેતાં નાવે પાર; સિદ્ધ થયા ને થાશે અનંતા, થાય છે અપરંપાર. પૂજો૦ ॥૬॥ નવપદની આરાધના વિના, નિષ્ફળ નિજ અવતાર; દેવ ગુરુ ને સુધર્મ એહમાં, દો તીન ચાર પ્રકાર. પૂજો૦ ॥૭॥ નૂતન ઘરનાં પ્રવેશમાંહે, પૂજા એ મંગલકાર; રાગી દ્વેષી મોહી દેવોની, પૂજા ડુબાડનાર. પૂજો૦ ।૮। મિથ્યા પર્વો મિથ્યા કરણી કરિયે નવિ લગાર; ગુરૂ કર્પૂરસૂરિ અમૃત ભાખે, તો તરિયે સંસાર. પૂજો૦ ॥૯॥

॥ કળશ ॥

રાગ–(જિનવર પરમ દયાળ...)

વાસ્તુ પૂજા મંગલકાર, ભવિયાં, વાસ્તુ પૂજા મંગલકાર. નૂતન ઘરમાં પ્રવેશ કરતાં, ભણાવો એ સુખકાર. ભવિયાં૦ હોમાદિક લૌકિક પૂજા કરતાં, લહિયે દુઃખ ભંડાર. ભવિયાં ॥૧॥ એ ભાવ

વાસ્તુ પૂજા કરતાં. ઋદ્ધિ સિદ્ધિ વિસ્તાર. ભવિયાં.૦ તે માટે લૌકિક કરણી તજિયે, ભજિયે લોકોત્તર સાર ભવિયાં૦ ॥૨॥ તપગચ્છ નાયક બુટેરાયજી, બુદ્ધિ-વિજય ભંડાર ભવિયાં૦ ગણિ પંન્યાસ શ્રી આણંદ-વિજયજી, હર્ષવિજય હર્ષકાર. ભ૦ ॥૩॥ અનુ-યોગાચાર્ય પુષ્પવિજયજી, તાસ શિષ્ય મનોહાર. ભવિયાં૦ તાસ અનુજ શ્રી કર્પૂરસૂરીશજી, તપોમૂર્તિ શિવકાર. ભવિયાં૦ ॥૪॥ તાસ શિષ્યે એ પૂજા બનાવી, ગૃહી ધર્મ ગુણકાર. ભવિયાં૦ તપગચ્છા-ધિપ સિદ્ધિસૂરીશજી, રાજ્યે શાસન જયકાર. ભવિયાં૦ ॥૫॥ હજાર બે બાર ફાગણ માસે, સુદી પૂનમ સોમવાર. ભવિયાં૦ જૈનપુરી પ્રભુ ચંદ્ર પ્રભાવે, પૂર્ણ એ અધિકાર. ભવિયાં૦ ॥૬॥ રાસંગપુર વાસી શ્રી ભીમજીભાઈ દેવશીભાઇને ઘેર. ભવિયાં૦ ફાગણ વદી સાતમે ભણાવી. પ્હેલી પૂજા હર્ષ ભેર. ભવિયાં૦ ॥૭॥ તાસ ધર્મ-પત્ની સુશીલા પાની, સુત હસમુખ ભક્તિકાર. ભવિયાં૦ શ્રી દેવરાજભાઇની પ્રેરણાથી, શાસન દીપાવ્યું અપાર. ભવિયાં૦ ॥૮॥ છોડી મિથ્યાત્વ એણી પેરે કરતાં, જિન પૂજન થાયે લ્હેર. ભવિયાં૦ મંગલ લીલા ઘેર ઘેર વર્તે, એ તો જિનવર મ્હેર. ભવિયાં૦ ॥૯॥ શ્રી સુપાર્શ્વજિન સ્વામી પસાયે, સંઘમાં સુખ હો વિશાળ. ભ૦

ભણે ભણાવે ને સુણે એ પૂજા, તસ ઘર મંગળ-માળ. ભવિયાં૦ ॥૧૦॥ રયણે વધાવો મોતીડે વધાવો, વધાવો અક્ષતે શ્રીકાર. ભવિયાં૦ ગુરુ કર્પૂરસૂરિ અમૃત ભાખે, જિનેંદ્ર પૂજા હિતકાર. ભવિયાં૦ ॥૧૧॥

॥ મંત્ર ॥

ઓૅં હ્રીૅં શ્રીૅં પરમપુરુષાય શ્રીમતે અર્હત્-પરમેશ્વરાય દેવાધિદેવાય જન્મ જરામૃત્યુનિવારણાય જલં, ચંદનં, પુષ્પં, ધૂપં, દીપં, અક્ષતં; નૈવેદ્યં, ફલં, યજામહે સ્વાહા ॥

# ॥૧૬॥ શ્રી જિનેન્દ્ર અષ્ટપ્રકારી પૂજા

## શ્રી અષ્ટપ્રકારી પૂજા વિધિ

આ પૂજામાં ઉત્કૃષ્ટ ફળ નૈવેદ્ય, પકવાન્ન વગેરે દરેક વસ્તુનાં આઠ આઠ નંગ લાવવાં. આઠ સ્નાત્રીયા ઉભા રાખવા. આઠ કળશ પંચામૃતના ભરવા. આઠ દીપક કરવા અને કુસુમ (ફુલ) અક્ષત (ચોખા) પ્રમુખ વસ્તુઓ જોઈએ.

॥ વિધિ નો ક્રમ ॥

૧. પ્રથમ સ્નાન કરી, ઉજ્જવલ ધોયેલાં વસ્ત્ર પહેરી, એક પટ વસ્ત્રનું ઉત્તરાસંગ કરી, મુખકોશ બાંધી, કેશર, ચંદન, બરાબર ઘસી અને જુદા કેશરથી પોતાને

લલાટે તિલક કરીએ. તે પછી નિર્માલ્ય ઉતારી મોર પીંછીથી અથવા નિર્મલ સુકોમળ વસ્ત્રથી જયણાએ કરી પ્રણામપૂર્વક જિનબિંબ પ્રમાર્જી, બન્ને હાથને ધૂપ આપી, પવિત્ર રકેબીમાં કેશરનો સ્વસ્તિક કરી નિર્મળ જળે ભરેલો કળશ રકેબીમાં રાખી, રકેબી હાથમાં લઇ પ્રભુ આગળ ઉભા રહીએ, પછી પહેલી પૂજાનો પાઠ ભણીને છેલ્લો મંત્ર કહી જળપૂજા કરે.

૨. પછી પખાળ કરી અંગલુંછણાથી લૂહીને કેસરની કચોળી [વાટકી] રકેબીમાં રાખી હાથમાં લઇ બીજી પૂજાનો પાઠ ભણી, છેલ્લો મંત્ર કહી ચંદન પૂજા કરે.

૩. ત્રીજી પૂજામાં ફૂલ રકેબીમાં રાખી, રકેબી હાથમાં લઇ પૂજાનો પાઠ કહી, છેલ્લો મંત્ર કહી પ્રભુજીને ફૂલ ચઢાવે.

૪. ચોથી પૂજામાં ધૂપધાણું રકેબીમાં રાખી, હાથમાં લઈ પૂજા પાઠ કહી છેલ્લો મંત્ર ભણી, પ્રભુની ડાબી બાજુ ધૂપ ઉખેવે.

૫. પાંચમી પૂજામાં, મૌલીસૂત્ર પ્રમુખની વાટ [દીવેટ] કરી નિર્મળ સુગંધિત ઘીથી કોડિયાં ભરી દીપક કરી રકેબીમાં રાખી રકેબી હાથમાં લઇ પૂજાનો પાઠ કહી, છેલ્લો મંત્ર ભણી, દીપક ઉતારી પ્રભુજીની જમણી બાજુએ રાખીએ.

૬. છઠ્ઠી પૂજામાં ઉજ્જવલ અખંડ અક્ષત [ચોખા] રકાબીમાં નાંખી, રકાબી હાથમાં ધરી પૂજાનો પાઠ કહી

છેલ્લો મંત્ર ભણી પ્રભુજી આગળ સ્વસ્તિક તથા તંદુલના ત્રણ પુંજ [ઢગલા] સિદ્ધશીલા કરે.

૭. સાતમી પૂજામાં મોદક, સાકર, ખાજાં, પતાસાં પ્રમુખ અનેક ઉત્તમ પક્વાન્ન રકેબીમાં ભરી હાથમાં ધરી પૂજાનો પાઠ કહી છેલ્લો મંત્ર ભણી પ્રભુ આગળ નૈવેદ્ય ધરે.

૭. આઠમી પૂજામાં લવિંગ, એલચી, સોપારી, નાળીએર, બદામ દ્રાક્ષ, બીજોરાં, દાડમ કેરી, નારંગી, કેળાં, પ્રમુખ, સરસ, સુગંધિત રમણીય ફળ રકેબીમાં રાખી, રકેબી હાથમાં ધરી પૂજાનો પાઠ કહી છેલ્લો મંત્ર ભણીને પ્રભુ આગળ ફળ ધરે.

૯. છેવટે પૂજાનો કળશ કહી સ્નાત્રીઆઓ આરતિ ઉતારી પ્રભુજીથી અંતરપટ કરી પોતાના નવ અંગે ચાંલ્લા કરી મંગળદીવો ઉતારે.

## ॥ પીઠીકા દૂહા ॥

અનંત જિનેન્દ્રપદ નમુ, ભાવ ધરી ઉલ્લાસ;
ચરમતીરથપતિ વીર વિભુ, ઉપકારી નમું ખાસ ॥૧॥
સિદ્ધિ મેઘ મનોહર સૂરિ, રામચન્દ્ર નવચંદ;
શાસનધર સૂરિવરો નમું, ધારક ગુણગણવૃંદ ॥૨॥
તપોમૂર્તિ કર્પૂરસૂરિ, અમૃતસૂરિ, ગુરૂદેવ;
નિઃશ્રેયની ભાવના ધરી, કરું ભક્તિથી સેવ ॥૩॥
જલ ચંદન ફુલ ધૂપ વળી, દીપક અક્ષત સાર;
નૈવેદ્ય ફલ લઇ નિર્મળા, પૂજા અષ્ટપ્રકાર ॥૪॥

## ॥ પ્રથમ જલ પૂજા ॥

નિર્મળ સુગંધી જલ ભરી, ન્હવણ કરો જિનઅંગ;
આતમ નિર્મળ કરણ એહ, ભક્તિ કરો મનરંગ ।૧।

## ॥ ઢાળ ॥

રાગ-(પ્રભુ કંઠે ઠવી ફુલની માળા...)

મુજ સ્વામી અહો મોહનગારા, દિલમાં હે બહુમાન ધરીએરે, ભકિત ભાવે સેવા સવિ કરીએ ॥ ૧ ॥ સમવસરણમાં દેશના આપે, સુરેન્દ્ર નરેન્દ્ર પૂજા અનુસરીએરે. ભકિત૦ ॥ ૨ ॥ દેશના સુણે સૌ પ્રાણીઓ ભાવે, કષ્ટો પણ સદા દૂર હરીએ રે. ભકિત૦ ॥ ૩ ॥ કેવલજ્ઞાન ને કેવલ-દર્શન, કેવલ ચારિત્ર પૂજક વરીએ રે. ભકિત૦ ॥ ૪ ॥ વીર્ય અનંતું ધારે સ્વામી, ઉપદેશ પાને ભકિત ભરીએરે. ભકિત૦ ॥ ૫ ॥ અમૃત પદના ધારક પ્રભુજી, પૂજતાં જિનેન્દ્ર ભવ જલ તરીએ રે. ભકિત૦ ॥ ૬ ॥

## ॥ દૂહો ॥

જિનેન્દ્ર જન્મ જાણી કરી, ઉત્સવ કરે દેવરાજ;
સ્નાત્ર કરે મેરુ જઈ, પૂજે શ્રી જિનરાજ ॥ ૧ ॥

## ॥ ગીત ॥

રાગ-(મેરુ શિખર નવરાવે હો સુરપતિ...)

જિનવરને નવરાવે હો સુરપતિ, જિનવરને

નવરાવે; મેરુ શિખર લઈ જાવે હો સુરપતિ, જિનવરને નવરાવે ॥ ટેક ॥ સુધર્મ ઈન્દ્ર ઉત્સંગે ધારે, સુરપતિ સઘળા નવરાવે; રત્ન પ્રમુખ અડજાતિના કળશે, સ્નાત્ર કરી ગુણગાવે. હો૦ ॥ ૧ ॥ ઇશાન ઈન્દ્ર ખોળે બેસાડે, સુધર્મપતિ ભક્તિ ભાવે; વૃષભ યુગલ તે રૂપ કરીને; ચઉશૃંગે ધારા વરસાવે. હો૦ ॥ ૨ ॥ ઘનસારથી નવ અંગે પૂજીને, ભાવનાએ પુષ્પ ચઢાવે; રૂપાના તંદુલે, મંગલ આલેખી, આરતિ જિનેન્દ્ર ગાવે. હો૦ ॥ ૩ ॥

॥ મંત્ર ॥

ઓં હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મ-જરામૃત્યુનિવારકાય દેવાધિદેવાય શ્રીમતે જિનેન્દ્રાય જલં યજામહે સ્વાહા ॥

## ॥ દ્વિતીય ચંદન પૂજા ॥

॥ દૂહો ॥

ચંદન ઘસી ઘનસારશું, વિલેપન કપૂર બરાસ;
પૂજા કરો નવ અંગની, નવમા તત્ત્વની આસ ॥૧॥

॥ ઢાળ ॥

(રાગ—એ વ્રત જગમાં દીવો મેરે પ્યારે...)

શ્રી જિનરાજને પૂજો, મેરે પ્યારે, શ્રી જિન-રાજને પૂજો. ભાવના ભક્તિથી બૂઝો, મેરે પ્યારે, શ્રી જિનરાજને પૂજો ॥ ટેક ॥ ભવ ત્રીજે જે

ભાવના ભાવે, સવિ જીવ ધર્મ પમાડું; ભવ ભ્રમણના દુઃખથી મુકાવું, લાગે સંસારનં તાડું. મેરે૦ ॥ ૧ ॥ વીશસ્થાનક આરાધી ભકતે, જિનેન્દ્ર પદ નીપજાવે; દેવ નારકનો ભવ કરીને, અંતિમ જન્મ ધરાવે. મેરે૦ ॥ ૨ ॥ શ્વાસ સુગંધી નિર્મલકાયા, રૂધિર દુગ્ધ સમ ધારે; સુગંધ પૂજા પ્રભુજીની કરતાં, આતમ પરિમલ ભારે. મેરે૦ ॥ ૩ ॥ જ્ઞાનની ધારા જિન વરસાવે. પાન કરે ભવિ પ્યારા; બોધ ધરીને વિનય વિવેકે, ધાવો મુકિત મોઝારા. મેરે૦ ॥ ૪ ॥ જિનવર વચન પ્રકાશ જગમાં, હિતકારી વરતાવે; અમૃત ઉપદેશ પાન કરીને, જિનેન્દ્ર એક રૂપ થાવે. મેરે૦ ॥૫॥

॥ દૂહા ॥

નવતત્ત્વ દેશક પ્રભુ, પૂજો જિન નવ અંગ;
ચાર તિલક નિજ અંગ કરો, આજ્ઞા ભાલે મનરંગ ।૧।
કંઠે વચન જિનજી તણું, હૃદયે કરાવો વાસ;
નાભિ મંડલે સ્થિર કરી, પામો મુક્તિ નિવાસ ।૨।

॥ ગીત ॥

રાગ-(આશા ભર્યાને અમે આવીયા, જિણંદજી)

ચંદન પૂજા ભાવે કરીરે જિણંદજી, પૂજ્યા છે જિનવર અંગરે. પૂજા તારી રૂડી જિણંદજી ॥૧॥ કેશર ચંદન ઘસી ભર્યા રે કચોળા, બરાસ

કસ્તૂરી સહ ચંગ રે. પૂજા૦ ॥૨॥ ચરણુ અંગુઠે જીવ જયણાકારી, જાનુ અજીવ કર્મ સ્થંભ રે. પૂજા૦ ॥૩॥ સુકૃત પુણ્યકારી કરકાંડે પૂજા, હઠાવે પાપ બોજ સ્કંધરે. પૂજા૦ ॥૪॥ આશ્રવ અશુભ રોધે, મસ્તકની પૂજા, સંવર ભાલે ભગવંત રે. પૂજા૦ ॥૫॥ નિર્જરા કર્મની કંઠની પૂજાથી, હૃદયે બંધ અબંધરે, પૂજા૦ ॥૬॥ નાભિ મંડલના રૂચક પ્રદેશે, ચેતના મોક્ષ નિર્બંધરે પૂજા૦ ॥૭॥ ગુરુ કર્પૂરસૂરિ અમૃત પ્રભાવે, વંદે જિનેન્દ્ર જિનચંદરે. પૂજા૦ ॥૮॥

॥ મંત્ર ॥

ઓં હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મ-જરામૃત્યુનિવારકાય દેવાધિદેવાય શ્રીમતે જિનેન્દ્રાય ચંદનં યજામહે સ્વાહા ॥

॥ તૃતીય પુષ્પ પૂજા ॥

॥ દૂહો ॥

વિવિધ સુગંધી ફુલથી, પૂજે જિનવર અંગ;
પ્રગટે આત્મ સ્વભાવને, પામે સુખ અસંગ ॥૧॥

॥ ઢાળ ॥

રાગ—(તારી અજબ શી યોગની મુદ્રારે...)

સ્વામી! સમવસરણની શોભારે, લાગે કેવી રૂડી રે; તારી મુદ્રાએ સુરનર થોભારે, લાગે મને મૂઠી રે. ॥ટેક॥ આઠ પ્રાતિહાર્યો શોભે જિનજી,

શોભે પ્રથમ અશોક વૃક્ષ; પુષ્પની વૃષ્ટિ દેવો કરતા, દિવ્યધ્વનિ પ્રત્યક્ષરે. લાગે કેવી રૂડી રે. સ્વામી૦ ॥૧॥ રત્ન સિંહાસન શોભે આકાશે, ચામર બે બાજુ ઢોળાય; ભામંડલ ભૂષિત પ્રભુ મારા, દુદુંભિ નાદ સુણાયરે. લાગે૦ સ્વામી૦ ॥૨॥ છત્ર ત્રણ સ્વામી શિર પર રાજે, રાજે ચૌમુખ જિન-બિંબ; વાણી પાંત્રીશ ગુણથી ગાજે, અતિશય ચોત્રીશ અચંબ રે. લાગે૦ સ્વામી૦ ॥૩॥ ચાર અતિશય સ્વભાવથી રે, જન્મ થકી અગીયાર; દેવે કીધા અતિશય ઓગણીશ, ભાવના ભાવો ઉદાર રે. લાગે૦ સ્વામી૦ ॥૪॥ અહિંસા સત્ય અસ્તેય બ્રહ્મ, અપરિગ્રહ ગુરુભક્તિ; તપ ને દાન એ અડ ભાવ પુષ્પે, પૂજો જિનેન્દ્ર યથાશક્તિ રે. લાગે૦ સ્વામી૦ ॥૫॥

॥ દૂહો ॥

ફુલપૂજા પ્રેમે કરો, દ્રવ્ય છે ભાવ નિમિત્ત;
ભાવના સાધક દ્રવ્યથી, હોવે કુશલ ચિત્ત ॥૧॥

॥ ગીત ॥

( રાગ—ઘંટડી વાગે છે. )

વિવિધ સુગંધી ફુલની રે, ગુંથી મંગળ માળ રે. ફુલ પૂજા સુંદર કરો ॥૧॥ સમવસરણમાં સુર ફુલ વૃષ્ટિ, જાનું પ્રમાણ તત્કાળ રે. ફુલ૦

॥૨॥ જલ થલના પંચવર્ણી પુષ્પોથી, ભક્તિ કરે ઉજમાળ રે. ફુલ૦ ॥૩॥ પ્રભુ પ્રભાવે પીડા ન હોવે, કાપે ભવ જંજાળ રે. ફુલ૦ ॥૪॥ ગુલાબ જુઈ જાઇ ચંપો ને કેવડો, લાવી પૂજો ત્રિભુવન-પાળરે. ફુલ૦ ॥૫॥ અમૃતપૂજા એ શિવસુખકારી, જિનેન્દ્ર ભાવના વિશાળ રે ફુલ૦ ॥૬॥

॥ મંત્ર ॥

ઓં હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મ-જરામૃત્યુનિવારકાય દેવાધિદેવાય શ્રીમતે જિનેન્દ્રાય પુષ્પાણિ યજામહે સ્વાહા ॥

॥ ચોથી ધૂપ પૂજા ॥

॥ દૂહો ॥

અંબર અગર કપૂર ને, કસ્તુરી ઘનસાર;
ધૂપ કરો વામાંગ જે, ગુણ પરિમલ વિસ્તાર ॥૧॥

॥ ઢાળ ॥

રાગ–(હે સાહેબજી, પરમાતમ પૂજાનું ફળ મુજ આપો.)

હે જિનવરજી, આ ભવસાગરથી મુજને તારો; હે જિનવરજી, આ સેવકની વિનતિ દિલમાં ધારો ॥ ટેક ॥ અનાદિ સંસારમાં ભટકે જીવો, નારક દુઃખમાં પાડે રીવો; ચિંતવ્યું તમે સૌ પાવો શિવો, જેથી ધર્યો તમે ધર્મનો દીવો હે૦ ॥૧॥ ઉપકાર તમારો કેમ ભૂલું ? ભક્તિમાં મન કેમ

રાખું લુલું; વિવેકહીન બનું હું ઉલ્લુ, તુજ ભાવના રસમાં હું ઝુલું. હે૦ ॥૨॥ પૂજા શુદ્ધિ સાત પ્રકારે કીધી, અંગ વસન મન ભૂમિ સીધી; પૂજોપગરણ ને શુદ્ધ નિધિ, દશ ત્રિકથી પૂજાની વિધિ હે૦ ॥૩॥ નિસીહિ પ્રદક્ષિણા પ્રણામો, પૂજા અવસ્થા દિગ્‌વિરતિ નામો; પ્રમાર્જના આલંબન મુદ્રા કામો, પ્રણિધાન ત્રિકથી પરિણામો. હે૦ ॥૪॥ અંગ જલ ચંદન પુષ્પાદિ, અગ્ર ધૂપ દીપ શાલિ ફલાદિ; ભાવ પૂજા સ્તવનામૃત આદિ, ટાળો જિનેન્દ્ર ઉપાધિ અનાદિ. હે૦ ॥૫॥

॥ દૂહો ॥

ધૂપ પૂજા ભાવે કરો, કર્મ મલ દહનાર;
ઉર્ધ્વગતિ ધૂપ પરે લહો, કરી પરિમલ વિસ્તાર ॥૧॥

॥ ગીત ॥

રાગ–(પ્યારો લાગે મને સારો લાગે દરિસનમેં...)

પ્યારી લાગે મને વહાલી લાગે, જિનરાજની ધૂપ પૂજા પ્યારી લાગે. ॥ટેક॥ અગર ચંદન ને અંબર કસ્તુરી, ધૂપ ઉખેવો જિનરાજ આગે. જિન૦ ॥૧॥ ધૂપ ગતિ પેરે ઉર્ધ્વગતિરે, ધૂપ દાહે કર્મ ચોર ભાગે. જિન૦ ॥૨॥ સત્ય શૌચ ધારી ભાવના ખીલાવો, ઔદાર્ય આદિ ગુણ ઉલ્લાસ જાગે જિન૦ ॥૩॥ વિનય વિવેક જ્ઞાન ઉજ્વલ વિકસે, જિનેન્દ્ર અકિંચન સદા માગે. જિન૦ ॥૪॥

॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મ-જરામૃત્યુનિવારકાય દેવાધિદેવાય શ્રીમતે જિનેન્દ્રાય ધૂપ યજામહે સ્વાહા ॥

## ॥ પાંચમી દીપક પૂજા ॥

॥ દૂહો ॥

જગદીપકની આગળે, દીપકનો ઉદ્યોત;
કેવલ દીપક પામીએ, અનંત સુખનો શ્રોત ॥૧॥

॥ ઢાળ ॥

રાગ–(તીરથની આશાતના નવિ કરીએ...)

શ્રી જિનની ઉપાસના નિત્ય કરીએ; હાં રે નિત્ય કરીએ રે નિત્ય કરીએ; હાંરે દુર્ગતિ અનુ-બંધ હરીએ, હાંરે સદ્‌ગતિ અનુબંધ વરીએ, હાંરે તરીએ સંસાર. જિન૦ ॥૧॥ ચાર નિક્ષેપા જિનવરના તમે ધારો, હાંરે નામ સ્થાપના દ્રવ્ય પ્રકારો; હાંરે ભાવ નિક્ષેપે અવધારો, હારે વારો મન અંધકાર. શ્રી જિન૦ ॥૨॥ અભિગમ સચિત્ત ભોજ્ય ત્યાગ કરીને, હાંરે અચિત્ત અલંકાર સાર ધરીને; હાંરે મન એકાગ્ર બેસ વરીને, હાંરે અંજલિ નમસ્કાર. શ્રી જિન૦ ॥ ૩ ॥ આશાતના મુખવાસ પાણી ભોજન, હાંરે જોડા મૈથુન નિદ્રા થુંક વર્જન; હાંરે ઉચ્ચાર પ્રશ્રવણ જુગાર તર્જન,

હાંરે અર્ચન જિનદ્વાર શ્રી જિન૦ ॥૪॥ આરાધના ભક્તિ ભાવનાને કહીએ, હાંરે જિનરાજના ધ્યાને રહીએ, હાંરે અમૃત પદવી તો લહીએ, હાંરે જિનેન્દ્ર ઉપકાર. શ્રી જિન૦ ॥૫॥

॥ દૂહો ॥

દીપક પૂજા નિર્મળી, રત્ન દીપકની જ્યોત;
ભાવ દીપક પ્રગટાવવા, કરો દીપક ઉદ્યોત ॥૧॥

॥ ગીત ॥

રાગ–(રંગે રમે આનંદે રમે...)

દીપક કરોરે તમે દીપક ધરો, ભાવે પ્રભુ આગે દીપક ધરો ॥ ટેક ॥ નિર્મળ જ્યોતથી નિર્મળ નાણુ, દક્ષિણુ અંગે પ્રભુ ભક્તિ કરો. ભાવે૦ ॥૧॥ હૃદય કમળમાં બહુમાન ધારી, ભાવ ઉદ્યોત નિજ અંગ વરો ભાવે૦ ॥૨॥ દેવો કરે છે દીવાળી દિવસે, મેરઇયા નિર્વાણુ ઉત્સવ ખરો. ભાવે૦ ॥૩॥ દીપક જ્યોતે ભાવના ભાવો, જિનેન્દ્ર કેવલજ્ઞાને તરો. ભાવે૦ ॥૪॥

॥ મંત્ર ॥

ઓં હ્રીં શ્રીં પરમપુરુષાય પવમેશ્વરાય જન્મ-જરામૃત્યુનિવારણાય દેવાધિદેવાય શ્રીમતે જિનેન્દ્રાય દીપં યજામહે સ્વાહા ॥

## ॥ છઠ્ઠી અક્ષત પૂજા ॥

### ॥ દૂહો ॥

ઉજ્વલ અક્ષત તંદુલે, અષ્ટમંગલ આલેખ;
અક્ષત પદ ઉજ્વલ લહો, શિવ સુખની એ રેખ ॥૧॥

### ॥ ઢાળ ॥

રાગ–(સુખના હો સિંધુરે સખિ મારે ઉલસ્યાં રે...)

સુખના હો દહાડા રે સખિ! મારે ઉગીયારે, અમીરસ વુઠયા મુજ બારે મેહ; સોનાના સૂર્ય મારે ઝળાહળ્યારે, મેં તો દીઠા હો, મેં તો ભેટયા શ્રી જિનરાજ. સુખના૦ ॥૧॥ મરુભૂમિમાં મુજ કલ્પતરુ થયારે, અમાસે ઉગ્યોરે પૂનમ ચંદ; અંધાને મુજ હરિણ નયન મળ્યાં રે, મેં તો સેવ્યા હો, મેં તો પૂજ્યા શિવસુખકંદ. સુખના૦ ॥૨॥ પાંચમે આરે રે મુજ જિનવર મલ્યા રે, મલ્યો રૂડો રે જિનવર ધર્મ; મલ્યારે મુજ ગુરુ મોટકારે, મલ્યો મુજ ધર્મનો રે મર્મ. સુખના૦ ॥૩॥ હૈડે રે મુજ શુભ ભાવ ખીલ્યો રે, જાગ્યા મુજ વિનય વિવેક; ઉલ્લસિત બની મુજ ભાવના રે, ભેટું જિનેન્દ્ર દિલ ધારી ટેક. સુખના૦ ॥૪॥ શિવપદ અચલ અરુજ અણુંત છે રે, અવ્યાબાધ અપુનરાવૃત્ત જેહ; સિદ્ધિગતિ નામ અમૃત પદ ભલું રે, ઝંખું અક્ષત જિનેન્દ્ર પદ તેહ. સુખના ॥ ૫ ॥

॥ દૂહો ॥

જિનવર અંગે સ્નાત્ર કરી, અક્ષત પૂજા સાર;
રૂપ્ય તંદુલે રત્ન બાજોઠે, ઇન્દ્ર મંગલકાર ॥૧॥

॥ ગીત ॥

રાગ-(અમે ધૂપની પૂજા કરીએ રે...)

અમે અક્ષત પૂજા ધરીએ રે હો મન માન્યા મોહનજી, અમે સ્વસ્તિક રૂડા કરીએ રે હો૦; અક્ષત અગ્રપૂજા ભાવે રે હો૦, અક્ષતપદ તે અપાવે રે હો૦ ॥૧॥ જિનભક્તિ પાંચ પ્રકારે રે હો૦ પુષ્પાદિથી પૂજા ભારે રે હો૦, જિન આજ્ઞા પૂજા બીજી રે હો૦, દેવદ્રવ્ય રક્ષા ત્રીજી રે હો૦ ॥૨॥ ઉત્સવ પૂજા ભક્તિ રે હો૦ પાંચમી યાત્રા શક્તિ રે હો૦ અમૃત, અનુષ્ઠાન થાવે રે હો૦, ભાવના જિનેન્દ્ર મન લાવે રે હો૦ ॥૩॥

॥ મંત્ર ॥

ઓૅં હ્રીૅં શ્રીૅં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મ-જરામૃત્યુનિવારકાય દેવાધિદેવાય, શ્રીમતે જિનેન્દ્રાય અક્ષતાન્ યજામહે સ્વાહા ॥

॥ સાતમી નૈવેદ્ય પૂજા ॥

॥ દૂહો ॥

અણાહારી પદ પામવા, જીતવા સંજ્ઞા આહાર;
થાળ ભરી પકવાનનો, નૈવેદ્ય પૂજા ઉદાર ॥૧॥

॥ ઢાળ ॥

રાગ–(ગિરિવર દર્શન વિરલા પાવે...)

જિનવર સેવા ભવિ સુખકારી, જન્મને પાવન જેહ કરનારી, જિન૦ ॥ ટેક ॥ શ્રી જિનવરની મોહક મુદ્રા, મોહ વિકારને હરનારી. જિન૦ ॥૧॥ પ્રશાંત રસ ઝરે ચક્ષુ યુગલમાં, ક્રોધ દાવાનલ શમનકારી. જિન૦ ॥૨॥ નથી રે જેહને નારીનો સંગ, મુદ્રા રાગને જિતનારી. જિન૦ ॥૩॥ હથિયાર હાથે ન ધારે પ્રભુજી, ભયને વૈરના જે પરિહારી. જિન૦ ॥૪॥ માળા જપે ના સંતોષધારી, સર્વ સંપત્તિના એ દાતારી. જિન૦ ॥૫॥ આહાર આદિ સંજ્ઞા જેહ નિવારી, પામ્યા પદ એ શ્રી અણાહારી. જિન૦ ॥૬॥ રાગ ને દ્વેષ નહિ નવિ ક્રોધ માન, નહિ માયા લોભ તેને લગારી. જિન૦ ॥૭॥ ક્ષમા નમ્રતા ને સરળતા સંતોષ, સર્વ ગુણ અમૃતના ભંડારી. જિન૦ ॥૮॥ કહે જિનેન્દ્ર પ્રભુ ભાવથી સેવો, વરીએ શિવવધૂ ચેતન ! ન્યારી. જિન૦ ॥૯॥

॥ દુહો ॥

નૈવેદ્ય પૂજા સાતમી, રત્નત્રયી દાતાર;
પદ અણાહારી જેહથી, ફળ તેનું અવિકાર ॥૧॥

—*—

॥ ગીત ॥

રાગ-(તમે વહેલા દેરાસર આવજો રે...)

તમે નૈવેદ્ય પૂજા રચાવજોરે, રચાવી ભાવના ભાવજોરે. તમે૦ ॥ ટેક ॥ જીવ પુદ્ગલ સંગમાં રાચે માચે રે, એ વાસનાથી તેહને છોડાવજો રે. તમે૦ ॥૧॥ અનાદિકાળથી મારા જીવે રે, ખાધા પુદ્ગલ સમજાવજો રે. તમે૦ ॥૨॥ તૃપ્તિ થઇ તોયે ના અરે રે, હવે ખાવામાં હે ના દોડાવજો રે. તમે૦ ॥૩॥ નૈવેદ્ય પૂજા જિનની કરોરે, અણાહારી પદ દિલ લાવજોરે. તમે૦ ॥૪॥ ગુરુ કર્પૂર શિષ્ય અમૃતસૂરિરે, તસ ઉપદેશ જિનેન્દ્ર વસાવજોરે. તમે૦ ॥૫॥

॥ મંત્ર ॥

ઓં હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મ-જરામૃત્યુનિવારકાય દેવાધિદેવાય શ્રીમતે જિનેન્દ્રાય નૈવેદ્યં યજામહે સ્વાહા ॥

## ॥ આઠમી ફળ પૂજા ॥

॥ દૂહો ॥

સ્વસ્તિક કરી સોહામણો, રત્નત્રયી ઢગ ત્રણ્ય;
સિદ્ધ શિલા સુંદર રચી, ફળથી શિવપુણ્ય ॥૧॥

॥ ઢાળ ॥

રાગ-(ધન ધન તે જગ પ્રાણિયા...)

ભજ ભજ ભાવે જિનવરા, મનમોહન મેરે,

એ સમ નહિ કોઇ પાત્ર. મનમોહન મેરે. એ પ્રભુની ભક્તિ વિના, મનમોહન મેરે; રઝળે સંસારી માત્ર. મનમોહન મેરે ॥ ૧ ॥ નરભવ દોહિલો પામીને મન૦ ઓળખો સંસાર અસાર. મન૦ દેહ ધન કુટુંબને મન૦ જીવે માન્યા સાર. મનમોહન મેરે ॥૨॥ નવિ ઓળખ્યા ભગવંતને મન૦ નવિ જાણ્યો જિનધર્મ મન૦ નવિ ઓળખ્યો શ્રી સંઘને મન૦ આજ્ઞા ધર્મનો મર્મ. મનમોહન મેરે ॥૩॥ પંચમ કાળે પામવો મન૦ દુલ્લહો પ્રભુ સંયોગ, મન૦ પરમાતમ પામી કરી, મન૦ સફલો કરો તે યોગ. મન૦ મનમોહન મેરે ॥૪॥ સેવનથી શિવ ફળ હોયે, મન૦ સફળ થાયે અવતાર, મન૦ અમૃત ક્રિયા મન રંજની મન૦ ભક્તિ જિનેન્દ્ર શ્રીકાર મનમોહન મેરે ॥૫॥

॥ દૂહો ॥

ફળ પૂજા ભકતે કરો, ભવ ફળ છેદણહાર;
ઉત્તમ ફળ થાળા ઠવો, શિવ ફલ જે દેનાર ॥૧॥

॥ ગીત ॥

રાગ–(શેરી વળાવી સજજ કરો પ્રભુ આવે રે...)

પૂજા રચાવો પ્રેમથી. ભવિ આવો રે; પૂજાથી પાર પમાય. ભાવના ભાવો રે. ॥૧॥ થાળ ભરો હાટકતણા, ભવિ આવો રે. શ્રીફળ બીજોરાં લાય, ભાવના ભાવો રે. ॥૨॥ શિર ધરી મંગળ ગીત

શું, ભવિ આવો રે, વાજે ઢોલ શરણાય, ભાવના ભાવો રે ॥૩॥ થાળ ધરી જિનરાજને, ભવિ આવો રે, માગો મુક્તિ ફળ સદાય, ભાવના ભાવો રે. ॥૪॥ ભક્તિ મુક્તિની ચેટીરે ભવિ આવો રે, ભેટી શિવવહુ આય, ભાવના ભાવો રે. ॥૫॥ હેતુ વચન અનુષ્ઠાનથી, ભવિ આવો રે. અમૃત પદવી થાય, ભાવના ભાવો રે. ॥ ૬ ॥ પ્રીતિ ભક્તિ ને ભાવના, ભવિ આવો રે. કહે જિનેન્દ્ર શિવદાય, ભાવના ભાવો રે. ॥૭॥

॥ કલશ ॥

રાગ—(હે શંખેશ્વર સ્વામી)

હે જિનદેવા રે તુજ ભક્તિ મંગલકાર (૨) સવિ જીવના હિતકારી (૨), વંદીએ વારંવાર. જય હો શ્રી જિનરાજ ॥ ૧ ॥ જિનેન્દ્ર જગમાં મહાઉપકારી, ત્રિકાળ હિત કરનાર (૨); અનંત ચોવીશી વંદીએ (૨), વીશ જિન વિહરનાર. જય હો૦ ॥૨॥ ઉત્કૃષ્ટા એકસો ને સીત્તેર, જિનેન્દ્ર જય જયકાર (૨); ચત્તારી અટ્ઠ દશ દોય (૨), શત્રુંજય શિરદાર. જય હો૦ ॥૩॥ સહસ્ત્રકુટ ને શાશ્વત ચારે, ઉર્ધ્વ અધો તીર્થધાર (૨); પંચ અડ સત્તર એકત્રીશ (૨), ચોસઠ નવાણું પ્રકાર. જય૦ ॥૪॥ મહા ઉપકારીની ભક્તિ કરીએ, હોય આતમ ઉદ્ધાર (૨); ચરમ તીરથપતિ મહાવીર (૨), ગૌતમ પહેલા ગણધાર. જય હો૦ ॥૫॥

પટ્ટધર પ્રથમ સુધર્માસ્વામી, પરંપરા તાસ ઉદાર (૨); હીર સેન દેવ સિંહસૂરિ (૨), સત્ય કપૂર ક્ષમાધાર. જય હો૦ ॥૬॥ જિન ઉત્તમ પદ્મ રૂપ કીર્તિ. કસ્તુર મુનિસરદાર (૨); મણિવિજય બુટેરાયજી (૨), પંન્યાસ આણંદ શ્રીકાર. જય હો૦ ॥૭॥ હર્ષવિજય શિષ્ય કર્પૂરસૂરિ, તપોનિધાન ભંડાર (૨); અમૃતસૂરિવર જ્ઞાની (૨), કરે હાલાર ઉદ્ધાર. જય હો૦ ॥૮॥ પન્યાસ જિનેન્દ્રવિજય તસ શિષ્યે, પૂજા રચી શિવકાર (૨), બે હજાર ચોત્રીશ ફાગણ (૨), સુદિ દશમ રવિવાર. જય હો૦ ॥૯॥ સ્વર્ગદિન ઉત્સવ ગુરુદેવનો, ઉજવાયો ઉદાર (૨); જિનેન્દ્ર ભક્તિ ભાવના (૨), પૂર્ણ થયો અધિકાર. જય૦ ॥૧૦॥ નિજ પ્રતિષ્ઠિત પાર્શ્વ પ્રભાવે, ભાડલા નગર મોઝાર (૨); પહેલો ઉત્સવ કીધો (૨), યોગીન્દ્ર જયજયકાર. જય હો૦ ॥૧૧॥

॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મ-જરામૃત્યુનિવારકાય દેવાધિદેવાય શ્રીમતે જિનેન્દ્રાય ફલાનિ યજામહે સ્વાહા ॥

# ૧૭ શ્રી વીશસ્થાનક તપની પૂજા

॥ પીઠીકા ॥ દૂહા ॥

અનંત જિનેશ્વરને નમું, અનંત ગણધર પાય;
ચરમતીર્થપતિ વીરવિભુ, ગુરુ ગૌતમ સુખદાય ॥૧॥

સિદ્ધિ મેઘ સૂરીશ્વરુ, મનોહર શિવશ્રી દાય,
શાસન રક્ષક સૂરીશ્વરુ, રામચંદ્ર હિતદાય ॥૨॥
કર્પૂરસૂરિ સદ્‌ગુરુ નમી, સમરી સરસ્વતી માય;
વીશ સ્થાનક પૂજા રચું, આનંદ મંગલદાય ॥૩॥
જલ ચંદન ફુલ ધૂપ ને, દીપ અક્ષત જયદાય;
ફલ નૈવેદ્યથી પૂજિયે, કરવા રક્ષા ષટ્કાય ॥૪॥
વીશસ્થાનક પદ પૂજતાં, પાપ પલકમાં પલાય;
અમૃત પદને પામીએ, જન્મ મરણ દુઃખ જાય ॥૫॥

॥ પ્રથમ શ્રી અરિહંતપદ પૂજા ॥

॥ દૂહો ॥

પ્રથમ પંચ પરમેષ્ઠિમાં, શ્રી અરિહંત ભગવાન;
ત્રિકરણયોગે પૂજતાં, થઇએ અનંત ગુણવાન ॥૧॥

॥ ઢાળ ॥

રાગ–(લાગી લગન મુને ત્હારી.)

ભાવે પૂજો ઉપકારી, શ્રી અરિહંત, ભાવે પૂજો ઉપગારી. સુરનર શિવસુખકારી, શ્રી અરિહંત૦ સર્વ જીવો કરૂં શાસનપ્રેમી, ભાવ દયા ભંડારી. શ્રી૦ ત્રીજે ભવે એ સ્થાનક સેવી, તીર્થપતિપદ ધારી. શ્રી ॥૧॥ સુરનારક વા ભવ એક કરીને ઉત્તમ કુલ અવતારી. શ્રી૦ ચૌદસુપન વર માતા દેખે, મતિ શ્રુત અવધિધારી શ્રી૦ ॥૨॥ જન્મ સમયે પ્રભુને હુલરાવે, છપ્પન્ન દિક્કુમારી. શ્રી૦

મેરૂ ઉપર શ્રી પ્રભુને નવરાવે, ઈન્દ્રો સમકિતધારી. શ્રી૦ ॥૩॥ ભોગ કરમનો ક્ષય જાણીને, વરસી મહાદાનકારી. શ્રી૦ રાજ રૂદ્ધિનો ત્યાગ કરીને, વરે દીક્ષા વરનારી. શ્રી૦ ॥ ૪ ॥ મનઃપર્યવજ્ઞાન ચોથું ઉપજે, સંજ્ઞીભાવ બોધકારી. શ્રી દોષ અઢારે દૂર કરીને, કેવલ કમલાધારી. શ્રી૦ ॥૫॥ બાર ગુણે એ પ્રભુજી શોભે, ચોત્રીશ અતિશય-ધારી. શ્રી૦ પાંત્રીશ ગુણ યુત વાણીએ ગાજે, મોહરાજ જયકારી. શ્રી૦ ॥ ૬ ॥ સમવસરણમાં પરખદા આગે, દે ઉપદેશ હિતકારી. શ્રી૦ દુર્લભ માનવ ભવ પામીને, ખેડી તેં ખેત શી? સારી. શ્રી૦ ॥૭॥ બળતા ઘર જેવો સંસાર જાણીને, શરણું લ્યો શિવકારી. શ્રી૦ કાલ અના-દિનું દારિદ્રય ટાળવા, રત્નત્રયી લ્યો સ્વીકારી. શ્રી૦ ॥૮॥ નિર્યામક મહા માહણ ગોપ, સાર્થવાહ પદધારી. શ્રી૦ બાહ્ય લક્ષણ એક સહસ ને આઠ, અનંત આંતરધારી. શ્રી૦ ॥૯॥ નામ ઠવણ દ્રવ્ય ભાવથી ધ્યાવો, એ પ્રભુ મંગલકારી. શ્રી૦ દેવ-પાલાદિક એ પદ પૂજતાં, થયા તીર્થેશ પદધારી. શ્રી૦ ॥૧૦॥ જેહના પંચકલ્યાણક દિવસો, સવિ જીવ આનંદકારી. શ્રી૦ ગુરુ કર્પૂરસૂરિ અમૃત ભાખે. ધન્ય એ ભજે નરનારી. શ્રી૦ ॥૧૧॥

॥ મંત્ર ॥

ઓં હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મ-જરામૃત્યુનિવારણાય શ્રીમતે અરિહંતપદાય જલં ચંદનં પુષ્પં ધૂપં દીપં અક્ષતં ફલં નૈવેદ્યં યજામહે સ્વાહા ॥

## ॥ બીજી સિદ્ધપદ પૂજા ॥

॥ દૂહો ॥

અષ્ટકર્મ અરિ જિતીને, પામ્યા શિવવધૂ માન;
જન્મમરણ દુઃખ ટાળવા, ધરીયે સિદ્ધ પ્રભુ ધ્યાન ।૧।

॥ ઢાળ ॥

રાગ—(જબ તુમહી ચલે પરદેશ.)

પ્રભુ આપે કીયો શિવવાસ, બનું તુમ દાસ; હો સિદ્ધ પ્રભુ ન્યારા, તેરા હૈ જગમેં આધારા. પ્રભુ અષ્ટકર્મ અરિ જિત લીયા, જિને અષ્ટ ગુણ રત્નો વશ કીયા; ધ્યાન તેરા હૈ શિવદાય, કરે યોગી સારા. તેરા૦ ॥ પ્રભુ૦ ॥૧॥ લોકાગ્રે પ્રભુને વાસ કીયા, તેરી ભક્તિમેં મનવા દીયા; વિયોગ તેરા ન સહાય, કરો ભવપારા. તેરા૦ ॥ પ્રભુ૦ ॥૨॥ પ્રભુ! અજર અમર અજ હો ગયે હો, પ્રભુ! નિજપુરમેં નિર્ભય ભયે હો; કયા હોગા હાલ મેરા, તાય કરો વિચારા. તેરા૦ ॥ પ્રભુ૦ ॥૩॥ પ્રભુ! શિવનારીકે રસીયા હો, મેરા

મન મંદિરમેં વસીયા હો; પાપ મેરા સભી હઠ જાય, ખૂશી અપારા. તેરા૦ ॥ પ્રભુ૦ ॥૪॥ ગુરુ કર્પૂરસૂરિ અમૃત બોલે, કૌન હૈ શ્રી સિદ્ધ પ્રભુકી તોલે; યહ પ્રભુ પૂજા સુખદાય, કરો ભવિ પ્યારા. તેરા૦ ॥ પ્રભુ૦ ॥૫॥

॥ મંત્ર ॥

ઓં હ્રીં શ્રીં પરમપુરૂષાય પરમેશ્વરાય જન્મ-જરામૃત્યુનિવારણાય શ્રીમતે સિદ્ધપ્રભવે જલં ચંદનં પુષ્પં ધૂપં દીપં અક્ષતં ફલં નૈવેદ્યં યજામહે સ્વાહા ॥

## ॥ ત્રીજી પ્રવચનપદ પૂજા ॥

॥ દૂહો ॥

પ્રવચન ઔષધ સેવતાં, જન્મ મરણ રોગ જાય;
તે જિન પ્રવચન પૂજિયે, ભાવ ધરી મનમાંય ॥૧॥

॥ ઢાળ ॥

રાગ માલકોષ (ક્યું કર ભક્તિ કરૂં પ્રભુ તેરી.)

પૂજ્ય પ્રવચન પદ પૂજ્યકારી. ત્રિપદી જિન મુખથી લહી સૂત્રો, ગણધર રચનાકારી. પૂ૦ ॥૧॥ તસ આધાર શ્રી ચતુર્વિધસંઘ, સેવા કરો તેની સારી. પૂ૦ ॥૨॥ જિન આણાધારી સંઘ તેને જાણો, જિન પણ નમે અવિકારી. પૂ૦ ॥૩॥ પ્રવચન રાગથી સંભવ જિનજી. તીર્થંપપદ બંધ-કારી. પૂ૦ ॥૪॥ સઘળા પુણ્યનાં કામો એ પદમાં

આવે છે મંગલકારી. પૂ૦ ॥૫॥ એકવીશ જ્ઞાન ભંડારો કરાવ્યા, કુમારપાલે જ્ઞાનકારી. પ૦ ॥૬॥ લાખ સવા જિન ભવન કરાવ્યાં, ભવિજન આનંદકારી. પૂ૦ ॥૭॥ કોટી સવા જિન બિમ્બ ભરાવ્યાં, ધન સંપ્રતિ જયકારી. પૂ૦ ॥ ૮ ॥ છોડી પાપક્ષેત્રો પુણ્યક્ષેત્રે, ભક્તિ કરો સુખકારી. પૂ૦ ॥૯॥ ગુરૂ કર્પૂરસૂરિ અમૃત ભાખે ભક્તિથી વરો શિવનારી. પૂ૦ ॥૧૦॥

॥ મંત્ર ॥

ઓઁ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુનિવારણાય શ્રીમતે પ્રવચનપદાય જલં ચંદનં પુષ્પં ધૂપં દીપં અક્ષતં ફલં નૈવેદ્યં યજામહે સ્વાહા ॥

## ॥ ચોથી આચાર્યપદ પૂજા ॥

॥ દૂહો ॥

છત્રીશ ગુણધારી ભલા, આચાર્ય સુખદાય;
ભાવે ભવિજન પૂજતાં, આનંદ મંગલ થાય ॥૧॥

॥ ઢાળ ॥

(રાગ-પંથડો નિહાળુ રે.)

ભવિ તુમે પૂજોરે આચારજ ભલારે, પંચાચાર પાલનહાર; પંચ મહાવ્રત પ્રેમે પાળતારે, ભવો-દધિ તારણહાર. ભવિ૦ ॥ ૧ ॥ પંચ ઇન્દ્રિયો

પંચાશ્રો વશ કરે રે, ચાર કષાયો જિતનાર; નવવિધ બ્રહ્મગુપ્તિ જે પાળતારે, શિવપદ ધ્યાન ધરનાર. ભવિ૦ ॥૨॥ પંચ સમિતિએ સમિતા જે રહેરે, શાસનના એ શણગાર; મન વચ કાયાની ગુપ્તિ જે કરે રે, શિવ મારગ વદનાર. ભવિ૦ ॥૩॥ પ્રતિરૂપાદિક ગુણ ચૌદ જે ધરે રે, દશધા ધર્મ કરનાર; બાર પ્રકારની ભાવના નિત્ય ભાવે રે, એમ છત્રીશ ગુણધાર, ભવિ૦ ॥૪॥ ચૌદ શત બાવન ગણધર જાણીયે રે. ભવિજીવ મંગલકાર; દોય હજાર ચાર યુગપ્રધાનથીરે, વીર શાસન જયકાર. ભવિ૦ ॥ ૫ ॥ આહારાદિકે ભક્તિ નિત્ય કરો રે, નમ્ર થઇને ઉદાર; પુરૂષોત્તમ નૃપ એ પદ સેવતોરે, પદ તીર્થાધિપ લેનાર. ભવિ૦ ॥૬॥ ગુરુ કર્પૂરસૂરિ અમૃત એમ ભણે રે, એ પદ પૂજે નરનાર; સુરનર સુખ ઉદાર તે ભોગવીરે, સિદ્ધિપુરે તે વસનાર. ભવિ૦ ॥૭॥

॥ મંત્ર ॥

ઓં હ્રીં શ્રીં પરમપુરૂષાય પરમેશ્વરાય જન્મ-જરામૃત્યુનિવારણાય શ્રીમતે આચાર્ય વર્યાય જલં ચંદનં પુષ્પં ધૂપં દીપં અક્ષતં ફલં નૈવેદ્યં યજામહે સ્વાહા ॥

* — *

## ॥ પાંચમી સ્થવિર પદ પૂજા ॥

॥ દૂહો ॥

રમતા નિજ સ્વભાવમાં, છોડી ભાવ વિભાવ;
સીદાતાને સ્થિર કરે, સ્થવિર નમો ધરી ભાવ ॥૧॥

॥ ઢાળ ॥

રાગ-(આવો આવો હે વીરસ્વામી)

વંદો વંદો હે ભવિજન પ્યારા, સ્થવિર પદ સુખકાર. લૌકિક સ્થવિરા માતા ને પિતા, કહ્યા છે દુઃપ્રતિકાર; ધર્મ જૈનનો પમાડે જો તો, હોય તસ પત્યુપકાર. વંદો૦ ॥૧॥ લોકોત્તર સ્થવિરા વ્રતધારી, ભાખ્યા ત્રણ પ્રકાર; સંયમ યોગે સિદાતાને, ઉચિત સહાય કરનાર. વંદો૦ ॥ ૨ ॥ વીશ વર્ષના વ્રત પર્યાયી, સાઠ વર્ષ વય ધાર; સમવાયાંગ આદિ જે ભણીયા, શ્રુત સ્થવિર હિત-કાર. વંદો૦ ॥૩॥ સંબંધ પૂર્વ ભવનો કહીને, સ્થિર કર્યો મેઘકુમાર; વીરજી કરે સ્થિર સાધુ સાધ્વી, કહી કામદેવ અધિકાર. વંદો૦ ॥ ૪ ॥ પદ્મોત્તર ભૂપ એ પદ સાધી, તીર્થંકર થાનાર; ગુરુ કર્પૂરસૂરિ અમૃત ભાખે, ધન ધન તસ અવ-તાર. વંદો૦ ॥૫॥

॥ મંત્ર ॥

ઓ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મ-જરામૃત્યુનિવારણાય શ્રીમતે સ્થવિરપદાય જલં ચંદનં પુષ્પં ધૂપં દીપં અક્ષતં ફલં નૈવેદ્યં યજામહે સ્વાહા ॥

## ॥ છટ્ઠી શ્રી ઉપાધ્યાય પદ પૂજા ॥

### ॥ દૂહો ॥

સૂત્ર અર્થના જાણ જે, ઉપાધ્યાય ભગવાન;
ભવ ત્રીજે શિવસુખ લહે, નમો નમો તે ગુણવાન ॥૧॥

### ॥ ઢાળ ॥

રાગ–(મેં કૈસે આવું પ્રભુજી તુમારે દરબાર)

હે ભવિજન પૂજિયે પાઠક પાપહાર. અંગ ઉપાંગના જ્ઞાતા ત્રાતા, પચવીશ ગુણ ધરનાર. હે० ॥૧॥ પત્થર જેવા શિષ્યોને પણ, રત્ન જેવા કરનાર. હે० ॥૨॥ જંબુ આદિ સોળે ઉપમા જેને, છાજે છે અતિ મનોહાર. હે० ॥૩॥ સૂત્ર અર્થના વિભાગથી ભાખ્યા, સૂરિ વાચક હિતકાર. હે० ॥૪॥ મહેન્દ્રપાલ નૃપ એ પદ પૂજતાં, જિનવર પદ વરનાર. હે० ॥ ૫ ॥ ગુરુ કર્પૂરસૂરિ અમૃત ભાખે, એ પદ ધ્યાવો નરનાર. હે० ॥૬॥

### ॥ મંત્ર ॥

ઓઁ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય પરમેશ્વરાય જન્મ-જરામૃત્યુનિવારણાય શ્રીમતે ઉપાધ્યાયપદાય જલં ચંદનં પુષ્પં ધૂપં દીપં અક્ષતં ફલં નૈવેદ્યં યજામહે સ્વાહા ॥

० — ०

## ॥ સાતમી સાધુપદ પૂજા ॥

### ॥ દૂહો ॥

મોક્ષ મારગને સાધતા, કહ્યા સાધુ ગુણવંત;
ત્રિકરણ યોગે વંદતાં, થાએ પાપનો અંત ॥૧॥

### ॥ ઢાળ ॥

રાગ–(ધન્ય શ્રી વીર પ્રભુ પ્યારા)

ધન્ય શ્રી મુનિવર પ્યારા, જીવનનું શ્રેય કરનારા. શ્રેય કરનારા પ્યારા, ભલું કરનારા. ધન્ય૦ મહાભાગ્યશાળી જીવલોક બંધુ, ભવજલ પાર પામનારા. જીવનનું૦ ॥૧॥ જ્ઞાન દર્શન ને ચારિત્ર વડે જે, નિત્ય શિવસુખ સાધનારા. જીવનનું૦ ॥૨॥ અવધિજ્ઞાની ને કેવલજ્ઞાની, વિપુલમતિ શ્રુતધારા. જીવનનું૦ ॥૩॥ સૂરિ પાઠક દશ ચઉદશ પૂર્વી, બાર અગીયાર અંગધારા. જીવનનું૦ ॥૪॥ ઇત્યાદિક સર્વ સાધુનું પ્યારા, શરણું સ્વીકારો સુખકારા જીવનનું૦ ॥૫॥ કૃષ્ણ નેમિજિન સાધુને વાંદતાં, તીર્થપતિ પદ લેનારા. જીવનનું૦ ॥ ૬ ॥ ગુરુ કર્પૂરસૂરિ અમૃત ભાખે, એ વિણ નહિ ભવપારા. જીવનનું૦ ॥૭॥

### ॥ મંત્ર ॥

ઓં હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુનિવારણાય શ્રીમતે સાધુપદાય જલં ચંદનં પુષ્પં ધૂપં દીપં અક્ષતં ફલં નૈવેદ્યં યજામહે સ્વાહા ॥

## ॥ આઠમી જ્ઞાનપદ પૂજા ॥

### ॥ દૂહો ॥

**જ્ઞાન વિના સમકિત નહિ, સમકિત વિણુ નહિ જ્ઞાન;**
**સમ્યગ્ જ્ઞાનથી પામીયે, કેવલનાણુ નિર્વાણુ ॥૧॥**

### ॥ ઢાળ ॥

રાગ—(વીર જિણંદ જગત ઉપકારી)

જ્ઞાનપદ વંદો ભવિ સુખકંદો, જેહથી પરમાનંદો રે; પ્હેલું જ્ઞાન ને ક્રિયા પછી સૂત્રે, ભાખે મુનિવરચંદો રે. જ્ઞાન૦ ॥ ૧ ॥ મતિશ્રુત અવધિ મનઃપર્યવ ને, કેવલ અજ્ઞાન છેદેરે; અઠ્ઠવીશ ચૌદ ખટ બે ને એક, એમ એકાવન ભેદેરે. જ્ઞાન૦ ॥૨॥ પંચજ્ઞાન માંહે સમ્યગ્ શ્રુત જે, કહ્યું છે સ્વપર પ્રકાશકરે; તે જ્ઞાન નિત નિત વંદીજે ભાવે, ત્યજી મિથ્યા શ્રુત નાશક રે. જ્ઞાન૦ ॥૩॥ અંગ અગીયાર ને બાર ઉપાંગો, છ છેદ ને ચાર મૂલરે; નંદી અનુયોગ ને દશ પયન્ના, શિવ મારગ અનુકૂલરે. જ્ઞાન૦ ॥ ૪ ॥ શ્રુતજ્ઞાન એક વરણ ઉત્થાપે, કહ્યા તે બહુલ સંસારીરે; મિથ્યાત્વ યોગે તપ સંયમને, જાયે તે સર્વહારી રે. જ્ઞાન૦ ॥૫॥ પાંગળું છે જ્ઞાન ક્રિયા વિનાનું, ક્રિયા અંધી વિના નાણુરે; તેથી જ્ઞાન વંક ક્રિયા કરતાં, લહિયે પદ નિર્વાણુરે. જ્ઞાન૦ ॥૬॥ ગુરુ કર્પૂરસૂરિ અમૃત ભાખે, જ્ઞાનનો મહિમા મોટોરે; સમ્યગ્

જ્ઞાન પૂજી શિવસુખ લેજો, છોડી મારગ તમે ખોટોરે. જ્ઞાન૦ ॥૭॥

॥ મંત્ર ॥

ઓં હ્રીં શ્રીં પરમપુરૂષાય પરમેશ્વરાય જન્મ-જરામૃત્યુનિવારણાય શ્રીમતે જ્ઞાનપદાય જલં ચંદનં પુષ્પં ધૂપં દીપં અક્ષતં ફલં નૈવેદ્યં યજામહે સ્વાહા ॥

॥ નવમી દર્શનપદ પૂજા ॥

॥ દૂહો ॥

તત્ત્વરુચિ સમક્તિ કહ્યું, તેહના ભેદ અનેક;
શુદ્ધ દેવ ગુરૂ ધર્મની, રાખો ભવિજન ટેક ॥૧॥

॥ ઢાળ ॥

રાગ-( ભરતને પાટે ભૂપતિરે )

સમ્યગ્ દર્શન સેવિયેરે, જેથી નિર્મલ જીવ. સલુણા. સઘળા ગુણો એહથીરે, આપે શાશ્વત શિવ. સલૂણા. જેમ જેમ એ પદ પૂજિયેરે, તેમ તેમ ભવભય જાય. સલૂણા, શુદ્ધ દેવ ગુરુ ધર્મ-નીરે, સેવા શિવ સુખદાય. સલુણા. ॥ ટેક ॥ અરિહંત દેવ માહરારે, સુસાધુ ગુરૂ ગુણવંત. સલુણા; કેવલી ભાષિત તત્ત્વનેરે, માને ભવિ કોઈ સંત. સ૦ ॥ જેમ૦ ॥ ૧ ॥ જિનઆણા મને માનીયે તો, કરિયે મિથ્યાત્વનો ત્યાગ; સ૦ કુદેવ-ગુરૂ કુધર્મનોરે, તજિયે ભવિજન રાગ. સ૦ ॥

જેમ૦ ॥૨॥ સમકિત વિણુ ક્રિયા સવિરે, અલ્પફલ દેનાર. સ૦ સમકિત સહિત સવિ ક્રિયારે, શિવ-ફલની દાતાર. સ૦ ॥ જેમ૦ ॥૩॥ સમકિત રયણુનો દીવડોરે, ધર્મ કલ્પતરૂ મૂળ. સ૦ બોલ સડસઠ તેનાં પાળતાંરે, ન રહે કર્મની ધૂળ. સ૦ જેમ૦ ॥૪॥ અજરામર પદ તે પામશેરે, પામે જે સમકિત લાભ. ગ૦ ગુરૂ કર્પૂરસૂરિ અમૃત કહેરે, તે વિણુ નહિ ભવ તાગ. સ૦ ॥ જેમ૦ ॥૫॥

॥ મંત્ર ॥

ઓઁ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય પરમેશ્વરાય જન્મ-જરામૃત્યુનિવારણાય શ્રીમતે સમ્યગ્દર્શનપદાય જલં ચંદનં પુષ્પં ધૂપં દીપં અક્ષતં ફલં નૈવેદ્યં યજામહે સ્વાહા ॥

## ॥ દશમો વિનય પૂજા ॥

॥ દૂહો ॥

વિનય વડો સંસારમાં, જૈન ધર્મનું મૂલ;
જિન ગણધર એવું કહે, એ વિના સઘળું ધૂલ ॥૧॥

॥ ઢાળ ॥

રાગ-(એ વ્રત જગમાં દીવો મેરે પ્યારે...)

એ પદ પૂજો સુખકંદો મેરે પ્યારે. એ પદ૦ માન મૂકી યોગ્ય વિનય કરીયે, એ વિના નહિ ગુરૂતોષ; ગુરુ વિનયથી શ્રુતજ્ઞાન લહીયે, ભવિ !

તજી રાગ ને રોષ. મેરે૦ ॥૧॥ શ્રુતજ્ઞાનથી હોય સમકિત સારૂં. સર્વ ગુણરત્નનો નિધિ; સમકિતથી સંયમરાજ્ય પ્રાપ્તિ, સંયમથી તપવિધિ. મેરે૦ ॥૨॥ તપસ્યા વિધિથી કર્મનો નાશ, કર્મનાશે કેવલનાણ; કેવલનાણથી સર્વ સંવર છે, સર્વ સંવરે નિર્વાણ. મેરે૦ ॥ ૩ ॥ તે માટે સઘળા સુખનું એ મૂલ છે, વિનય આગમ પ્રમાણ; ભાગ્યવંત કોઇ ભવિ એ પામે, એ છે ચતુર સુજાણ. મેરે૦ ॥૪॥ પાંચ ભેદે અરિહંત આદિ દશનો, વિનય કરે ન રનાર; ગુરુ કર્પૂરસૂરિ અમૃત ભાખે, ધન ધન તસ અવતાર. મેરે૦ ॥૫॥

॥ મંત્ર ॥

ઓં હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મ-જરામૃત્યુનિવારણાય શ્રીમતે વિનયપદાય જલં ચંદનં પુષ્પં ધૂપં દીપં અક્ષતં ફલં નૈવેદ્યં, યજામહે સ્વાહા ॥

## ॥ અગીયારમી ચારિત્રપદ પૂજા ॥

॥ દૂહા ॥

ચારિત્ર સમ કોઇ ધન નહિ, તેના બે છે પ્રકાર;
નિશ્ચય ને વ્યવહારથી, પાળો ભવિ સુખકાર ॥૧॥
નિશ્ચય નિજ ગુણ રમણતા, નિવૃત્તિ પ્રવૃત્તિ વ્યવહાર;
ઉભય ભેદને પાળતાં, શિવસુખ હોય નિરધાર ॥૨॥

॥ ઢાળ ॥

રાગ–(પાંથાવાડા મંડન...યા જા કે દિલ્હી મથુરા ખેલે)

ચારિત્ર પાળીયે ભવિજન પ્યારા, શિવસુખનું દાતાર; જિન ગણધર ભાષિત ચારિત્ર, ઉતારે ભવપાર. ॥૧॥ મહાવ્રત સ્વરૂપ સર્વથી વિરતિ, સાધુ પાલનહાર; શ્રાવક પાલે દેશથી વિરતિ, સમકિત મૂલ વ્રત બાર. ચા૦ ॥૨॥ અનંતર કારણ શિવસુખનું એ. ચારિત્ર નિરતિ ચાર; કારણ પરંપર શિવપુરનું એ. દેશવિરતિ આચાર. ચા૦ ॥૩॥ શિવફલ દે છે સર્વવિરતિ, દેશવિરતિ સ્વર્ગ બાર; આદિ દેશના સર્વવિરતિની, પછી અણુવ્રત વિચાર. ચા૦ ॥૪॥ પશુ જીવન છે વિરતિ વિનાનું, દૈવી જીવન વ્રતધાર; પુણ્યવંત એ જીવન પામીને, શિવનગર વસનાર ચા૦ ॥૫॥ જિન ગણધર પણ સંયમ લેઇને, શિવનારી વરનાર; રાયરાણા પણ ઋદ્ધિ છોડીને, દીક્ષા લે શિવકાર. ચા૦ ॥ ૬ ॥ રત્નત્રયીનું પાલન કરીને, સફલ કરો અવતાર; ગુરૂ કર્પૂરસૂરિ અમૃત ભાખે, એ વિણ નહિ નિસ્તાર.ચા૦ ॥૭॥

॥ મંત્ર ॥

ઓં હ્રીં શ્રીં પરમપુરૂષાય પરમેશ્વરાય જન્મ-જરામૃત્યુનિવારણાય શ્રીમતે ચારિત્રપદાય જલં ચંદનં પુષ્પં ધૂપં દીપં અક્ષતં નૈવેદ્ય ફલં યજામહે સ્વાહા ॥

## ॥ બારમી બ્રહ્મચર્યપદ પૂજા ॥

### ॥ દૂહો ॥

બ્રહ્મચર્યવ્રત લેઇએ, અષ્ટાદશ પ્રકાર;
મન વચ કાયે પાળતાં, વરિયે શિવગતિનાર ॥૧॥

### ॥ ઢાળ ॥

રાગ—(લાગી ત્હારી મુખડાની માયા.)

ધન્ય ધન્ય તેહ નરનારી, ભો ભવ્ય! જેહ બ્રહ્મચારી; દિવ્ય ઔદારિક અઢાર ભેદે, મૈથુન પાપ ત્યાગકારી. ભો૦ ॥૧॥ બ્રહ્મચર્ય પાલન માટે રાખી છે, નવવાડો નિરધારી. ભો૦ ॥ ૨ ॥ હેમ મંદિર જિન મૂર્તિઓ ભરાવે, તેથી અધિક બ્રહ્મ-ધારી. ભો૦ ॥૩॥ રોજ રોજ દાને કોટી સોનૈયા, બ્રહ્મથી અલ્પ પુણ્યકારી. ભો૦ ॥૪॥ શૂલી સિંહા-સન શીલ પ્રભાવે, સુદર્શન જયકારી. ભો૦ ॥૫॥ સતી સીતાના શીલ પ્રભાવે, અગ્નિ શિતલ જલ-કારી. ભો૦ ॥૬॥ દુર્ભાગી નપુંસક અને તિર્યંચો ભવોભવ થાય વ્યભિચારી. ભો૦ ॥૭॥ પૂજે પૂજિતો પણ બ્રહ્મચારી, ચારિત્ર પ્રાણ શિવકારી. ભો૦ ॥૮॥ નરા તેજસ્વી મહાવીર્યશાળી, થાએ બ્રહ્મ-વ્રતકારી. ભો૦ ॥૯॥ ગુરૂ કર્પૂરસૂરિ અમૃત ભાખે, પાળો એ વ્રત નરનારી. ભો૦ ॥૧૦॥

— ❋ —

॥ મંત્ર ॥

ઓં હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મ-જરામૃત્યુનિવારણાય શ્રીમતે બ્રહ્મચર્ય પદાય જલં ચંદનં પુષ્પં ધૂપં દીપં અક્ષતં નૈવેદ્યં ફલં યજામહે સ્વાહા ॥

॥ તેરમી ક્રિયાપદ પૂજા ॥

॥ દૂહો ॥

વિણ ક્રિયાએ જ્ઞાનીઓ, પામે નહિ ભવપાર;
જ્ઞાની શુભ ક્રિયા કરી, તરે સાગર સંસાર ॥૧॥

॥ ઢાળ ॥

રાગ–( હો મન માન્યા મોહનજી )

તુમે સંવર ક્રિયા કરજોરે, હો શિવરમણી રસરસીયા. તુમે આશ્રવ ક્રિયાથી ડરજોરે. હો૦ સત્તાવન સંવર ભેદોરે. હો૦ બેંતાલીશ આશ્રવ છેદોરે. હો૦ ॥૧॥ સર્વ સંવરથી લહે નાણીરે. હો૦ અલ્પ કાલમાં શિવ પટરાણીરે. હો૦ કાલ અનંત સુખ તે પાવેરે. હો૦ કદી પાછા તે ભવમાં નાવેરે. હો૦ ॥૨॥ વિણ ક્રિયા કયાં કામો થાવેરે. હો૦ તો ક્રિયા વિણ સિદ્ધિ કેમ જાવેરે. હો૦ પાપ અઢારની ક્રિયા તજિયેરે. હો૦ શુદ્ધ દેવગુરુને ધર્મ ભજિયેરે. હો૦ ॥૩॥ જ્ઞાન પૂર્વકની ક્રિયા કરીયેરે. હો૦ લાખ ચોરાશી ફેરા ન ફરીયેરે. હો૦ સદ્‌ગુરૂની આણામાં રહીયેરે. હો૦ નવિ માનું નૃપને

કહીયેરે. હો૦ ॥૪॥ દુર્ધ્યાનની ક્રિયાને છોડીરે. હો૦ પ્રભુ ધ્યાને રહે મદ મોડીરે. હો૦ ગુરૂકર્પૂર અમૃત ભાખેરે. હો૦ તે શિવસુખ સ્હેજે ચાખેરે. હો૦ ॥૫॥

॥ મંત્ર ॥

ૐ હ્રીँ શ્રીँ પરમપુરૂષાય પરમેશ્વરાય જન્મ-જરામૃત્યનિવારણાય, શ્રીમતે ક્રિયાપદાય જલં, ચંદનં, પુષ્પં, ધૂપં, દીપં, અક્ષતં, નૈવેદ્યં ફલં યજામહે સ્વાહા ॥

॥ ચૌદમી તપપદ પૂજા ॥

॥ દૂહો ॥

તપ તપાવે કર્મને, આતમ નિર્મલકાર;
દુઃખ દારિદ્રય કાપે સવિ, આપે સુખ ભંડાર ॥૧॥

॥ ઢાળ ॥

રાગ–(પ્રભુ નિર્મલ દર્શન કીજિયે.)

ભવિ નિર્મલ તપને કીજિયે. આશંસા કુનિયાણું તજિને, નિર્મલ તપ કરી રીજિયે. ભવિ૦ કોપ રહિત તપ કરતાં પ્રાણિ! પાપ પડલ સવિ છીજિયે. ભવિ૦ ॥૧॥ બાહ્ય અભ્યંતર તપ બે પ્રકારે, કરી સર્વ સુખ ઝટ લીજિયે. ભવિ૦ સમતા કરાલ કરવાલ લેઈ કરમાં, કર્મ રિપુ પર ઝુજિયે. ભવિ૦ ॥૨॥ યોગ ઉપધાન આદિ તપ કરીને.

જ્ઞાન સુધારસ પીજિયે. ભવિ૦ કરી તપવર શિવ-વધૂ વરવાને, મોહને તમાચો દીજિયે. ભવિ૦ ॥૩॥ વિઘ્નો હઠાવે સુર વશ આવે. તપ મહિમા એ ગણીજિયે. ભવિ૦ શ્રી વીર પ્રભુનું ચરિત્ર સુણીને, કર્મ કઠોર હણીજિયે. ભવિ૦ ॥૪॥ દુર્ગતિદાયક શિવસુખ દાયક, પાપ કરમથી ધ્રુજિયે. ભવિ૦ ગુરુ કર્પૂરસૂરિ અમૃત ભાખે, શિવ લેવા તપ પૂજિયે. ભવિ૦ ॥૫॥

॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરૂષાય પરમેશ્વરાય જન્મ-જરામૃત્યુનિવારણાય શ્રીમતે તપપદાય જલં, ચંદનં, પુષ્પં, ધૂપં, દીપં, અક્ષતં, નૈવેદ્યં, ફલં યજામહે સ્વાહા ॥

॥ પંદરમી દાનપદ પૂજા ॥

॥ દૂહો ॥

આરોગ્ય કારણ દાન છે, સૌભાગ્ય ભંડાર;
દાન ભોગ નિધાન છે, સ્વપર હિત કરનાર ॥૧॥

॥ ઢાળ ॥

રાગ—(હાંરે ભાઇ સાસરીયે જઇને)

હાંરે ભાઇ સાવધાન થઇને સુણો એટલડો (૨) વીર પ્રભુનો સંદેશડો. દાન ધર્મ કહ્યો છે સૌ

મ્હેલો, તમે લક્ષ્મીની મૂર્ચ્છા મ્હેલો; તો મોક્ષ લહો તમે વ્હેલો, એટલડો (૨) વીર પ્રભુનો સંદેશડો. ॥૧॥ પંચ કહ્યા છે દાન પ્રકારો, અર્થ કામાદિ દાન વિચારો; તેમાં ધર્મ દાનથી નિસ્તારો. એટલડો૦ વીર૦ ॥૨॥ મેઘરથે અભયદાન દીધું, તીર્થપતિ ચક્રીપદ લીધું; સ્વપર આતમ હિત કીધું, એટલડો૦ વીર૦ ॥૩॥ સુપાત્રે ભક્તિ-દાન આપો, કુપાત્રે ભક્તિદાન નાપો; અષ્ટ કરમના ફંદ કાપો, એટલડો૦ વીર૦ ॥૪॥ દાન સુપાત્રે નંદીષેણ થાવે, કુપાત્રે હાથીભાવ પાવો; ત્યાંથી દેવ નરકમાં જાવે, એટલડો૦ વીર૦ ॥૫॥ અનુકંપામાં જિનવરચંદા, તે ભવમાં તોડે ભવ-ફંદા; દે વાર્ષિકદાન સુખકંદા, એટલડો૦ વીર૦ ॥૬॥ સાત ક્ષેત્રમાં જે ધન વાવે, ફલ અનંત શિવ તે પાવે; ફરી ગર્ભાવાસે તે નાવે, એટલડો૦ વીર૦ ॥૭॥ રત્નપાત્ર તીર્થપ તીર્થકારી, હેમપાત્ર મહાવ્રતધારી, રજત પાત્ર શ્રાવકવ્રતધારી, એટ-લડો૦ વીર૦ ॥૮॥ તંબપાત્ર સમ જૈન શ્રદ્ધાળુ, લોહ મટ્ટી મિથ્યાત્વી કૃપાળુ૦ કહે જિનવર મોટા દયાળુ, એટલડો૦ વીર૦ ॥૯॥ ગુરુ કર્પૂર અમૃત ભાખે, દાન દેવાની જે ટેવ રાખો; તે શિવસુખ વ્હેલો ચાખે, એટલડો૦ વીર૦ ॥૧૦॥

॥ મંત્ર ॥

ઓં હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મ-જરામૃત્યુનિવારણાય શ્રીમતે દાનપદાય જલં ચંદનં પુષ્પં ધૂપં દીપં અક્ષતં નૈવેદ્યં ફલં યજામહે સ્વાહા ॥

॥ સોલમી વૈયાવચ્ચપદ પૂજા ॥

॥ દૂહો ॥

શ્રુત અવધિ મનઃપર્યવી, સર્વજ્ઞ જિન કહેવાય;
જિનવર વૈયાવચ્ચ કરી, અક્ષય સુખ લેવાય ॥૧॥

॥ ઢાળ ॥

રાગ—(અરજી સાંભળોને મ્હારા નાથ)

પૂજો કેશવ શ્રી જિનરાજ, જેહથી લહિયે શિવપુરરાજ. ઘાતિ કર્મના રિપુઓ જીતીને, પામ્યા અંતિમનાણ; મોક્ષ મારગ દેખાડી પ્રભુએ, લીધું પદ નિર્વાણ. પૂજો૦ ॥૧॥ શ્રુતકેવલી ને ચૌદપૂરવી, અવધિજ્ઞાની વડભાગ; ચતુર્જ્ઞાની ને ભાવે સેવો, છદ્મસ્થ વીતરાગ. પૂજો૦ ॥૨॥ દોષ અઢાર રહિત કેવલી, સર્વજ્ઞ ભગવાન; સુરનર કિન્નર વાસુદેવા, સેવા કરે ગુણવાન. પૂજો૦ ॥૩॥ જિનવર સૂરિવર પાઠક સાધુ, સ્થવિર ગ્લાન ને બાલ; ચૈત્ય તપસી શ્રમણસંઘનો, વૈયાવચ્ચ ગુણપાલ.

પૂજો૦ ॥૪॥ એ દશનો વૈયાવચ્ચ કરતાં, લહિયે સુખ વિશાળ; નીચ ગોત્રનો બંધ ન હોવે, ઉંચ ગોત્ર રસાળ. પૂજો૦ ॥૫॥ અપ્રતિપાતિ વૈયાવચ્ચ કરતાં, બાહુબલી બલવંત; ગાઢ કર્મ બંધ શિથિલ હોવે, ભાખે એમ ભગવંત. પૂજો૦ ॥૬॥ એ પદ આરાધનથી થાવે, જિમુતકેતુ જિનરાય; ગુરુ કર્પૂરસૂરિ અમૃત ભાખે, સેવતાં મંગલ થાય. પૂજો૦ ॥૭॥

॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મ-જરામૃત્યુનિવારણાય શ્રીમતે વૈયાવૃત્યપદાય જલં ચંદનં પુષ્પં ધૂપં દીપં અક્ષતં નૈવેદ્યં ફલં યજામહે સ્વાહા ॥

॥ સત્તરમી સંયમપદ પૂજા ॥

॥ દૂહો ॥

સંયમે મન જેનું રમે, પંચેંદ્રી જિતનાર;<br>
દેવો પણ તેને નમે, વંદુ વારંવાર ॥૧॥

॥ ઢાળ ॥

રાગ—(રંગ લાગ્યો મને પ્રભુ નામનો રે)

રંગ લાગ્યો મને ત્હારા સંયમેરે, ક્યારે લેઈશ હું અરિહંત! રંગ૦ ॥૧॥ કહ્યા સત્તર ને સિત્તોર ભેદ છે રે, વળી પંચ પંચ જયવંત. રંગ૦

॥૨॥ સર્વ વિરતિ ને દેશવિરતિરે, પાળે સાધુ શ્રાવક ગુણવંત. રંગ૦ ॥૩॥ મને સંસારે રહેવું નવિ ગમે રે, હું ક્યારે છૂટીશ ભગવંત. રંગ૦ ॥૪॥ સંસાર દાવાનલમાં બળું રે, તેહ વિણ નવિ ઉગરંત. રંગ૦ ॥૫॥ ચિત્ત સમાધિ ભવિજન રાખીયે રે, દ્રવ્ય ભાવથી કહે મહાસંત. રંગ૦ ॥૬॥ અનુકંપા કરવી દુઃખી દીનનીરે, તે દ્રવ્ય સમાધિ લહંત. રંગ૦ ॥૭॥ સારણા વારણાદિ જૈન ધર્મમાંરે, કરતાં ભાવ સમાધિ કહંત. રંગ૦ ॥૮॥ ચાર સામાયિક વીરજી કહેરે, લહે કોઇ જીવ ભાગ્યવંત. રંગ૦ ॥૯॥ રાજ પુરંદર પદ એ થકીરે, લેશે તીર્થેશ પદ પુણ્યવંત. રંગ૦ ॥૧૦॥ ગુરુ કર્પૂરસૂરિ અમૃત સદારે, જોડી કર તસ ગુણો ગાવંત. રંગ૦ ॥૧૧॥

॥ મંત્ર ॥

ઓં હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુનિવારણાય શ્રીમતે સંયમપદાય જલં ચંદનં પુષ્પં ધૂપં દીપં અક્ષતં નૈવેદ્યં ફલં યજામહે સ્વાહા ॥

## ॥ અઢારમી અભિનવ જ્ઞાનપદ પૂજા ॥

॥ દુહો ॥

જ્ઞાન વિના સંસારમાં, જીવન પશુ સમાન;
તે માટે ઉદ્યમ કરી, લહિયે જ્ઞાન વિજ્ઞાન ॥૧॥

॥ ઢાળ ॥

રાગ–(રૂડો લાગે છે પ્રભુ યા મીઠા લાગ્યા તે)

વ્હાલું લાગે છે પ્રભુ ત્હારૂં જ્ઞાન મુજને, ભવોદધિ તારણહાર રે, જગમાંહે જયજયવંતુ. જ્ઞાન પ્રભુ ત્હારૂં નિત નિત ભણતાં, વધે વૈરાગ્ય અવિકાર રે. જગ૦ ॥૧॥ જાતિસ્મરણ પ્રભુ સ્વાધ્યાય સુણતાં, પામ્યા અવંતિકુમાર રે. જગ૦ ॥૨॥ બુદ્ધિના આઠ ગુણ પ્રભુજી પામીયે, તેથી જ્ઞાન આચાર રે. જગ૦ ॥૩॥ જ્ઞાન ભાનુ ને ખદ્યોત ક્રિયા, બેનું અંતર વિચાર રે. જગ૦ ॥૪॥ દેશ આરાધક ક્રિયાથી વિદ્યા, સર્વ આરાધક સાર રે. જગ૦ ॥૫॥ તપસ્વી કરતાં જ્ઞાની ભોજીનો, મહિમા છે અપરંપ્રાર રે. જગ૦ ॥૬॥ તપસ્વીને વડપત્ર જેવા દાખીયા, જ્ઞાની નાવ તારનાર રે. જગ૦ ॥૭॥ અજ્ઞાની કરતાં જ્ઞાની ત્રિગુપ્તા, કર્મ ખપાવે અપાર રે. જગ૦ ॥૮॥ અલ્પ જ્ઞાને પણ યવરાજર્ષિ, કરે સફલ અવતાર રે. જગ૦ ॥૯॥ જ્ઞાન અભ્યાસથી જિનપદ પાવે, સાગરચંદ્ર શ્રીકાર રે. જગ૦ ॥૧૦॥ ગુરુ કર્પૂરસૂરિ અમૃત ભાખે, જ્ઞાન ભણો નરનાર રે. જગ૦ ॥૧૧॥

॥ મંત્ર ॥

ઓઁ હ્રીઁ શ્રીઁ પરમપુરૂષાય પરમેશ્વરાય જન્મ-

જરામૃત્યુનિવારણાય શ્રીમતે અભિનવજ્ઞાનપદાય જલં, ચંદનં પુષ્પં, ધૂપં, દીપં, અક્ષતં, નૈવેદ્યં, ફલં, યજામહે સ્વાહા ॥

॥ ઓગણીશમી શ્રુતજ્ઞાન પૂજા ॥

॥ દૂહો ॥

ભવનો રોગ નિવારવા, શ્રુત ઔષધ સમાન;
ત્રિકરણ યોગે વંદિયે, હૃદયે ધરી બહુમાન ॥૧॥

॥ ઢાળ ॥

રાગ–( મારૂં વતન હાં મારૂ... )

શ્રુત પૂજન કર ભવિ ગુણવંત, શ્રુત પૂજન ભવિ! અઘ સવિ ટાળે, સમ્યગ્ જ્ઞાન પ્રગટે ઉલ્લસંત. શ્રુત૦ ॥૧॥ શ્રુત દીપક ત્રિભુવન ઘરમાં, દીપે અજ્ઞાન તમ નાશ કરંત. શ્રુત૦ ॥૨॥ અર્થ પ્રકાશ્યો શ્રી અરિહંતે, સૂત્ર ગુંથે ગણધર ભગવંત. શ્રુત૦ ॥૩॥ દશ પૂરવી ચૌદ પૂરવી ગુંથે, પ્રત્યેકબુદ્ધ રચે જયવંત. શ્રુત૦ ॥૪॥ શ્રુતજ્ઞાનનો એક અક્ષર જે લોપે, મિથ્યામતિ તેને કહે અરિહંત. શ્રુત૦ ॥૫॥ શ્રુતજ્ઞાન ને શ્રુતજ્ઞાનીની ભક્તિ, કરતાં લહિએ શુભ શ્રુત મહંત. શ્રુત૦ ॥૬॥ કાલાદિક શ્રુત આચાર કરતાં, થઇએ ભવિકજન મહા જ્ઞાનવંત. શ્રુત૦ ॥૭॥ શ્રુતજ્ઞાનથી ચારિત્ર

ધર્મ લહિયે, ચારિત્રથી ભવિ મુક્તિ લહંત. શ્રુત૦ ॥૮॥ શ્રી રત્નચૂડ શ્રુતપદ સેવંતાં, જિનવરપદ લેશે મહાસંત. શ્રુત૦ ॥૯॥ ગુરુ કર્પૂરસૂરિ અમૃત ભાખે, શ્રુત મગ્ન થઈ કોઇ તરંત. શ્રુત૦ ॥૧૦॥

॥ મંત્ર ॥

ઓૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મ-જરામૃત્યુનિવારણાય શ્રીમતે શ્રુતપદાય જલં ચંદનં પુષ્પં ધૂપં દીપં અક્ષતં નૈવેદ્યં ફલં યજામહે સ્વાહા ॥

## ॥ વીશમી તીર્થપદ પૂજા ॥

॥ દૂહો ॥

યાત્રા કરતાં તીર્થની, સમકિત નિર્મલ થાય;
જ્ઞાન ચારિત્ર લેઇને, ભવજલ ભવિ તરી જાય ॥૧॥

॥ ઢાળ ॥

રાગ–(નમીયે શાન્તિનાથ સુખકાર યા બાંધે સુબા દિન રાત)

કરિયે તીર્થયાત્રા હિતકાર. ભવિજન તીરથ કહીયે તેને, તરિયે જેથી સંસાર. કરિયે૦ ॥૧॥ સમ્યગ્ દર્શન જ્ઞાન ચારિત્ર, ભવોદધિ તારણહાર. કરિયે૦ ॥૨॥ લૌકિક અડસઠ તીર્થ તજીને, ભજિયે લોકોત્તર સાર. કરિયે૦ ॥૩॥ લોકોત્તર તીરથ બે ભેદે, જંગમ સ્થિર શ્રીકાર. કરિયે૦ ॥૪॥ વિચ-રંતા અરિહંત ગણધરશ્રી, મુનિવર સંઘ શિવકાર.

કરિયે૦ ॥૫॥ શત્રુંજય તારંગ અર્બુદગિરિ, અષ્ટાપદ ગિરનાર. કરિયે૦ ॥૬॥ નંદીશ્વર રુચક ગિરિ મેરૂ, સ્થંભન આદિ વિચાર. કરિયે૦ ॥૭॥ મલ નિવારક વારક તૃષ્ણા, ભવદાહ શાન્ત કરનાર. કરિયે૦ ॥૮॥ રથયાત્રા ને અઠ્ઠાઈ મહોત્સવ, શાસન શોભાવનાર. કરિયે૦ ॥૯॥ રયણ મોતી ને અક્ષતે વધાવી, સફલ કરો અવતાર. કરિયે૦ ॥ ૧૦ ॥ મેરુપ્રભ એ તીર્થ પ્રભાવે, તીર્થપ પદ વરનાર. કરિયે૦ ॥૧૧॥ ગુરુ કર્પૂરસૂરિ અમૃત ભાખે, રાખો નેમ નરનાર. કરિયે૦ ॥૧૨॥

આ પૂજામાં વધાવો કરવો. કલશ બોલ્યા બાદ મંત્ર બોલીને ફરીથી વધાવવા.

## ॥ કલશ ॥

રાગ–(જિનવર પરમદયાળ)

વીશ સ્થાનક સુખકાર ભવિયાં, વીશ સ્થાનક સુખકાર. સવિ જીવ શાસન પ્રેમી બનાવું, ભાવદયા દિલ ધાર. ભવિયાં૦ આરાધન વીશસ્થાનક તપનું, કરી લો જિન પદ સાર. ભ૦ ॥૧॥ તપગચ્છનાયક સિદ્ધિસૂરીશ્વર, રાજ્યે શાસન જયકાર. ભ૦ તપગચ્છાધિપ ગણી બુટેરાયજી, બુદ્ધિવિજય ભંડાર. ભ૦ ॥૨॥ તાસ શિષ્યરત્ન આણંદ વિજયજી, ગણી પંન્યાસ પદધાર. ભ૦ તાસ શિષ્ય શ્રી હર્ષવિજયજી, મુનિગણમાં સરદાર. ભ૦ ॥ ૩ ॥

પંન્યાસ પ્યારા પુષ્પવિજયજી, તાસ બાલબ્રહ્મચાર. ભ૦ તાસ અનુજશ્રી કર્પૂરસૂરીશજી. વીશસ્થાનક કરનાર. ભ૦ ॥૪॥ તાસ શિષ્યે એ પૂજા બનાવી, કરવા નિજ ઉપકાર. ભ૦ હજાર બે ને આઠ પોષ શુદીમાં, બીજી ચૌદશ શુક્રવાર. ભ૦ ॥૫॥ ભાણવડપુરમાં શાસનપ્રેમી, શ્રાવક શ્રાવિકા મનોહાર. ભ૦ શાન્તિનાથ પ્રભુ પાર્શ્વ પ્રભાવે, રચીયો એ અધિકાર. ભ૦ ॥૬॥ ભણે ભણાવે ને સુણે એ પૂજા, તસ પાર્શ્વ રિદ્ધિ અપાર. ભ૦ રયણે વધાવો મોતીડે વધાવો, વધાવો અક્ષત શ્રીકાર ભ૦ ॥૭॥

॥ મંત્ર ॥

ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય પરમેશ્વરાય જન્મમૃત્યુનિવારણાય શ્રીમતે તીર્થપદાય જલં ચંદનં પુષ્પં ધૂપં દીપં અક્ષતં ફલં નૈવેદ્યં યજામહે સ્વાહા ॥

# ૧૮ ॥ શ્રી કલ્પસૂત્ર પૂજા ॥

## ॥ પીઠીકા ॥ દૂહા ॥

શ્રી વીતરાગ પરમાતમા, ત્રણ જગતના તાત;
ત્રિકરણ યોગે ધ્યાઇએ, ભવિ ! ભાવે દિનરાત ॥૧॥
શ્રી મહાવીરસ્વામી પ્રભુ, ગુરુગૌતમ ભગવાન;
ભાવ ધરીને વંદતાં, પ્રગટે આતમજ્ઞાન ॥૨॥

શ્રી સિદ્ધિ સૂરીશ્વરૂ, રામચંદ્રસૂરિરાજ;
શાસનનેતા ઉભયને, નમતાં સરશે કાજ ॥ ૩ ॥
પંચમ પ્રભાવક સદ્ગુરૂ, શ્રી કર્પૂરસૂરિરાય;
શ્રુતદાયી શ્રુતદેવતા, સમરતાં સવિ અઘ જાય ॥૪॥
કલ્પસૂત્ર પૂજા રચું, કરવા જ્ઞાન પ્રકાશ;
ભક્તિ ભાવે પૂજતાં, કઠીણ કરમનો નાશ ॥૫॥
જલચંદન ફૂલ ધૂપ, દીપ, શાળિ નૈવેદ્ય ફલ સાર;
અષ્ટવિધ પ્રભુ પૂજતાં, તરિયે આ સંસાર ॥૬॥
અથવા વાસ વસુ ફૂલે, ધૂપ દીપ શાળિ રસાળ;
નૈવેદ્ય ફલે સૂત્ર પૂજતાં. પ્રગટે જ્ઞાન વિશાળ ॥૭॥
માનવભવ દોહિલો લહી, ભક્તિ કરે શ્રીકાર;
ગુરુ કર્પૂર અમૃત કહે, તો સફલો અવતાર ॥૮॥

॥ પ્રથમ પૂજા પ્રારંભ ॥

॥ દૂહો ॥

સર્વ શાસ્ત્ર શિરોમણિ, કલ્પસૂત્ર સુખદાય;
દેવોમાં અરિહંત જેમ, પૂજતાં શિવસુખ થાય ॥૧॥

॥ ઢાળ ॥

રાગ—(આવો આવો હે વીરસ્વામી)

પૂજો પૂજો હે ભવિજન પ્યારા, કલ્પસૂત્ર ભગવંત. દૂજા દૂજો હે ભવિજન પ્યારા, એ સમ નહિ સિદ્ધાંત. પાંચ દિવસમાં નવ ક્ષણે કરી, યોગ વહન કરનાર; સંઘ સમક્ષ મુનિવર વાંચે, નહિ

પરનો અધિકાર. પૂજો૦ ॥૧॥ આદિનાથ મહાવીર પ્રભુ તીર્થે, દશવિધ સાધુ આચાર; મધ્યમ તીર્થે અનિયત ખટ છે, બાકી નિયત છે ચાર. પૂજો૦ ॥૨॥ પંચમકાલે મહાવીર તીર્થે, જે માને ધર્મ અભાવ; શ્રી સંઘ બાહિર તેહને કરવો, એ સૂત્ર છે સદ્દ્ભાવ. પૂજો૦ ॥૩॥ ત્રીજા ઔષધની જેમ દશવિધ, સાધુ કલ્પ સુખદાય; દોષાભાવે ધર્મ પુષ્ટિ છે, સદ્દ્ભાવે દોષ જાય. પૂજો૦ ॥૪॥ વક્તા શ્રોતા ને સહાયકને, શિવ દે આઠ ભવ માંય; વિધિપૂર્વક આરાધિત કલ્પ, શંકા ન એમાં જરાય. પૂજો૦ ॥૫॥ જિનશાસન શ્રદ્ધાળુ સુણે જે, કલ્પ એકવીશ વાર; પ્રભાવના પૂજામાં પરાયણ, તે તરી જાય સંસાર. પૂજો૦ ॥૬॥ કલ્પ સૂત્રનો મહિમા મોટો, કહેતાં નાવે પાર; યુગ પ્રધાનશ્રી ભદ્રબાહુજી, એ સૂત્ર રચનાર. પૂજો૦ ॥૭॥ અષાઢ શુક્લ છટ્ઠે રાત્રીમાં, માત કુખે અવતાર; પ્રાણત લોકથી વીરજિન આવ્યા, સુપન દેખે મનોહાર. પૂજો૦ ॥૮॥ જાણી જ્ઞાનથી આસન છોડીને, પ્રભુજી સામે જાય; શક્રસ્તવથી ઇંદ્ર સ્તવે છે, નિજ આતમ હિતદાય. પૂજો૦ ॥૯॥ ધર્મસારથી પદથી સ્તવતાં, મેઘકુમાર ગવાય; ચારિત્ર નિર્મલ પાલન કરીને, વિજય વિમાને જાય. પૂજો૦ ॥૧૦॥ ત્યાંથી ચ્યવીને મહાવિદેહે, મુક્તિ પામશે તેહ; સંયમ સાધન ને સાધ્યસિદ્ધિ, પામે નિકટ ભવિ એહ.

પૂજો૦ ॥૧૧॥ માયા મમતા મોહ છોડીને, આરાધે ભવિ જેહ; ગુરુકર્પૂરસૂરિ અમૃત ભાખે, ધન ધન નરનાર તેહ. પૂજો૦ ॥૧૨॥

॥ મંત્ર ॥

ઓં હ્રીં શ્રીં શ્રુતજ્ઞાનાય ( પરમપુરૂષાય ) પરમેશ્વરાય જન્મજરામૃત્યુનિવારકાય સિદ્ધિસુખદાયકાય સર્વશાસ્ત્રઅગ્રપદાય શ્રીમતે કલ્પસૂત્રાય જ્ઞાનસાધનાર્થં વાસક્ષેપં વસું ( જલં ચંદનં ) પુષ્પં ધૂપં દીપં અક્ષતં નૈવેદ્યં ફલં યજામહે સ્વાહા ॥

॥ બીજી પૂજા પ્રારંભ ॥

॥ દૂહા ॥

નીચ ગોત્ર ઉદયે કરી, નીચ કુલે પ્રભુજી આય;
આશ્ચર્ય પણ જાણીયે, કાલ અનંતે થાય ॥૧॥
મોકલી ઇંદ્ર દેવને, ત્રિશલા કુખે પ્રભુ લાય;
કેમ ? ગણીયે કલ્યાણ એ, દેવાનંદા દુઃખી થાય ॥૨॥
ચૌદ સુપન દેખી પ્રભુ, માતા ખૂબ હરખાય;
ત્રિભુવન નવ એ દીવડો, પૂજતાં મંગલ થાય ॥૩॥

॥ ઢાળ ॥

રાગ–(પાંથાવાડા મંડન...યા જા કે બિલ્લી...)

વંદો વંદો ભવિજન પ્યારા, શ્રી ગહાવીર સુખકાર. ચંદો ચંદો ભવિજન પ્યારા, શ્રી મહાવીર હિતકાર. વીરવિભુને વંદન કરીને, ઇંદ્ર કરે

વિચાર; અરિહંત ચક્રી વાસુ બલદેવા, ઉત્તમ કુલે અવતાર. વંદો૦ ॥૧॥ પણ મહાવીર સ્વામી નીચ કુલે, આશ્ચર્ય રૂપે અવધાર; મરીચિભવમાં પ્રભુ કુલ મદથી, અધમ કુલ મોઝાર. વંદો૦ ॥ ૨ ॥ નીચ કુલથી પ્રભુ લેઇ ઉંચ કુલમાં, મુકવાનો ઇંદ્ર આચાર; આજ્ઞા પામી ગર્ભને ફેરવે, સુર નિજ ઇંદ્ર હિતકાર. વંદો૦ ॥૩॥ માતા ત્રિશલા કુખે પ્રભુજી, આવ્યા આનંદકાર; ચૌદ સુપન દેખીને માતા, નિંદ્રા દૂર કરનાર. વંદો૦ ॥ ૪ ॥ પહેલે સુપને કેસરી દેખે, બીજે ગજ શ્રીકાર; વૃષભ ત્રીજે મંગલકારી, ચોથે શ્રી મનોહાર. વંદો૦ ॥૫॥ મતિશ્રુત અવધિજ્ઞાની પ્રભુજી, પૂજિયે હે નરનાર; ગુરુ કર્પૂરસૂરિ અમૃત ભાખે, જીવનમાં એ સાર. વંદો૦ ॥૬॥

॥ મંત્ર ॥

ઓઁ હ્રીઁ શ્રીઁ શ્રુતજ્ઞાનાય (પરમપુરૂષાય) પરમેશ્વરાય જન્મ જરામૃત્યુનિવારકાય સિદ્ધિસુખદાયકાય સર્વશાસ્ત્રઅગ્રપદાય શ્રીમતે કલ્પસૂત્રાય જ્ઞાનસાધનાર્થં વાસક્ષેપં વસું (જલં ચંદનં) પુષ્પં ધૂપં દીપં અક્ષતં નૈવેદ્યં ફલં યજામહે સ્વાહા ॥

॥ ત્રીજી પૂજા પ્રારંભ ॥

॥ દૂહા ॥

પુષ્પની માલા ચંદ્રમા, ભાનુ ધ્વજ સુખકાર;
કલશ રૂપાનો પૂર્ણ એ, પદ્મસરોવર સાર ॥ ૧ ॥

ક્ષીર સમુદ્ર વિમાન વર, રત્નેનો રાશી અપાર;
નિર્ધૂમ અગ્નિ ચૌદમે, માતા દેખે ઉદાર ॥ ૨ ॥

॥ ઢાળ ॥

રાગ–(વીર જિણંદ જગત ઉપગારી)

વીર જિનેશ્વર ભવિજન પૂજિયે, આનંદ મંગળકારીરે; પ્રભુ પૂજનથી વિપદા જાવે, સંપદા આવે ભારીરે. વીર૦ ॥ ૧ ॥ પ્રભુજીની માતા પ્રભુજી પ્રભાવે, દેખી સુપનાં શિલકારીરે; થઈને જાગ્રત રાય પાસે આવે, સુપન ફલ પ્રશ્નકારીરે. વીર૦ ॥૨॥ સુણી સિદ્ધારથ બુદ્ધિથી ભાખે, વર સુત સૂચનકારીરે; સુણીને રાણી ત્રિશલા દેવી, હૈયડે અતિ હર્ષકારીરે. વીર૦ ॥૩॥ દુષ્ટ સુપન નિવારણ માટે, ધર્મ જાગરીકાકારીરે; અરિહંત દેવ ને ત્યાગી ગુરુની, સુકથા સુંદરકારીરે. વીર૦ ॥૪॥ સુપન પાઠકો રાયે બોલાવ્યા, આવે તત્ત્વ વિચારીરે; બે કર જોડી રાયને આપે, આશીષ તે શુભ કારીરે. ॥૫॥ દીર્ઘાયુ હો ભૂપાલ યશસ્વી, દાનેશ્વરી કૃપાકારીરે; તુમારા કુલમાં જિનભક્તિ હો, નિરંતર જયકારીરે. વીર૦ ॥૬॥ ગુરુ કર્પૂર-સૂરિ અમૃત ભાખે, વ્યાખ્યાન ત્રીજું સુખકારી રે; સાંભળી ભવિજન ભકિત કરીયે, ઋદ્ધિ વૃદ્ધિ સિદ્ધિકારીરે વીર૦ ॥૭॥

* * *

॥ મંત્ર ॥

ઓં હ્રીં શ્રીં શ્રુતજ્ઞાનાય (પરમપુરુષાય) પરમેશ્વરાય જન્મજરામૃત્યુનિવારકાય સિદ્ધિસુખદાયકાય સર્વશાસ્ત્રઅગ્રપદાય શ્રીમતે કલ્પસૂત્રાય જ્ઞાનસાધનાર્થં વાસક્ષેપં વસું (જલં ચંદનં) પુષ્પં ધૂપં દીપં અક્ષતં ફલં નૈવેદ્યં યજામહે સ્વાહા ॥

॥ ચોથી પૂજા પ્રારંભ ॥

॥ દૂહો ॥

શ્રી મહાવીરસ્વામી નમો, શિવસુખના દાતાર;
ચરમ તિરથપતિ પૂજિયે, ભવ દુઃખ ટાલણહાર ॥૧॥

॥ ઢાળ ॥

રાગ—( મૈ કૈસે આવું પ્રભુજી)

હે ભવિજન ભજિયે શ્રી મહાવીર શ્રીકાર. શ્રીફલ લેઇને સિદ્ધાર્થ રાજા, સુપન ફલ પૂછનાર. હે૦ સુપન પાઠકો સન્માન લહીને, ઉત્તમ ફલ ભાખનાર. હે૦ ॥ ૧ ॥ અર્થનો લાભ લાભ છે ભોગનો, પુત્ર થશે સુખકાર. હે૦ ધર્મચક્રી કે ચક્રી થાશે, લોકાગ્રે રહેનાર. હે૦ ॥૨॥ શુભ સુપનનું ફલ સુણીને, રાય રાણી ખુશ અપાર. હે૦ જ્ઞાત કુલ અતિ વૃદ્ધિને પામવું, મહિમા એ પ્રભુનો વિચાર. હે૦ ॥૩॥ તે માટે નામ એનું અમે પાડીશું, શ્રી વર્દ્ધમાન કુમાર. હે૦ યોગ્ય

પદાર્થથી માતાજી પોષે, ગર્ભ પ્રભુનો મનોહાર. હે૦ ॥૪॥ ગર્ભ પ્રભાવે દોહદ ઉંચા, રાય સિદ્ધાર્થ પૂરનાર. હે૦ ચૈત્ર શુદિ ત્રયોદશીને દિવસે, ઉત્તરા ફાલ્ગુની મોઝાર. હે૦ ॥ ૫ ॥ સાતે ગ્રહો ઉંચા પુણ્યથી આવે, તીર્થપ સૂચવનાર. હે૦ સૌમ્ય વિતિમિર ને વિશુદ્ધ દિશા, પક્ષીઓ કરે જયકાર. હે૦ ॥૬॥ મધ્ય રાત્રિએ ત્રિશલામાતા, વીર જન્મ દેનાર. હે૦ ગુરુ કર્પૂરસૂરિ અમૃત ભાખે, ધન્ય પ્રભુનો અવતાર. હે૦ ॥૭॥

॥ મંત્ર ॥

ઓં હ્રીં શ્રીં શ્રુતજ્ઞાનાય (પરમપુરુષાય) પરમેશ્વરાય જન્મજરામૃત્યુનિવારકાય સિદ્ધિસુખદાયકાય સર્વશાસ્ત્રઅગ્રપદાય શ્રીમતે કલ્પસૂત્રાય જ્ઞાનસાધનાર્થં વાસક્ષેપં વસું (જલં ચંદનં) પુષ્પં ધૂપં દીપં અક્ષતં નૈવેદ્ય ફલં યજામહે સ્વાહા ॥

## ॥ પાંચમી પૂજા પ્રારંભ ॥

॥ દૂહો ॥

પ્રભુ જન્મોત્સવ ઉજવી, સમકિત નિર્મલકાર;
ભક્તિમંત વિબુધો સવિ, સાર્થક નામ કરનાર ।૧।

॥ ઢાળ ॥

રાગ–( લાગી લગન મુને ત્હારી )

વીર જનમ સુખકારી, ભવિકજન, વીર જનમ સુખકારી. વીર પૂજન પૂજયકારી. ભવિકજન વીર

પૂજન પૂજ્યકારી. જિન જન્મ કાલે મહોત્સવ કરવા, આવે છે દિશા કુમારી, ભવિકજન૦ મેરૂ ઉપર જઇ પ્રભુને ઇંદ્રો, જન્માભિષેક શુભકારી. ભવિકજન૦ ।।૧।। મંગલ દીવો આરતી કરતાં, ગીત નૃત્ય ઓત્સવકારી. ભ૦ અભિષેક કરીને ઇંદ્રાદિદેવો નિર્મલતા નિજકારી. ભ૦ ।।૨।। દિવ્ય વસ્ત્રથી સૌધર્મ ઇંદ્ર, પ્રભુ અંગ નિર્જલકારી. ભ૦ ચંદન આદિથી વિલેપન કરીને, પુષ્પ આદિથી પૂજાકારી. ભ૦ ।। ૩ ।। રત્નના પાટલે રૂપાના અક્ષતે, અષ્ટ મંગલ શક્રકારી. ભાવ ગર્ભિત પ્રભુ સ્તુતિ કરીને, ઇંદ્ર નમસ્કારી. ભ૦ ।।૪।। મૂકી પ્રભુજીને માતાજી પાસે, પ્રતિબિંબ સંહારકારી, ભ૦ બત્રીશ કોટી સોના રૂપાની, રત્નોની વૃષ્ટિ ઇંદ્રોકારી. ભ૦ ।। ૬ ।। ચિંતવે અશુભ જે જિન માતાનું, મસ્તક તસ છેદકારી ભ૦ કરીને મહોત્સવ દ્વીપ નંદીશ્વરે, જાય દેવો સ્વર્ગ મોઝારી. ભ૦ ।૬। સિદ્ધાર્થરાય પણ મહોત્સવ કરતાં, કરાવે કરે પૂજા સારી. ભ૦ શ્રી વર્દ્ધમાન નામ થાપે પ્રભુનું, ગુણ નિષ્પન્ન હિતકારી. ભ૦ ।।૭।। શ્રમણ બીજું ને મહાવીર ત્રીજું, નામ છે મંગલકારી. ભ૦ ચંદ્ર વદન ગજરાજ ગતિ પ્રભુ, ચાર અતિશય ધારી. ભ૦ ।।૮।। આમલકી ક્રીડા નિશાળે જાતાં, ધૈર્ય ગંભીરતા ધારી. ભ૦ યૌવન વયે પ્રભુ કર્મ ખપાવવા, થયા પ્રભુ ઘરબારી. ભ૦ ।।૯।। અવધિજ્ઞાની પ્રભુ દાન દેઇને, દીક્ષાની

કરે તૈયારી. ભ૦ કર્મ શત્રુને જીતીને પ્રભુજી, વરજો તમે શિવનારી. ભ૦ ॥૧૦॥ કુલના વડેરા એમ આશીષ આપે, ધ્યાન દેજો નરનારી. ભ૦ કાર્તિક વદી દશમીના દિવસે, દીક્ષા લે પ્રભુજી પ્યારી. ભ૦ ।૧૧।। પંચ મુષ્ટિ પ્રભુ લોચ કરીને, સર્વ સામાયિકકારી. ભ૦ ચઉનાણી પ્રભુ વાંદીને દેવો. નંદીશ્વર ઓત્સવકારી. ભ૦ ॥ ૧૨ ॥ એણી પેરે ભવિજન ભક્તિ કરિયે, કેવલ કમલાકારી. ભ૦ ગુરુ કર્પૂરસૂરિ અમૃત ભાખે, એ વિણુ નહિ ઉપકારી. ભ૦ ॥૧૩॥

॥ મંત્ર ॥

ઓં હ્રીં શ્રીં શ્રુતજ્ઞાનાય ( પરમપુરુષાય ) પરમેશ્વરાય જન્મજરામૃત્યુનિવારકાય સિદ્ધિસુખદાયકાય સર્વશાસ્ત્ર-અગ્રપદાય શ્રીમતે કલ્પસૂત્રાય જ્ઞાનસાધનાર્થં વાસક્ષેપં વસું (જલં ચંદનં) પુષ્પં ધૂપં દીપં અક્ષતં નૈવેદ્યં ફલં યજામહે સ્વાહા ॥

॥ છઠ્ઠી પૂજા પ્રારંભ ॥

॥ દૂહો ।

બંધુ વર્ગને પૂછીને, શ્રી મહાવીર ભગવંત;
પાદ વિહાર ભૂતલ કરે, કરવા કર્મનો અંત ॥૧॥

॥ ઢાળ ॥

રાગ–(ધન્યશ્રી વીર પ્રભુ યા–મથુરામાં ખેલ ખેલી)

વંદો શ્રી વીર પ્રભુ પ્યારા, ભવોદધિ તારણહારા. સમતાભાવે સહે ઉપસર્ગો, મેરુ જેમ સ્થિર

રહેનારા. ભ૦ ॥ વંદો૦ ॥૧॥ ઈન્દ્રોની સેવાનો ઈન્કાર કરે પ્રભુ, નિજ બલે જ્ઞાન લેનારા. ભ૦ વંદો૦ ॥૨॥ તો પણ ભક્ત ઈન્દ્ર સેવામાં, મુકે વ્યંતર સેવકારા. ભ૦ ॥ વંદો૦ ॥ ૩ ॥ સપાત્ર મુનિધર્મ કહેવાને માટે, પાત્રમાં ભોજનકારા. ભ૦ ॥ વંદો૦ ॥૪॥ દુઃખદ અપ્રીતિ ટાળવાને માટે, ઘોર અભિગ્રહ કરનારા. ભ૦ ॥ વંદો૦ ॥૫॥ સવસ્ત્ર સાધુધર્મ કહેવાને કાજે, વર્ષાધિક વસ્ત્રધારા. ભ૦ ॥ વંદો૦ ॥૬॥ દયા સાગર પ્રભુ નિર્ધન બ્રાહ્મણને, લાખીણો ખેશ દેનારા. ભ૦ ॥ વંદો૦ ॥૭॥ ચંડકૌશિકને પણ પ્રતિબોધી, આઠમો સ્વર્ગ દેનારા, ભ૦ ॥ વંદો૦ ॥૭॥ કંબલ શંબલ નામે નાગકુમારો, પ્રભુ ભક્તિ કરનારા. ભ૦ ॥ વંદો૦ ॥૯॥ ઉપસર્ગકારી સંગમ દેવનો, ઈન્દ્ર કરે બહિષ્કારા. ભ૦ ॥ વંદો૦ ॥ ૧૦ ॥ અડદના બાકુલે ચંદન બાલા, લાભ લહે અપારા. ભ૦ ॥ વંદો૦ ॥૧૧॥ ભક્તિકારક એ વૈદ્ય ને વાણીયો, સિધાવે સ્વર્ગ મોઝારા. ભ૦ ॥ વંદો૦ ॥ ૧૨ ॥ આશાતનાકારી પાપી ગોવાળીયો. સપ્તમ નર્ક દુવારા. ભ૦ ॥ વંદો૦ ॥૧૩॥ અનુપમ જ્ઞાન દર્શન ને ચારિત્ર, અનુપમ ગુપ્તિ ધરનારા. ભ૦ ॥ વંદો૦ ॥૧૪॥ વર્ષ સાડાબાર ઘોર તપ તપીને, કર્મ રિપુ હણનારા. ભ૦ ॥ વંદો૦ ॥ ૧૫ ॥ વૈશાખ

શુદિ દશમીના દિવસે, કેવલ કમલા લેનારા. ભ૦ ॥ વંદો૦ ॥૧૬॥ ઈન્દ્રભૂતિ આદિ શંકા ચૂરીને, પદ ગણધર આપનારા. ભ૦ ॥ વંદો૦ ॥ ૧૭ ॥ ચુંવાલીસેંને દીક્ષા આપીને, તીર્થ સ્થાપન કરનારા. ભ૦ ॥ વંદો૦ ॥ ૧૮ ॥ સાધુ સાધ્વીની સંખ્યા એ સાચી, ચૌદ છત્રીશ હજારા. ભ૦ ॥ વંદો૦ ॥૧૯॥ એક લાખ ને વળી ઓગણસાઠ. શ્રાવકનો પરિવારા. ભ૦ ॥ વંદો૦ ॥૨૦॥ શ્રમણોપાસિકાની સંખ્યા છે મોટી, ત્રણ લાખ સહસ અઢારા. ભ૦ ॥ વંદો૦ ॥૨૧॥ બહોંતેર વર્ષે પ્રભુ દિવાળી દિવસે, શિવ વધૂને વરનારા. ભ૦ ॥ વંદો૦ ॥૨૨॥ નવશત એંશી ને ત્રાણું વરસે, કલ્પ લિખન વાંચનારા. ભ૦ ॥ વંદો ॥ ૨૩ ॥ એવા પ્રભુની ભવિ સેવા કરંતાં, આનંદ મંગલ શ્રીકારા. ભ૦ ॥ વંદો૦ ॥૨૪॥ ગુરુ કર્પૂરસૂરિ અમૃત ભાખે સેવે તે ધન્ય નરનારા. ભ૦ ॥ વંદો૦ ॥૨૫॥

॥ મંત્ર ॥

ઓઁ હ્રૂઁ શ્રીઁ શ્રુતજ્ઞાનાય (પરમપુરુષાય) પરમેશ્વરાય જન્મજરામૃત્યુનિવારકાય સિદ્ધિસુખદાયકાય સર્વશાસ્ત્રઅગ્રપદાય શ્રીમતે કલ્પસૂત્રાય જ્ઞાનસાધનાર્થં વાસક્ષેપં વસું (જલં ચંદનં) પુષ્પં ધૂપં દીપં અક્ષતં નૈવેદ્યં ફલં યજામહે સ્વાહા ॥

૦——૦

## ॥ સાતમી પૂજા પ્રારંભ ॥

### ॥ દૂહો ॥

પાર્શ્વ નેમિ આદિ પ્રભુ, તરણ તારણ એ જહાજ;
ત્રિકરણ યોગે પૂજતાં, લહિએ શિવપુરરાજ ॥૧॥

### ॥ ઢાળ ॥

રાગ–(તીરથની આશાતના નવિ કરીયે.)

શ્રી અરિહંતની પૂજના ભાવે કરીયે, હાંરે ભાવે કરીયે તો ભવજલ તરીયે; હાંરે લાખ ચોરાશી ફેરા ન ફરીયે, હાંરે થાએ લીલા લ્હેર. શ્રી૦ ॥૧॥ પ્રાણત કલ્પથી પાર્શ્વપ્રભુ ચવી આવ્યા, હાંરે ફાગુણ વદી ચોથે ગવાયા; હાંરે કેવલજ્ઞાન એ દિને પાયા, હાંરે જાણે લોકાલોક. શ્રી૦ ॥૨॥ માગશર વદી દશમે પ્રભુ જન્મ જાણો, હાંરે અગીયારસે દીક્ષા પ્રમાણો; હાંરે શુદિ આઠમે શ્રાવણ નિર્વાણો, હાંરે પાર્શ્વ પંચકલ્યાણ. શ્રી૦ ॥૩॥ અપરાજિત વિમાનથી પ્રભુ આવે, હાંરે આસો વદી બારસને સોહાવે; હાંરે શ્રાવણ શુદ પાંચમે જન્મ પાવે, હાંરે સવિ મંગલકાર. શ્રી૦ ॥૪॥ શ્રાવણ શુદી છઠ્ઠમાં સંયમવાન, હાંરે ભાદરવા અમાસે લીધું જ્ઞાન; હાંરે અષાઢ શુદની આઠમે નિર્વાણ, હાંરે બ્રહ્મચારી ભગવાન. શ્રી૦ ॥૫॥ શ્રી નમિનાથ ને મુનિસુવ્રતસ્વામી, હાંરે

મલ્લિનાથ ને અરનાથ નામી; હાંરે કુંથુનાથ છે જગ વિશરામી, હાંરે શ્રી શાન્તિનાથ. શ્રી૦ ॥૬॥ શ્રી ધર્મનાથ ને શ્રી અનંતનાથ, હાંરે વિમલનાથ કરે છે સનાથ; હાંરે વાસુપૂજ્ય છે ત્રિજગનાથ, હાંરે શ્રી શ્રેયાંસસ્વામ. શ્રી૦ ॥૭॥ શીતલનાથ ને શ્રી સુવિધિસ્વામ, હાંરે ચંદપ્રભ પ્રભુ આતમરામ; હાંરે સુપાર્શ્વનાથ અભિરામ, હાંરે પદ્મપ્રભુ જિનરાજ. શ્રી૦ ॥૮॥ સુમતિનાથ ને અભિનંદન ત્રાતા, હાંરે સંભવનાથ શિવસુખ દાતા; હાંરે અજિતનાથ ભવિજન ભ્રાતા, હાંરે ભવિ આનંદકાર. શ્રી૦ ॥૯॥ શ્રી સરવારથ સિદ્ધથી આદિ આયા, હાંરે માતા મરૂદેવી કુક્ષી સોહાયા; હાંરે જેઠ વદી ચોથે કંચન કાયા, હાંરે નાભિ નૃપ દુલાર. શ્રી૦ ॥૧૦॥ ફાગુણ શુદી આઠમે જન્મ પાવે, હાંરે તે દિનમાં દીક્ષા આવે; હાંરે મેરૂ તેરસે મોક્ષ સિધાવે, હાંરે સુખ પામે અનંત. શ્રી૦ ॥૧૧॥ શ્રી ગુરુ કપૂર સેવક એમ ભાખે, હારે સાતમું વખાણ જે ચાખે, હાંરે તે પાપ કરમ ચૂરી નાખે, હાંરે જિનવાણી આધાર. શ્રી૦ ॥૧૨॥

૦ — ૦

॥ મંત્ર ॥

ૐ ह्रीँ श्रीँ શ્રુતજ્ઞાનાય (પરમપુરુષાય) પરમેશ્વરાય જન્મજરામૃત્યુનિવારકાય સિદ્ધિસુખદાયકાય સર્વ શાસ્ત્રઅગ્રપદાય શ્રીમતે કલ્પસૂત્રાય જ્ઞાનસાધનાર્થં વાસક્ષેપં વસું (જલં ચંદનં) પુષ્પં ધૂપં દીપં અક્ષતં નૈવેદ્યં ફલં યજામહે સ્વાહા ॥

॥ આઠમી પૂજા પ્રારંભ ॥

॥ દૂહો ॥

વ્યાખ્યાન આઠમું સાંભળો, ભાવે ભવિજન સંત;
સ્થવિરાવલી ગુણ ગાવતાં, અષ્ટ કરમનો અંત ॥૧॥

॥ ઢાળ ॥

રાગ–(ચંદ્ર પ્રેભુજીસે ધ્યાન રે)

પૂજિયે શ્રી મહાવીર દેવરે, ભવિ પાર ઉતરવા. પાર ઉતરવા ભવિ પાર ઉતરવા. ચોસઠ ઇન્દ્ર કરે સેવરે. ભવિ૦ ॥૧॥ અગીયાર ગણધરો મહાવીર દેવના, પહેલા ગૌતમસ્વામરે. ભવિ૦ ગણપતિ પંચમ સુધર્માસ્વામી, પ્હેલા પટ્ટધર વિશ્રામરે. ભવિ૦ ॥૨॥ તસ પટ્ટધર શ્રી જમ્બૂસ્વામીજી, ચરમ કેવલી વીતરાગરે. ભવિ૦ તસ પટ્ટધર શ્રી પ્રભવસ્વામીજી, શ્રુતકેવલી વડભાગરે. ભવિ૦ ॥૩॥ શ્રી

શય્યંભવ પ્રતિબોધ પામી. દશવૈકાલિક કારરે. ભવિ૦ શ્રી યશોભદ્ર સૂરીશ્વર રાયા, ઉપશમના ભંડારરે. ભવિ૦ ॥૪॥ શ્રી ભદ્રબાહુ ને સંભૂતિ-વિજયજી, તસ બે રૂડા ગણધારરે. ભવિ૦ યુગ-પ્રધાનશ્રી સંભૂતિવિજયના, શ્રી સ્થુલિભદ્ર અવિકા-રરે. ભવિ૦ ॥૫॥ એ છએ શ્રી શ્રુતકેવલી જાણોં, ચૌદપૂર્વ શ્રુતધારરે. ભવિ૦ આર્ય મહાગિરિ આર્ય સુહસ્તિ, શાસનના શણગારરે. ભવિ૦ ॥૬॥ સવા લાખ જેણે ચૈત્યો કરાવ્યાં, સવા કોટી બિંબ સારરે. ભવિ૦ ત્રિખંડાધિપ સંપ્રતિરાજ એ, ધન ધન તસ અવતારરે. ભવિ૦ ॥૭॥ શ્રી આર્ય સુહસ્તિ ગુરુ અંતેવાસી, સુસ્થિત સુપ્રતિબુધ્ધરે. ભવિ૦ તેહના શ્રી ઇંદ્રદિન્ન ગણધરૂરે, આર્ય દિન્ન તસ શુદ્ધરે. ભવિ૦ ॥૮॥ તાસ શિષ્ય આર્યસિંહ-સૂરીશા, જાતિસ્મરણ જ્ઞાનવાનરે ભવિ૦ અંતે-વાસી તસ શ્રી વજ્રસ્વામી, દશ પૂર્વધરમાનરે. ભવિ૦ ॥૯॥ આર્ય વજ્રસેન તસ અંતેવાસી, અંતેવાસી તસ ચારરે. ભવિ૦ નાગિલ પૌમિલ જયંત તાપસ, સ્થવિર મંગલકારરે, ભવિ૦ ॥૧૦॥ પાપ નાશક શ્રી સ્થવિરાવલીનો સંક્ષેપ એહ અધિકારરે. ભવિ૦ ગુરૂ કર્પૂરસૂરિ અમૃત ભાખે પૂજતાં સફલ વિચારરે. ભવિ૦ ॥૧૧॥

૦ — ૦

॥ મંત્ર ॥

ઓઁ હ્રીઁ શ્રીઁ શ્રુતજ્ઞાનાય ( પરમપુરુષાય ) પરમેશ્વરાય જન્મજરામૃત્યુનિવારકાય સિદ્ધસુખદાયકાય સર્વશાસ્ત્રઅગ્રપદાય શ્રીમતે કલ્પસૂત્રાય જ્ઞાનસાધનાર્થં વાસક્ષેપં વસુ ( જલં ચંદનં ) પુષ્પં ધૂપં દીપં અક્ષતં નૈવેદ્યં ફલં યજામહે સ્વાહા.

॥ નવમી પૂજા પ્રારંભ ॥

॥ દૂહો ॥

વ્યાખ્યાન નવમું સાંભળો, સાધુનો આચાર;
ત્રીજી વાંચના જાણીએ, ઉતારે ભવપાર ॥૧॥

॥ ઢાળ ॥

રાગ–(રમક ઝમક મહાવીર ઘેર આવેરે, શમક દમક)

સાંભળો ભવિકજન સાધુ સામાચારીરે. સાધુ સામાચારીરે, શિવસુખકારીરે. સાં૦ આષાઢી ચૌમાસીથી દિવસ પચ્ચાસેરે, શ્રી વીરજિન આદિ પર્યુષણાકારીરે, સાં૦ ॥૧॥ લોચ અષ્ટમ તપ સર્વજિન પૂજારે, ખામણાં માંહે માંહે પ્રતિક્રમણકારીરે. સાં૦ ॥૨॥ વાર્ષિક પર્વ ભાદ્રપદ શુક્લ ચોથમાં, યુગપ્રધાન શ્રી કાલકસૂરિકારીરે. સાં૦ ॥૩॥ એક પગ જલમાં ને એક પગ થલમાં, નદી એમ ઉતરે પ્રભુ આજ્ઞાકારીરે. સાં૦ ॥૪॥

પાક્ષિક કૃત્ય જેમ કરાય બીજી ચૌદશે, તેમ બીજા ભાદરવામાં પર્યુષણકારીરે. સાં૦ ॥ ૫ ॥ જતાં આવતાં ગાઉ પાંચ અવગ્રહ ભાખ્યોરે, અવગ્રહ બહાર જરા નવિ સ્થિતિકારીરે. સાં૦ ॥૬॥ સોલ વીશ ગાઉનો ગ્લાન આદિ કારણે, અવગ્રહ ભાખ્યો પ્રભુ સાધુ હિતકારીરે, સાં૦ ॥૭॥ કારણ વિના વિગઇયો સાધુ નવિ વાપરે, વિગઇઓ ભવિજન ભવદુઃખકારીરે. સાં૦ ॥૮॥ મુનિ નવિ વાપરે રસનાની લાલચે, ગ્લાન માટે આણેલી ચીજ બહુ સારીરે. સાં૦ ॥૯॥ અણદિઠી વસ્તુ સાધુ સાધુ નવિ માગેરે, કૃપણ ઘરે માગતાં નવિ દોષ કારીરે. સાં૦ ॥૧૦॥ બીજી વાર ખાવે સાધુ શક્તિના અભાવેરે, સૂરિ પાઠક ગ્લાન આદિ વૈયાવૃત્યકારીરે. સાં૦ ॥૧૧॥ અષ્ટમની ઉપરે તપ તપનારો જે, સર્વ કાલમાંહે તેહ ગોચરીકારીરે. સાં૦ ॥૧૨॥ પડતા મેઘમાંહે જાવે નહિ ગોચરી, મુનિવર જિન કલ્પિક એ વિહારીરે. સાં૦ ॥૧૩॥ ચાલુ વરસાદમાં જાવે મુનિ ગોચરી, સ્થવિર કલ્પિકનો કલ્પ એ વિચારીરે. સાં૦ ॥૧૪॥ સાધુ સાધ્વી બે સાથે ઉભાં નવિ રહેરે, સાથે રહે જો પંચમ સાક્ષીકારીરે. સાં૦ ॥ ૧૫ ॥ બે સાધુ સાધ્વી ત્રણથી ઓછારે, વિચરે નહિ જેહ પ્રભુ આણાકારીરે. સાં૦ ॥૧૬॥ કરે સવિકાર્યો ગુરૂવરને

પૂછીને, સાધુ સાધ્વી જેહ ગુરુવચનકારીરે. સાં૦ ॥૧૭॥ કરુણાસાગર જે મહાવ્રતધારી તે, ડગલે ને પગલે જયણા ધર્મકારીરે. સાં૦ ॥૧૮॥ નવિ કલ્પે પ્રતિક્રમણ લોચ વિના વાર્ષિક, આરાધક મુનિ ઉપશમકારીરે. સાં૦ ॥૧૯॥ જઘન્યથી પણ એ કલ્પની આરાધના, સાત આઠ ભવમાં શિવ-સુખકારીરે. સાં૦ ॥૨૦॥ રાજગૃહનગરે સમવ-સરણમાં, એણી પેરે વીર પ્રભુ ઉપદેશકારીરે. સાં૦ ॥૨૧॥ ગુરુ કર્પૂરસૂરિ અમૃત એમ ભાખેરે, શિવસુખ ચાખે તે વીર સેવાકારીરે. સાં૦ ॥૨૨॥

:: કલશ ::

રાગ–(જિનવર પરમ દયાળ)

કલ્પસૂત્ર સુખકાર, ભવિકજન, કલ્પસૂત્ર સુખ-કાર. પૂજો તમે નરનાર ભવિકજન, કલ્પસૂત્ર, હિત-કાર. નવમા પ્રત્યાખ્યાનપ્રવાદ પૂર્વથી, કર્યો જેણે એ ઉદ્ધાર. ભ૦ યુગપ્રધાન શ્રી ભદ્રબાહુ સ્વામી, નમિયે તે વારંવાર. ભ૦ ॥૧॥ સૂત્ર એ સૂણીયે પર્વ વાર્ષિકમાં, જિનદર્શન શિવકાર. ભ૦ સર્વ સાધુને ભાવે વંદના કરિયે, મનવાંછિત પૂરનાર. ભ૦ ॥૨॥ કરો ભવિ વાર્ષિક પ્રતિક્રમણ ખામણાં, પાપ પડલ હરનાર. ભ૦ નાગકેતુ પેરે તપ અટ્ઠ-મનો, કરિયે સુખ કરનાર. ભ૦ ॥૩॥ હજાર બે

ને સાત ભાદરવામાં, શુદિ ચોથ ને બુધવાર. ભ૦ ભાણવડપુરમાં શાસનપ્રેમી, સંઘ સકલ ઉદાર. ભ૦ ॥૪॥ તપગચ્છનાયક સિદ્ધિસૂરીશ્વરૂ, રાજ્યે શાસન જયકાર. ભ૦ તપગચ્છાધિપ શ્રી બુટેરાયજી, બુદ્ધિ-વિજય ભંડાર. ભ૦ ॥૫॥ આણંદ હર્ષ ને પુષ્પ-વિજય ગણિ, શાસનના શણગાર. ભ૦ તાસ અનુ-જશ્રી કર્પૂરસૂરીશજી, ઘોર તપના તપનાર. ભ૦ ॥૬॥ તાસ શિષ્યે એ પૂજા બનાવી, ડાહી બુદ્ધિ કરનાર. ભ૦ શાન્તિનાથ પ્રભુ પાર્શ્વ પ્રભાવે, સંઘે હો મંગલ અપાર. ભ૦ ॥૭॥ ભણે ભણાવે ને સુણે એ પૂજા, તાસ પાર્શ્વ કમલા સાર. ભ૦ રયણે વધાવો ને મોતીડે વધાવો, અક્ષતે વધાવો શ્રીકાર. ભ૦ ॥૮॥

॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં શ્રુતજ્ઞાનાય ( પરમપુરુષાય ) પરમેશ્વરાય જન્મજરામૃત્યુનિવારકાય સિદ્ધિસુખદા-યકાય સર્વશાસ્ત્રઅગ્રપદાય શ્રીમતે કલ્પસૂત્રાય જ્ઞાનસાધનાર્થં વાસક્ષેપં વસું ( જલં ચંદનં ) પુષ્પં ધૂપં દીપં અક્ષતં નૈવેદ્યં ફલં યજામહે સ્વાહા ॥

૦ — ૦

## ॥ આગમની આરતિ ॥

રાગ–(તીરથની આશાતના નવિ કરિયે.)

આગમની ભવિ આરતિ ભાવે કરિએ, હાંરે ભાવે કરિએ ભવજલ તરિએ; હારે શુભ પુણ્યની પોઠી ભરિએ, હાંરે નાવે દુઃખ લગાર. આગમની૦ ॥૧॥ અગીયાર અંગ ને ઉપાંગ શુભ બાર, હાંરે દશ પયન્ના છે મનોહાર; હાંરે નંદિ ને અનુયોગ-દ્વાર. હાંરે છેદ છ મૂળ ચાર. આગમની૦ ॥૨॥ વીર પ્રભુથી અધિકી માની વાણી,હારે જેને બહુ-માનથી પહિચાણી; હાંરે તેણે માન્યા દેવ ગુણ-ખાણી, હાંરે તે પામે નિસ્તાર, આગમની૦ ॥૩॥ પાંચમો આરો નાગ જેવો વખાણ્યો, હાંરે તેનું ઝેર કાઢવા મણિ જાણો; હાંરે જિન બિંબ આગમ પ્રમાણો, હાંરે ન માને તે ગમાર. આગ-મની૦ ॥૪॥ દશ અછેરે દૂષિત કાલે, હાંરે પ્રભુ વિરહે અનાથતા સાલે; હાંરે પ્રભુ આગમ વિના ન ચાલે, હાંરે ભક્તિ ઉતારે પાર. આગમની૦ ॥૫॥ ગુરૂ કર્પૂરસૂરિ અમૃત એમ બોલે, હાંરે વીર આગમ જગમાં અમોલે; હાંરે એની જગમાં નહિ કોઇ તોલે; હાંરે એથી મંગળમાળ; આગમની૦ ॥૬॥

૦ — ૨

# :: મંગલદીવો ::

રાગ–(જિનવર પરમ દયાળ)

આગમ મંગળકાર, ભવિયાં આગમ મંગલ-કાર. મતિ શ્રુત અવધિ ને મનઃપર્યવ, કેવલજ્ઞાન ઉદાર. ભવિયાં૦ ॥૧॥ ચઉમુંગા શ્રુત સ્વપર પ્રકા-શક, ચૌદ ભેદે શ્રી કાર. ભવિયાં ॥૨॥ ધર્મરથનાં દોય ચક્રો ભાખ્યાં, નિશ્ચય ને વ્યવહાર. ભવિયાં૦ ॥૩॥ ખટદ્રવ્ય મય તત્ત્વપ્રકાશક, કહે નિક્ષેપા ચાર ભવિયાં૦ ॥૪॥ કેવલી પ્રભુ પણ માને છે શ્રુતને, હરે તે તમ અંધાર ભવિયાં૦ ॥૫॥ સુરનર કિન્નર પૂજિત આગમ, સુણે સફળ અવતાર. ભવિયાં૦ ॥૬॥ કહ્યા શ્રુતકેવલી કેવલી સરીખા, શ્રુત મહિમા અપાર. ભવિયાં ॥૭॥ કાલાદિક આઠ આચાર સેવતાં, બુદ્ધિ અપરંપાર. ભવિયાં૦ ॥૮॥ મંગળ દીવો આરતિ કરતાં, વિઘ્ન પીડા ન લગાર. ભવિ-યાં૦ ॥૯॥ ગુરુ કર્પૂરસૂરિ અમૃત બોલે, સંઘમાં હો જયકાર. ભવિયાં૦ ॥૧૦॥

o — o

# 卐 દેરાસરની વર્ષગાંઠ ઉજવણી 卐

## ધજા ચડાવવા અંગે

(૧) દેરાસરની વર્ષગાંઠ ઉજવવા માટે ઉત્સાહથી વિધિ કરવાની હોય તે અંગે (૧) **સત્તરભેદી પૂજા** રાખે તો તેમાં **નવમી ધ્વજ પૂજા** આવે તે વખતે આદેશ લેનાર ધજાઓ લઇને ઉભા રહે અને પછી ધ્વજ **પૂજા** ઠાઠથી ભણાવે પછી વાજતે–ગાજતે **દેરાસરની ત્રણ પ્રદક્ષિણા** કરી ઉપર ચડી **શુભ મુહૂર્તે ધજા** ચડાવે. પાલખ બાંધેલ હોય તેના ઉપર ચડી ને અગર ન ચડી શકાય તો દોરી બાંધી નીચેથી દોરી ખેંચી ઉપર ધજા ચડે તેમ કરવું. પરંતુ કાયમી સીડી કે કઠોડા ન કરવા. જો તે કરવામાં આવે તો પ્રતિષ્ઠાને હાની પહોંચે અને પક્ષીઓને કાયમી બેસવાનું મળે તથા અભક્ષ્ય લાવીને નાખે તેમ બને.

(૨) **સત્તર ભેદી પૂજા** ભણાવવાનો મેળ તો ન હોય **સ્નાત્ર ભણાવી** પછી આદેશ લેનાર **ધજા** લઈ ઉભા રહે માત્ર **સત્તરભેદી પૂજામાંથી નવમી ધ્વજ પૂજા** ભણાવી પછી મંત્ર બોલી વાજતે ગાજતે ત્રણ પ્રદક્ષિણા દેરાસરને કરી પછી ધજા ચડાવવી.

આંગી, પ્રભાવના સંઘજમણ યથા શક્ય કરવું.

## ધજાનું ગીત

રાગ–(મીઠા લાગ્યા તે મને આજના ઉજાગરા)

રૂડો લાગે છે પ્રભુ તારો ધજાગરો,
દેખું તો આનંદ થાય રે, અલબેલો તારો ધજાગરો. ૧
ઘુઘરી પવને એના રણકારા બોલતી,
ઉડતી જાણે હરખાયરે. અલ૦ ૨
દેખીને ધ્વજ આજ પ્રીતલડી જાગતાં,
ભેટણ આયો જિનરાયરે અલ૦ ૩
તમારા મુખડાને દેખી મોહ્યો હું,
મનડું મારૂં તો થોભી જાય રે. અલ૦ ૪
આજ તારા દર્શને દિલડું લગાવ્યું,
અમૃત પાન કરાય રે. અલબેલો૦ ૫

# પૂજા દૂહા–ગીતાવલી

(૧)

ગોઠીડા તું દ્વાર ઉઘાડ, પણ છે પૂજાનું,
પણ છે પૂજાનું મારે દિલ છે દેરાનું,
મ કરીશ વાર લગાર. પણ૦
જે માગે તે આપું તુજને, આપું નવલખ હાર. પણ૦
મારે જાવું છે જિન દરબાર પણ૦
મારે ભેટવા પારસ નાથ. પણ૦

(૨)

સોના રૂપાના સિદ્ધગિરિ શીખરો,
હીરાના કાંગરા જડાય, સિદ્ધગિરિ જાત્રાએ ચાલો.
એણે ડુંગરીએ ઝીણી ઝીણી કોરણી,
કોરણી અજબ જણાય. સિદ્ધગિરિ...............
ગિરિ ચડતાં આવે છે હીંગળાજનો હડો.
કુટયો ત્યાં પાપનો ઘડો, બાંધ્યો મેં પૂન્યનો પડો. સિદ્ધ૦

(૩)

તાળી વાગે થાળી વાગે, ઘૂઘરા વાગે સઈ;
આ પૂજા સાંભળવી હોય તો, ગડબડ કરશો નહિ.
સામાયિક કરજો પડિક્કમણા કરજો,

ચોવિહાર કરજો સઈ;
મુક્તે જવાની ઇચ્છા હોય તો,
રાત્રે ખાશો નહિ. તાળી૦

(૪)

જોવો છે જોવો છે, પ્રભુ તારો મુલક મારે જોવો છે.
જોવો છે ભવ ખોવો છે. પ્રભુ૦
તારા મુલકમાં સુખ છે અનંતું,
આ સંસારમાં દેખે ના જંતું,
મારા મનડાને એ બહુ ગમતું. તારો૦

(૫)

દેવ આવો જગતમાં નહિ મળે રે,
સહુ સ્નેહે પૂજો અરિહંત, દેવ૦
લાખચોરાસીમાં ભમતાં થકા રે,
મહા ભાગ્યે મળ્યા ભગવંત. દેવ૦

(૬)

મહાવીર સુકાની થઈને સંભાળ, નૈયાં મધ–દરિયે ડૂબતી,
સાચો કિનારો કંઈક બતાવ, તું છે જીવનનો સારથી.
જીવન નૈયા ભવ સાગરમાં ડૂબતી,
આફતની આગમાં અંધારે ઝુલતી,
વાગે માયાના મોજા અપાર, હાંકું હું તારા આધારથી. મહા૦

(૭)

સિદ્ધાચલનો વાસી પ્યારો, લાગે મોરા રાજિંદા
એણે રે ડુંગરીએ ઝીણી ઝીણી કોરણી (૨)
ઉપર શિખર બિરાજે મોરા રાજિંદા. સિદ્ધા૦

(૮)

પ્યારો લાગે મને સારો લાગે, દરિસનમેં ગંભીરો જી.
પ્યારો લાગે.

સોના કેરી ઝારિયાં ને માંહે ભર્યાં પાણી,
ન્હવણ કરાવું મેરે જિનજીકે અંગ. દરિસન૦
કેશર ચંદને ભર્યા રે કચોળા,
પૂજા કરૂં મેરા પ્રભુજીકે અંગ. દરિસન૦

(૯)

હંસલો ચાલ્યો જવાનો એકલો રે,
ત્યાં નથી કોઈનો રે સંઘાત...હંસલો૦
રસ્તો વિકટ ઘણો આવશે રે
ભોમિયો લેજો તમે સંઘાત...હંસલો૦
સદ્‌ગુરૂ રસ્તો બતાવશે રે,
જો જો ભૂલી ન જાતા વાટ...હંસલો૦
ભક્તિ તણું ભાતું તમે બાંધજો રે,
ત્યાં નથી વાણીયા કેરા હાટ...હંસલો૦

(૧૦)

વાગે છે વાગે છે દેરાસર વાજા વાગે છે,
એનો શબ્દ ગગનમાં ગાજે છે. દેરાસર૦
એનો દેવલોક ડંકો વાગે છે. દેરાસર૦
પ્રભુ સમવસરણમાં બિરાજે છે,
જશ ચોત્રીશ અતિશય છાજે છે,
ગુણ પાંત્રીસ વાણીએ ગાજે છે. દેરાસર૦

(૧૧)

તારો રથડો તે પાછો વાળ રે નેમજી છોગાળા.
મને આ ભવ પાર ઉતાર રે નેમજી છોગાળા,
શેર–રાજુલ ઉભાં અટારીયે, જોતા જાનની વાટ,
નેમજી રથમાં આવતો, ત્યાં તો ઉડે અબીલ ગુલાલ
રે. નેમજી૦

(૧૨)

તમે રે સહારા રે મંગળ ધામના
હો મારે શરણા તમારા લેવા. સહારા રે.
કૃપાળુ દેવ મારી વાસના નિવારો,
ભૂલા પડેલાનો પંથ અજુવાળો,
હો મારે કર્મોના ત્રાસને સહેવા. સહારા.
ભવનાં બજારે સુખ લેવાને નિસર્યો,
સુખના ભંડાર તારા સાવ હું વિસર્યો,
હો દુઃખડાં કોને જઇ કહેવા. સહારા.

(૧૩) કંકોતરી

કંકુ છાંટી કંકોતરી મોકલી,
માંહી લખીયાં છે શુભ સંદેશ, પૂજામાં પધારજો,
પહેલી કંકોતરી! મોકલી, શત્રુંજય આદિનાથ...પૂજામાં
બીજી કંકોતરી મોકલી, ગીરનારે નેમ પાસ...પૂજામાં
જાગો જાગો હો નેમ તેડાં આવીયાં,
રાણી રાજુલ જુએ છે વાટ...પૂજામાં

—૦—

(૧૪)

અજનો લ્હાવો લીજીએ રે કાલ કોણે દીઠી છે.
અવસરીયું વહી જાય છે રે ,,
પ્રભુજીની પૂજા રચાવીએ રે ,,
પ્રભુજીને આંગીઓ રચાવીએ રે ,,
લક્ષ્મીનો લાહો લીજીએ રે ,,
દાટયું હોય તો કાઢજો રે ,,
નાણું મળશે ટાણું નહિ મળે રે ,,
નરભવ લાહો લીજીએ રે ,,

(૧૫)

જૈનબંધુ આજે ચાલો સર્વ સાથે,
પ્રભુજીની પૂજા ભણાવવાને કાજે.
મેરૂ શિખરે આવે સઘળા ઈન્દ્રો ભાવે,
પ્રભુજીનું સ્નાત્ર ભણાવવાને કાજે. જૈન૦

(૧૬)

આનંદમંગલ ગાવો, જૈન ધર્મનો લેવો લ્હાવો,
મારા બંધુ અવસર આવો નહિ આવશે.
ફરીથી મળશે નાણું, પણ નહિ મળે આ ટાણું
લ્હાવો લેવો તે આપણું તો કામ છે.

(૧૭)

આજ માર દેરાસરમાં મોતીના મેહ વરસ્યા રે,
મોતીના મેહ વરસ્યા ત્યારે,
સોનાના મેહ વરસ્યા રે. આજ૦

પ્રભુજી તમારૂં મુખડું જોતાં,
હૈયાં સૌના હરખ્યા રે. આજ૦
ઝગમગ ઝગમગ જ્યોતિ ઝળકે,
વરસે અમીરસ ધારા રે. આજ૦

(૧૮)

સિદ્ધગિરિસ્વામી આદિ જિણંદ
કાપો હમારા ભવના ફંદ
દેવ હમારા શ્રી અરિહંત, ત્યાગી હમારા ગુરૂ ગુણવંત;
શ્રી જિનભાષિત હમારો ધર્મ, જેથી લઇએ સુર શિવશર્મ.
પહેલું શરણ હો શ્રી અરિહંત,
બીજું શરણ હો સિદ્ધ ભગવંત;
ત્રીજું શરણ હો ગુરૂ ગુણવંત,
ચોથું શરણ હો ધર્મ જયવંત.
શ્રી અરિહંત પરમાત્મા, શ્રી સિદ્ધ ભગવાન રે;
સૂરિ વાચક સાધુ નમું, ભાવધરી બહુમાન રે.

## (૧૯) ઉત્સવના દિવસો

રાગ—(સાવનકા મહિના)

ઉત્સવના દિવસો હાંરે ભક્તિના છે શોર
મનડાંઓ ડોલે એવા જાણે વનમાં નાચે મોર...
મંડપ અજબ રોપે રે જિનૈયા
શણગાર ગજબ શોહે રે સદૈયા
આવે ગવઇયા કે ગાવે, ગીતો રે કાંઇ જોર. મનડાંઓ૦ ૧

## (૨૦) વિનવે રાજુલ સતી

રાગ–(તને સાચવે સીતા સતી...)

તમને વિનવે રાજુલ સતી, જિણુંદ શ્રી જગતપતિ
તમે સાંભળો યાદવપતિ, જિણુંદ શ્રી જગતપતિ.
હું તો જોતી'તી જાનની વાટ પ્રભુ,
મારે આંગણે આવ્યા સ્નેહે વિભુ; (૨)
મને થયો રે આનંદ અતિ...જિણુંદ૦

## (૨૧) આંગી પૂજા

રાગ–(સોના વાટકડી રે.)

સોના વાટકડી રે, કેશર ભર્યાં ભવિકજન.
લાલ ગુલાબી એનો રંગ, કેશર૦
પૂજા કરૂં હું જિનવર અંગે.
આંગીઓ રચું મનરંગ કેશર૦
સોનારૂપાની આંગીઓ રચાવું,
હીરા શોભાવું ઉછરંગ. કેશર૦

## (૨૨) જ્ઞાનની જયોતિ

રાગ–(જયોતિ સે જયોત)

જ્ઞાનની જયોતિ પ્રકાશ કરો, જિનવર અમને પાર કરો,
પાર કરો ઉદ્ધાર કરો, જિનવર અમને પાર કરો.
નવલાં ભોજન ભોગના રસમાં, અંધ બની લલચાયો;
કોમળ કામક્રીડાનાં પાશમાં, મોહવશે લપટાયો;
બોધ લીધો (૨) નહિ નાથ ખરો, જિનવર અમને.

## (૨૩) છુમ છુમ નાચ

રાગ–(જ્યોત સે જ્યોત જગા કે ચલો)

છનનન છુમ છુમ નાચ કરો, પ્રભુ ભક્તિનો લાભ વરો;
ધ્રાં ધ્રાં ધનનન નાદ કરો, પ્રભુ ભક્તિનો લાભ વરો,
સિદ્ધાચલની યાત્રા કરવાને ચલો.
પ્રભુ ભક્તિમાં મસ્ત બનીને, મંદોદરી ભવ્ય નાચ કરે;
ગીત સંગીતમાં લીન થઇને, રાવણ વીણા વાદન કરે;
ભક્તિનો (૨) રસ જામ્યો ખરો, પ્રભુ ભકિતનો.
વીણાનો તવ તાર તૂટયો, રાવણનો નવિ ભાવ ખૂટયો;
નસ ખેંચી તેણે તાર બાંધ્યો, તાર તુટયો નવિ તાલ તૂટયો;
બાંધે એ (૨) જિનપદ ખરો, પ્રભુ ભકિતનો.

## (૨૪) જીવનનું મૂલ

રાગ–(આ દુનિયાની રંગભૂમિ પર...)

આ જીવનની રંગભૂમિ પર,
કોઈ ભરે ફુલ તો કોઈ ભરે ધૂળ,
જાણે ના જીવડા જીવનનું મૂલ.
એકવાર સુખી તો એકવાર દુઃખી
એકવાર કાજી તો એકવાર પાજી;
સંસાર સાગરમાં તોયે મુંઝાયો,
સમજે ના ભૂલ તો જીવન છે ડૂલ. જાણે૦
સાચા છે જિનદેવ, સાચી છે વાણી,
આધાર છે આજ્ઞા બાકી ધૂળધાણી;
જિનવર વચનથી જાણી લેજેરે,
ભકિત છે ફુલ ને વિષય છે ધૂળ. જાણે૦

## (૨૫) પ્યારા પારસનાથ

પત્થરને પારસ કરનારા, પ્યારા પારસનાથ
જંગલમાં મંગલ કરનારા, પ્યારા પારસનાથ
ભવ વનમાં હું રખડી રહ્યો છું,
નર્ક નિગોદના દુઃખે દહ્યો છું;
દુઃખીને અમૃત સીંચનારા, પ્યારા પારસનાથ

## (૨૬) જાગો આત્મા

જાગો રે આત્મા, ઉઠો રે આત્મા,
કરજો હિતના કામ, આત્મા જાગો રે,
અરિહંત દેવની, ભકિતને ધારજો,
સદ્ગુરૂવરની સેવાને સ્વીકારજો.
જાજો હો ધર્મની વાટ, આત્મા જાગો રે.
શ્રદ્ધાનું દીવેલ દીપકમાં પૂરો,
જ્ઞાનની વાટ હો મજબૂત મૂકો,
પ્રગટાવો આતમ દીપ. આત્મા જાગો રે.

## (૨૭) શેત્રુંજય હેલો

રાગ–(રામદેવ પીર) દોહા

શત્રુંજય સમરૂં સદા, અને સોરઠ દેશ મોઝાર.
મનુષ્ય જન્મ પામી કરી, વંદુ વારંવાર
હે...હેલો મારો સાંભળો ને શત્રુંજયના રાયા
નાભી રાજાના બેટડા ને, મરૂદેવીના લાલ
મારો હેલો સાંભળો, હોહો...

## (૨૮) ઘંટડી

વાગે ઘડિયાળની ઘંટડીને કાંઇ
સમજણ દેતી જાય રે. ઘંટડી વાગે છે.
એક વાગે ત્યારે એવું બતાવે,
એકલો આવ્યો જીવ રે. ઘંટડી૦
બે વાગે ત્યારે એવું બતાવે, રાગ દ્વેષ દોય છોડ રે ઘંટડી૦
ત્રણ વાગે ત્યારે એવું બતાવે, ત્રણ તત્ત્વોને સેવ રે. ઘંટડી૦
ચાર વાગે ત્યારે એવું બતાવે ચારે કષાયો છોડ રે. ઘંટડી૦

## (૨૯) મુક્તિનગરની ગાડી

બેસવું હોય તો બેસી જાવ, ગાડી ઉપડી જાય છે.
ગાડી ઉપડી જાય છે, શિવસુખ ભેટાય છે. બેસવું૦
ભકિતનગરના બે પાટાઓ, મુકિતનગરમાં જાય છે;
મુકિતનગરની ટીકીટ માટે, પડાપડી થાય છે. બેસવું૦
સમ્યગ્જ્ઞાનની ટીકીટ માટે, સમકિત છાપ લગાય છે;
જિનશાસનની ગાડી માંહે, ચારિત્ર લઇ બેસાય છે. બેસવું૦
અરિહંત દેવે ગાડી ચલાવી, ગુરુજી ગાર્ડ ગણાય છે;
શ્રદ્ધાની જો સીટી વાગે, જિનેન્દ્ર પદ પમાય છે. બેસવું૦

## (૩૦) સિદ્ધાચલની યાત્રા

રાગ–(જ્યોતસે જ્યોત જગાકે ચલો...)

સિદ્ધાચલની યાત્રા કરવાને ચલો,
પ્રભુજીનાં દર્શન કરવાને ચલો.

ઋષભદેવના દર્શન કરવાને ચલો.

સિદ્ધગિરિ સિધ્યા આત્મા અનંતા, સાધી આતમ કાજ;
ચૌદ ક્ષેત્રમાં તીર્થ ન એવું, ભવસાગર એ પાજ,
આદિ જિનેશ્વર (૨) દર્શન ચલો. પ્રભુજીના૦

## (૩૧) નવકાર કેવો મજાનો !

રાગ–(ખમ્મા મારા...)

આવો આવો જપ કરીએ નવકાર કેવો મજાનો !
કેવો મજાનો ભાઈ કેવો મજાનો ?
સેવતાં શિવસુખ થાય. નવકાર૦
અડસઠ અક્ષર એના જાણો, અડસઠ તીરથ સાર. નવકાર૦
નવપદ એના નવનિધિ આપે,
જપતાં શિવસુખ થાય. નવકાર૦
શ્રીનવકારથી શ્રીમતી સતીને,
સર્પ થાયે ફૂલની માળ. નવકાર૦
એ નવકારથી અમરકુમારને, અગ્નિ સિંહાસન થાય. નવકાર૦

## (૩૨) આદિનાથને વંદન હમારા

રાગ : (દેશી)

સિદ્ધાચલના વાસી, વિમલાચલના વાસી,
જિનજી પ્યારા, આદિનાથને વંદન હમારા. (ટેક)
પ્રભુજીનું મુખડું મલકે,
નયનો અમી વરસે અમીરસધારા,

આદિનાથને વંદન હમારા.
પ્રભુજીનું મુખડુ છે મલક મિલાકર,
દિલ મેં ભક્તિ કી જ્યોત જગાકર;
ભજીલે પ્રભુને ભાવે, દુર્ગતિ કદી નહીં આવે.
જિનજી પ્યારા, આદિનાથને-(૧)

## (૩૩) રવિવારની ભક્તિ

રાગ-(જીંદગી એક સફર)

હું તને ભજું છું રવિવારે, બાકી કયાં છે સમય પ્રભુ મારે.
પૈસો મારો પરમેશ્વર, પૂજું એને હું પલ પલ
તારી પૂજા કરૂં રવિવારે, બાકી કયાં છે૦
એમ તો હંમેશાં મંદિરે આવું, આવું એવો પાછો સિધાવું,
બે ઘડી બેસું છું રવિવારે, બાકી કયાં છે૦

## (૩૪) હે શંખેશ્વર

રાગ-(આને સે ઉસકે આએ બહાર)

આશ ભરીને આવ્યો સ્વામી,
ભક્તિમાં નહી રાખું ખામી,
પુરજો મારી આશ-હે શંખેશ્વરા,
રાખો મારી લાજ-હે શંખેશ્વરા,
તારો તારો પ્રભુજી, હું જેવો છું તેવો તમારો,
પાર કરો ઉદ્ધાર કરો.
વિનંતી સુનો મહારાજ-હે શંખેશ્વરા.

## શંખેશ્વરના વાસી

શંખેશ્વરના વાસી, મારે હૈયે કરજો વાસ,
કેમ વીસારૂં વામાનંદન, જ્યાં લગી શ્વાસોશ્વાસ,
—શંખેશ્વરના વાસી મારે...
શ્વાસોશ્વાસે સમરૂં સ્વામી, જીવનના આધાર, શંખે૦

## (૩૫) પ્રભુ ગુણ ગાયા

ભલું થયુને અમે પ્રભુ ગુણ ગાયા, રસનાનો રસ લીધો રે...
રાવણ રાયે નાટક કીધું, અષ્ટાપદગિરિ ઉપરે...ભલું
થૈયા થૈયા નાટક કીધું, તીર્થંકર પદ બાંધ્યો રે...
થાળ ભરી મોતીડે વધાવો, પ્રભુજીને ફૂલડે વધાવો રે...ભલું
દેવચંદ્ર કહે મારા રે મનના, સફલ મનોરથ સિધ્ધા રે...
એ પૂજા જે ભણે ભણાવે, તસ ઘર મંગળ હોજો રે...ભલું

## (૩૬)

ભવિ ભાવે દેરાસર આવો, જિણંદવર જય બોલો;
પછી પૂજન કરી શુભ ભાવે, હૃદયપટ ખોલોને ॥ એ દેશી ॥

## (૩૭)

લાવે લાવે મોતીશા શેઠ, ન્હવણ જળ લાવે છે;
ન્હવરાવે મરુદેવાનંદ, પ્રભુ પધરાવે છે.
સહુ સંઘને હરખ ન માય, ન્હવણ જળ લાવે છે;
મારી બ્હેનોને હરખ ન માય, પ્રભુ પધરાવે છે. ॥ એ દેશી ॥

## (૩૮)

રંગે રમે આનંદે રમે, આજ દેવ દેવીઓ રંગે રમે;
પ્રભુજીને દેખી મોટા ભૂપ નમે—આજ દેવ૦

પ્રભુજીને પાસે સોનીડો રે આવે,
મુગટ ચઢાવી પ્રભુજી પાય નમે–આજ દેવ૦
પ્રભુજીને પાસે માળીડો રે આવે,
હાર ચઢાવી પ્રભુ પાય નમે–આજ દેવ૦

## (૩૯) પોંખણાનું ગીત

રાગ–(મીઠા લાગ્યા...યા...રૂડો લાગે છે...)

હોંશે હોંશે આવે પ્રભુજીને પોંખવા
સોહાગણ હર્ષ ન માય રે
પ્રેમે પ્રેમે પ્રભુજીને પોંખીએ.
પહેલું પોખણું ધોંસરૂં જાણીએ,
ધોંસરૂં ગાડલે મૂકાય રે. પ્રેમે૦
ધર્મનું ધોસણું તેમ ઉપાડીએ,
સંસારથી પાર પમાય રે. પ્રેમે૦ ૧
બીજે પોંખણે મુસલ જાણીએ,
મુસલ ખાંડણીએ મૂકાય રે. પ્રેમે૦
મુસલથી જેમ તંદુલ કાઢીએ,
કર્મથી જીવ જુદો થાય રે. પ્રેમે૦ ૨
ત્રીજે પોંખણે રવૈયો જાણીએ,
રવૈયો ગોળીએ મૂકાય રે. પ્રેમે૦
રવૈયે જેમ માખણ નીપજે,
મોક્ષ સુખ તેમ લેવાય રે. પ્રેમે૦ ૩
ચોથે પોંખણે ત્રાકને જાણીએ, ત્રાકે તે સૂતર થાય રે. પ્રેમે૦

સંસારમાંહે પ્રભુજી પોંખી,
શિવમાલા શીઘ્રપ્હેરાય રે. પ્રેમે૦ ૪
પાંચમે પોંખણે સરૈયો જાણીએ,
સરૈયે સર્વ વસ્તુ થાય રે. પ્રેમે૦
સર્વ મંગલ તેમ ધર્મથી થાયે.
કુમકુંમ અક્ષતે વધાય રે. પ્રેમે૦ ૫
વરઘોડાને સામૈયા આદિમાં મંગલ પોંખણા કરાય રે. પ્રેમે૦
પાંચે મંગલ એમ નારીવૃંદ ગાવે,
જિનેન્દ્ર લાગે પાય રે. પ્રેમે૦ ૬

## શ્રી શત્રુંજયના ૨૧ નામ સંબંધી ખમાસમણના દૂહા.

(૧)

**સિદ્ધાચલ સમરૂં સદા, સોરઠ દેશ મોઝાર;**
**મનુષ્ય જન્મ પામી કરી, વંદૂ વાર હજાર. ૧**
અંગ વસન મન ભૂમિકા, પૂજોપગરણ સાર;
ન્યાય દ્રવ્ય વિધિ શુદ્ધતા, શુદ્ધિ સાત પ્રકાર. ૨
કાર્તિક સુદિ પુનમ દિને, દશ કોડી પરિવાર;
દ્રાવિડ ને વારિખિલ્લજી, સિદ્ધ થયા નિરધાર. ૩
તિણે કારણ કાર્તિકી દિને, સંઘ સકલ પરિવાર;
આદિ દેવ સમ્મુખ રહી, ખમાસમણ બહુ વાર. ૪
એકવીસ નામે વર્ણવ્યો, તિહાં પહેલું અભિધાન;
'શત્રુંજય' શુકરાજજી. જનક વચન બહુમાન.
સિદ્ધાચલ૦ ૫

(૨)

સમોસર્યા સિદ્ધાચલે, પુંડરિક ગણધાર;
લાખ સવા મહાતમ કહ્યું; સુરનર સભા મોઝાર. ૬
ચૈત્રી પુનમને દિને, કરી અણસણ એક માસ;
પાંચ ક્રોડી મુનિ સાથશું, મુક્તિ નિલયમાં વાસ. ૭
તેણે કારણ 'પુંડરિકગિરિ' નામ થયું વિખ્યાત;
મન વચ કાયે વંદીએ, ઉઠી નિત્ય પ્રભાત.
સિદ્ધાચલ૦ ૮

(૩)

વીશ ક્રોડીશું પાંડવા, મોક્ષ ગયા ઇણે ઠામ;
એમ અનંત મુક્તે ગયા, 'સિદ્ધક્ષેત્ર' તીર્થ નામ.
સિદ્ધાચલ૦ ૯

(૪)

અડસઠ તીરથ નહાવતાં, અંતરંગ ઘડી એક;
તુંબી જલ સ્નાને કરી, જાગ્યો ચિત્ત વિવેક. ૧૦
ચંદ્રશેખર રાજા પ્રમુખ, કરમ કઠણ મલધામ,
અચલ પદે વિમલા થયા, તિણે 'વિમલાચલ' નામ'
સિદ્ધાચલ૦ ૧૧

(૫)

પર્વતમાં સુર ગિરિ વડો, જિન અભિષેક કરાય;
સિદ્ધ હુઆ સ્નાતક પદે, સુર ગિરિ નામ ધરાય. ૧૨
અથવા ચૌદ ક્ષેત્રમાં, એ સમ તીરથ ન એક;
તિણે' સુરગિરિ' નામે નમું, જ્યાં સુર વાસ અનેક.
સિદ્ધાચલ૦ ૧૩

(૬)

એંસી યોજન પૃથુલ છે, ઉંચપણે છવ્વીશ;
મહિમાએ મોટો ગિરિ, 'મહાગિરિ' નામ નમીશ.
સિદ્ધાચલ૦ ૧૪

(૭)

ગણધર ગુણવંતા મુનિ, વિશ્વમાંહે વંદનિક;
જેહવો તેહવો સંયમી, એ તીરથે પૂજનિક. ૧૫
વિપ્ર લોક વિષધર સમા, દુઃખીયા ભૂતલ માન;
દ્રવ્યલિંગી કણ ક્ષેત્ર સમ, મુનિવર છીપ સમાન. ૧૬
શ્રાવક મેઘ સમા કહ્યા, કરતા પુણ્યનું કામ;
પુણ્યની રાશિ વધે ઘણી, તેણે 'પુણ્યરાશિ' નામ.
સિદ્ધાચલ૦ ૧૭

(૮)

સંયમ ધર મુનિવર ઘણા, તપ તપતા એક ધ્યાન;
કર્મ વિયોગે પામીયા, કેવળ લક્ષ્મી નિધાન. ૧૮
લાખ એકાણું શિવ વર્યા, નારદશું અણગાર;
નામ નમો તેણે આઠમું, 'શ્રી પદ' ગિરિ નિરધાર.
સિદ્ધાચલ૦ ૧૯

(૯)

શ્રી સીમંધર સ્વામીએ, એ ગિરિ મહિમા વિલાસ;
ઇન્દ્ર આગે વર્ણવ્યો, તેણે એ 'ઇન્દ્ર પ્રકાશ'
સિદ્ધાચલ૦ ૨૦

(૧૦)

દશ કોટી અણુવ્રતધરા, ભકતે જમાડે સાર;
જૈન તીર્થ યાત્રા કરે, લાભ તણો નહિં પાર. ૨૧
તેહ થકી સિદ્ધાચલે, એક મુનિને દાન;
દેતાં લાભ હુવે ઘણો, 'મહા તીરથ" અભિધાન.
સિદ્ધાચલ૦ ૨૨

(૧૧)

પ્રાયે એ ગિરિ શાશ્વતો, રહેશે કાલ અનંત;
શત્રુંજય મહાતમ સુણી, નમો 'શાશ્વત ગિરિ' સંત
સિદ્ધાચલ૦ ૨૩

(૧૨)

ગૌ નારી બાળક મુનિ, હત્યા ચાર કરનાર;
જાત્રા કરતાં કાર્તકી, ન રહે પાપ લગાર. ૨૪
જે પરદારા લંપટી, ચોરીના કરનાર;
દેવદ્રવ્ય ગુરૂદ્રવ્યના, જે વલી ચોરણહાર. ૨૫
ચૈત્રી કાર્તિક પુનમે, કરે જાત્રા ઇણે ઠામ;
તપ તપતાં પાતિક ગલે, તેણે 'દૃઢ શક્તિ' નામ.
સિદ્ધાચલ૦ ૨૬

(૧૩)

ભવ ભય પામી નીકલ્યા, થાવચ્ચા સુત જેહ;
સહસ મુનિશું શિવ વર્યા, મુક્તિ નિલય ગિરિ'તેહ.
સિદ્ધાચલ૦ ૨૭

(૧૪)

ચંદા સુરજ બેઉ જણા, ઉભા ઇણે ગિરિ શૃંગ;
કરી વર્ણવને વધાવીયો, 'પુષ્પદંત ગિરિ' રંગ.
સિદ્ધાચલ૦ ૨૮

(૧૫)

કર્મ કઠણ ભવજલ તરી, ઇહાં પામ્યા શિવ સદ્મ;
પ્રાણી પદ્મ નિરંજની, વંદો ગિરિ 'મહા પદ્મ'
સિદ્ધાચલ૦ ૨૯

(૧૬)

શિવ વહુ વિવાહ ઓચ્છવે, મંડપ રચીયો સાર;
મુનિવર વર બેઠક ઘણી, 'પૃથ્વી પીઠ' મનોહાર.
સિદ્ધાચલ૦ ૩૦

(૧૭)

શ્રી 'સુભદ્ર ગિરિ' નમો, નામ તે મંગલરૂપ;
જલ તરૂ રજ ગિરિવર તણી, શીષ ચઢાવે ભૂપ.
સિદ્ધાચલ૦ ૩૧

(૧૮)

વિદ્યાધર સુર અપ્સરા, નદી શેત્રુંજી વિલાસ;
કરતા હરતા પાપને, ભજીએ ભવિ 'કૈલાસ'
સિદ્ધાચલ૦ ૩૨

(૧૯)

બીજા નિર્વાણી પ્રભુ, ગઇ ચોવીશી મોઝાર;
તસ ગણધર મુનિમાં વડા, નામે કદંબ અણગાર. ૩૩

પ્રભુ વચને અણુસણ કરી, મુક્તિપુરીમાં વાસ;
નામે 'કદંબગિરિ' નમો, તો હોય લીલ વિલાસ.
સિદ્ધાચલ૦ ૩૪

(૨૦)

પાતાલે જસ મૂલ છે, 'ઉજ્જવલગિરિ'નું સાર;
ત્રિકરણ યોગે વંદતાં, અલ્પ હોયે સંસાર.
સિદ્ધાચલ૦ ૩૫

(૨૧)

તન મન ધન સુત વલ્લભા, સ્વર્ગાદિ સુખ ભોગ;
જે વંછે તે સંપજે, શિવ રમણી સંયોગ. ૩૬
વિમલાચલ પરમેષ્ઠિનું, ધ્યાન ધરે ષટ્ માસ;
તેજ અપૂર્વ વિસ્તરે, પૂરે સગલી આશ. ૩૭
ત્રીજા ભવે સિદ્ધિ લહે, એ પણ પ્રાયિક વાચ;
ઉત્કૃષ્ટા પરિણામથી, અંતર મુહૂર્ત્ત સાચ. ૩૮
સર્વ 'કામદાયક' નમો, નામ કરી ઓળખાણ;
શ્રી **શુભવીર વિજય** પ્રભુ, નમતાં ક્રોડ કલ્યાણ.
સિદ્ધાચલ૦ ૩૯

# ॐ આરતિઓ ॐ

## ૧ ॥ શ્રી શાંતિજિન આરતિ ॥

જય જય આરતિ શાંતિ તુમારી, તોરા ચરણુકમલકી મેં જાઉં બલિહારી જય૦ ॥૧॥ વિશ્વસેન અચિરાજી કે નંદા, શાંતિનાથ મુખ પૂનમચંદા જય૦ ॥૨॥ ચાલીસ ધનુષ સોવનમય કાયા, મૃગ લંછન પ્રભુ ચરણુ સુહાયા જય૦ ॥૩॥ ચક્રવર્તી પ્રભુ પાંચમા સોહે, સોલમા જિનવર જગ સહુ મોહે જય૦ ॥૪॥ મંગલ આરતિ ભોર હિ કીજે, જન્મ જન્મનો લાહો લીજે જય૦ ॥૫॥ કર જોડી સેવક ગુણુ ગાવે, સૌ નર નારી અમર પદ પાવે જય૦ ॥૬॥

## ૨ ॥ શ્રી આદિજિન આરતિ ॥

અપચ્છરા કરતી આરતિ જિન આગે, હાંરે જિન આગે રે જિન આગે, હાંરે એ તો અવિચળ સુખડાં માગે. હાંરે નાભિનંદન પાસ. અપચ્છરા કરતી આરતિ જિન આગે ॥ ૧॥ તા થેઈ નાટક નાચતી પાય ઠમકે, હાંરે દોય ચરણે ઝાંઝર ઝમકે; હાંરે સોવન મય ઘૂઘરી ઘમકે, હાંરે લેતી ફૂદડી બાળ. અ૦ ॥ ૨॥ તાલ મૃદંગ ને વાંસળી ડફ વીણા, હાંરે રૂડા ગાવંતી સ્વર ઝીણા; હાંરે મધુર સુરાસુર વયણાં, હાંરે જોતી સુખડું નિહાલ. અ૦ ॥૩॥ ધન્ય મરુદેવા માતને પ્રભુ જાયા, હાંરે તોરી કંચનવરણી કાયા; હાંરે મેં તો

પૂરવ પુન્યે પાયા, હાંરે દેખ્યો પ્રભુનો દેદાર. અ૦ ॥૪॥ પ્રાણજીવન પરમેશ્વર પ્રભુ પ્યારો, હાંરે પ્રભુ સેવક છું હું તારો; હારે ભવોભવના દુઃખડાં વારો, હાંરે તુમે દીન દયાળ અ૦ ॥૫॥ સેવક જાણી આપનો ચિત્ત ધરજો, હાંરે મોરી આપદા સઘળી હરજો; હારે **મુનિ માણેક** સુખીઓ કરજો, હાંરે જાણી પોતાનો બાળ. અપચ્છરા કરતી આરતિ જિન આગે ॥૬॥

## ૩ ॥ શ્રી મહાવીર સ્વામીની આરતિ ॥

જય દેવ જય દેવ, જય સુખના સ્વામી (પ્રભુ૦ ૨) તુજને વંદન કરીએ (૨), ભવભવના ભામી જય દેવ૦ ॥ ૧॥ સિદ્ધારથના સુત, ત્રિશલાના જાયા પ્રભુ૦ (૨); જશોદાના છો કંથજી (૨), ત્રિભુવન જગરાયા. જય દેવ૦ ॥૨॥ બાળપણમાં આપ, ગયા રમવા કાજે; (પ્રભુ૦ ૨) દેવતાએ દીધો પડછાયો (૨), બીવરાવવા કાજે. જય૦ ॥ ૩ ॥ એકવારનું રૂપ લીધું છે નાગનું (પ્રભુ૦૨); બીજી વારનું રૂપ (૨), લીધું બાળકનું જય દેવ૦ ॥૪॥ બાળક બીના સઉ, પોતે નથી બીતા (પ્રભુ૦ ૨); દેવતાનું કાંઇ ન ચાલ્યું (૨). હારી જતા રે'તા જય દેવ૦ ॥૫॥ એવા છે ભગવાન, મહાવીર તમે જાણો (પ્રભુ૦ ૨); વંદે છે સઉ તેને (૨), નમે રાય રાણો. જય દેવ૦ ॥૬॥

## ૪ ॥ ચોવીસ તીર્થંકરની આરતિ ॥

જયદેવ જયદેવ, જય જય જિનચંદા (પ્રભુ૦ ૨),

પરમ મહેશ્વર દેવા (૨), અમૃત સુખકંદા. જયદેવ૦ ॥૧॥ આદીશ્વર જિનરાજ, સુનંદા સ્વામી (પ્રભુ૦ ૨); અજિત અચળપદ પામ્યા, (૨) સંભવ ગુણગ્રામી. જય૦ ॥૨॥ અભિનંદન ભગવાન, સુમતિ જગ ત્રાતા પ્રભુ (૨); પદ્મ સુપાર્શ્વ જિણંદા (૨), અભયદાન દાતા. જય૦ ॥૩॥ ચન્દ્ર સુવિધિ જગનાથ, શીતળ ઉપકારી (પ્રભુ૦ ૨); શ્રી શ્રેયાંસને વંદું (૨), દુરિત પડળહારી. જય૦ ॥૪॥ વાસુપૂજ્ય મહારાજ, વિમલ વિમલ પ્રાણી (પ્રભુ૦ ૨); અનંત ધર્મ પ્રભુજી (૨), વરિયા શિવરાણી. જય૦ ॥૫॥ શાંતિ કુંથુ અરનાથ, મંગલકર મલ્લિ (પ્રભુ૦ ૨); મુનિસુવ્રત નમિ નેમ (૨), કાપો અઘવલ્લિ. જય૦ ॥૬॥ પાર્શ્વનાથ મહાવીર, જગજન હિતકારી (પ્રભુ૦ ૨); શિવ-સુખ અમને આપો (૨), ભવજલધિ તારી. જય૦ ॥૭॥ માણિક જૈન સમાજ, અવિરત ગુણ ગાવે (પ્રભુ૦ ૨); પદ પંકેરૂહ પ્રણમી (૨), સમકિત બીજ વાવે. જયદેવ૦ ॥૮॥

## ૫ ॥ પંચતીરથની આરતિ ॥

પહેલી આરતિ પ્રથમ જિણંદા, શેત્રુંજામંડણ રીખવ જિનંદા; દૂસરી આરતિ મરુદેવીનંદા, જુગલાધરમ નિવારન ખંડા ॥૧॥ તીસરી આરતિ ત્રિભુવન મોહીએ, રત્ન સીંઘાસન મારા પ્રભુજીને સોહીએ; ચોથી આરતિ નિત નવી પૂજા, દેવ નિરંજન અવર ન દૂજા ॥૨॥ પાંચમી આરતિ પ્રભુજીકો સોહીએ, પ્રભુજીના ગુણ સેવક ગાવે; આરતિ કીજે પ્રભુ શાંતિ જિણંદકી, હરણ લંછનકી મેં

જાઉં બલિહારી ॥૩॥ વિશ્વસેન અચિરાજીકો નંદા, શાંતિ-નાથ મુખ પુનમચંદા; આરતિ કીજે પ્રભુ નેમ જિનંદકી, શંખ લંછનકી મેં જાઉં બલિહારી ॥૪॥ સમુદ્રવિજય શિવાદેવીકા નંદા, નેમનાથ મુખ પુનમચંદા; આરતિ કીજે પ્રભુ પાસ જિણંદકી, મણિધર લંછનકી મેં જાઉં બલિ-હારી ॥૫॥ અશ્વસેન વામાજીકો નંદા, પાર્શ્વનાથ મુખ પૂનમચંદા; આરતિ કીજે પ્રભુ વીર જિણંદકી, સિંહ લંછનકી મેં જાઉં બલિહારી ॥૬॥ સિદ્ધારથરાજા ત્રિશ-લાદેવીકો નંદા, વીર જિણંદ મુખ પૂનમચંદા; આરતિ કીજે પ્રભુ ચોવીશ જિણંદકી, ચોવીશ જિણંદકી મેં જાઉં બલીહારી ॥૭॥

## ૬ ॥ શ્રી વીર જિન આરતિ ॥

જય જય આરતિ વીર જિણંદા, રાય સિદ્ધારથ ત્રિશલા નંદા. જય૦ ॥૧॥ સિંહ લંછન પ્રભુ ચરણે સોહે, દેખી ભવિ જીવ મનડાં મોહે—જય૦ ॥૨॥ ચોસઠ ઈંદ્ર કરે તોરી સેવા, લેવા શાંતિપુરીના મેવા—જય૦ ॥૩॥ જિનેન્દ્ર! તુમારે દાસ છે કોટી, મને તુમ સેવાની આશા મોટી—જય૦ ॥૪॥ આરતિ પંચ કરતાં તુમારી, લહિયે અમૃત પદ નિરધારી—જય૦ ॥૫॥

## ૭ ॥ શ્રી શાંતિજિન આરતિ ॥

જય જય આરતિ શાન્તિ જિણંદા, પંચમ ચક્રી જિનવર ચંદા જય૦ ॥૧॥ અચિરા માતા વિશ્વસેન નંદા, સેવે

સુર નર કિન્નર વૃંદા, જય૦ ॥૨॥ સેવા તુમારી ટાળે ભવ ફંદા, થાયે દૂર કર્મના કંદા. જય૦ ॥ ૩ ॥ શાન્તિપુરી મંડન મુણિંદા, કર્પૂર અમૃત મુનિવરિંદા. જય૦ ॥૪॥ કરતાં આરતિ શાન્તિ દિણંદા, ગાવું જિનેંદ્ર ! વિજય સુછંદા. ॥૫॥

## ૮ ॥ નવકાર મંત્રની આરતિ ॥

રાગ– (તીરથની આશાતના)

નવકાર મંત્રની આરતિ ભાવે કરિયે, હાંરે ભાવે કરિયેરે ભાવે કરિયે; હાંરે ભવોભવની પીડા હરિયે, હાંરે લાખ ચોરાશી ફેરા ન ફરિયે, હાંરે વરિયે શિવનાર. નવકાર૦ ॥૧॥ આરતિ પહેલી અરિહંતની કીજે, હાંરે નરભવનો લ્હાવો લીજે; હાંરે, ભવોભવનાં પાતિક છીજે, હાંરે નહિ દુઃખ લગાર. નવકાર૦ ॥૨॥ આરતિ બીજી સિદ્ધ પ્રભુજીની જાણો, હાંરે ફરી ફરી નહિ મળે આ ટાણો; હાંરે એ ત્રણ ભુવનનો રાણો, હાંરે ફરી નાવે સંસાર. નવકાર૦ ॥ ૩ ॥ આચાર્યદેવની આરતિ ત્રીજી આવે, હાંરે કરતાં ગર્ભ વેદના નાવે; હાંરે રિદ્ધિ સિદ્ધિ ને નિધાન પાવે, હાંરે કરે મહા ઉપકાર. નવકાર૦ ॥૪॥ પાઠક પ્રવરની આરતિ ચોથી સાચી, હાંરે એની માયા તમે કરો પાકી; હાંરે એની ભકિત કરો રાચી માચી, હાંરે લહિયે શ્રુત અપાર. નવકાર૦ ॥ ૫ ॥ પાંચમી આરતિ મુનિરાજની મોટી, હાંરે સેવા કરવાની ટેવ ન ખોટી, હાંરે ભવો ભવમાં મળે રોટી દોટી, હાંરે આપે

શિવ શ્રીકાર. નવકાર૦ ॥૬॥ ગુરુ **કર્પૂરસૂરિ અમૃત** કહે સાચો, હાંરે એની સેવા ભવોભવ જાચો; હાંરે એને છોડી બીજે નવિ રાચો, હાંરે થાવે જયજયકાર. નવકાર૦ ॥૭॥

## ૯ ॥ ૨૪ જિન આરતિ ॥

રાગ–(ઝંડા ઉંચા રહે હમારા)

જય જય આરતિ ચોવીશ જિણંદા, સેવે સુરનર ચોસઠ ઇન્દા. રૂષભ અજીત સંભવ સુખદાયી; અભિનંદન સુમતિ મતિદાયી; પદ્મપ્રભ સુપાશ્ર્વ સુખકંદા. સેવે૦ ॥૧॥ ચંદ્ર સુવિધિજિન શીતલસ્વામી, વાસુપૂજ્ય વિમલ શિવગામી, અનંત ધર્મ શાન્તિ જિનચંદા. સેવે૦ ॥૨॥ કુંથુ અર મલ્લી જિનરાજે, મુનિસુવ્રત નમિ નેમિ વિરાજે; પાશ્ર્વ વીરમુખ પુનમચંદા. સેવે૦ ॥ ૩ ॥ એ ચોવીશે મહા ઉપકારી, વીતરાગ કેવલજ્ઞાન ધારી; પૂજન કરતાં જાય ભવફંદા. સેવે૦ ॥૪॥ ગુરુ **કર્પૂરસૂરિ અમૃત** છોટા, એ પ્રભુ છે જગમાં ખૂબ મોટાં; આરતિ કરતાં જાય વિઘ્ન વૃન્દા. સેવે૦ ॥૫॥

## ૧૦ ॥ શ્રી આદિનાથજી આરતિ ॥

જય જય આરતિ આદિજિણંદા, નાભિરાયા મરૂદેવીકો નંદા જય૦ ॥૧॥ પહેલી આરતી પૂજા કીજે; નર ભવ પામીને લહાવો લીજે જય૦ ॥૨॥ દુસરી આરતિ

દીનદયાળા, ધુળેવા મંડપમાં જગ અજુવાળા જય૦ ॥૩॥ તીસરી આરતિ ત્રિભુવન દેવા, સુર નર ઇન્દ્ર કરે તોરી સેવા જય૦ ॥૪॥ ચોથી આરતિ ચઉગતિ ચૂરે, મનવાંછિત ફળ શિવસુખ પૂરે જય૦ ॥૫॥ પાંચમી આરતિ પુણ્ય ઉપાયા, મૂલચંદે ઋષભ ગુણ ગાયા જય૦ ॥૬॥

# ॥ મંગલ – દીવા ॥

(૧)

દીવો રે દીવો પ્રભુ મંગલિક દીવો, આરતિ ઉતારીને બહુ ચિરંજીવો । સોહામણું ઘર પર્વ દિવાળી, અંબર ખેલે અમરા બાળી. દીવો૦ ॥૧॥ દીપાળ ભણે એણે કુલ અજવાળી, ભાવે ભગતે વિઘન નિવારી. દીવો૦ દીપાળ ભણે એણે એ કલિકાલે, આરતિ ઉતારી રાજા કુમારપાલે. દીવો૦ ॥૩॥ અમ ઘેર મંગલિક તુમ ઘેર મંગલિક, મંગલિક ચતુર્વિધ સંઘને હોજો ॥દીવો૦ ॥૪॥

## ૨ ॥ શ્રી મંગલ ચાર ॥

ચારો મંગળ ચાર, આજ મ્હારે ચારો મંગળચાર । દેખ્યો દરસ સરસ જિનજીકો, શોભા સુંદર સાર આજ૦ ॥ ॥૧॥ છિનું છિનું છિનું મન મોહન ચરચો, ઘસી કેશર ઘનસાર. આજ૦ ॥૨॥ વિવિધ જાતિકે પુષ્પ મંગાવો, મોગર લાલ ગુલાલ આજ૦ ॥૩॥ ધૂપ ઉખેવો ને કરો આરતિ, મુખ બોલો જયકાર આજ૦

॥૪॥ હર્ષ ધરી આદીશ્વર પૂજો, ચૌમુખ પ્રતિમા ચાર આજ૦ ॥ ૫ ॥ હૈયે ધરી ભાવ ભાવના ભાવો, જિમ પામો ભવપાર આજ૦ ૬॥ **સકલચંદ** સેવક જિનજીકો, આનંદઘન ઉપકાર આજ૦ ॥૭॥

## ૩ ॥ મંગલ દીવો ॥

ચારુ મંગલ ચાર, આજ મારે, ચારૂ મંગલ ચાર. પ્હેલું મંગલ અરિહંત દાદા, મોક્ષ મારગ દાતાર. આજ મારે૦ ॥૧॥ બીજું મંગલ સિદ્ધ પ્રભુજી, અજરામર પદ ધાર. આજ મારે૦ ॥૨॥ ત્રીજું મંગલ ગુણવંત સાધુ, રત્નત્રયી દાતાર. આજ મારે૦ ॥ ૩ ॥ ચોથું મંગલ જૈન ધરમ છે, ઉતારે ભવ પાર. આજ મારે૦ ॥૪॥ મંગલ દીવો આરતિ કરતાં, મંગલ લહિએ અપાર. આજ મારે૦ ॥૫॥ **ગુરુ કર્પૂરસૂરિ અમૃત** જંપે, સંઘમાંહે હો જયકાર. આજ મારે૦ ॥૬॥

## ૪ ॥ મંગલ દીવો ॥

રાગ (મુનિવર પરમ દયાળ.)

જિનવર મંગલકાર, આજે મારે, જિનવર મંગલકાર; જિનવર દર્શન દર્શનકારી, મોહ નૃપ મારનાર. આજે૦ ॥૧॥ જિનવર પૂજન પૂજ્ય બનાવે, સફલ કરે અવતાર આજે૦ ॥૨॥ જિનવર નમતાં વંદનિક હોવે, તરે સાગર સંસાર. આજે૦ ॥ ૩ ॥ જિનવર

આગે દીપક કરતાં મોત મરે નિરધાર. આજે૦ ॥૪॥ જિનવર આગે ૫ ઉખેવતાં, પાપો બળે અપાર. આજે૦ ॥૫॥ જિનવર આગે નૈવેદ્ય મૂકતાં, નાવે ભીખ કોઇવાર. આજે૦ ॥ ૬ ॥ પ્રદક્ષિણા જિનવરને દેતાં, શિવસુખ અપરંપાર, આજે૦ ॥ ૭ ॥ જિનવર દેવની આરતી કરતાં પીડા ન રહે લગાર. આજે૦ ॥૮॥ મંગલ-દીવો વિઘ્ન વિદારે, ભવિ કરિએ નરનાર. આજે૦ ॥૯॥ મંગલદીવાના અવસરમાં, દાન દેવાનો વિચાર. આજે૦ ॥ ૧૦ ॥ ગુરૂ કર્પૂરસૂરિ અમૃત ભાખે, એ ગૃહી જન્મનો સાર. આજે૦ ॥ ૧૧ ॥ મંગલદીવો આરતિ કરતાં, મંગલ સંઘ મોઝાર. આજે૦ ॥૧૨॥

## ૫ ॥ મંગલ દીવો ॥

દીવો રે દીવો મંગળિક દીવો,
ભુવન પ્રકાશક જિન ચિરંજીવો. દીવો૦ ૧

ચંદ્ર સુરજ પ્રભુ ! તુમ મુખ કેરા,
લુંછણા કરતાં દે નિત્ય ફેરા. દીવો૦ ૨

જિન ! તુજ આગલ સુરની અમરી,
મંગલદીપ કરી દિયે ભમરી. દીવો૦ ૩

જિમ જિમ ધૂપઘટી પ્રગટાવે,
તિમ તિમ ભવનાં દુરિત દઝાવે. દીવો૦ ૪

નીરઃ અક્ષતઃકુસુમાંજલિઃ ચંદનઃ
ધૂપઃ દીપઃ ફલઃ નૈવેદ્યઃ વંદન. દીવો૦ ૫

એણી પેરે અષ્ટપ્રકારી કીજે,
પૂજા સ્નાત્ર મહોત્સવ પભણીજે દીવો૦ ૬

॥૬॥

ચારુ મંગળ ચાર, આજ ઘેર પ્રભુજી પધાર્યા
પહેલે મંગળ પ્રભુજીને પૂજું, ઘસી કેસર ઘનસાર આજ૦૧
બીજે મંગળ અગર ઉખેવું, કંઠ ઠવું ફુલ–હાર આજ૦૨
ત્રીજે મંગળ આરતિ ઉતારું, ઘંટ બજાવું રણકાર આજ૦૩
ચોથે મંગળ પ્રભુ ગુણ ગાઉં, નાચું થેઇ થેઇ કાર આજ૦૪
**રૂપચંદ** કહે નાથ! નિરંજના ચરણ કમળ બલિહાર આજ૦૫

## ૭ ॥ મંગલ દીવો ॥

જય જય પ્રભુજી દીપક પૂજા, કરતાં મંગલિક ભવ નહિ દૂજા. જય૦ ॥૧॥ કરતા મંગલિક પ્રેમે પ્રભુજી, થઇએ તુમ જેમ હે વિભુજી. જય૦ ॥૨॥ ઇચ્છું હું દીપ દ્રવ્ય કરીને, કેવલ દીપક શ્રદ્ધા ધરીને. જય૦ ॥૩॥ મંગલિક કરતાં મંગલિક થાવે, **અમૃત** પદવી તે જન પાવે. જય૦ ॥૪॥ માગું સેવા ભવોભવ ત્હારી, **જિનેંદ્ર વિજય** હો જયકારી. જય૦ ॥૫॥

# • લઘુ પૂજામૃત સંગ્રહ •

ઉપયોગી પૂજાઓનો સંગ્રહ મંગાવો.

પેજ ૪૦૦ મૂલ્ય રૂા. ૨૦-૦૦

દશ નકલથી વધુ નકલ મંગાવનારને
૧૦ ટકા કમીશન મળશે.

# • ચિત્રાવલી સેટ •

| | | |
|---|---|---|
| નારકી ચિત્રાવલી | (ગુજરાતી) | ૩૦-૦૦ |
| ,, ,, | ( હિંદી ) | ૩૦-૦૦ |
| ,, ,, | ( અંગ્રેજી ) | ૪૦-૦૦ |
| સત્કર્મ ચિત્રાવલી | (ગુજરાતી) | ૨૦-૦૦ |
| ,, ,, | ( હિંદી ) | ૨૫-૦૦ |
| ,, ,, | ( અંગ્રેજી ) | ૩૦-૦૦ |

# • મહાન ગ્રંથો •

ઉપમિતિ ભવ પ્રપંચા :

| | | |
|---|---|---|
| વિવરણ | ભા. ૧ | ૬૦-૦૦ |
| ,, | ભા. ૨ | ૮૦-૦૦ |
| ,, | ભા. ૩ | ૮૦-૦૦ |

પંચ પ્રતિક્રમણ સૂત્રો વિવરણ :

પેજ ૯૦૦ મૂલ્ય રૂા. ૧૨૫-૦૦

-: બુક સેલરો પાસે માગો અગર લખો :-

શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા

C/o. મહેતા મગનલાલ ચત્રભુજ

શાક મારકેટ સામે, જામનગર.